છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ (૦૭૯ - ૨૬૭૬૦૨૬૬)

### લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*


- તંત્રી લેખ : વૃક્ષારોપણ તથા અન્ય કાર્યો ........ અશોક મહેતા ........ ૭

★

- શ્રદ્ધા સુમન : કર્તવ્યનિષ્ઠ સક્રિય કાર્યકર શ્રી સૂરજલાલભાઈ મહેતાનું નિધન ........ ૯
- શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે શ્રી જલારામ અન્નક્ષેત્ર ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૧૧
- કચ્છના દાનવીર શ્રેષ્ઠી શ્રી સુંદરજીભાઈ શાહને "ગ્લોરી ઑફ ગુજરાત ઍવોર્ડ" એનાયત ........ ૧૨

## સંસ્થા : સુવર્ણ જયંતી મહોત્સવ

- "મંજુલ-હરખ ધામ" : સિનિયર સિટીઝન માટે સેનેટોરિયમ ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૧૩
- "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ" ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૧૪
- "કચ્છી યલો પેજીસ" ........ ૧૫

★

- આગામી કાર્યક્રમો ........ ૧૬

*લેખ વિભાગ :*

## કચ્છ

- કર્મભૂમિમાં રહીને જન્મભૂમિ માટે શું કરી શકાય? ........ શશીકાંત એમ. ઠક્કર ...... ૧૭
- કચ્છ પ્રવાસન : બદલાતાં પરિમાણો ........ હરેશ ધોળકિયા ...... ૨૩
- કચ્છનું રણ પાર કરવું એટલે લોઢાના ચણા ચાવવા ........ નરેશ અંતાણી ...... ૨૫

## વિચાર મંથન

- માન્યતાની બીજી બાજુ – અહિંસાની આગેકૂચ ........ મુરજી ગડા ...... ૨૭

## ઇતિહાસ

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ
  પ્રકરણ-૭ : સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અને
  શ્રી કચ્છી જૈન ભવનની નામકરણ વિધિ ........ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ...... ૩૦

## સંસ્થા / વ્યક્તિ વિશેષ

- મહાન તત્ત્વવેત્તા : સોક્રેટીસ ........ શાંતિલાલ સંઘવી ...... ૩૪
- મોડું થાય તે પહેલાં જાગો!
  લંડનમાં ઐતિહાસિક શ્યામજી નિવાસનું ક્રાંતિસ્થાન વેચાઈ રહ્યું છે ........ વિષ્ણુ પંડ્યા ...... ૩૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## માહિતી


- ગુજરાતમાં સૌર ઊર્જાનું સફળ અને અદ્‌ભુત આયોજન ...... પ્રા. સૂર્યકાંત ભટ્ટ ...... ૩૭
- બાળકને બાળક રહેવા દો ...... ડૉ. પૂર્ણિમા ગુપ્તા ...... ૩૮


## તંદુરસ્તી


- મનનાં અવયવો – ન્યુરો ટ્રાન્સમિટર્સ-(૩) ...... ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. (પ્રો.) દિપ્તી શાહ ...... ૩૯
- ક્રોધ : હૃદયરોગની મનીબેક ગેરંટી ...... દિનેશ પાંચાલ ...... ૪૧


## ફ્લેશ ચેનલ


★ નર્મદા યોજના માટે ગુજરાતને વધુ રકમ ★ સદીની શ્રેષ્ઠ ખગોળીય ઘટના ...... ૪૨
★ 'ધ ગ્રેટ વોલ ઑફ ચાઈના'ની નવી લંબાઈ ★ મ્યાનમારને ૫૦ કરોડ ડોલરનું ધિરાણ ...... ૪૨
★ 'એક સાંસદ - એક વિચાર'ની નવી યોજના ...... ૪૨
★ ટ્રક અડફેટે જૈન સાધ્વીજી અને સેવકનું મોત ...... ૪૩
★ નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનની દીવાલો ઉપર જૈનાચાર્યની તસવીર ...... ૪૩
★ ભારતમાં વિદેશી રોકાણ ★ ગર્ભાશય - મુખના કેન્સર સંબંધી ...... ૪૩
★ ભારતમાં હાઈ બી.પી. અને ડાયાબિટીસના દર્દીઓ ...... ૪૩


## હળવાશની ક્ષણોમાં


- બાલુડેં જ્યું ગાલિયું ...... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૪૪


## નિયમિત વિભાગો


- આંજો કાગર ...... ૪૫
- અન્ય સંસ્થાઓના સમાચાર ...... ૫૨
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ...... ૫૪
- જુલાઈ-૨૦૧૨માં પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી ...... ૫૪
- સાર સમાચાર ...... સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૫૫
- શબ્દ રમત-૭૨ ...... સંકલન : રજનીકાંત પારેખ ...... ૫૭
- સુડોકુ - ૧૦૨૮ ...... સંકલન : રજનીકાંત પારેખ ...... ૫૯
- જાણવા જેવું ...... સંકલન : રજનીકાંત પારેખ ...... ૬૦
- વલોવતન ...... સંકલન : દિનેશ આર. મહેતા ...... ૬૨
- લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ...... ૬૫
- સમાજ દર્પણ ...... ૬૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ચૂંટણી પંચની જાહેરાત ...... ૭૧
- સંસ્થા સમાચાર ...... ૭૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ...... ૮૦
- ઊડતી નજરે ...... ૮૩
- છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓનો લાભ લેનાર વ્યક્તિઓની સંખ્યા .. ૮૪


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# વૃક્ષારોપણ તથા અન્ય કાર્યો

**– અશોક મહેતા**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શરૂના પાયારૂપ કાર્યકરોની મહેચ્છાથી સમાજ અત્યારની પરિસ્થિતિએ પહોંચી શકેલ છે. જેઓ ઈચ્છત તો આ સમાજને ભારતભરના મોટાભાગના ઘટક સમાજોની જેમ માત્ર પોતાના સમાજ પૂરતી પ્રવૃત્તિઓનાં મર્યાદિત ધારાધોરણમાં રાખી શકત. તેવા સંજોગોમાં આ સમાજ દ્વારા વર્ષમાં એક વખત સ્નેહ મિલન સમારંભ / સ્વામિવાત્સલ્ય જમણવાર, અવ્વલ નંબરે આવનાર સમાજના વિદ્યાર્થીઓનું બહુમાન, નોટબુક વિતરણ યોજના, પિકનિક / યાત્રા પ્રવાસ જેવી મર્યાદિત પ્રવૃત્તિઓનો આ સમાજના મુખ્ય કાર્યક્રમોમાં સમાવેશ થઈ શકેલ હોત. પરંતુ સમાજના એ સમયના રખેવાળોએ સમાજની મર્યાદિત પ્રવૃત્તિઓ જકડી રાખવાના બદલે ખૂબજ વિશાળ અને દીર્ઘદૃષ્ટિ રાખી સમાજને વિશાળ પ્રવૃત્તિઓના માહોલથી ધમધમતું રાખ્યું કે જેના પરિણામે આ સમાજ તેની અત્યારની ઊંચાઈએ પહોંચી શકેલ છે.

તાજેતરમાં જ આ સમાજના ટ્રસ્ટ મંડળની મળેલ એક મિટિંગમાં અમદાવાદ કે કચ્છમાં વિશાળપાયે ‘‘વૃક્ષારોપણ’’નો કાર્યક્રમ હાથ પર લેવાનું નક્કી કરવામાં આવેલ છે. આપણે સહુ જ્યારે દૈનિક વર્તમાનપત્રમાં ગ્લોબલ વોર્મિંગ, વાતાવરણમાં ફેલાયેલ કાર્બનનું વધું પડતું પ્રમાણ, પૃથ્વીથી ઉપર આકાશમાં છવાયેલ કાર્બનના વાદળોનું આવરણ, ધ્રુવ પર પીગળતો બરફ, તેના પરિણામે પૃથ્વી પર વધતી પાણીની સપાટી વગેરે પ્રકારની પૃથ્વીના પર્યાવરણને નુકસાન કરતી અનેક વિગતો વાંચીએ છીએ ત્યારે તેનાથી ખિન્ન થઈ જઈએ છીએ. ત્યારબાદ તે વિગતો અંગે પોતાના સર્કલમાં નૂક્તેચીની પણ કરી લઈએ છીએ. પરંતુ આપણામાંથી કેટલા લોકો વિચારે છે કે આ બાબતે મારે વાતોના વડા પીરસવાના બદલે કંઈક સક્રિય કાર્ય કરવું જોઈએ? કેટલા લોકોએ આ પ્રકારના કાર્યક્રમો અમલમાં મૂક્યા? કેટલા લોકોએ આ બાબતે જાગૃતતા દાખવી પોતાનો સક્રિય આર્થિક સહકાર આપ્યો? જવાબો હતાશાજનક આવશે. મારે જાતે આ બાબતે વાતો કરવાની અને અન્યોને શિખામણ આપવાની, મારે જાતે કંઈ નહીં કરવાનું. અન્યોએ આ બાબતે આચરણ કરવું જોઈએ – તેવી માનસિકતા દરેક સ્થળે ઉપસી આવશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ બાબતે માત્ર વાતો ના કરી. પોતે પણ આ કાર્યક્રમમાં પોતાની ફરજ સમજી ઝંપલાવે તેવો નિર્ણય લીધો. પરિણામે કચ્છ અને અમદાવાદમાં મોટા પાયે વૃક્ષારોપણ કરવું તેવો નિર્ણય લેવામાં આવ્યો. અગાઉ અન્યો દ્વારા કરવામાં આવેલ વૃક્ષારોપણના પરિણામોમાં ઊંડા ઉતર્યા બાદ એ પણ નિર્ણય લેવામાં આવ્યો કે આ વૃક્ષોનું યોગ્ય જતન કરી તે મોટા થાય ત્યાં સુધીની જવાબદારી પણ સ્વીકારવી. એક ખૂબજ ઉદાત અને દીર્ઘદૃષ્ટિવાળો નિર્ણય. ખૂબ ખૂબ અભિનંદન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળને.

પરિણામ એ આવવા લાગ્યું કે આજે ચારે તરફથી આ યોજનામાં આર્થિક સહકાર આપવાના સમાચાર આવવા લાગેલ છે.

આજ પ્રકારની વિશાળ દૃષ્ટિને નજર સમક્ષ રાખીને આ સમાજના અન્ય કાર્યો પર પણ દૃષ્ટિપાત કરી લઈએ.

- સમગ્ર જનતાના લાભાર્થે અને કચ્છના પ્રવાસન ઉદ્યોગને વેગ આપવાના દૃષ્ટિકોણથી શાહીબાગ - અમદાવાદ ખાતે ‘‘કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ’’ની સ્થાપના.
- ભુજ - કચ્છના મ્યુઝિયમમાં સચવાઈ રહેલ ૧૫૦-૨૦૦ વર્ષ જૂના અલભ્ય સરકારી ગેજેટ્સ કે જેના અનેક પાના સડી ગયેલ હોવાથી અને તે નાશવંત દશામાં આવી ગયેલ હોવાથી એ ગેજેટ્સના દરેક પાનાનું સ્કિનીંગ કરાવી તેને સી.ડી. સ્વરૂપે જાળવી રાખવાની કાર્યવાહી.
- નર્મદા નદીના સિંચાઈના પાણી માટેની કચ્છ બ્રાંચ કેનાલ શક્ય જલ્દી તૈયાર થઈ તેમાં કચ્છ માટે પાણી વહાવવાનું શક્ય ત્વરિત બને તેવા પ્રયાસો.
- ‘‘કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ’’ના માધ્યમથી કચ્છના સર્વાંગપણે ઇતિહાસનું આલેખન.
- કચ્છના કથળતા શિક્ષણના પ્રશ્ને જિલ્લા શિક્ષણાધિકારીની સહાયથી કચ્છની પ્રાથમિક શાળાઓના ૭૦૦ જેટલા આચાર્યોનું

*આ મારું-પારકું, એવી ગણના લઘુ ચિત્તની, ઉદાર ચિત્તને તો આ પૃથ્વી એક કુટુંબ છે!*

સંમેલન.

- કચ્છના બધા જ (દસ) તાલુકામાં રતન જ્યોતની વાવણી માટેના સેમિનારો.
- કચ્છના ઉદ્યોગોના વિકાસ માટેના સેમિનારો.
- કચ્છના વિવિધ વિષયે મુંબઈ ખાતે યોજવામાં આવેલ સેમિનાર.
- કચ્છના પાણી તથા શિક્ષણના પ્રશ્ને અનેક તજજ્ઞોની ઉપસ્થિતિમાં ચિંતન શિબિરો.
- નાતજાતના ભેદભાવ વગર કોઈપણ કચ્છીને શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર રહેવાની એક સમાન અને એકજ ધોરણની સવલતો.
- કોઈપણ માટે સમાન ધોરણે કાર્યરત રહેલ શ્રી કચ્છી જૈન ભવન પરનું ખૂબજ કિફાયતી દરે ચાલતું મેડિકલ સેન્ટર.
- શ્રી કચ્છી જૈન ભવન પરની લાઈબ્રેરી – કોઈના પણ ઉપયોગ માટે.
- શ્રી કચ્છી જૈન ભવન તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરની કેન્ટીનમાં કોઈ પણ વ્યક્તિને કિફાયતી ધોરણે સાત્ત્વિક જમવાની સગવડતા.

અત્રે જણાવેલ તેવા અન્ય બીજા અનેક કાર્યક્રમો છે કે જે કોઈપણ ભારતીય કે કોઈપણ કચ્છી માટે સમાન ધોરણે પાર પાડવામાં આવી રહેલ છે.

સમાજનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર' પણ વિશાળ દૃષ્ટિને ઉજાગર કરતું પ્રકાશન છે.

આ માત્ર ૫-૨૫ કાર્યકરોની મહેનતનું પરિણામ નથી. સતતપણે તૈયાર થતી નવી પેઢી તથા અન્ય અનેક કાર્યકરોને આપવામાં આવતા વિચારબીજનું આ પરિણામ છે.

ભારતભરના અન્ય જ્ઞાતિ, ઘટક, સમાજો પોતપોતાની જ્ઞાતિના સમાજો / એસોસિએશન / મંડળમાં આ પ્રકારના વિશાળ દૃષ્ટિકોણના કાર્યક્રમો અપનાવી શકશે તો સંકુચિત માનસના બદલે ઉદારદિલ માનસ આપોઆપ રચાતું જશે કે જે ભારતની પ્રગતિમાં એક પ્રેરક બળ બની રહેશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## નાગરિકને અન્યાય શા માટે?

બીજા વિશ્વયુદ્ધનો એક કિસ્સો છે.

જનરલ આઈઝનહોવર મિત્ર રાજ્યોના સેનાધિપતિ હતા.

તેમના હાથ નીચે ચાલીસ લાખ સૈનિકો અને ડઝનબંધ અફસરો હતા. એમાંના એક મોવડી અફસર તે જનરલ પેટન.

એક દિવસ તે ઘાયલોની હોસ્પિટલમાં જઇ ચડ્યા. ત્યાં એક સૈનિકને જોઇને પેટને પૂછ્યું, તમે તો ઘાયલ થયા નથી લાગતા, તમે કેમ અહીં છો? સૈનિકે કહ્યું 'મને બહુ બીક લાગે છે મોરચા પર.'

આ સાંભળી પેટને જોરથી તેને તમાચો માર્યો, 'બીકણ! તારા માટે હોસ્પિટલ નથી.'

આ પ્રસંગ ઘણાની રૂબરૂ બનેલો. ખબરપત્રીઓએ તરત સંદેશા મોકલ્યા. અમેરિકન છાપામાં સનસનાટી મચી ગઈ. પેટનને પૂછવામાં આવ્યું. પેટને જણાવ્યું કે હું રાજીનામું આપી દઇશ પણ માફી નહીં માગું. એક સિપાહીને મેં બે લાફા માર્યા તેમાં શું થઇ ગયું?

**જનરલ આઇઝનહોવરે કહ્યું, એ માત્ર સિપાહી નથી, પણ અમેરિકન નાગરિક છે.** ગમે તેવો મોટો અધિકારી કે મોટો માણસ અમેરિકાના કોઇપણ નાગરિકને લાફો મારે એ કદી ચલાવી ન લેવાય.

આઇઝનહોવરે પેટનને સમજાવ્યો અને એ જ હોસ્પિટલમાં, દાક્તરો અને નર્સોની હાજરીમાં, પેલા સિપાહીની પેટને માફી માગી.

**અન્યાય એટલે અન્યાય. નાનો હોય કે મોટો. એ ન જ ચલાવી લેવાય.**

*(આ કિસ્સો સ્વ. શ્રી મનુભાઇ પંચોળી 'દર્શક'એ અગાઉ કહેલો.)*

**શાંતિલાલ સંઘવી - અમદાવાદ**

*સફળતાને આપણે જીરવી શકીએ તે પહેલાં એ ન આવી પહોંચે એવી પ્રાર્થના કરીએ.*

# શ્રદ્ધા સુમન



## કર્તવ્યનિષ્ઠ સક્રિય કાર્યકર શ્રી સૂરજલાલભાઈ મહેતાનું નિધન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'ના પૃષ્ઠો પર સતત ૧૭ વર્ષ સુધી જીવંત રહેનારી વ્યક્તિ અચાનક વિદાય લઈ ગઈ છે. શ્રી સૂરજલાલભાઈ મોતીલાલ મહેતાનું શુક્રવાર, તા. ૮-૬-૨૦૧૨ના રોજ નિધન થયું છે. તેઓશ્રી ૭૯ વર્ષના હતા.

સદ્‌ગતશ્રીની અંગત ઈચ્છાનુસાર અને તેમના પરિવારજનોના સાથ-સહકારથી તેઓશ્રીના નેત્રનું અને દેહનું દાન કરવામાં આવ્યું હતું.

શ્રી સૂરજલાલભાઈ અખબારો અને સામયિકોને ગંભીરતાથી વાંચનારા બહુ ઓછા પૈકીના હતા. નિરાંતના સમયે તેઓ હંમેશાં વાંચનને પ્રાધાન્ય આપનારા હતા. તેમની વિચાર પ્રક્રિયા કાયમ તાજા અખબાર જેવી રહી. તાજગી પ્રત્યેના મોહથી જ તેમણે અમાપ શક્તિઓને વહાવી. કોઈપણ અખબાર કે સામયિક માટે સૌથી અગત્યની વસ્તુ હોય તો... પ્રૂફ રીડિંગ. 'મંગલ મંદિર'ના આ મહત્ત્વના કામ અર્થે તેઓ લગભગ અંત સમય સુધી કાર્યરત અને સક્રિય રહ્યા હતા. **પ્રૂફ રીડિંગ અને શબ્દ પર્યાય તેમની વિચારશૈલીના અતૂટ અંગ સમાન હતા.** તેઓ સતત પોતાના કામમાં એકાગ્ર રહેતા અને કોઈપણ જાતના શો-બાજીથી દૂર રહેનારા હતા. **પોતાના 'કર્મ'માં જ તેમનો 'ધર્મ' અને તેમનો આનંદ સામેલ હતો.** તેમણે જીવનમાં દરેક પળ માણી એમ કહી શકાય. સાંસારિક જીવનમાં તેઓ બધી મુશ્કેલીઓ, કડવા અનુભવો અને મૂંઝવણોથી સદાય દૂર રહ્યા. તેમનું વ્યક્તિત્વ અનુકૂળ, સરળ અને સ્વીકૃત હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સમિતિઓની કામગીરીમાં સદ્‌ગતશ્રી હંમેશાં કાર્યરત હતા.

'મંગલ મંદિર'ની કામગીરીની જેમ તેમનું અન્ય મહત્ત્વનું પ્રદાન સમાજના વસતિ પત્રક તૈયાર કરવામાં રહેતું. સમાજે વર્ષ ૨૦૦૪માં જ્યારે તેનો દ્વિતીય વિસ્તૃત વસતિ પત્રક બહાર પાડ્યું ત્યારે સમાજના તમામ કચ્છી જૈન ભાઈ-બહેનો અંગેની સંપૂર્ણ માહિતીવાળું તે વસતિપત્રક બને તે માટે તેમણે શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા હતા. ત્યારબાદ, સમાજની સુવર્ણ જયંતી વર્ષમાં નવું વસતિ પત્રક - ૨૦૧૨ તૈયાર કરવાનું આયોજન થયું. તે સમિતિના તેઓશ્રી કન્વીનર હતા. છેલ્લા લગભગ સાત માસથી નવા વસતિ પત્રકનું કામ જોરદાર રીતે ચાલ્યું. તેમાં શરૂઆતના ચાર માસમાં અંદાજે ૬૦૦ જેટલા ફોર્મની ચકાસણી શ્રી સૂરજલાલભાઈના નેતૃત્વમાં થઈ છે. માત્ર ચકાસણી નહિ, તે ફોર્મમાં ખૂટતી વિગતો મેળવવા સમાજના સભ્યોનો વારંવાર ફોન સંપર્ક કરતા રહ્યા. તેમની મહત્વાકાંક્ષા હતી કે, વિગતમાં કોઈ અધૂરાશ રહેવી જોઈએ નહિ. ત્યારબાદ છેલ્લા ત્રણ માસથી પોતાની અસ્વસ્થ તબિયતના પરિણામે તેઓ સમાજમાં આવી ન શક્યા. પરંતુ બાકી રહેલા ફોર્મ મેળવવા, તેની ચકાસણી વગેરે કામગીરીની તેઓ ચિંતા સેવતા હતા. નક્કી કરેલ સમય મર્યાદામાં આ કાર્ય પૂરું થાય તેમ તેઓ ઈચ્છતા હતા. તેમની ચિંતા અને નિષ્ઠાએ સમિતિના અન્ય સભ્યોને વધારે જોમ પૂરું પાડ્યું અને અથાગ પ્રયત્નો કરીને અંતિમ કામગીરીને આખરી ઓપ આપવાની સફળતા મળી. તેઓ ખરેખર દૂરંદેશી હતા, તેવું નિશ્ચિતપણે કહી શકાય.

*દેવું તો ધર્મ જાણીને, દેવું અનુપકારીને, યોગ્ય પાત્રે, સ્થળે, કાળે તે જ દાન ખરેખરું!*

**સદ્‌ગતશ્રીને ગુજરાતી ભાષા પ્રત્યે અનહદ પ્રેમ હતો. ગુજરાતી વ્યાકરણના નિયમોમાં ઊંડે ઊતરીને શબ્દોનું સિંચન કરતા હતા.** ભાષાના શુદ્ધ પ્રયોગો, નિયમો અને પદ્ધતિના જાણકાર હતા. શબ્દ રમતની શોખીન વ્યક્તિઓને પર્યાય શબ્દોની જાણકારી હોવી જરૂરી છે. આ વાત તેઓ સારી રીતે જાણતા હતા. એટલે એક સર્વાંગી ગુજરાતી શબ્દ પર્યાય કોશ તૈયાર કરવાનો વિચાર તમના મનમાં સ્ફુર્યો અને તેને મૂર્તિમંત કરવા સતત દસ વર્ષ સુધી અથાગ પરિશ્રમ કર્યો. મોટી ઉંમરે કોમ્પ્યુટરનું જ્ઞાન મેળવ્યું અને આખી સ્ક્રિપ્ટ - અસલ લખાણ ટાઈપ કરીને કોશ તૈયાર કર્યો. જેમાં દરેક પ્રકારના શબ્દોના પર્યાય, નામ, વિશેષણ, ક્રિયાપદ, લાક્ષણિક શબ્દ અને વિરુદ્ધાર્થી શબ્દોવાળા એક ભંડારની અદ્‌ભુત રચના કરી. માસ જાન્યુઆરી-૨૦૦૮માં ૭૫૦ પાનાનું દળદાર પર્યાયલક્ષી કોશનું પ્રકાશન થયું. **જે તેમની અનુપમ સિદ્ધિ હતી. શબ્દોના પર્યાય, અર્થ અને જોડણી ક્ષેત્રે તેમણે પોતાની સક્રિયતાની દુનિયાને વિરાટ કેનવાસ પર ખૂબ આત્મવિશ્વાસ સાથે રચી છે. જે તેમને અમરત્વ પ્રદાન કરે છે.** ખરેખર, તેમનો હેતુ સાર્થક થયો છે. આ બધા કારણે તેમજ પર્યાય શબ્દકોશના અમૂલ્ય પ્રદાન માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા તેમનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

સદ્‌ગત શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતાનો તા. ૬-૮-૧૯૩૩ના રોજ કચ્છમાં માંડવી મધ્યે જન્મ થયો હતો. માત્ર ૧૩ વર્ષની ઉંમરે પોતાના માતા-પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ પોતાના વડીલ બંધુ સાથે કાલીકટ - કેરાલા ગયેલા. ત્યારબાદ મુંબઈ હતા. બંને સ્થળે આબોહવા અનુકૂળ ન આવતાં કચ્છમાં માંડવી ખાતે રહ્યા હતા. મેટ્રિકનો અભ્યાસ પૂરો કરીને રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર વિધાનસભામાં ૧૭ વર્ષની ઉંમરે નોકરીની શરૂઆત કરી હતી. વર્ષ ૧૯૫૬માં મુંબઈ વિધાનસભામાં બદલી થઈ. વર્ષ ૧૯૬૦માં મહારાષ્ટ્ર રાજ્યનું વિભાજન અને ગુજરાત રાજ્યની સ્થાપના થતાં અને ગુજરાત પ્રત્યે લાગણીના કારણે અમદાવાદમાં વસવાટ કર્યો. અમદાવાદ ખાતે ગુજરાત વિધાનસભામાં રીપોર્ટર પદે જોડાયા. આ રીતે તેઓશ્રી વર્ષ ૧૯૫૦થી ૧૯૯૧ સુધી વિધાનસભામાં કાર્યરત રહ્યા. આખરે વર્ષ ૧૯૯૧માં વિધાનસભાના ચીફ રીપોર્ટર પદેથી નિવૃત્ત થયા હતા. વિધાનસભામાં કામકાજ સિવાયના સમયમાં પોતાના શબ્દ રમતનો શોખ મિત્રો સાથે હંમેશાં જીવંત રાખતા હતા.

આગળ જણાવ્યું તેમ, પર્યાયલક્ષી શબ્દકોશની તૈયારી સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'ના પ્રૂફ વાંચનની કામગીરીમાં વર્ષ ૧૯૯૫થી પ્રવૃત્તિમય થયા. ત્યારબાદ વર્ષ ૧૯૯૭થી 'મંગલ મંદિર'ના સહસંપાદક તરીકે કાર્યરત થયા અને વર્ષ ૧૯૯૮થી ૨૦૧૨માં પોતાની અંતિમ ઘડી સુધી તેનાં તંત્રીમંડળમાં સેવા આપી. તે સાથે સમાજની સભ્યપદ, શૈક્ષણિક, મેડિકલ કાર્ડ, વસતિ પત્રક, મંગલ મંદિર વ્યવસ્થાપક જેવી વિવિધ સમિતિઓમાં આખરી સમય સુધી ખૂબજ સક્રિય રીતે પોતાની સેવા પ્રદાન કરી. પાલડી અને શાહીબાગ ખાતે ભવનના કૂપન યોજનાની વ્યવસ્થામાં પણ તેઓશ્રીનું યોગદાન વિશેષ હતું. **આ રીતે સદ્‌ગતશ્રીની કર્તવ્યનિષ્ઠા હંમેશાં પ્રેરણાદાયક રહેશે.**

સમાજમાં ત્રણ 'લાલ'ની અનોખી જોડી હતી.

શ્રી પોપટલાલ ધરોડ, શ્રી મગનલાલ સંઘવી અને શ્રી સૂરજલાલ મહેતાની 'ત્રિપુટી જોડી' કહેવાતી. સમાજ ઈચ્છતો કે આ ત્રણેય 'નાયકો' હંમેશાં એક સાથે કાર્યરત રહે. પરંતુ આવું બન્યું નહીં. શ્રી પોપટલાલભાઈ તબિયતના કારણે નિવૃત્ત થયા અને શ્રી સૂરજલાલભાઈએ કાયમી વિદાય લીધી....

*મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે*
*મૃત્યુ પામે છે માનવી પણ તેનાં સત્કર્મો અખંડ જીવે છે.*
*જન્મે છે એનું મૃત્યુ નિશ્ચિત થાય છે,*
*કેટલું નહીં પણ કેવું જીવ્યા એ યાદ રહી જાય છે.*

**પ્રભુ શ્રી સૂરજલાલભાઈ મહેતાના દિવ્ય આત્માને પરમ શાંતિ અને સદ્‌ગતિ અર્પે એવી પ્રાર્થના સાથે શ્રદ્ધાસુમન....**

★

શ્રી સૂરજલાલભાઈના અચાનક નિધન નિમિત્તે તા. ૧૦-૬-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના પ્રમુખ શ્રી અશોક મહેતા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ, ટ્રસ્ટી શ્રી મગનલાલ સંઘવી, શ્રી રજનીકાંત પારેખ, શ્રી મહેન્દ્રભાઈ દોશી વગેરેએ સદ્‌ગતશ્રીના સેવાકીય કાર્યોને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

*— તંત્રી મંડળ, 'મંગલ મંદિર'*

*સાનમાં સમજે જ્ઞાની, અજ્ઞાની જરા કષ્ટથી, કિંતુ પાંડિત્યનો ફાંકો, તે નહીં સમજે કદી!*

જ્યોત સે જ્યોત જગાતે ચલો.... દાન કી ગંગા બહાતે ચલો....

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે શ્રી જલારામ અન્નક્ષેત્ર

## રૂા. ૫૦,૦૦૦/-નું માતબર દાન

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ ખાતે શ્રી જલારામ અન્નક્ષેત્ર યોજના અમલમાં છે.

આ યોજનાના મુખ્ય હેતુ અનુસાર **તબીબી સારવાર અર્થે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ પધારતા જરૂરિયાતવાળા દર્દીઓ તથા તેમની સંભાળ અર્થે સાથે રહેનાર સગા-સંબંધીઓને વિનામૂલ્યે દરરોજ સવારના નાસ્તો તેમજ બંને સમયે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.**

હાલના સમયે દૈનિક ૩૫ જેવા લાભાર્થીઓ આ યોજના અંતર્ગત લાભ લેતા હોય છે. જેનો અંદાજિત ખર્ચ પ્રતિદિન રૂા. ૩૫૦૦/- ની આસપાસ થાય છે.

આ પ્રકારની ખૂબજ જરૂરિયાતવાળી સેવાકીય પ્રવૃત્તિ નિરંતર ચાલુ રહી શકે તે માટે દાનવીર જનતાને આ યોજનામાં પોતાનો આર્થિક સહયોગ મોકલાવી આપવા 'મંગલ મંદિર'ના માધ્યમથી વારંવાર અપીલ થઈ રહી છે.

આ યોજનામાં નીચે પ્રમાણે દાનની રકમ તા. ૧૩-૬-૨૦૧૨ના રોજ પ્રાપ્ત થઈ છે.

- **માતુશ્રી સાકરબાઈ કચરાભાઈ છેડા (લાયજા - કચ્છ) અમદાવાદ રૂા. ૨૦,૦૦૦/-**
- **શ્રી ચેતન મેઘજીભાઈ છેડા (લાયજા - કચ્છ) અમદાવાદ રૂા. ૧૫,૦૦૦/-**
- **શ્રી દેવેન મેઘજીભાઈ છેડા (લાયજા - કચ્છ) અમદાવાદ રૂા. ૧૫,૦૦૦/-**

*સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.*

"વહેતું ધન માનવ ધર્મ સમાન છે."

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

## દુર્લભતાનું ભાન દુર્વ્યયને અટકાવે છે

જેઠ અષાઢ કોરા ગયા હોય ત્યારે સત્તાવાળા દ્વારા જાહેરાત થાય કે ચોવીસ કલાકમાં, પાણી માત્ર એકવાર અને તે પણ અડધો કલાક જ આપવામાં આવશે. ત્યારે, પાણી આવવાનો જે સમય હોય, તેની પહેલાંથી જ, ડોલ, તપેલું ને પવાલી કે પીપ એવું બધું તૈયાર રાખવામાં આવે છે.

એ સમયે બીજું કશું કામ નથી કરવાનું, એવો નિયમ જાણ્યે - અજાણ્યે પણ પળાય છે.

પાણી મુશ્કેલીથી મળે છે, લાંબા સમયે મળે છે, થોડા સમય માટે જ મળે છે. એટલે આ બધી કાળજી રખાય છે.

ભાલ જેવા પ્રદેશમાં તો દૂર-દૂરથી, બે-ત્રણ કિલોમીટર દૂરથી પીવાનું પાણી આવતું હોય તો તે પાણી, પીવા સિવાય બીજા કોઈ ઉપયોગમાં ન લેવાય તેનો બરોબર ખ્યાલ રખાય છે. તેનો દુર્વ્યય અટકે છે, કારણ તે દુર્લભ છે.

એ પ્રમાણે આપણને મળેલો મનુષ્યભવ પણ અતિશય દુર્લભ છે. બહુ ઓછાને, બહુ ઓછા કાળ માટે અને લાંબા ગાળે મળે છે. માટે તેની ક્ષણો વાવવાની છે, વેડફવાની નથી. *દુર્લભતાનું ભાન દુર્વ્યયને અટકાવે છે.* ■

*પ્રભુનો વાસ જો હૈયે, ભજ એને અહીં જ તે, ગંગા કે તીર્થયાત્રાની, પછી તારે જરૂર શી?*

# કચ્છના દાનવીર શ્રેષ્ઠી શ્રી સુંદરજીભાઈ શાહને

## "ગ્લોરી ઑફ ગુજરાત" એવોર્ડ એનાયત



કચ્છના ગામ સણોસરાના મૂળ વતની અને જાણીતા દાનવીર શ્રેષ્ઠી **શ્રી સુંદરજીભાઈ મુલજી શાહ**ને ગુજરાતના રાજભવન - ગાંધીનગર ખાતે ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ વેલફેર (ગુજરાત)ના ઉપક્રમે યોજાયેલ એક ભવ્ય સમારંભમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહોદયા ડૉ. શ્રીમતી કમલાજીના વરદ્ હસ્તે **"ગ્લોરી ઑફ ગુજરાત" ઍવોર્ડ** તા. ૨૨-૬-૨૦૧૨ના રોજ અર્પણ કરાયો હતો.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પૂર્વપ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડ ખાસ હાજર રહ્યા હતા. તે ઉપરાંત મુંબઈથી શ્રી સુંદરજીભાઈના પરિવારજનો તથા શ્રી શાંતિલાલ મેકોની, શ્રીમતી ઉર્મિલાબેન, શ્રી વસંતભાઈ ગલીયા આ ભવ્ય પ્રસંગે ખાસ પધાર્યા હતા. ઉપસ્થિત અનેક મહાનુભાવોથી રાજભવનનો હોલ ખીચોખીચ ભરાયેલ હતો. શ્રી શાંતિલાલ મેકોનીએ પોતાના વક્તવ્યમાં શ્રી સુંદરજીભાઈના વ્યક્તિત્વ વિષે વિસ્તૃત છણાવટ કરેલ હતી.

શ્રી સુંદરજીભાઈ તરફથી તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના **"કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"**ના ઉદ્‌ઘાટન પ્રસંગે સંસ્થાને **રૂપીયા ૨૫ (પચ્ચીસ) લાખ**ના માતબર દાનની જાહેરાત કરાઈ હતી. તેઓશ્રી કચ્છ - માંડવી પાસેના જખણિયા ગામે વિરાયતન શૈક્ષણિક સંસ્થાના હાલે ચેરમેન છે. મુંબઈની વિરાયતન એન્જિનિયરિંગ કૉલેજ (કાંદિવલી) તેમજ ત્યાંની અનેક સંસ્થાઓને તેઓશ્રી તરફથી આર્થિક સહયોગ મળેલ છે. જરૂરિયાતમંદ પરિવારોને મુંબઈમાં આવાસ પૂરા પાડવાના અભિયાનમાં તેઓનો સક્રિય સહયોગ રહેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી શ્રી સુંદરજીભાઈને હાર્દિક અભિનંદન. ■

---

## શુભ સંકલ્પ 'કલ્પવૃક્ષ છે'

જે કાંઈ અંતરંગ મનમાં આકારિત કરવામાં આવે છે તે બધું ક્યારે ને ક્યારે બહિરંગ જીવનમાં સાકાર થાય છે.

અંતરમનોભૂમિ તો ભારે ફળદ્રુપ જમીન છે. જે બીજ વાવો તે ઊગે. જે સંકલ્પ - શુભ અથવા અશુભ - અંદર રોપો તે ઊગે.

જો આવો જ નિયમ હોય તો શુભનું જ વાવેતર કરવું જોઈએ. શુભ સંકલ્પ તો કલ્પવૃક્ષની જેમ ફળે છે.

એક શુભ સંકલ્પ કરવામાં આવે, તેને તીવ્રતાથી, વારંવાર ઘૂંટવામાં આવે, તો તે સફળ થયા વિના ન રહે.

કૂવાના કાંઠે કાળી શિલા હોય તે રોજ રોજ અનેકવાર દોરડા વડે એક જગ્યાએ ઘસાય તો તે શિલા પર નિશાન પણ પડી જાય છે!

હા, સંકલ્પને સફળ બનાવવાની શરત છે કે, તેને દ્રઢતાથી વળગી રહેવું પડે. દીર્ઘકાળ સુધી ધીરજ ધરવી પડે. સ્મરણ-જળથી એનું નિરંતર સીંચન કરતા રહેવું પડે. તો એ જરૂર ફળે.

દૂધમાં મેળવણ નાંખીને તેની રૂપાંતરણની પ્રક્રિયાને સ્થિરતાપૂર્વક આગળ વધવા દેવી પડે, તો દૂધ અણુએ અણુ દહીંરૂપે પરિણત થઈ જાય છે. તે જ રીતે શુભ સંકલ્પ પણ વિધિપૂર્વકની માવજતથી સફળ થાય છે. જરૂર ઊગી નીકળે છે. ■

*જળે શુદ્ધ બને દેહ, સત્યે શુદ્ધ બને મન, જ્ઞાને શુદ્ધ બને બુદ્ધિ, આત્મા શુદ્ધ તપોબળે.*

# "મંજુલ-હરખ ધામ"

## સિનિયર સિટીઝન માટે સેનેટોરિયમ

**જીમખાના નજીક, પુનિત વનની સામે, પ્લોટ નં.-૭૪, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૧૯.**

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેની સુવર્ણ જયંતીની ઉજવણીના વર્ષ દરમ્યાન તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે એક ખૂબજ રમણીય વિસ્તારમાં સિનિયર સિટીઝન હોમ – "મંજુલ-હરખ ધામ"નું કચ્છની વિશિષ્ટ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કરીને લોકાર્પણ થયેલું છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની કોઈપણ વયોવૃદ્ધ વ્યક્તિ ઉપરોક્ત હોમમાં એકથી બાર માસ માટે અથવા તો કાયમી ધોરણે નિયમાનુસાર વસવાટ કરી શકે છે. હોમમાં રહેવા માટેના કારણને ધ્યાનમાં રાખીને વસવાટ માટે મંજૂરી આપવામાં આવશે તેમજ નક્કી થયા મુજબનો માસિક ચાર્જ વસુલ કરવામાં આવશે.

આ હોમમાં વધુમાં વધુ ૨૫ (પચ્ચીસ) વ્યક્તિઓનો સમાવેશ થઈ શકે તેમ છે. હોમમાં દાખલ થનારની સંપૂર્ણ કાળજી લેવામાં આવશે.

પ્રવેશ મેળવવા માટેનું ફોર્મ 'મંગલ મંદિર'ના અગાઉના અંકમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. તે સિવાય, સમાજના કાર્યાલયમાંથી પણ ફોર્મ વિતરણની વ્યવસ્થા છે. ફોર્મ મળ્યા બાદ વ્યક્તિને રૂબરૂ બોલાવવામાં આવશે અને યોગ્ય જણાશે તો તેમને પ્રવેશ આપવામાં આવશે.

***અન્ય કોઈ વિગત માટે નીચેના સરનામા પર સંપર્ક થઈ શકશે.***

**માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલની સામે,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

***ભારતભરનાં કચ્છી જૈનોમાંથી કોઈપણ વયસ્ક વ્યક્તિ અત્રે જણાવેલ હોમમાં પ્રવેશ મેળવીને વસવાટ કરી શકશે.***

**<u>ખાસ નોંધ</u>** : મુંબઈ સ્થિત કોઈપણ કચ્છી જૈન વયસ્ક વ્યક્તિ, જો ગાંધીનગર ખાતેના "મંજુલ-હરખ ધામ"માં પ્રવેશ ઈચ્છતા હોય તો મુંબઈમાં જ નીચેના સરનામે તે સંબંધી ફોર્મ ભરીને આપી શકાશે અને ત્યાંજ સંપૂર્ણ પ્રક્રિયા પૂરી કરી શકાય તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**શીલાબહેન ગાલા**
**શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈ**
દેરાવાસી મહાજનવાડી, ત્રીજો માળ, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૧.
ફોન : (૦૨૨) ૨૩૭૧૪૬૭૪

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# અમદાવાદનું આગવું આકર્ષણ એટલે.... "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"

★

## અમદાવાદ શહેરમાં સર્વપ્રથમ આકાર પામેલું અને....
## જોવાલાયક સ્થળોની યાદીમાં.... અગ્ર ક્રમે....

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેની સુવર્ણ જયંતીની ઉજવણીના વર્ષ દરમ્યાન તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નું લોકાર્પણ કરવામાં આવેલ છે.

## આ મ્યુઝિયમમાં આપ શું નિહાળશો?

કચ્છ જિલ્લાને સંબંધિત માહિતી તેમજ ભૂસ્તર, જીવ અશ્મિઓ, વહાણ કામ, માટી કલા, કચ્છી ચલણ, વાજિંત્રો, વિવિધ કોમોના ડાયોરમા, બે-મિશાલ હસ્તકલાના અદ્‌ભુત નમૂના વગેરે નિહાળીને આપ પ્રસન્ન થશો.

દરરોજ સંખ્યાબંધ લોકો આ મ્યુઝિયમની વિવિધ વિભાગો નિહાળીને પ્રશંસા કરી રહ્યા છે.

**યાદ રાખશો.... એક નવી અજાયબી.... કચ્છ દર્શન. અને કચ્છ દર્શન એટલે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ - અમદાવાદ...**

• સ્થળ •

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**

રાજસ્થાન હોસ્પિટલ પાસે, ગાંધી વિદ્યાલયની ગલીમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

**સમય : સવારે ૯.૦૦થી ૧૨.૦૦ • સાંજે ૪.૦૦ થી ૭.૦૦**

**પ્રતાપ નારાણજી દંડ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેના સુવર્ણ જયંતી મહોત્સવ દરમ્યાન

# "કચ્છી યલો પેજીસ"

એક અંદાજ પ્રમાણે હાલે અમદાવાદ - ગાંધીનગર વિસ્તારમાં અંદાજિત ૫,૦૦૦ કચ્છી કુટુંબો વસવાટ કરી રહેલ છે. અહીં વસવાટ કરતા કચ્છીઓ રેડીમેઈડ ગારમેન્ટ, કટલરી શોપ, અનાજ - કરિયાણાની દુકાન, મોબાઈલ શોપ, લેન્ડ ડેવલપર, બિલ્ડિંગ કોન્ટ્રાક્ટર, લાકડાની લાટી, કલર લેબ, ટ્રાવેલ્સ કંપની, ટ્રાન્સપોર્ટ કંપની, પેટ્રોલ પંપ, પેકેજિંગ ઈન્ડસ્ટ્રીઝ, મશીનરી મેન્યુફેક્ચરીંગ, ફર્નીચર મેન્યુફેક્ચરીંગ, પેઈન્ટ્સ, કલર કેમિકલ્સ, કન્ફેક્શનરી મેન્યુફેક્ચરીંગ વગેરે પ્રકારના અલગ અલગ વ્યવસાય સાથે સંકળાયેલા છે. કેટલાક કચ્છીઓ સરકાર, મ્યુનિસિપાલિટી અથવા તો કોર્પોરેટ ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દા પર પણ બિરાજમાન છે.

ઉપરોક્ત દરેક વસ્તુની ક્યારેક ને ક્યારેક આપણને જરૂરિયાત પડતી હોય છે પરંતુ તે માટે સામેની વ્યક્તિ ઓળખાણવાળી અને વિશ્વાસુ હોય તો આપણને છેતરાવાનો ડર રહેતો નથી અને ઉચ્ચ ક્વોલિટીનો માલસામાન આપણને સાંપડી રહે છે. પરિણામ સ્વરૂપે દરેક કચ્છીના ધંધાની માહિતી અને પ્રકાર આપણા સહુ પાસે હોવી જરૂરી છે.

આ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના સુવર્ણ જયંતી મહોત્સવ દરમ્યાન અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છીઓની "કચ્છી યલો પેજીસ" બનાવવાનું બીડું ઝડપેલ છે.

અમે એ વાતથી અજાણ નથી કે ભૂતકાળમાં આપણા દ્વારા આ બાબતે પૂરતા પ્રયાસ કરવામાં આવેલ હતા પરંતુ આ કાર્યમાં અનેક કઠિનાઈઓ આવતા "કચ્છી યલો પેજીસ" બનાવવાનું મોકૂફ રાખવામાં આવેલ હતું. અન્ય તરફ સમગ્ર કચ્છી સમાજ માટે આ એક ખૂબ જ મહત્ત્વની જરૂરિયાત હોઈ, સમાજની સેવા કરવાના નાતે અમે તે કાર્ય પરિપૂર્ણ કરવા બીડું ઝડપેલ છે.

તે માટે જરૂરી ફોર્મ અને વિગતો તૈયાર થઈ રહેલ છે.

એક તરફ અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી ઘટક સમાજનો આ હેતુથી સંપર્ક સાધવામાં આવશે. જ્યારે અન્ય તરફ કદાચ દરેકને ત્યાં અમારા પ્રતિનિધિ મુલાકાત લે તેવી વ્યવસ્થા કરવાનું પણ વિચારાઈ રહેલ છે. અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજ દરેક કચ્છી કુટુંબને આ બાબતે સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

"કચ્છી યલો પેજીસ" આવતા દિવસોમાં દરેકને ત્યાં પહોંચે તે રીતે તેનું વિતરણ કરવામાં આવશે. કોઈને વધુ કોપીઓ જોઈતી હોય તો તે માટે અમારો સંપર્ક સાધી શકાશે. આ યલો પેજીસમાં આપેલી જાહેરાત ધંધાકીય રીતે પૂરેપૂરું વળતર ચૂકવશે તે નિર્વિવાદ હકીકત છે. જાહેરાત માટે પણ આપ સહુનો સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯**

**મનુભાઈ શાહ**
**કન્વીનર, કચ્છી યલો પેજીસ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮**

*રહસ્ય ધર્મનું છે આ, સાંભળો ને સમાચરો, પોતાને જે પ્રતિકૂળ, બીજા પ્રત્યે ન આચરો.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | રવિવાર, તા. ૮-૭-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા<br>“કિંમત અને મૂલ્ય”ના વિષયે (શ્રી નંદક પંડ્યા દ્વારા)<br>પરિસંવાદ. (૧૧ વર્ષ સુધીની ઉંમરના બાળકોના વાલીઓ માટે) |
| • | રવિવાર, તા. ૧૫-૭-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર,<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | મેડિકલ સેવા સમિતિ દ્વારા વિટામિન બી-૧૨ તથા વિટામિન-ડી<br>માટે ફ્રી નિદાન કેમ્પ. (૨૫ વર્ષથી ૭૦ વર્ષ સુધીની કોઈપણ વ્યક્તિ માટે.) |
| • | રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨<br>સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | ૨૫ (પચ્ચીસ)મી વાર્ષિક સામાન્ય સભા.<br>(ફક્ત નોંધાયેલા સભ્યોને પધારવા આમંત્રણ છે.) |
| • | રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨<br>રાત્રે ૯.૦૦થી ૧૨.૦૦ | ટાગોર હોલ, અમદાવાદ. | સુવર્ણ જયંતી નિમિત્તે કચ્છી સામાજિક નાટક<br>‘જિંદગી જલસો ભને વઈ” |
| • | બુધવાર, તા. ૮-૮-૨૦૧૨થી<br>ગુરુવાર, તા. ૯-૮-૨૦૧૨ | કેવડિયા કોલોની | વયસ્ક સમિતિ દ્વારા<br>કેવડિયા કોલોની ખાતે નર્મદા ડેમની મુલાકાત. |
| • | રવિવાર, તા. ૧૨-૮-૨૦૧૨<br>સવારે ૮.૦૦થી ૧૧.૦૦ | મેડિકલ સેન્ટર,<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | તબીબી સેવા સમિતિ દ્વારા<br>પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો માટે હેલ્થ ચેક-અપ<br>(ફ્રી નિદાન કેમ્પ : સ્કીમ-૧ મુજબ) |
| • | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૯.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | મધ્યસ્થ કાર્યાલય દ્વારા<br>સ્વાતંત્ર્ય દિન - ધ્વજ વંદન કાર્યક્રમ. |
| • | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨<br>સવારે ૯.૩૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ.<br>ધોરણ-૮ અને તેની ઉપર. (નિષ્ણાત વક્તાના વક્તવ્ય સાથે.) |
| • | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા કન્સેશનલ દરે<br>માત્ર મહિલાઓ માટે સંપૂર્ણ બોડી ચેક-અપ કાર્યક્રમની નોંધણી. |
| • | રવિવાર, તા. ૧૯-૮-૨૦૧૨<br>સવારના ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત<br>“હું અને મારું પ્રદાન” વિષય પર ૪૫ વર્ષથી ઉપરની ઉંમરની<br>વ્યક્તિઓ માટે પરિસંવાદ (નંદક પંડ્યા દ્વારા) |

## સ્વચ્છ સરનામાનો વિકલ્પ નથી

પોસ્ટ ખાતા તરફથી આ સૂચના મળે છે. વાત સાચી પણ છે. ગરબડિયા અક્ષરના સરનામાવાળી ટપાલ ક્યાંય પહોંચતી નથી. આ આપણા સહુનો અનુભવ છે. ટપાલની જેમ, માણસ માટે પણ આ વાત એટલી જ સાચી છે.

માણસનું સરનામું તે તેનું ચારિત્ર. માણસ તેનાથી જ ઓળખાય. લોકો તેને એ રીતે જ યાદ રાખે. આનો પણ કોઈ વિકલ્પ નથી. ચારિત્રની કોઈ અવેજી નથી. ‘નહીં સાંધો નહીં રેણ!’ – આ નિયમ પ્રવર્તે છે.

પહેલાનાં જમાનામાં ઘણાં માટે આપણે સાંભળતા : ‘આ ભાઈ આવું તો ન જ કરે.’ ‘આવું તો ન જ બોલે.’ ‘આવું તો ન જ ખાય.’

આજે પરિસ્થિતિ બદલાઈ છે : ભાઈ એનું ભલું પૂછવું, કાંઈ કહેવાય નહીં – એવું સંભળાય છે.

નોકરીએ રહ્યા છો? : *હાથથી કશું આડું અવળું ન કરાય.*

દુકાને બેઠા છો? : *કડવા વેણ ન બોલાય.*

તમારે ભરોસે સોંપ્યું છે? : *વિશ્વાસઘાત ન કરાય.*

ભય કે લોભ-લાલચથી પણ જો ન ડગે તો જ, કીર્તિ-પ્રતિષ્ઠા જામે, એની સુવાસ પ્રસરે.

*આવા ચારિત્રનું આપણે ઘડતર કરીએ.* ■

# કર્મભૂમિમાં રહીને જન્મભૂમિ માટે શું કરી શકાય?

• શશીકાંત એમ. ઠક્કર •

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેની સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણીના ઉપલક્ષ્યમાં દ્વિતીય કાર્યક્રમ મુંબઇ ખાતે શ્રી સુમતિ ગુર્જર ભવન - ચેમ્બુરમાં તા. ૧૩/૧૪-૫-૨૦૧૨ – એમ બે દિવસ વિભિન્ન સ્થળોની કચ્છી જૈન સંસ્થાઓના પ્રતિનિધિઓ, સામાજિક આગેવાનો અને અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં દબદબાભેર ઉજવ્યો હતો.*

*કચ્છના વિકાસને પૂર્વ ભૂમિકામાં રાખીને હેતુલક્ષી તે કાર્યક્રમનું બે હિસ્સામાં આયોજન કરવામાં આવ્યું હતું... જેમાં...*

*(૧) વિવિધ ક્ષેત્રોના કચ્છી વિશિષ્ટ ઉદ્યોગપતિશ્રીઓને એક મંચ પર એકત્રિત કરીને તેમનું બહુમાન કરવું.*

*(૨) આપણે આપણી કર્મભૂમિમાં રહીને આપણી જન્મભૂમિ તેમજ કર્મભૂમિ માટે શું કરવું જોઇએ અથવા શું કરી શકીએ... તે માટે જુદા જુદા વિષયો પર તેનાં નિષ્ણાત વક્તાઓ દ્વારા વ્યાખ્યાનમાળાની શૃંખલાનું આયોજન થયું હતું.*

*તે પૈકી એક વ્યાખ્યાનકાર માધાપર (તા. ભુજ)ના એડવોકેટ શ્રી શશીકાંતભાઇ એમ. ઠક્કર હતા. વર્ષ ૧૯૫૧માં મહેસૂલ ખાતામાં કામગીરીની શરૂઆત કરીને તેઓશ્રી મામલતદારની કક્ષાએ પહોંચ્યા હતા. ત્યારબાદ વિકાસ સેવામાં ૧૮ વર્ષ કામ કર્યું હતું. છેલ્લે ગુજરાત રાજ્યની વહીવટી સેવા વર્ગ-૧ માંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઇને વિવિધ સામાજિક સંસ્થાઓમાં હોદ્દા પર રહીને તેની પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા છે. અમદાવાદમાં રચાયેલ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની શરૂઆતથી સભ્યપદે રહીને હાલે તેના ઉપપ્રમુખપદે કાર્યરત છે.*

*તેમની વર્ષ ૧૯૯૯થી ૨૦૦૧ દરમિયાન નર્મદાના પાણી વિશેની તેમજ વર્ષ ૨૦૦૧ બાદ ભૂકંપ પુનઃવસવાટ અંગેની લેખમાળાઓ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થઇ છે.*

*ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન શ્રી ઠક્કરે 'કર્મભૂમિના સ્થળે રહીને માતૃભૂમિ કચ્છ માટે શું કરી શકીએ' એ વિષયે આપેલ વ્યાખ્યાન અત્રે રજૂ કરેલ છે.*

*– મુખ્ય તંત્રી*

કચ્છ જિલ્લો પરા પૂર્વથી અછત અને દુષ્કાળોનો સામનો કરતો રહેલો પ્રદેશ છે. આના પરિણામે રોજીરોટીની શોધમાં કચ્છીઓ વતનથી દૂર દૂર અને સમગ્ર વિશ્વમાં વસ્યા છે. સ્થાનિકે રોજીરોટી મેળવવાના અથાગ પ્રયત્નો જ્યારે ફળીભૂત ન થાય અને દુઃખ અસહ્ય બને ત્યારેજ જૂના સમયમાં કચ્છનો કાંઠો વળોટી પરદેશ ખેડવા કચ્છીઓ મજબૂર બનતા રહ્યા હતા. પરિણામે દુઃખ અને સાધનોની અછતનો કારમો અને દુઃખદાયક અનુભવ લગભગ તમામ કચ્છીઓને ગળથૂથીમાં મળ્યો હતો. આનું સુખદ પરિણામ એ મળ્યું કે કોઇ પણ કચ્છી વિશ્વના ગમે તે ખૂણે વસતો હોય પણ તેમ છતાં પોતાના વતન તરફની લાગણી પ્રેમ અને સ્થાનિકે કચ્છમાં વસતા પોતાના ભાંડુઓના દુઃખ દર્દ કેમ ઓછાં થાય તે માટેની ઉત્કટ લાગણી તે ક્યારેય ભૂલી શક્યો નથી. અને તેથી જ ગુજરાતના કોઇપણ વિસ્તારમાં ન હોય તેટલી દાનની સરવાણી અને સમાજોપયોગી કાર્યોનાં જીવંત સ્મારકોની વણઝાર કચ્છમાં ગામે ગામ જોવા મળે છે. અન્ય જિલ્લાઓમાં ગ્રામ્ય પ્રજાની જરૂરિયાતો માટે જ્યાં માત્ર સરકાર તરફ જ નજર હોય છે, ત્યાં કચ્છમાં દાનવીરો અને શ્રેષ્ઠિઓ આગળ આવીને લોકોને સ્વયંભૂ સુવિધાઓ ઊભી કરી આપે છે અને તે રીતે તેઓ સરકારનો બોજો પણ હળવો કરે છે.

## • ગામડાંઓનાં બદલાયેલો અભિગમ :

સ્વતંત્રતા પૂર્વની કચ્છની રાજકીય પરિસ્થિતિ, વાહન વ્યવહારનો સદંતર અભાવ, રાજ્યની નાણાંકીય મર્યાદાઓ વગેરે વિવિધ કારણોને લીધે તમામ ગામડાંઓ મહદ્અંશે સ્વાશ્રયી હતાં. ગ્રામ્ય પ્રજાને જરૂરી અને ઉપયોગી હોય તેવાં અનેક કામો ગામ લોકો જાતે કરી લેતા અથવા દાતાઓ દ્વારા કરાવી લેતા. એટલું જ નહીં પણ તેને વપરાશ યોગ્ય રાખવા અને નિભાવવાની જવાબદારી પણ તેઓ પોતે જ સંભાળતા. કચ્છનાં લગભગ તમામ ગામોનાં ગામ તળાવો, સીમતળાવો, કૂવાઓ, વાવ અને સેલોરો અને સીમ રસ્તાઓ, ગૌચર જમીનો વગેરે તેના જીવંત ઉદાહરણો છે. સ્વતંત્રતા મળ્યા બાદ મતના રાજકારણના પરિણામે ધીમે ધીમે પરંતુ અદૃશ્ય રીતે એક એવું પરિવર્તન આવતું ગયું કે જેથી આવાં સ્વાશ્રયી ગામો પણ પોતાની નાની-મોટી તમામ જરૂરિયાતો માટે સરકાર આધારિત થતા ગયા.

*વૃથા વૃષ્ટિ સમુદ્રોમાં, વૃથા ભોજન તૃપ્તને, વૃથા દાન સમર્થોને, વૃથા છે દીવડો દિને!*

બીજી બાજુ કચ્છ ગુજરાત રાજયનો એક જિલ્લો બન્યા પછી તેના અલ્પ પ્રતિનિધિત્વના કારણે રાજય સ્તરે તેનું વજન ગણનામાં લઇ શકાય તેવું રહ્યું નથી એટલે એક પછી એક અન્યાયો કચ્છના ભાગે ભોગવવાના રહેતા આવ્યા છે અને તેના ઉકેલો અગર પરિસ્થિતિની સુધારણા માટેની દાદ ફરિયાદો બહેરા કાને અથડાતી રહી છે. કચ્છમાં એવી કોઇ સંસ્થા નથી કે એવી કોઇ પદ્ધતિ વિકસી નથી જયાં પ્રજાકીય ઉપયોગિતાની બાબતો અંગે પોતાપણું કેળવી જરૂરિયાત મુજબ સત્તાવાળાઓ સામે કોઇ માથું ઊંચું કરે અગર કાનૂની અધિકારો સ્થાપવા માટેની પ્રક્રિયા હાથ ધરે. વ્યક્તિગત રીતે આ પરિસ્થિતિ હલ કરવી મોટા ભાગે મુશ્કેલીરૂપ બને છે, ત્યારે ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં પ્રજાકીય ચેતનાના જીવંત દૃષ્ટાંત રૂપ જે સંસ્થાઓ વિકસી છે તેઓ રાજકીય શિસ્તને બાજુએ મૂકીને પણ પ્રજાકીય કાર્યો માટે ઝઝૂમે છે અને તેના પરિણામે સૌરાષ્ટ્ર વિસ્તારની રાડ તરત સંભળાય. જયારે કચ્છ આ બાબતમાં ઊણું ઊતરે છે.

● **કચ્છી અભિગમ :**

કચ્છીઓને પરિસ્થિતિજન્ય સ્થળાંતર કરવાની ફરજ પડ્યાં છતાં તેઓ પોતાના માદરે વતનને ભૂલ્યા નથી. જેઓ બે ત્રણ પેઢીથી કચ્છ બહાર જ વસે છે તેઓ પણ પોતાની માભોમનો જ્યારે જ્યારે સાદ પડે છે ત્યારે ત્યારે તેઓ તેનો પ્રતિસાદ આપે જ છે. કચ્છીઓની આ માનસિકતાના કારણે જ કર્મભૂમિમાં રહીને જન્મભૂમિ માટે શું કરી શકાય તેનું વિચાર વલોણું કરવાનો આજે આ પ્રયત્ન થઇ રહ્યો છે તેને સરાહવો જ રહ્યો પરંતુ આ વિચાર વલોણું કરતાં પહેલાં તેની પૂર્વ ભૂમિકા સમજવી જરૂરી છે. અને તેમાંથી જ આપણને તેનો ઉકેલ મળે છે.

● **જાહેર જીવનની જાગૃતિ :**

સાંપ્રત સમયમાં વિકાસની તમામ યોજનાઓ અને આંતરમાળખું પૂરું પાડવાની સુવિધાઓ ઊભી કરવા માટેનાં કાર્યો સરકારના કારોબારી તંત્રના નિર્ણયોને આધીન રહે છે. કારોબારી નિર્ણયો કંઇક અંશે ઉચ્ચ અધિકારીઓના વલણને અનુરૂપ અને મોટા ભાગે રાજકીય પદાધિકારીઓના ગમા અણગમા ઉપર નિર્ભર રહેતા હોય છે. આથીજ આપણી પંચવર્ષીય યોજનાઓ અંતર્ગત મંજૂર થતા પ્રોજેક્ટો ગુણદોષના આધારે નિશ્ચિત થતા નથી. પરંતુ જે તે વિસ્તારના રાજકીય આગેવાનો અને જાહેર જીવનને અસરકારક રીતે દિશા આપતી જાહેર સંસ્થાઓની જાગૃતિ અને સક્રિયતા તથા તેમની વગ અને પહોંચ અથવા સંજોગોને મોડ આપવાની તેમની શક્તિ આધારિત નિશ્ચિત થાય છે.

કચ્છના સંદર્ભમાં ભૂતકાળના અનુભવો આ બાબતની સ્પષ્ટ પ્રતીતિ કરાવે છે. બે દાયકા અગાઉનો ઇતિહાસ તપાસીએ તો સમગ્ર ગુજરાતમાં લાઇમસ્ટોન જે સિમેન્ટના કારખાના માટેનો મહત્ત્વનો કાચો માલ છે તેનો કચ્છમાં ઉપલબ્ધ જથ્થો બાકીના સમગ્ર ગુજરાતના જથ્થા કરતાં છ ગણો હોવા છતાં સરકારી પ્રકાશનોમાં કચ્છનો આ સંબંધમાં ઉલ્લેખ જ ન હોય અને નાના કારખાનાની દરખાસ્ત વખતે આવા પ્રોજેક્ટ આર્થિક સક્ષમ નથી તેવું બહાનું આપી નામંજૂર થાય અને મોટા પ્રોજેક્ટ પાણી ઉપલબ્ધ નથી એવા બહાને નામંજૂર કરાય તે હકીકતો આપણા અનુભવમાં આપણે જોઇ છે. સમગ્ર ગુજરાતમાં પાકતા મીઠાનો ચોથો ભાગ એકલા કચ્છમાં પાકતો હોવા છતાં અને સોડાએશના કારખાના માટે મીઠું મહત્ત્વનો કાચો માલ હોવા છતાં આ કારખાનું કચ્છના બદલે મહુવા જેવા ખેતીવાડીવાળા વિસ્તારમાં મંજૂર થાય અને પછી ખેડૂતોના ઊહાપોહના કારણે તેને ફેરવીને જે તે વખતના ઉદ્યોગ કમિશનરના વતનના મુલક ઉનામાં સ્થપાય તે ઇતિહાસ પણ આપણે જોયો અનુભવ્યો છે. આવા તો અનેક દાખલા આપી શકાય જયાં ગુણદોષની દૃષ્ટિએ કચ્છની જ પસંદગી થવાપાત્ર હોય તેવા પ્રોજેક્ટો પણ માત્ર રાજકીય અને વહીવટી વગ અને તાકાતના કારણે અન્યત્ર ગયા હોય.

આવું શા માટે બને છે? કચ્છ સૌરાષ્ટ્રના નામે થતી જાહેરાતોમાં પણ ઊંડા ઊતરીએ તો મોટા ભાગે કચ્છની બાદબાકી જ થતી હોય છે તેનો આક્રોશ અવારનવાર વ્યક્ત થતો રહે જ છે. છતાં તેનાં કારણોમાં ઊંડા ઉતરી ઉપાયાત્મક પગલાંઓ લેવાતાં નથી તેનાં કારણો શું છે? **કહેવત છે કે જે ચાલે છે તેનું નસીબ પણ ચાલે છે અને જે ઊંઘે છે તેનું નસીબ પણ ઊંઘી જાય છે. આપણું નસીબ પણ આપણી નિષ્ક્રિયતાને કારણે ઊંઘી ગયું હોય તેમ નથી લાગતું?**

● **કારોબારી તંત્રમાં સ્થાન :**

કારોબારી તંત્રના બે વિભાગો છે. એક વિભાગ ઉચ્ચ અધિકારીઓ પ્રમાણમાં વધારે અને વિકાસની દાઝ ધરાવનારા હોય તે પ્રદેશનું કિસ્મત અન્ય પ્રદેશોની સરખામણીએ વધારે જોર કરતું હોય છે તે સ્વયંસિધ્ધ છે. આ દૃષ્ટિએ આપણે ક્યાં છીએ તેનું મૂલ્યાંકન કરવું જરૂરી નથી? આ દિશામાં આપણે શું કરી શકીએ? કચ્છના અનેક શ્રીમંતો દેશ વિદેશમાં વસે છે. આ શ્રીમંતો પૈકીના થોડાક પણ આ દિશામાં યોગદાન આપે અને તેઓ **દરેક વર્ષે માત્ર બેજ તેજસ્વી વિદ્યાર્થીઓની પસંદગી કરી તેમને તમામ પ્રકારની મદદ ઉપલબ્ધ કરાવી ઉચ્ચ પરીક્ષાઓ પસાર કરાવવાની ગોઠવણ કરાવે તો પાંચ દસ વર્ષમાં વહીવટમાં આપણા આઇ.એ.એસ. અને તેની સમકક્ષ કેન્દ્રીય સેવાઓની કેડરમાં તથા પ્રથમ વર્ગની રાજ્ય સેવાઓની કેડરમાં કચ્છનું પેટ બાળે એવા સારી સંખ્યાના અધિકારીઓ આપણે ગોઠવી શકીએ.** આપણી આ ફોજ આપણા વિકાસમાં ગુણાત્મક પરિવર્તન લાવી શકે તેમાં કોઇ શંકા નથી.

કારોબારી તંત્રનો બીજો વિભાગ જાહેર જીવનમાં પડેલ **રાજનીતિજ્ઞોનો અને જાહેર સંસ્થાઓનો છે.** રાજનીતિજ્ઞોની શક્તિ અને સમય સાંપ્રત સમયમાં માત્ર પોતાની ખુરશી સાચવવામાં અને ચૂંટણીને નજર સમક્ષ રાખી પોતાના કાર્યકરોનાં વ્યક્તિગત કામો કરાવી તેમને સાચવી રાખવામાં અને ભવિષ્યની ચૂંટણી માટે અર્થ - ઉપાર્જન કરવામાં જ જતો હોય છે. બીજું ભૂતકાળની જેમ તેઓ વિષય નિષ્ણાતોની વ્યવસ્થિત સ્વરૂપે સેવાઓ મેળવી એકએક વિષયમાં પ્રજાકીય સ્તરે કરવાની કામગીરી કરી શકે તેવી હવે તેમની પાસેથી અપેક્ષા રાખી શકાતી નથી. એટલે **પ્રજાને**

*જો દરેક જણ પોતાના ઘરનું આંગણું ચોખ્ખું રાખે તો આખી દુનિયા ચોખ્ખી થઈ જાય.*

**સ્પર્શતા પ્રશ્નો ઉકેલવા તેમની પાસે સમય પણ નથી, સમજણ પણ નથી અને શક્તિ પણ નથી.**

- **સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો :**

આ પરિસ્થિતિમાં જાહેર જીવનની વ્યાપારિક, સાંસ્કૃતિક, આર્થિક અને અન્ય બાબતો સંભાળતી જે સ્વૈચ્છિક સંસ્થાઓ છે તેઓ જો ધારે તો ઘણું અસરકારક કાર્ય બજાવી શકે તેમ છે અને રાજનીતિજ્ઞો માત્ર આવી સંસ્થાઓને મદદ, માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે તો પણ ઘણું થઇ શકે. ઉદાહરણ સ્વરૂપે જોઇએ તો સૌરાષ્ટ્રમાં આવી કેટલીક સંસ્થાઓ છે જેઓ વિષય નિષ્ણાતોને રોકી **સંશોધનાત્મક પેપરો** તૈયાર કરાવી વહીવટી તંત્રને નિયમિત રીતે ફીડ કરે છે જેના પરિણામ સ્વરૂપે તેઓ કારોબારી નિર્ણયને સારી રીતે પોતાની તરફેણમાં મોડ આપી શકે છે. આમાંની કોઇક સંસ્થાઓ તો સૌરાષ્ટ્ર-કચ્છની વાતો અને જાહેરાતો કરતાં કરતાં સિફતપૂર્વક એવાં પેપરો રજૂ કરે છે કે જેમાંથી **કચ્છનો તો એકડોજ નીકળી જાય.** આજે જો વિશ્લેષણાત્મક સંશોધન કરવાની કોઇ તકલીફ લે તો માત્ર આવાંજ કારણોસર સૌરાષ્ટ્રને ખૂબજ લાભ થયો છે જ્યારે કચ્છને તો માત્ર વધ્યું ઘટ્યું જ ભાગે આવ્યું છે. સૌરાષ્ટ્રને જે મળ્યું છે તેની ઈર્ષા નથી ઊલટું તેમણે જે રીતે અને જે પદ્ધતિથી મહેનત કરી મેળવ્યું છે તે માટે અભિનંદન આપવા જેવા છે પણ **કચ્છના જાહેર જીવનની નિષ્ક્રિયતાને કારણે કચ્છને મળવાપાત્ર ઘણું કચ્છે ગુમાવ્યું છે તેનો સ્વાભાવિક રંજ છે.** કચ્છના જ પ્રદેશોની આંતરિક સરખામણી પણ આ દષ્ટિએ કરવા જેવી છે. કચ્છમાં વધુમાં વધુ વ્યાપારિક અને ઔદ્યોગિક વિકાસ કંડલામાં થયો છે ત્યાં ગાંધીધામ અને કંડલાની વ્યાપારી સંસ્થાઓ ચેમ્બર ઑફ કોમર્સ તથા તેના જેવી સંસ્થાઓ એટલી બધી જાગૃત છે કે યોગ્ય સમયે યોગ્ય રીતે વ્યવસ્થિત અને આંકડા દલીલો સાથેની રજૂઆતો કરવાની કોઇપણ તક તેઓ જવા દેતા નથી અને તેની પાછળ સારી એવી સવલતો માત્ર આવી સંસ્થાઓના પ્રયાસોના કારણે જ ઊભી થઇ શકી છે. આમ છતાં પણ હજુ ઘણીખરી વિડંબનાઓ અને આંતર માળખાની અધૂરાશો છે પરંતુ તે મેળવવા તે સંસ્થાઓ સતત પ્રયત્નશીલ છે. સરખામણીમાં અન્ય વિસ્તારોનો વિચાર કરીએ તો **ભાગ્યે જ ક્યાંક આવી જાગરુકતા કે સમય અને શક્તિનો ભોગ આપવાની તન્મયતા અને તત્પરતા જોવા મળે છે.** પરિણામે કચ્છના પાટનગર ભુજ જેવા વિસ્તારની હાલત પણ અતિશય દયનીય છે એમ કહેવામાં પણ કંઇ અતિશયોક્તિ નથી.

- **કચ્છીઓનું મૌન :**

અફસોસ તો ત્યાં થાય છે કે કચ્છની ધરતી પર જ બહારથી આવેલાઓ **કચ્છ વિરુદ્ધની** વાતો પાણી જેવા પ્રાણપ્રશ્નો માટે કરી જાય. તજજ્ઞ સંસ્થાઓ **કચ્છના જ શ્રીમંતોના પૈસે** સેમિનારો ગોઠવે અને તેમાં રજૂ થતાં પેપરોમાં કચ્છના વિકાસનો **પાયો જ હચમચી જાય** તેવા નુકસાનકર્તા ખોટા આધારોના સહારે કચ્છને વગોવે છે અને છતાં કચ્છના બુદ્ધિજીવીઓ, કચ્છના રાજકીય આગેવાનો અને કચ્છની જાહેર સંસ્થાઓ હરફ પણ ન ઉચ્ચારે તે પરિસ્થિતિ હોય તો પછી કચ્છને કોણ બચાવી શકે? કડવું લાગશે પણ આ સત્યને પુષ્ટિ આપતાં ચોક્કસ ઉદાહરણો પણ આપણે વિગતે જોઇશું. આપણી પોતાની ઓછપ, આપણી પોતાની નિષ્કાળજી અને બેદરકારી અને આપણી પોતાની જીહજુરિયાવૃત્તિ અને સ્વાર્થવૃત્તિ આપણે તપાસીશું નહીં અને માત્ર શાહમૃગવૃત્તિ રાખી ભૂતકાળની ભવ્યતા અને સંસ્કૃતિને વાગોળતા રહીશું અને આપણી સમજ, સંકલ્પશક્તિ અને સામર્થ્યનો અહેસાસ થાય તેવાં પગલાં યોજશું નહીં તો ઇશ્વર પણ આપણને મદદ કરવા નહીં આવે. અને ભાવિ પેઢી આપણને ગુનેગાર ગણશે. તેમાં કોઇ શંકા નથી.

- **જાગૃતિના અભાવનાં પરિણામો :**

જે તે પ્રદેશની દાઝ ધરાવતા અધિકારીઓ અને પ્રદેશની જાગૃત સંસ્થાઓ વિકાસકૂચ માટે અગત્યનું પરિબળ બની લાંબાગાળાનાં પરિણામો લાવી શકે છે તે સંદર્ભમાં આપણે કેટલાંક ઉદાહરણો તપાસીશું તો એ સ્પષ્ટ થશે કે આપણી જાગૃતિ અથવા બેદરકારી આપણને કેવા પ્રકારનાં હકારાત્મક અગર નકારાત્મક પરિણામો આપે છે.

- **નર્મદાના જળની વહેંચણી :**

સૌને સુવિદિત છે તેમ નર્મદા જળની વહેંચણીનો પ્રશ્ન જ્યારે કાનૂની એરણ ઉપર હતો ત્યારે કચ્છના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોને આગળ રાખી કચ્છના બન્ની અને રણ સુધી મીઠું પાણી પહોંચે તે બાબતને લઇને સમગ્ર પ્રકરણ હાથ ધરાઇ રહ્યું હતું. ખોસલા પંચે કચ્છની તરફેણમાં આપેલ નિર્ણય બાદ આ પ્રશ્ન ટ્રિબ્યુનલ પાસે મૂકાયો. ખોસલા પંચના નિર્ણયનો અમલ થાય તો કચ્છના સાડા સાત લાખ એકર વિસ્તારને પાણી મળે અને બન્ની અને રણમાં પણ મીઠાં પાણી ઉપલબ્ધ થાય. કચ્છના આ વિસ્તાર સહિત સમગ્ર ગુજરાતને ૪૫.૮૧ લાખ એકર માટે પાણી મળે અને જો તેમ થાય તો નર્મદા જળના ભાગીદાર અન્ય રાજ્યો માટેની પાણીની ઉપલબ્ધિ સારી એવી મર્યાદિત થઇ જાય.

- **લોરીયા ફાર્મ :**

ટ્રિબ્યુનલ સમક્ષ કચ્છનો કેસ મજબૂત થાય તે માટે બન્નીના દખણાદા છેડે લોરીયાથી ઉત્તરાદે એક ફાર્મ ઊભું કરવામાં આવ્યું અને તેમાં રૂદ્રમાતાનાં પાણી પહોંચાડી અખતરા સ્વરૂપે આ જમીનમાં મીઠા પાણીથી કેવો અને કેટલો પાક થાય તેના વૈજ્ઞાનિક રીતે અખતરા કરી તેનાં પરિણામો ટ્રિબ્યુનલ પાસે રજૂ કરી તેના આધારે પાણીનો જથ્થો મેળવવાનો પ્રયાસ થયો. આ અખતરાનાં ખૂબ ઉત્સાહજનક પરિણામો પ્રાપ્ત થયાં અને ઘઉંનો પાક આ જમીનમાંથી લેવાયો હતો તે સૌ જાણે છે.

પરંતુ આ પ્રયોગની વૈજ્ઞાનિક હકીકતો અને જમીનના સ્તર, તેમાં રહેલ ખારાશનું પ્રમાણ, ખારાશનું ધોવાણ કરવાની પદ્ધતિ અને તે માટે જરૂરી પાણીનું પ્રમાણ, ધોવાણનો સમય, તેમાં થનાર ખર્ચ વગેરે તથ્યો પ્રમાણભૂત રીતે રજૂ કરવાનું કામ સૉઇલ સરવે ખાતા હસ્તક હતું અને સિંચાઇ ખાતા સાથે સંલગ્ન રહીને આ કામગીરી કરવાની હતી. ગુજરાતના કમનસીબે અને અન્ય દાવેદાર રાજ્યોના સદનસીબે આ ખાતામાં ચાવીરૂપ સ્થાનો પર અન્ય રાજ્યના વતની

*કેટલીકવાર મારું બોલેલું મને યાદ આવે ત્યારે મને થાય છે કે મને જીભ ન હોય તો સારું!*

એવા અધિકારી ગુજરાત સેવામાં હતા. સંભવતઃ આજ કારણે એક યા બીજા બહાને વૈજ્ઞાનિક જરૂરી તથ્યો પૂરતા પ્રમાણમાં અને યોગ્ય રીતે ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ થયાં નહીં અને પરિણામે ટ્રિબ્યુનલે એવો નિર્ણય લીધો કે આ વિસ્તારને પાણીની ફાળવણી કરી પાણી બગાડવાના બદલે અન્ય ખેતી લાયક વિસ્તારને પાણી આપવું આર્થિક રીતે લાભદાયી થશે.

આ નિર્ણયના પરિણામે ગુજરાતના દાવામાંથી ૧૧ લાખ એકરનો વિસ્તાર અને ૬.૩૬ મિલિયન એકર ફૂટ પાણીનો જથ્થો કપાઇ ગયો. સ્વાભાવિકપણે તેટલા પૂરતો અન્ય રાજયોને મહત્ત્વનો લાભ મળ્યો. ગુજરાત રાજયમાં સેવા બજાવતાં બજાવતાં પણ અન્ય રાજયના વતની અધિકારીગણ પોતાના વતનના રાજયને આડકતરી રીતે અતિ સંવેદનશીલ બાબતમાં પણ કેટલો લાંબાગાળાનો ફાયદો કરાવી શકે છે તેનો આ જીવતો દાખલો છે. આ હકીકતની પુષ્ટિ નર્મદા ટ્રિબ્યુનલના ચૂકાદાના વોલ્યુમ-૧ ના પાના-૧૨૭ ઉપર નોંધાયા મુજબ રણ અને બન્નીની જમીનના સોઇલ ડેટા ગુજરાત સરકાર દ્વારા પૂરેપૂરી અને યોગ્ય રીતે રજૂ ન થવાના કારણે ટ્રિબ્યુનલના એસેસર ડો. અંબિકા સિંગના રિપોર્ટ (વો.૧ પાના-૮૮) ના આધારે કચ્છ વિસ્તારનો નર્મદાના પાણી મેળવવાનો દાવો નકારાયો છે અને તેટલા પૂરતી ગુજરાતની ફાળવણીનો ઘટાડો અન્ય રાજયોને લાભકર્તા બન્યો છે.

- **ગુનાહિત બેદરકારી :**

સૌથી ગંભીર બાબત તો એ હતી કે ગુજરાત રાજ્યે બન્ની અને રણને આપવાના પાણીના માર્ગ વચ્ચે વાગડ અને ભુજના મીયાણી પટનો જે ખેતીલાયક વિસ્તાર આવે છે તેનો ઉલ્લેખ અગર દાવો ટ્રિબ્યુનલ સમક્ષ ક્યાંયે કર્યો નથી. આ બાબત આ લેખકે જળસંકટ સમિતિના ડેલીગેશનના સભ્ય તરીકે ગાંધીધામ મુકામે શ્રી સનત મહેતાએ બોલાવેલ બેઠકમાં ઉપસ્થિત કરી ત્યારે આ ગંભીર ભૂલ બહાર આવી હતી અને આ વિસ્તાર ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ થયેલ દાવામાં સમાવિષ્ટ જ ન હતો તે સ્પષ્ટ થયું હતું.

- **પરરાજયના અધિકારીની માનસિકતા :**

અન્ય એક રસપ્રદ ઉદાહરણ પણ અહીં પ્રસ્તુત થશે. બન્ની વિસ્તારમાં થતા ક્ષારના આક્રમણને નાથવાના ઉપાયો સૂચવવા ૧૯૮૩ના નવેમ્બરમાં ગુજરાત સરકારે નીમેલી સબ-કમિટી પાસે પરરાજયના વતની એવા કચ્છના તે વખતના એક અધિકારીએ એક અતિ ચોંકાવનારો અહેવાલ એપ્રિલ ૮૪ માં આપ્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે "In my opinion the real cause is inherent salinity which exists not only in Banni and Rann areas but exists almost all over Kutch. The inherent salinity would aggravate the problem if water is flown to these areas and in my opinion therefore, not getting Narmada Water in Banni is a blessing in disguise."

કચ્છના એક અતિ સંવેદનશીલ અને જીવન મરણના પ્રશ્ને એક અધિકારી જેઓ ન તો જમીનની ખારાશના તાંત્રિક વિભાગના હતા કે ન તો સિંચાઇને લગતા તાંત્રિક જ્ઞાન ધરાવનાર હતા છતાં આવું અવૈજ્ઞાનિક અને અજ્ઞાનભર્યુ તારણ સત્તાવાર રજૂ કરે અને છતાં તેમની સામે **કોઇ રાજનીતિજ્ઞ હરફ પણ ન ઉચ્ચારે તે સ્થિતિ દયાજનક નથી શું?** આ લેખક આ કમિટીના સભ્ય હતા તેથી તા. ૨૧-૮-૮૪ની વડોદરા મુકામે મળેલ બેઠકમાં સરકારી અધિકારી તરીકેની મર્યાદામાં રહીને પણ આ અહેવાલને સ્પષ્ટ વિગતો સાથે પડકારેલ હતો જે કમિટીના રેકર્ડ પર પણ મૂકાવવામાં આવેલ હતો. લેખકની આ વિરોધ નોંધમાં એવો કટાક્ષ પણ કર્યો હતો કે સાહેબ, કચ્છ અને કચ્છીઓમાં મૂળભૂત ખારાશ નથી પરંતુ મૂળભૂત મીઠાશ છે (નહીંતર મજાલ છે કે તમે આવી ચેષ્ટા કરી શકો!!)

- **હરિયાણાનું ઉદાહરણ :**

અહીં હરિયાણાનું એક ઉદાહરણ પણ નોંધવા જેવું છે. સિંધુ જળકરાર અન્વયે રાવી અને બીયાસ નદીના ભારતને ફાળવાયેલા પાણી ઉપર નદી તટપ્રદેશ તરીકે હરિયાણાનો કોઇ કાયદેસર અધિકાર ન હતો. ટ્રિબ્યુનલે હરિયાણાનો દાવો સ્પષ્ટ રીતે નામંજૂર કરતો ચુકાદો પણ આપી દીધો હતો. આમ છતાં હરિયાણાના પ્રથમ મુખ્યમંત્રીશ્રી બંસીલાલના પ્રયત્નો અને પ્રતિભા તથા વગના પરિણામે માત્ર મુનસફીના ધોરણે કેન્દ્ર સરકારે ૧૯૭૬માં એક ખાસ જાહેરનામું બહાર પાડી તે રાજયના દુષ્કાળગ્રસ્ત વિસ્તારો તથા પાણીના અન્ય સ્રોતો પૂરતા ન હોવા વગેરે બાબતો ધ્યાને લઇને હરિયાણાને સાડા ત્રણ મિલીયન એકર ફૂટ પાણીની ખાસ ફાળવણી કરી હતી. **રાજનીતિજ્ઞની જાગૃતિ, અભ્યાસ અને મહેનત દ્વારા રાજ્યને ન મળવાપાત્ર કેટલો ફાયદો મળી શક્યો તેનું આ જીવંત ઉદાહરણ છે.**

સામી બાજુ કચ્છનો પાણીનો અધિકારપૂર્ણ દાવો માત્ર જે તે સમયની પ્રજાકીય જાગૃતિના અભાવે કેવો નિષ્ફળ બની ગયો તેની વિગતોની પુનરુકિત કરવા જેવી નથી. પરંતુ **ભવિષ્યમાં આવા પ્રશ્નોની ઉપેક્ષા ન થાય તેવો** પદાર્થપાઠ શીખવા માત્ર યાદ રાખવા જેવી છે.

સામે પક્ષે પર પ્રાંતના અન્ય એક અધિકારીએ કચ્છ માટે કેવી દાઝ દાખવી તેનો દાખલો તથા જાગૃતિના અભાવે આપણી જ ધરતી ઉપર આપણા જ પૈસે ગોઠવાયેલ સેમિનારમાં આપણા ભાઈઓના હાથે આપણી કેવી ઠેકડી ઉડાડાઇ અને કચ્છના વિકાસને કેવા ખોટા સંદર્ભથી મૂલવવામાં આવ્યો તેની વિગતો જોઇએ.

- **પરપ્રાંતીય અધિકારીની ઉદાત્ત ભાવના :**

કચ્છમાં સેવા બજાવી જનાર કેટલાક અધિકારીઓને ખરેખર કચ્છ માટે લાગણી પણ હતી અને તેઓ પોતપોતાના ક્ષેત્રમાં કચ્છને શક્ય મદદ કરવા પ્રયત્નશીલ પણ હતા. આવા અધિકારી પૈકી એક શ્રી કે.એસ. સુગથન જેઓ કચ્છમાં જિલ્લા વિકાસ અધિકારી હતા તેનો ઉલ્લેખ કરી શકાય. તેઓ ત્યારબાદ સચિવાલયમાં ઉદ્યોગ ખાતામાં નાયબ સચિવ હતા. આ સમયમાં ગુજરાતમાં એક મોટો સોડા એશ પ્લાન્ટ સ્થાપવાનો હતો શ્રી સુગથન આ ઉદ્યોગ માટે કચ્છને આદર્શ સ્થળ માનતા

*મારે ખરી..... પણ... માર ખાવા ન દે.... એનું નામ મા.*

હતા પરંતુ પાણીની ઉપલબ્ધિના બહાને આ ઉદ્યોગ કચ્છને ન મળે તેવું જાણતા તેમણે આ બાબત વિગતવાર માહિતી પૂરી પાડવા મને સૂચના આપી હતી. આથી મેં કચ્છના તમામ નાના મોટા ડેમો, તે ડેમોની પાણીની સંગ્રહશક્તિ, સિંચાઇ વિસ્તાર, ભૂગર્ભ પાણીની ઉપલબ્ધિના વિસ્તારો, સિંચાઇ માટે ઉપયોગી ન હોય તેવા ડેમો અને તેની પાણી સંગ્રહશક્તિ તથા આ ઉદ્યોગ માટે વાસ્તવિક આદર્શ સ્થળો કયાં કયાં હોઇ શકે તેની તમામ માહિતી એકત્ર કરી તેમને રૂબરૂ ગાંધીનગર પહોંચતી કરી હતી. અને તેના આધારે તેમણે આ દિશામાં સક્રિય પ્રયત્ન પણ કર્યો હતો. પરંતુ કમનસીબે આવા નિર્ણયો ગુણદોષના બદલે રાજકીય રીતે લેવાતા હોવાથી આ ઉદ્યોગ જૂનાગઢ જિલ્લાના ઉના વિસ્તારમાં અપાયો. પણ અહીં મહત્ત્વની વાત એ છે કે એક પરપ્રાંતના અધિકારીને પણ કચ્છના વિકાસની દાઝ હોવાના કારણે તેમણે પોતાથી થઇ શક્યું તેટલું કર્યું. પણ જો વહીવટમાં કચ્છના અધિકારીઓનું પ્રમાણ વધે તો તેઓ કેટલા મદદરૂપ થઇ શકે તે વિચારવાનું રહે છે.

તેમની પ્રમાણિકતાનો બીજો દાખલો પણ રસપ્રદ છે. જિલ્લા પંચાયતના તાબાની એક સંસ્થાની માલિકીની જમીન જે ખૂબ કિંમતી હતી તે નજીવી રકમમાં પડાવી લેવાની એક સાજિસને નિષ્ફળ બનાવવા, જિલ્લા પંચાયતની જે સભાના એજન્ડા પર આ બાબત મૂકાઇ હતી તે સામે તેમણે પોતાની સ્વતંત્ર એજન્ડા નોંધ તમામ સભ્યોને અગાઉથી મોકલી આ સમગ્ર કૌભાંડને નિષ્ફળ બનાવ્યું હતું. તેમની આ હિંમત અભૂતપૂર્વ હતી. પરિણામે તે વખતે આ જમીન બચી ગઇ પણ છતાં તમામ લાગતા વળગતાઓની મિલીભગતના કારણે હજુ પણ આ જમીન જિલ્લા પંચાયતના હાથમાં નથી આવી તે એક જુદી વાત છે.

● **કચ્છ વિકાસનો સેમિનાર :**

વિકાસના વિવિધ પાસાંઓનો અભ્યાસ કરી તે અંગેનાં સંશોધનો કરી જરૂરી હકીકતો અને આંકડાઓ **આધારિત વિગતો સરકારના વહીવટી તંત્રમાં ઘૂસાડતી રહે તેવી સંસ્થાનો કચ્છમાં અભાવ છે.** કચ્છના પ્રજાજીવનમાં આવી પદ્ધતિ વિકસીજ નથી તેમ કહીએ તો અસ્થાને નથી. અન્યત્ર આવી સંસ્થાઓ પોતાનાં સંશોધનોથી કેટલો ફાયદો અગર નુકસાન જાણે અજાણે પહોંચાડી શકતી હોય છે તે સમજવું હોય તો કચ્છમાં ગાંધીધામમાં નવેમ્બર ૧૯૮૮માં યોજવામાં આવેલ એક સેમિનાર વખતે પ્રસિદ્ધ થયેલ પુસ્તિકાનો અભ્યાસ કરવા જેવો છે. આ સેમિનાર મુંબઇની ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સ્ટડીઝ દ્વારા ઇફકો હોલમાં ગાંધીધામ ચેમ્બરના ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. સેમિનારનો વિષય હતો 'કચ્છ ડેવલપમેન્ટ (ઇસ્યુઝ એન્ડ ઍપ્રોચીઝ)' અને આ પ્રસંગે આ વિષય ઉપરના જુદા જુદા લેખો સહિતની એક પુસ્તિકા પણ પ્રસિદ્ધ કરાઇ હતી. આ પુસ્તિકામાં ઘણી બધી બાબતો વિવાદાસ્પદ અને કચ્છને ખોટી રીતે નુકસાન કરે તેવી હતી. એટલું જ નહીં પણ કચ્છના દાનવીરો કચ્છમાં ઠેર ઠેર જે સેવા સંસ્થાઓ જેવી કે, શાળા, હોસ્પિટલો, ધર્મશાળાઓ વગેરે ઊભી કરે છે તે માત્ર નામના મેળવવા કે આત્મસંતોષ પામવાની ઝંખનાથી બિનજરૂરી અને ખોટી રીતે ઊભી કરે છે, તેની ઠેકડી પણ ઊડાવવામાં આવી છે. કચ્છી સમાજ હંમેશાં ફરિયાદી સમાજ રહ્યો છે અને અસંતુષ્ટ રહ્યો છે તેવી વાત પણ તેમાં કહેવાઇ છે અને સામંતશાહી વફાદારીના કારણે ટેકો મેળવનાર આગેવાનોને વિકાસ કાર્યક્રમની કશી ગતાગમ ન હોય કે રસ ન હોય તેવી નેતાગીરીની પણ ટીકા કરાઇ છે.

● **ઔદ્યોગિક વિકાસ :**

આ પુસ્તિકામાં આપવામાં આવેલ માહિતી દ્વારા ૧૯૮૮ અગાઉના દશકામાં કચ્છમાં ઔદ્યોગિક ક્ષેત્રે અસરકારક 'ઇમ્પ્રેસીવ' વિકાસ થયો હોવાનું અને રાજ્યના વિકાસમાં કચ્છનો ભાગ દરેક માપદંડોમાં મહદ્અંશે સુધર્યો છે તેવું તારણ ૧૯૭૦-૭૧, ૧૯૮૦-૮૧ અને ૧૯૮૬-૮૭ની સાલના **જુદા જુદા બાર માપદંડ**ના આંકડાની સરખામણીએ થયો હોવાનું તારણ કાઢવામાં આવ્યું છે. પરંતુ આ જ પુસ્તિકામાં અપાયેલ આ માપદંડોના આંકડા કોઇ ઊંડાણથી તપાસે તો સ્પષ્ટ જણાય છે કે **બારમાંથી સાત માપદંડોમાં તો સમગ્ર રાજ્યના આંકડામાં કચ્છના આંકડાનો ભાગ વધવાને બદલે ઘટ્યો છે.** અને બાકીના પાંચમાં પણ વધારો નગણ્ય છે. ખરેખરી પ્રગતિ માપવા માટે તો આજ સમયગાળામાં **સમગ્ર ગુજરાતમાં સાર્વત્રિક પ્રગતિ કેટલા ગણી થઇ અને તેની સરખામણીએ કચ્છમાં કેટલા ગણી થઇ તે સરખાવવું જોઇએ તેના બદલે ખોટી સરખામણી કરી કચ્છની ઔદ્યોગિક પ્રગતિ સારી બતાવવા પાછળ શું કારણ હોઇ શકે તે તર્કનો સવાલ છે.** દા.ત. ૧૯૭૦માં સમગ્ર ગુજરાતના નાના ઉદ્યોગની સંખ્યાની સરખામણીએ કચ્છનો આંકડો ૦.૯૪ ટકા હતો જે વધીને ૧૯૮૭ માં ૧.૬૩ ટકા થયો હતો તેવું બતાવવામાં આવ્યું છે પણ આ સમયમાં સમગ્ર ગુજરાતનો આંકડો ૧૯૭૦ની સરખામણીએ ૧૯૮૭ માં **સાડા પાંચસો ટકા વધ્યો હતો તે વાત અધ્યાહાર રખાઇ છે.** આવું જ દરેક આંકડાઓ બાબતમાં છે.

● **આર્થિક વિકાસ :**

આવો જ બીજો ઊડીને આંખે વળગે તેવો મુદ્દો એ છે કે આર્થિક વિકાસનું પરિણામ ૧૯૮૫ના સમયનું સમગ્ર ગુજરાતનું જિલ્લાવાર આ પુસ્તિકામાં અપાયું છે. આ પરિણામના આંકડા સેન્ટર ફોર મોનીટરીંગ ઓફ ઇન્ડિયન ઇકોનોમી નામની સંસ્થાના આધારે અપાયા છે. જેમાં સમગ્ર ભારતના ૧૦૦ના અંક આધારિત કમ્પોઝીટ ઇન્ડેક્ષમાં **કચ્છને ૧૦૮ આંક આપી** ગુજરાતના જિલ્લાઓમાં કચ્છનું **નવમું સ્થાન** બતાવવામાં આવ્યું છે અને તે મુજબ જૂનાગઢ, ભાવનગર, ખેડા, મહેસાણા જેવા જિલ્લાઓથી પણ કચ્છનો આર્થિક વિકાસ વધારે બતાવવામાં આવ્યો છે. કચ્છનો કોઇપણ જાણકાર તજજ્ઞ આ બાબત સ્વીકારશે?

આમ કેમ થાય છે અને શા માટે થાય છે તે વિચારવાનો સવાલ છે. પરંતુ આજ પુસ્તિકામાં આગળ પાછળ અપાયેલ માહિતીનો અભ્યાસ અને સંકલન કરતાં તેમાં આંકડાની ઇન્દ્રજાળ કઇ રીતે ઊભી કરવામાં આવી છે તેનો અણસાર મળે છે તે સમજવા જેવો છે.

*મળે વૈભવ અન્યાયે, તેથી તો દીનતા ભલી, ફૂલે શરીર સોજાથી, તેથી તો કૃશતા ભલી!*

● **ખેત પેદાશો :**

આવા સંશોધનાત્મક પેપરોનાં કોઇપણ તારણો સમજવા માટે આ તારણો ઉપર આવવા **ઉપયોગમાં લેવાયેલા માપદંડને** સમજવા જરૂરી બને છે. આ તારણમાં મહત્ત્વના માપદંડ પૈકી એક મુખ્ય પાકોના ઉત્પાદનની માથાદીઠ કિંમતનું છે. કચ્છનો ભૌગોલિક વિસ્તાર મોટો છે. સ્વાભાવિકપણે ખેતી હેઠળની જમીનનો ભૌતિક વિસ્તાર પણ મોટો હોય અને પરિણામે ઉત્પાદનનો આંકડો પણ મોટો હોય. સામે પક્ષે વસ્તી પાંખી. એટલે માથાદીઠ ઉત્પાદનની કિંમત સ્પષ્ટપણે વધારે થાય. આખા ખેડા જિલ્લાનો વિસ્તાર કચ્છના એક તાલુકા જેટલો છે તે આનું પરિમાણ બતાવે છે. વિકાસનો માપદંડ **માથાદીઠ ઉત્પાદનની કિંમતના આધારે** નક્કી કરવો એ તો નરી વિકૃતિ છે. દર એકરે કેટલું ઉત્પાદન થાય છે અને તે ઉત્પાદન સામે ખર્ચ બાદ કરતાં **દર એકરે કેટલી બચત થાય છે તે ખેતીના આર્થિક વિકાસનો પાયો બની શકે** અને આ દૃષ્ટિએ કચ્છનો ખેતી વિકાસનો આંક સૌથી નીચો આવે તે સમજી શકાય છે.

● **બેન્ક ડિપોઝીટો :**

બીજું મહત્ત્વનો માપદંડ બેન્કોમાંથી ડિપોઝીટોનું પ્રમાણ લેવાયેલ જણાય છે. સમગ્ર ભારતમાં સૌથી વધુ બેન્ક ડિપોઝીટો કચ્છમાં છે અને તેનાં ઐતિહાસિક અને આર્થિક આગવાં કારણો છે. તેનું વિશ્લેષણ અહીં અપ્રસ્તુત છે. પણ માત્ર બેન્કોમાં ડિપોઝીટો હોય તે આર્થિક વિકાસની નિશાની છે? આ ડિપોઝીટોનું **ઉત્પાદક પ્રવૃત્તિમાં કેટલા પ્રમાણમાં રોકાણ થાય છે અને આ ડિપોઝીટો ઉત્પાદક પ્રવૃત્તિને કેટલો ઉછાળ આપે છે તે વાત મહત્ત્વની છે.** આ મહત્ત્વની વાતને વિસરી જઇને માત્ર બેન્ક ડિપોઝીટોના સુષુપ્ત પ્રવાહના જથ્થાને આર્થિક વિકાસનો મહત્ત્વનો માપદંડ ગણવામાં આવે તે કંઇક વિચિત્ર નથી શું? અહીં પણ પાછું બેન્ક ડિપોઝીટોનું પ્રમાણ માથાદીઠ ગણવામાં આવે. કચ્છને **તમામ બાબતોમાં આ માથાદીઠ વાત એવી અને એટલી નુકસાનકર્તા બને છે કે હવે આ ઘાતમાંથી કેમ નીકળવું તે જ સમજાતું નથી.**

● **યોજનાકીય ફાળવણી :**

આવી જ એક વાત યોજનાકીય ફાળવણીમાં આવે છે. સમગ્ર ગુજરાતના ૧૯ જિલ્લાઓમાં આ માપદંડ મુજબ કચ્છનો નંબર **આઠમો** આપવામાં આવ્યો છે તે એ રીતે કે ૧૯૮૭-૮૮ની કચ્છની યોજનાકીય ફાળવણી ૧૬૫૬.૧૬ લાખની હોવાથી માથાદીઠ ફાળવણી રૂા. ૧૫૭.૭૩ થતાં તેનો ક્રમ આઠમો આવે છે. અહીં પણ એ વાત વિસરાઇ જાય છે કે ગુજરાતના ૧૯ જિલ્લાઓની નાણાકીય ફાળવણીના આંકડાની નજરે કચ્છનો ક્રમ ૧૬મો આવે છે અને ગુજરાતની સરેરાશ ફાળવણી **રૂા. ૨૨૯૩.૮૫ લાખથી** પણ કચ્છની ફાળવણી ઓછી છે. માથાદીઠ ફાળવણીના માપદંડના બદલે **ભૌતિક યુનિટો દીઠ ફાળવણી કેમ લેવાતી નથી તે મોટો પ્રશ્ન છે!**

● **સચોટ ઉપાય :**

આવી તો કેટલીય બાબતો આ પુસ્તિકામાંથી તારવી શકાય તેમ છે. પરંતુ અહીં આ હકીકતો પ્રસ્તુત કરવા પાછળનો હેતુ માત્ર એટલું જ દર્શાવવાનો છે કે **ઇચ્છિત રીતે આંકડાઓની મેળવણી કરીને સંશોધન પેપરો દ્વારા કેટલી હદ સુધી હકારાત્મક કે નકારાત્મક પરિસ્થિતિનો ચિતાર ઊભો કરી શકાય છે. કચ્છના સંદર્ભમાં કચ્છને ઉપયોગી થાય તેવાં સંશોધન પેપરો તૈયાર કરવા અને બીજાઓ તરફથી થતા આવા પેપરોમાં આવી નુકસાનકર્તા હકીકતોનો આંકડાથી જ પર્દાફાશ કરવા જેવાં કાર્યો કરવાં માટે આવી તજજ્ઞ સંસ્થાઓનો ઉપયોગ કરવાનું અને કચ્છમાંથી જ સંસ્થાઓ ઊભી કરવાનું કચ્છના ભાવુક લક્ષ્મીનંદનો વિચારે અને ત્વરિત અમલમાં મૂકે** તે જ આનો સચોટ ઉપાય છે. આવી સંસ્થાઓ કચ્છના કોઇપણ પ્રશ્ને વિગતો એકત્ર કરે, સંશોધન કરે, જરૂરિયાત મુજબ વહીવટી કે રાજકીય સ્તરે રજૂઆત કરે અને સાથોસાથ સમય/સંજોગો અનુસાર કાનૂની કાર્યવાહી પણ હાથ ધરે તેવું તેનું કાર્યક્ષેત્ર હોય, જરૂરી ફંડની વ્યવસ્થા હોય અને વહીવટી આંતરમાળખું હોય, પગારદાર કાનૂની નિષ્ણાતની સેવા ઉપલબ્ધ હોય, તેવી વ્યવસ્થા સાથે વિના વિલંબે એક મધ્યસ્થ સંસ્થા ઊભી કરાય અને તેને કાર્યાન્વિત કરાય તોજ કચ્છના પ્રશ્નોનું નિરાકરણ આવી શકે. **અને કર્મભૂમિમાં રહીને કચ્છીઓ જન્મભૂમિ માટેનું આ ઘરેણું ઊભું કરવા જરૂર કાર્ય કરી શકે તેમ માનવું અસ્થાને નથી.**

*'દિનમાન', ખોજા ફળિયા,*
*જૂના વાસ, માધાપર (તા. ભુજ), કચ્છ.*
*મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

## અતિરેક અભાવને નોતરે છે

વિકસતા યુગમાં મકાન ઈંટ-સિમેન્ટનાં બને છે. ઈંટ અને ઈંટને જોડવાનું કામ સિમેન્ટ કરે છે. ઈંટને અને સિમેન્ટને જોડવાનું કામ પાણી કરે છે. આ પાણી વિના એ જોડાણ શક્ય નથી; પણ જો તેમાં પાણીનું પ્રમાણ વધી જાય તો પણ એ જોડાણ શક્ય ન બને. તે તો પ્રમાણસર જ જોઈએ. ફૂલથી ઝૂમતાં છોડને, ફળથી લચી પડતા વૃક્ષને ઊગવા માટે; બીજને અંકુર બનવા માટે માટીની જેમ પાણીની જરૂરત રહે જ. પણ તે માપસર અને માફકસર જ હોવું જોઈએ. પાણીથી છોડ પાંગરે છે માટે એને પાણી આપ્યા જ કરો તો જેનાથી જીવન મળવાનું છે તેનાથી જ જીવન ઝૂંટવાઈ જાય. માટે એ પ્રમાણસર જ જોઈએ. અતિ ન જોઈએ. એ જ પ્રમાણે જીવનના હરકોઈ ઘટકોમાં પ્રમાણભાન જાળવવું જોઈએ.

આજે લગભગ સર્વત્ર અતિરેકની બોલબાલા છે. પછી તે લગ્ન-પ્રસંગના ભોજન સમારંભની વાત હોય કે નાનાં દીકરા-દીકરીની વેશભૂષાની વાત હોય! જરૂરથી વધારે વાત્સલ્ય પણ અહિત કરે છે. કહેવતમાં કહ્યું છે કે ઝેર પણ માપસર હોય તો તે ઔષધ છે. અને અમૃત પણ માપથી વધુ હોય તો ઝેર છે. અતિરેક સર્વત્ર ટાળવા જેવો છે. સાવધ રહેવા જેવું છે. વિવેકનો દીવો સતત પ્રગટેલો રાખવો જોઈએ. ■

*ધન છે, તો કરો ધંધો, ઓછું છે તો કરો કૃષિ, નથી? તો ચાકરી લો, ભીખ માંગો નહીં કદી!*

# કચ્છ પ્રવાસન : બદલાતાં પરિમાણો

• હરેશ ધોળકિયા •

**પૃથ્વી પર સમાજ અને સભ્યતાનો વિકાસ થયો ત્યારથી કચ્છનો પ્રદેશ દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષતો રહ્યો છે.** પ્રાચીન કાળથી અનેક પ્રવાસીઓ કચ્છમાં આવતા રહ્યા છે, ફરતા રહ્યા છે. ક્યારેક તેની નોંધ પણ કરી છે. પુરાણો, મહાકાવ્યો વગેરેમાં કચ્છનો ઉલ્લેખ જોવા મળે છે, જેનો અર્થ કરી શકાય કે અહીં તે દરમિયાન કોઇને કોઇ આવતા રહ્યા છે. રામ, પાંડવો વગેરે પણ વસવાટ કરી ગયા છે તેવા પૌરાણિક ઉલ્લેખો છે. અનેક યોગીઓ, તપસ્વીઓ અહીં વિવિધ સ્થળોએ તપસ્યા કરી ગયા છે. હિન્દુ-બૌદ્ધ-શીખ-જૈન-ઇસ્લામનાં સ્થાનો અહીં ઊભાં થયાં છે. બીજી બાજુ ધોળાવીરા સમયે વ્યાપાર વિકસ્યો હશે, જેને કારણે પણ આવનજાવન થતી હશે. આ બધાં પરિબળોના પ્રભાવે કચ્છ પ્રત્યે સતત આકર્ષણ રહ્યું હશે અને પ્રવાસીઓ આવતા રહ્યા હશે. મધ્યયુગ અને આધુનિક યુગમાં પણ આ આવનજાવન ચાલુ રહી. વિવેકાનંદ જેવા દરિયો ખેડીને કે રણ ઓળંગીને પણ કચ્છમાં ફર્યા હતા. અનેક અંગ્રેજોએ તો પ્રવાસની નોંધો પણ કરી છે.

કચ્છમાં આવવાનું કે પ્રવાસ કરવાનું આકર્ષણ કયું હશે - આ પ્રશ્ન સ્વાભાવિક થાય.

મુખ્ય પરિબળ તો સ્વાભાવિક રીતે, ધાર્મિક જ હોય. પ્રાચીનકાળથી વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાતે પ્રવાસીઓ - યાત્રાળુઓ - આવતા રહ્યા હશે. ઇ.સ.ની બીજીથી નવમી સદી દરમિયાન બૌદ્ધ સ્થાનોએ આ આકર્ષણને જીવંત રાખ્યું હશે. હ્યુ-એન-સંગની મુલાકાત તેનો પુરાવો છે.

બીજું પરિબળ તેનું સ્થાન છે. ભારતમાંથી પશ્ચિમમાં જવા કે પશ્ચિમમાંથી ભારત આવવા કચ્છમાંથી કે કચ્છ પાસેથી પસાર થવું અનિવાર્ય બને છે. દરિયો તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કૃષ્ણ, સિકંદર જેવા અનેકો આ સંદર્ભમાં અહીંથી પસાર થયા છે. યુદ્ધ કરવા જવા કે ત્યાંથી પાછા વળતાં અહીંનો માર્ગ સરળ પડતો હશે.

પાછળથી એક પરિબળ ઉમેરાયું તે સંશોધન. કચ્છની ભૂમિ જીવંત મ્યુઝિયમ જેવી છે. ભૌગોલિક, ભૂસ્તરશાસ્ત્રીય, જૈવિક વગેરે અનેક રીતે કચ્છ પ્રાચીન હોવાથી વૈવિધ્ય ધરાવે છે. અહીં જમીન, રણ, દરિયો-અનેક બાબતોમાં વિવિધતા રહી છે જે સંશોધકોને આકર્ષતી રહી છે. પરિણામે અનેક સંશોધકો આજ સુધી અહીં આવતા રહ્યા છે અને તેમની નોંધો અન્યોને અહીં ખેંચી લાવે છે.

**છેલ્લાં થોડાં વર્ષોથી કચ્છની હસ્તકળાઓ પ્રવાસનનું માધ્યમ બની છે.** જ્યારથી તે વ્યવસાય જગતમાં પ્રવેશી છે, ત્યારથી દેશ-વિદેશમાં તે પ્રચલિત થવા માંડી છે. તેનાં રંગ અને ડિઝાઇનનાં વૈવિધ્યે સમગ્ર વિશ્વને તે જોવા અહીં આવવા-જોવા-શીખવા આકર્ષિત કર્યું છે. દિન-પ્રતિદિન તેનું મહત્ત્વ વધતું જાય છે.

આ બધાં નિમિત્તોનાં પરિણામે કચ્છ હંમેશાં પ્રવાસનના નકશામાં પ્રચલિત સ્થાન રહ્યું છે. જગતભરના દેશોની વૈશ્વિક પ્રવાસન ગાઇડબુકમાં કચ્છ પ્રવાસ માટે અનિવાર્ય સ્થળ રહ્યું છે.

વીસમી સદીમાં પ્રવાસીઓ તો આવતા જ, પણ તેમનો પ્રવાહ છૂટોછવાયો અને ધીમો રહ્યો. તેનો કોઇ પ્રચાર ન હતો. ધાર્મિકો સ્વાભાવિક રીતે આવતા. બાકીના માહિતી મળે ત્યારે આવતા. પણ આ સમગ્ર પ્રક્રિયા સ્વાભાવિક રૂપે રહેતી. તેનો કોઇ પ્રચાર ન હતો.

પણ એકવીસમી સદીના પ્રારંભે, પ્રથમ વર્ષના પહેલે મહિને જ, આ બાબતમાં તીવ્ર વળાંક આવ્યો. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ આવેલ વિનાશક ભૂકંપે વિશ્વનું ધ્યાન ખેંચ્યું. વ્યાપક વિનાશને હળવો કરવા અને પુનઃનિર્માણનું કામ કરવા વિશ્વભરની સંસ્થાઓ કચ્છમાં આવી અને ખૂણેખૂણામાં કામ કર્યું. નુકસાન અને પુનઃનિર્માણના કામને જાહેર માધ્યમો દ્વારા વ્યાપક પ્રચારનો લાભ મળ્યો. બન્નેનો અભ્યાસ અને સંશોધનો થયાં. તેણે વધારે રસ જન્માવ્યો અને પ્રવાસીઓની સંખ્યા વધવા લાગી. શરૂમાં કરુણાભાવ હતો, પણ અહીં આવી વૈવિધ્યસભર સમાજ અને સંસ્કૃતિ જોઇ જિજ્ઞાસાભાવ વધ્યો, જેણે મોટો ભાગ ભજવ્યો.

તેમાં પ્રથમવાર ભળ્યા સરકારના પ્રયાસો. મુખ્યમંત્રી શ્રી મોદીને, અકળ કારણોસર, કચ્છમાં બહુ રસ પડ્યો છે. બધા જિલ્લાઓમાંથી મહત્તમ મુલાકાત તે કચ્છની લેતા રહ્યા. આ મુલાકાતો દરમિયાન તેમને વિવિધ સ્થળોનાં સૌંદર્યો ગમતાં રહ્યાં. તેમણે જ્યારથી 'વાઇબ્રન્ટ ગુજરાત'નો મુદ્દો ઉપાડ્યો, ત્યારથી કચ્છને પણ વાઇબ્રન્ટ બનાવવાના પ્રયાસો આદર્યા. અન્ય પગલાંઓ સાથે વિવિધ ઉત્સવોનું આયોજન તેમણે કચ્છમાં શરૂ કર્યું. શરૂમાં 'શરદોત્સવ' આવ્યો. પાછળથી તે 'રણોત્સવ'માં ફેરવાયો. તેમાં રણમાં રહેવું, ફરવું, તેનું સૌંદર્ય જોવું, તે દરમિયાન અન્ય સ્થળોની મુલાકાતો ગોઠવવી, કાર્નિવલ દ્વારા આકર્ષણ વધારવું - આવા વિવિધ કાર્યક્રમો દ્વારા તે કચ્છ વિશેનું આકર્ષણ વધારતા ગયા. આ નિમિત્તે કચ્છમાં આવનાર પ્રવાસીઓની સંખ્યા સ્થિર રીતે વધતી ગઇ છે.

૨૦૧૦માં ગુજરાત સરકારે - એટલે કે શ્રી મોદીએ - 'વાઇબ્રન્ટ' કાર્યક્રમમાં ગુજરાત પ્રત્યે આકર્ષણ વધારવા આક્રમક પ્રચાર કાર્યક્રમ શરૂ કર્યો અને જાણીતા અભિનેતા શ્રી અમિતાભ બચ્ચનને ગુજરાતનો પ્રચાર કરવા

*જે બાળકને માગતાં ચીજ મળી જાય છે તેના જેવો કમનસીબ બીજો કોઈ નથી.*

માટે ગુજરાતના પ્રવાસન-એલચી જ બનાવ્યા. તેમના અવાજમાં ગુજરાતનાં મુખ્ય પ્રવાસન-સ્થળોની આકર્ષક સી.ડી.ઓ તૈયાર કરવામાં આવી અને ટી.વી. તથા ફિલ્મોમાં પ્રસારિત કરવામાં આવી. આ પ્રચારમાં એક નાનો ટુકડો કચ્છ પણ છે. તેમાં રણ વગેરે બતાવી અમિતાભ ''કચ્છ નહીં દેખા, તો કુછ નહીં દેખા'' એમ માદક અવાજમાં ભારપૂર્વક અને આગ્રહપૂર્વક કહે છે. જાહેરાતો પછી કચ્છમાં જે રીતે પ્રવાસીઓની સંખ્યા વધી છે અથવા તો બુકિંગો અને ટૂરો વધતાં જોવા મળ્યાં છે, તે લાગે છે કે, આ અમિતાભના પ્રભાવનું કારણ હતું. રણોત્સવ-૨૦૧૦માં પણ જે ભીડ જોવા મળી, તે પણ આ ધારણાને બળ આપે છે. સળંગ એક માસ સુધી રણના તંબુઓ કે કચ્છની હોટેલો જે રીતે બુક થયેલ, તે પણ તેને ટેકો આપે છે.

આમ, ૨૦૦૧ પછી કચ્છના પ્રવાસને નવું જ પરિમાણ ઊભું કર્યું છે. શરદોત્સવથી અમિતાભના પ્રચાર સુધી કચ્છ પ્રત્યેનું આકર્ષણ વધતું જ ગયું છે.

આમાં એક અન્ય પરિબળનો પણ ઉલ્લેખ કરવો જરૂરી છે. **તે છે છેલ્લા ભૂકંપ પછી થયેલ કચ્છનો ઔદ્યોગિક વિકાસ.** ભૂકંપ પછી કચ્છમાં વિકાસ કરવા અને રોજગાર વધારવા કેન્દ્ર સરકારે ઉદ્યોગોને કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા પ્રોત્સાહિત કરવા ''ટેક્સ હોલીડે''ની જાહેરાત કરી હતી. તેનાથી આકર્ષાઈ ઉદ્યોગોએ કચ્છમાં આવવાની શરૂઆત કરી. હવે તો લગભગ ૫૦૦ જેટલા નાના-મોટા ઉદ્યોગો કચ્છમાં પથરાઈ ગયા છે. સમગ્ર દરિયાકિનારો ઉદ્યોગોથી છલકાય છે. ઉદ્યોગોમાં રોજગારી મળવાથી સમગ્ર દેશના લોકો અહીં વસવાટ કરવા લાગ્યા છે. તેના દ્વારા પણ તથા ઉદ્યોગોના સંદર્ભમાં પણ સામાન્ય પ્રવાસન અને આર્થિક પ્રવાસન વિકસતું જાય છે. તે પણ પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરે છે.

બીજું એક ગૌણ પણ ધ્યાનાકર્ષક પરિબળ છે કચ્છમાં શરૂ થયેલ ફિલ્મોનું શૂટિંગ. 'બોર્ડર', 'હમ દિલ દે ચૂકે સનમ' કે 'લગાન' વગેરે ફિલ્મોમાં જે રીતે કચ્છનું સૌંદર્ય બતાવવામાં આવે છે, તેણે પણ, સંભવ છે, આકર્ષણમાં નોંધપાત્ર વધારો કર્યો જ છે. તે સંદર્ભમાં પણ પ્રવાસન વધે છે.

બાબરી વિધ્વંસ પછી દેશમાં, ખાસ કરીને ગુજરાતમાં ધાર્મિક ઉછાળ આવ્યો છે. ધર્મઝનૂન વધ્યું છે. પરિણામે ધાર્મિક પ્રવૃત્તિઓ વધી છે અને ધાર્મિક સ્થળોની મુલાકાત વધવા લાગી છે. માતાનો મઢ, હાજીપીર, લખપતનું શીખ ધાર્મિક સ્થળ જેવાં સ્થળોમાં એક યા બીજા સંદર્ભમાં યાત્રા કરવાનું મહત્ત્વ વધતું જતું દેખાય છે. તે પણ દેશના અનેક વિસ્તારોમાંથી ભાવિકોને અહીં ખેંચે છે. તે પણ એક પરિબળ બન્યું છે.

આમ આવાં અનેક નાનાં-મોટાં પરિબળોએ પ્રવાસન વ્યવસ્થાને જબરો ધક્કો પૂરો પાડ્યો છે. પરિણામે દિન-પ્રતિદિન પ્રવાસીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. પહેલાં શિયાળામાં વધારે પ્રવાસીઓ જોવા મળતા. હવે બારેમાસ આવતા રહે છે તે નોંધનીય છે.

આ ઘટના કચ્છના સાંસ્કૃતિક વિકાસ અને આર્થિક પ્રગતિ માટે આવકારદાયક છે. સેંકડો વર્ષો પછી પ્રથમવાર કચ્છ વૈશ્વિક સ્થાન બની રહ્યું છે. પ્રથમ વાર વ્યવસ્થિત અને વ્યાપક આર્થિક વિકાસ થઈ રહ્યો છે. પ્રથમ વાર પ્રજાનું જીવનધોરણ સુધરી રહ્યું છે, જે સામાજિક અને અન્ય ક્ષેત્રોમાં પરિવર્તન લાવી રહ્યું છે.

તે સાથે અન્ય બાબતો પણ ધ્યાન ખેંચે છે. કચ્છનો વ્યાપક પ્રચાર થાય છે અને પ્રવાસીઓ વધી રહ્યા છે. આ બાબત પ્રોત્સાહક હોવા સાથે આવનાર પ્રવાસીઓને રહેવા વગેરે જેવી બાબતો વિશે પણ ધ્યાન આપવાની જરૂર છે. **આ 'આતિથ્ય મેનેજમેન્ટ' જોઇએ તેટલું ઝડપી નથી વિકસતું.** પર્યટન સ્થળે અન્ય આકર્ષણોનો વિકાસ ધીમો છે. પ્રવાસન-માર્ગદર્શન લગભગ શૂન્ય છે. પ્રવાસન ખાતું પોતે જ તદ્દન અજ્ઞાની છે. તેની પાસે પ્રચાર સાહિત્ય નહિવત છે. માહિતી તો નથી જ. પ્રવાસીઓ વિશેનું દસ્તાવેજીકરણ - આંકડાઓ - પણ શૂન્ય છે. હા, ખાનગી સંસ્થાઓ તે મર્યાદા પૂરી કરવા પ્રયાસ કરે છે. માર્ગદર્શકો ઓછા છે. તેમના વિશેની માહિતી પણ નથી મળતી. આ બધાં પરિબળો પ્રવાસીને નાહિંમત અને નિરાશ કરે છે. આ બધામાં વ્યવસ્થિત આયોજનની જરૂર છે. તો કચ્છ ગોવા કે ઇટાલીના રોમ જેટલું જ વિશ્વપ્રસિદ્ધ બની શકે તેમ છે.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૦૪૬*

## ઉત્તમની ઉપેક્ષા નહીં અને અધમનો અનુરાગ નહીં

સતત પરિવર્તન પામતાં આપણાં જીવનમાં કેટકેટલાં પ્રસંગોની અને વ્યક્તિની અવર જવર થતી રહે છે. એ બધી ઘટના, પ્રસંગ અને વ્યક્તિ કે વાચન-શ્રવણ પણ જુદા જુદા સ્તરના જ રહેવાના. તેને બે જ ખાનામાં વહેંચવાના હોય; કાં તો તે ઉત્તમ હોવાના, કાં તો તે અધમ હોવાના.

અરે! રસ્તા પરથી પસાર થતાં મંદિર પણ આવે અને હોટલ પણ આવે. જોતાવેંત મન ખેંચાય એવી દુકાનો પણ આવે અને જોતાવેંત મોં બગડી જાય એવી દુકાન પણ આવે. એટલે આપણે મંદિરની ઉત્તમ કહીશું અને બીજાને અધમ.

પણ આપણે એક નિયમ અપનાવીએ : ''ઉત્તમની ઉપેક્ષા નહીં અને અધમનો અનુરાગ નહીં.''

આ નિયમથી, આટલું નક્કી કરવાથી, ઉત્તમ નજીક આવતું જશે અને અધમ છૂટતું જશે. જો આપણે અધમનો અનુરાગ કેળવશું અને ઉત્તમની ઉપેક્ષા કરતાં જઈશું તો સરવાળે આપણી પાસે અધમનો ઉકરડો ભેગો થશે અને ઉત્તમ શોધ્યું નહીં મળે. અધમ વણનોતર્યું આવે છે. ઉત્તમને લાવવા માટે કરગરવું પડે છે.

આપણે ઉત્તમ મેળવવું છે, ઉત્તમ થવું છે. ઉત્તમ એટલે 'તમો' ગુણથી ઉપર ઉઠેલું. ભર્યું ભર્યું હોય તે. ■

*કોઈપણ ઉમદા કાર્ય જોખમો સિવાય કરી શકાતું નથી.*

# કચ્છનું રણ પાર કરવું, એટલે લોઢાના ચણા ચાવવા

• નરેશ અંતાણી •

રણ એટલે એક વખતનો ભૂમધ્ય સમુદ્ર. અને તે વખતે કહેવાય છે કે, અહીં વહાણ ચાલતાં. ધરતીકંપના લીધે સમુદ્ર દૂર થઇ ગયો. આ રણમાં દૂર નજર ફેંકીએ તો સફેદ ચાદર બિછાવી દીધી હોય તેવું લાગે. એ સફેદ ચાદર તેનું નામ 'મીઠાના થર'. ઝાડ નહીં, ઝાંખરું નહીં, પશુ નહીં, પક્ષી નહીં, ખાડો નહીં, ટેકરો નહીં સીધી સપાટ જમીન. એકલો માણસ ચાલતો જાય તો છાતી જ ફાટી જાય.

રાષ્ટ્રના ઇતિહાસની રચનામાં પ્રવાસ વર્ણનોને વધારે સત્યની નજીક માનવામાં આવે છે. ઇતિહાસની રચનાનાં પરંપરાગત સાધનો તપાસવામાં જ્યારે મુશ્કેલી અનુભવાય છે ત્યારે આવાં પ્રવાસન વર્ણનો મદદરૂપ થાય છે. અને આથી જ કચ્છ વિસ્તારના ઇતિહાસ ઘડતરમાં આવાં વર્ણનોને વધારે પ્રામાણિક માનવામાં આવે છે. આવા જ વધુ એક પ્રવાસ વર્ણનની અહીં, આપણે વાત કરવાનો ઉપક્રમ છે.

જૈન મુનિરાજો હંમેશાં પાદ વિહાર કરતા હોય છે. આ પાદ વિહાર દરમ્યાન નાનાં મોટાં ગામો, નગરો, જંગલો, પહાડો કે રણોને તેઓ ખૂંદી વળે છે. આ દરમ્યાન તેમને જુદી જુદી જાતના મનુષ્યોનો સંપર્ક થાય છે. વળી ભિક્ષાવૃત્તિ એ એમના જીવનનો એક પ્રકાર હોઇ ગરીબ કે તવંગર તમામ પ્રકારના લોકોના સંસર્ગમાં તેઓ આવે છે. અનેક વિદ્વાનો કે જ્ઞાનપિપાસુઓ પણ તેઓને મળતા હોય છે. પરિણામે તેમને જે તે નગર કે પ્રદેશના ઇતિહાસ, સામાજિક, ધાર્મિક કે આર્થિક પરિસ્થિતિઓનો અભ્યાસ થાય છે. લોકોના વિવિધ રીતરિવાજો, રૂઢિઓ અને તે પ્રદેશના તત્કાલીન પ્રશ્નોની પણ જાણકારી થતી હોય છે અને આ તમામ વિગતોની તેઓ નોંધ પણ કરતા હોય છે અને આ નોંધ એ જે તે પ્રદેશનો તત્કાલીન ઇતિહાસ જાણવા માટેનું સાધન બની જતી હોય છે.

જૈન મુનિ વિદ્યાવિજયજી ઇસવીસન ૧૯૩૯ના વર્ષમાં સિંધ પ્રદેશથી કચ્છમાં ચાતુર્માસ ગાળવા આવ્યા અને કચ્છની મમતાએ એમને કચ્છમાં સતત બે વર્ષ રોક્યા. એમના આ બે વર્ષના રોકાણ દરમ્યાન એમણે જે જોયું, અનુભવ્યું તેનું સવિસ્તર વર્ણન તૈયાર કર્યું જેને વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળાના એક મણકારૂપે ઉજ્જૈનથી પ્રસિદ્ધ પણ કરવામાં આવ્યું છે. 'મારી કચ્છ યાત્રા' એ શીર્ષક હેઠળ આ પુસ્તક ૧૯૪૨માં પ્રગટ કરાયું છે. આ પુસ્તક મારફત તત્કાલીન કચ્છની પરિસ્થિતિ, એ સમય સુધીનો ઇતિહાસ, પ્રશ્નો, કચ્છના નગરોનું વર્ણન, લોકો વગેરે જેવી અનેક વિગતોનો ચિતાર મળે છે. અહીં આ સમગ્ર પુસ્તકની વાત નથી કરવી પરંતુ મુનિરાજ સિંધથી કચ્છમાં આવ્યા આ દરમ્યાન તેમણે પસાર કરેલા કચ્છના રણને નજીકથી જોયું, અનુભવ્યું અને રણના પ્રવાસની કઠણાઇઓને તેમણે જોઇને તેમણે જે વર્ણન કર્યુ છે તે મુજબ રણમાંથી આસાનીથી સામે પાર જઇ શકાતું નથી કે આવી પણ શકાતું નથી તેની વાસ્તવિકતાઓની તેમણે નોંધેલી વાત અહીં નોંધીશું.

વિદ્યાવિજયજી સિંધમાં ચાતુર્માસ પૂર્ણ કરી ૮મી ડિસેમ્બર ૧૯૩૯, કારતક વદ, ૧૩ના દિવસે કરાંચીથી નીકળ્યા પછી પંદર દિવસ મલીરમાં મુકામ કર્યો અને માગશર સુદ ૧૩ રવિવારના દિવસે મલીરથી કચ્છ તરફ પ્રસ્થાન કરવા સિંધના લાંધી, પીપરી, ગગરગોઠ, ડાભેજી, ઘારો, ગુંજો, ઠઠા, સુજાવલ, દડી, મીરપુર, બઠોરો, ખોરવાહ, ગોઠ, મુલ્લાંહુસેન, તરાઇ, બદીન, કઢણ, લાલા જો પતન, અને રહીમ કી બજાર થઇ કચ્છના અફાટ રણમાં પોષ સુદ સાતમના રોજ પ્રવેશ કર્યો. ત્યાં સુધી સિંધની પોલીસ તેમની સાથે હતી. કચ્છમાં પ્રવેશતાં જ કચ્છની પોલીસ તથા કચ્છ રાજ્યના બે માણસો તેમના સંઘ સાથે જોડાઇ ગયા.

કચ્છ અને સિંધની સરહદો મળે છે એ સ્થળ એટલે **રહીમ કી બજારમાં** પોલીસનું થાણું, કસ્ટમની ઓફિસ અને લોકલ બોર્ડનું મકાન હતાં તથા થોડાક ઝૂંપડાં પણ હતાં. નગરપારકરથી ગુજરાતમાં પ્રવેશવા માટેનો આ એક માર્ગ હતો. કચ્છનું મોટું રણ અહીંથી જ આરંભાય છે. એક તરફ રેતીના ધોરાઓનો કાંઠો અને બીજી તરફ વિશાળ મેદાન. સેંકડો માઇલોમાં ફેલાયેલું કચ્છનું રણ. મૂળ ચીલાને છોડીને ટૂંકા માર્ગના લોભે જરા પણ આઘા - પાછા થયા કે મામલો ખતમ, પત્તો જ ન ખાય.

રહીમ કી બજારમાં રસ્તા ઉપરની એક ધર્મશાળામાં સંઘે પડાવ કર્યો અને એ પછીના દિવસે એમના સંઘે અફાટ રણમાં કચ્છ તરફ જવા પ્રયાણ કર્યું અને અગિયાર માઇલ ચાલ્યા પછી **'કલરી'**માં મુકામ કર્યો. પોષ મહિનાની કડકડતી ઠંડી હોવા ઉપરાંત આગળના બે દિવસો પહેલાં રણમાં જોરદાર વરસાદ થયો હતો. મુનિશ્રી નોંધે છે તેમ રણના મેદાનમાં પથરાયેલી રેતી ઉપરથી સ્પષ્ટ થતું હતું કે દરિયાનું પાણી કોઇ વખત અહીં આવતું હશે. કારણ કે, શંખલા અને છીપલાંનો કોઇ પાર ન હતો. આગળ વધતાં **'વીંગડ'**માં બીજો મુકામ કર્યો. સાથે રહેલા તંબુનાં સાધનોથી સંઘના યુવાનોએ તંબુ તાણી હંગામી આવાસ ઊભા કર્યા. આ બન્ને મુકામોમાં પાણી ક્યાંય મળતું ન હતું. લોરી (ખટારો)માં સાથે લીધેલું પાણી ખૂટી ગયું હતું. કેટલાક યુવાનો હિંમત કરી લોરી લઇને નીકળી પડ્યા અને અનેક મુશ્કેલી વેઠી પાણી લઇ આવ્યા. અહીં સંઘે રાત્રિ મુકામ કર્યો હતો. બીજે દિવસે સવારે તેમની યાત્રા આગળ વધી.

મુનિ રણ વિશે લખે છે કે 'રણ' એ

*મજબૂત માણસો વિપરીત સંજોગોને ઘોળીને પી જાય છે.*

શું એ મને હવે સમજાયું. ચૈત્ર વૈશાખમાં પવનના જોરથી દરિયા અને વરસાદનું પાણી આખા રણમાં ફેલાઇ જાય છે. પાણી સૂકાઇ ગયા પછી જમીનની સપાટી પર ખારા મીઠાના થર જામી જાય છે આ તે કચ્છનું 'રણ'. રણ એટલે એક વખતનો ભૂમધ્ય સમુદ્ર. અને તે વખતે કહેવાય છે કે, અહીં વહાણ ચાલતાં. ધરતીકંપના લીધે સમુદ્ર દૂર થઇ ગયો. **આ રણમાં દૂર નજર ફેંકીએ તો સફેદ ચાદર બિછાવી દીધી હોય તેવું લાગે.** એ સફેદ ચાદર તેનું નામ 'મીઠાના થર'. ઝાડ નહીં, ઝાખરું નહીં, પશુ નહીં, પક્ષી નહીં, ખાડો નહીં, ટેકરો નહીં સીધી સપાટ જમીન એકલો માણસ ચાલતો જાય તો છાતી જ ફાટી જાય.

મુનિશ્રીના સંઘના આગમન પહેલાં બે દિવસ અગાઉ રણમાં થયેલા વરસાદને કારણે આખું રણ પાણીથી ભરાઇ ગયું હતું. સારે નસીબે તેમના આગમન સાથે જ તડકો નીકળતાં ચીલાઓ દેખાવા લાગ્યા. આથી ચાલવાનું કંઇક આસાન બન્યું. ચાલવા વાળાઓને તો વાંધો ન આવ્યો પણ લોરી માટે મુશ્કેલીનો પાર ન રહ્યો. પેટ્રોલના પીપોનાં પીપો ખાલી થવા છતાં ચાલવાનું નામ ન લે. ચીકણા રસ્તામાં બિચારા સંઘના માણસો ધક્કા મારે ત્યારે માંડ ચસકે. આમ ધક્કા મારતા મારતા બપોરના બે વાગ્યા સુધીમાં માંડ સોળ માઇલ કાપ્યા. પગે ચાલનારા મુનિઓ અને અન્યો તો ક્યારનાયે એક ખાલી વિશાળ જગ્યાએ પહોંચી ગયા હતા પણ લોરીનો સ્વાદ ચાખનારાના તો હોશકોશ ઊડી ગયા હતા. લોકોના પગ પણ હવે સાથ નહોતા આપતા. આથી સૌ ભોજન માટે રોકાયા.

રણમાં નડેલી બીજી એક વધુ મુશ્કેલી નોંધતાં મુનિશ્રી લખે છે કે, કચ્છના દુષ્કાળનું વર્ણન કરાચીમાં સાંભળ્યું હતું પણ હકીકતમાં અહીં અનુભવ્યું. લોકો કહેતા કે રણમાં પાર વગરનાં ઢોર મરેલાં પડ્યાં છે. કચ્છના આવા દારુણ દુષ્કાળનું દૃશ્ય નજરે જોયું. ડગલે અને પગલે ઢોરોનાં મડદાં, હાડકાં અને માંસના લોચા પડ્યા હતા. ચાર તંબુ નાખવા માટે સો દોઢસો મીટરની જમીન મળવી પણ મુશ્કેલ હતી. ચારે તરફ તપાસ કરવા માણસ મોકલીએ તો એજ મ્હોંકાણ લઇને આવે કે ક્યાંક ગાયો પડી છે, તો ક્યાંક મરેલાં ઊંટ. તો ક્યાંક બળદ ને બકરાં. દુર્ગંધનો પાર નહિ. ખારા પાટનું રણ એટલે કાગડા કે ગીધો પણ એને સાફ કરનારા ન મળે. આવી દારુણ હાલતમાં નાકે ડૂચા મારીને આગળ બીજા ૧૫-૧૬ માઇલ ચાલ્યા. પછી રાત્રિ રોકાણ કર્યું. બીજા દિવસે પણ આવી જ કરુણ હાલતમાં ૧૩ માઇલ ચાલ્યા પછી **'કુંવાર બેટ'** પહોંચ્યા. 'કુંવાર બેટ' એટલે કહેવાય છે કે સપાટ રણની વચ્ચે થોડાંક બાવળનાં ઝાડ છે, એક કૂવો અને એક નાની તળાવડી છે. જેમાં વરસાદનું પાણી ભરાઇ રહે છે તેથી થોડું જીવન દેખાય છે અહીં બાવળના ઝૂંડ વચ્ચે ઝૂંપડી દેખાઇ, તે કચ્છ સ્ટેટની ચોકી. અહીં તળાવ પાસે તંબુ તાણી મુકામ કર્યો.

કુંવાર બેટથી **ખાવડા**નું અંતર માત્ર દસ માઇલ હતું. તેથી સંઘના તમામ સભ્યોને એમ લાગ્યું એ આ અંતર તો હસતાં હસતાં કપાઇ જશે. પણ વિદ્યાવિજયજી જણાવે છે એમ ખરી મુશ્કેલી પણ અહીં જ પડી. બેટથી ખાવડા સુધીના રસ્તાએ તો ભારે કરી. પાંચેક માઇલ કાપતાં સુધીમાં તો તમામના હોશ ઊડી ગયા. અત્યાર સુધીના રણમાં કીચડ હતો, તો અહીં નકરી રેતી હતી. અને તે પણ કેવી! ખાસ્સા પગ પેસી જાય, ચાલવા માટે પગ ઊપડે જ નહીં ને શ્વાસ ચડી જાય તેવી રેતી. વચમાં એક સુંદર ઘટાટોપ, સેંકડો માણસો બેસી શકે તેવો વડ આવ્યો. બધાએ અહીં જ મુકામ કરવા નક્કી કર્યું. થોડીવાર બેઠા પછી તમામને પગમાં જબરી ખંજવાળ ઊપડી. અને જુએ છે તો મોટા મોટા જૂઆ તીડના ટોળાની માફક સૌને ચૂસવા લાગ્યા. શરીરમાં અનેક જગ્યાએ સૂઝી સૂઝીને ઢીમણાં થઇ ગયાં. આથી ત્યાંથી રીતસર નાઠા અને સીધા ખાવડા જ પહોંચ્યા. માર્ગમાં રેતીમાં લૉરી ખૂંપી ગઇ તે કેમે કરી બહાર નીકળે જ નહીં. આથી ખાવડાના થાણેદારે વીસેક માણસો અને ઊંટો સાધન - સામગ્રી સાથે મોકલ્યા ત્યારે માંડ લૉરી ખાવડા પહોંચી. ખાવડાથી **ભીરંડીયારા** થઇ ભુજ તરફ પ્રયાણ કર્યું. ભીરંડીયારામાં જોયેલાં કચ્છી ભુંગાનું વર્ણન કરતાં મુનિ જણાવે છે કે ઝૂંપડાં (ભુંગા) પણ કેટલાં સુંદર! ભલભલાં બંગલાઓને ટક્કર મારે તેવા. ત્રણે ઋતુ માટે અનુકૂળતા ધરાવતાં આ ઝૂંપડાંઓ જોઇ ગામડાના લોકો પણ પોતાના નિર્વાહ માટે કેટલી સગવડ ઊભી કરે છે તેનો ખ્યાલ આવ્યો.

આમ, મુનિ વિદ્યાવિજયજીએ કરેલું વર્ણન સહેલાઇથી સામે પાર જઇ શકાતું નથી તેવા કચ્છના રણની વાસ્તવિકતા રજૂ કરે છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે,*
*માધાપર રિંગ રોડ, ભુજ, કચ્છ.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*

## મહાન તત્ત્વવેત્તા : સોક્રેટીસ

(અનુસંધાન : પાના નં.-૩૪ ઉપરથી ચાલુ)

અપરિવર્તનશીલતાના ગુણે કરીને તે પોતે જ શાશ્વત બની જાય છે. સામાન્ય પ્રકારના આત્માઓ મોક્ષની પરમ સ્થિતિને પામે તે પહેલા તેમણે અનેક જન્મોમાંથી પસાર થઇને ઘણી સાધના કરવાની રહે છે."

જરાક ભાષા ફેરે જોઇએ તો આ જ વાત આજ સ્વરૂપે ભારતીય તત્ત્વજ્ઞાનમાં પણ જોવા મળે જ છે. કશો તફાવત નથી.

તે કહે છે **"પ્રેમ એ માણસના કબજામાં રહેલી વસ્તુ નથી. પ્રેમ એટલે આત્મામાં હજુ જેની ખામી છે તેવી કોઇ સારી વસ્તુની ઝંખના. કોઇ માણસ પોતાના કબજામાં રહેલી વસ્તુની સ્પૃહા કરતો નથી"** ખરેખર, પ્રેમની આ એક નવી અને ઉત્તમ વ્યાખ્યા છે. સોક્રેટીસની વાત એટલી લાંબી છે કે આવા ૫-૬ લેખ બની શકે. સોક્રેટીસના અવસાનની વાત એટલી બધી જાણીતી છે કે તેના વિશે અત્રે કશું લખતો નથી.

*(આ લખાણ માટે A. K. Rogers લિખિત Students History of Philosophyના ગુજ. અનુ. ડૉ. જયેન્દ્ર યાજ્ઞિકના ગ્રંથનો આધાર લીધેલ છે.)*

*આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલની સામે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : ૨૬૩૦૧૭૨૯*

*ટેવ ટળતી નથી, ટાળવી પડે છે.*

# માન્યતાની બીજી બાજુ
# અહિંસાની આગેકૂચ

• મુરજી ગડા •

આ લેખ અહિંસાને કેન્દ્રસ્થાને રાખી વાંચવાનો છે. પોતાની માન્યતાથી ભિન્ન રજૂઆત વાંચવાથી **જેમની લાગણી દુભાતી હોય એમના માટે આ લેખ ન વાંચવો હિતાવહ રહેશે.**

રામાયણ અને મહાભારતના સાચાપણા માટે વિવાદ ઊઠતો રહે છે. આપણે એમાં ન પડતાં એટલું તો સ્વીકારીએ કે સો કરોડ લોકોની સંસ્કૃતિ અને જીવનપદ્ધતિ પર સૌથી વધુ પ્રભાવ આ બે મહાગાથાઓનો છે. એટલે રામાયણ અને મહાભારત વાસ્તવિક હોય યા ન હોય, એમને અવગણી તો ન જ શકાય.

આ મહાકાવ્યોનું અસલી સંસ્કૃત લખાણ તો સાવ ઓછા લોકોએ વાંચ્યું હશે. જૈન રામાયણ અને મહાભારત છે એવું સાંભળ્યું છે, એ જોયું કે વાંચ્યું નથી. અત્યારે જનસામાન્યના મનમાં જે સ્વરૂપે છે તે મુખ્યત્વે રામાનંદ સાગર અને બી.આર. ચોપરાની રજૂઆતનું છે. નીચેનું લખાણ એના સંદર્ભમાં છે.

પ્રચલિત માન્યતાની તરફેણમાં લખવું સહેલું અને સુરક્ષિત હોવાથી એવું ઘણું લખાય છે. માન્યતાની બીજી બાજુ રજૂ કરવાનો આશય આંધળા વિરોધનો લગીરે નથી. તે વિષયને બીજા દૃષ્ટિકોણથી જોવાની કોશિશ છે. વૈચારિક તેમજ સાંસ્કૃતિક વિકાસ માટે તે જરૂરી છે.

આ મહાકાવ્યોમાં વર્ણવાયેલ બધું તત્કાલીન સમાજની વાસ્તવિકતા હશે. અત્રે એને મૂલવવાની કોશિશ નથી કરી, બલકે આજનાં જીવનમૂલ્યો, સાચા-ખોટાની આપણી સમજ, માનવતા વગેરેના સંદર્ભમાં વિચારતાં આ મહાકાવ્યોના કેટલાક પ્રસંગો મનને મૂંઝવતા પ્રશ્નો ઉઠાવે છે. એમાંથી થોડાને અહીં અહિંસાના માપદંડથી જોઇએ.

**(૧)** રામાયણનો સૌથી વધારે જાણીતો પ્રસંગ છે રામ-રાવણનું યુદ્ધ. દર દશેરાએ એની યાદ તાજી કરાય છે તેમજ અન્ય કેટલાયે પ્રસંગે એનો ઉલ્લેખ થાય છે.

કોઇનું અપમાન કરવું હોય, કોઇ વાતનો બદલો લેવો હોય તો એનો સૌથી અકસીર રસ્તો છે એની પત્નીનું અપહરણ કરવાનો. એ અનુસાર રાવણ સીતાનું અપહરણ કરે છે. સ્ત્રીના અપહરણનો આ પહેલો પ્રસંગ નહીં હોય, અને છેલ્લો તો નહોતો જ.

આને બે વ્યક્તિઓ વચ્ચેનો અંગત મામલો કહેવાય. સામાન્ય રીતે જ્યારે આવો બનાવ બનતો ત્યારે બે જણ વચ્ચેના દ્વંદ્વ દ્વારા એનો ઉકેલ લવાતો.

શ્રીરામ સામાન્ય રાજા નહોતા. એમના મનમાં પોતાની પ્રજા ઉપરાંત સમસ્ત સૃષ્ટિનું હિત રહેલું હતું. વિષ્ણુના અવતાર એવા ત્રિકાળજ્ઞાની રામને ખબર હતી કે પોતે અજય છે તેમજ એમના સિવાય રાવણને બીજો કોઇ હરાવી કે મારી શકે એમ નથી. યુદ્ધના અંતે રામ-રાવણ સામે સામે આવે જ છે. યુદ્ધનો અંત પણ એમના દ્વંદ્વથી જ આવે છે. એ દરમિયાન બન્ને બાજુના કેટલા બધા સૈનિકોનું મૃત્યુ થાય છે. શું આટલા લોકોની આહૂતિ જરૂરી હતી?

જે કથાને આધારે સંસ્કૃતિ રચાય છે અને ઘડાય છે તે કથા માત્ર રસપ્રદ હોય એ પૂરતું નથી. એનો દરેક પ્રસંગ આદર્શ હોવો જરૂરી છે.

શાંતિકાળમાં દરેક દેશના સૈન્યમાં સ્વેચ્છાએ ભરતી થયેલ સૈનિકો હોય છે. જ્યારે કોઇ દેશ યુદ્ધે ચઢે છે કે પરાણે ચડવું પડે છે ત્યારે યુવાનોની ફરજિયાત સૈન્યમાં ભરતી કરવામાં આવે છે. અર્વાચીન ભારત ક્યારે પણ મોટા યુદ્ધમાં સંડોવાયું નથી. ભારતની વસતિ અને ગરીબીને લીધે ફરજિયાત ભરતીની જરૂર ઊભી થઇ નથી એટલે આપણને એનો ખ્યાલ ન હોય. આવી રીતે ફરજિયાત જોડાયેલા સૈનિકોમાં અને સ્વેચ્છાએ જોડાયેલ ધંધાકીય સૈનિકોમાં ફરક હોય છે.

રાવણની સેનામાં તે સમયે આવા ફરજિયાત ભરતી કરેલા સૈનિકો હશે જ. સુગ્રીવની પૂરી સેનાને (વાનરસેના) આ યુદ્ધ સાથે શું નિસબત હતી? યુદ્ધમાં જે સૈનિકો મરે છે એમનાં કુટુંબો નિરાધાર થાય છે. યુદ્ધનો અંત કેવી રીતે આવવાનો છે એની રામને ખબર હોવા છતાં યુદ્ધમાં આટલી બધી નિર્દોષ વ્યક્તિઓનો ભોગ આપવાનું કારણ શું હતું?

આજે સમગ્ર વિશ્વ ઇરાક-અમેરિકાના યુદ્ધનો વિરોધ કરે છે. ખુદ અમેરિકાની બહુમતી પ્રજા, જે શરૂઆતમાં યુદ્ધને ટેકો આપતી હતી તે, આજે યુદ્ધ આટોપવાની તરફેણમાં છે કારણકે બધાને ઇરાકના નાગરિકોની યાતના નજર સામે દેખાય છે. ભૂતકાળનું જે દેખાતું નથી એનું મહત્ત્વ ઓછું નથી થઇ જતું.

યુદ્ધ એ રાજકારણનું વિસ્તૃતીકરણ ગણાય છે. **મહત્ત્વાકાંક્ષી નેતાઓના અંગત એજન્ડા માટે કેટલાયે નિર્દોષ લોકો ખુવાર થઇ જાય છે.** આજે આ બધું સ્પષ્ટ દેખાય છે. પહેલાં એવું નહોતું એમ માની ન લેવાય.

**(૨)** મહાભારતની કથા ધર્મયુદ્ધના નામે ઓળખાતા કુરુક્ષેત્રના યુદ્ધ આસપાસ વણાયેલી છે. યુદ્ધ નિવારવાના બધા પ્રયાસો નિષ્ફળ જતાં અંતે કૌરવ-પાંડવ યુદ્ધમેદાનમાં સામસામે આવી જાય છે. બધા સ્વજનોને સામે ઊભા જોઇને વિવશ અર્જુનને શ્રીકૃષ્ણ જે બોધ આપે છે તે શ્રીમદ્ ભગવદગીતા નામે હિંદુ વિચારધારાનો પાયાનો ગ્રંથ બની જાય છે.

*સંપત્તિ સાથ દરેકને, આપત્તિ પણ મળે જ છે, ચંદ્રને શ્રમ વૃદ્ધિ છે, તારાઓને શું?*

અંતે યુદ્ધ થાય છે. આઠ જણ સિવાય બન્ને બાજુના બધાનો એમાં નાશ થાય છે.

અહીં પણ મન મૂંઝાય છે અને પ્રશ્ન ઊઠે કે શું યુદ્ધ નિવારવાના બધા પ્રયત્નો સાચે જ થયા હતા?

રાજવંશની વ્યક્તિઓ માત્ર રાજ કરે, બીજું કંઇ ન કરે એ ત્યારની પ્રથા હશે. આ પ્રથા એટલી સબળ હોય કે એના માટે સર્વનાશ વહોરી લેવાય! મિત્ર રાજ્યમાં પાંડવો એક વર્ષ માટે અજ્ઞાતરૂપે સામાન્ય નાગરિક થઇને રહ્યા હતા. હવે તો અજ્ઞાતવાસનો સવાલ નહોતો. પ્રતિષ્ઠા સાથે મિત્ર રાજ્યમાં રહી શક્ત. અંતર્યામી કૃષ્ણને યુદ્ધના પરિણામ વિષે બધી ખબર હતી. એમણે સર્વનાશ નિવારવા આ પ્રયાસ કર્યો હતો?

યુધિષ્ઠિરને બધા ભાઇઓમાં સૌથી વધુ ધીરગંભીર, નમ્ર, માયાળુ, ભાવનાશીલ વગેરે બતાવવામાં આવે છે. યુદ્ધ મેદાનમાં જે રીતે અર્જુન વિવશ થાય છે તેમ યુધિષ્ઠિર પણ થયા હશે. યુદ્ધ નિવારવાની એક વધુ શક્યતા તપાસીએ.

યુદ્ધ મેદાનમાં શ્રીકૃષ્ણ અર્જુનને બદલે યુધિષ્ઠિરને ઉપદેશ આપે છે. એ કાલ્પનિક તેમ જ વૈકલ્પિક ઉપદેશનો સાર યુધિષ્ઠિરના શબ્દોમાં જોઇએ. કૌરવ પક્ષમાં ઊભેલા વડીલોને પ્રણામ કરી યુધિષ્ઠિર કહે છે : “અમે અહીં અમારી સાથે થઇ રહેલ અન્યાય સામે લડવા આવ્યા છીએ, આપ સાથે લડવા કે આપને મારવા નથી આવ્યા. અમે મરવાથી પણ નથી ડરતા. એક ક્ષત્રિય તરીકે અમે હવે યુદ્ધભૂમિ છોડીને પણ નથી જવાના તેમ જ કૃષ્ણની જેમ અમે પણ શસ્ત્રો વાપરવાના નથી. જ્યાં સુધી અમને અમારો હક ન મળે ત્યાં સુધી અમે પાંચ ભાઇઓ અન્નજળનો ત્યાગ કરી અહીં જ ઊભા રહીશું.”

પછી પોતાના પક્ષના બધા યોદ્ધાઓ અને સૈનિકોનો આભાર માની કહે છે, “તમને બધાને પોતપોતાના ઘરે પાછા જવાની છૂટ છે. તમારા પર યુદ્ધભૂમિ છોડી જવાનું કલંક નહીં લાગે. સત્યવક્તા યુધિષ્ઠિરનું આ વચન છે.”

ફરી પાછું કૌરવો તરફ વળીને કહે છે, “આપ પણ આપના સૈનિકોને પાછા જવાની છૂટ આપી શકો છો, પણ આપ સૌ મહારથીઓને યુદ્ધભૂમિ છોડી જવાની છૂટ નથી. આપને યોગ્ય લાગે તો અમને હણી શકો છો. આ પ્રશ્નનું નિરાકરણ ન આવે ત્યાં સુધી આપ સૌને અહીં જ રહેવાનું છે.” વગેરે વગેરે સંપૂર્ણ “ગાંધીગીરી” કરે છે.

દુર્યોધનને તો વગર યુદ્ધે જોઇતું મળી જાત, પણ ભીષ્મ, દ્રોણાચાર્ય, કર્ણ વગેરે મહારથીઓના પ્રત્યાઘાત શું હોત અને એનું પરિણામ શું આવત એ વાંચકો પોતાની રીતે વિચારી લે. બીજું કંઇ નહીં તોયે લાખો નિર્દોષ સૈનિકો બચી ગયા હોત. પાંડવોના વારસાગત હક માટે લાખો સૈનિકોના જીવનનો મૂળભૂત હક છીનવાયો ન હોત. એમનાં પરિવાર નિરાધાર ન થયાં હોત. કે પછી ત્યારની સમાજવ્યવસ્થામાં સૈનિકો અને એમના પરિવારના જીવનની કંઇ કિંમત નહોતી!

**(૩)** પત્નીને એટલા માટે અર્ધાંગના કહેવામાં આવી છે કે તે પતિની મર્યાદાઓની પૂરક બને. (આમ તો પતિ-પત્ની બન્નેએ એકબીજાના પૂરક બની, પાર્ટનર બની, સંસારના પ્રશ્નો ઉકેલવાના હોય છે.) અંધ રાજકુમાર સાથે વિવાહ નક્કી થતાં આંખે પાટા બાંધી સ્વેચ્છાએ જીવનભરનો અંધાપો સ્વીકારી લેનાર ગાંધારીને મહાસતીનું બિરુદ મળ્યું છે. શું એનું આ પગલું વાજબી હતું? પતિની ખામી પ્રત્યેની સહાનુભૂતિથી પોતે પણ એની મજબૂરીનો અહેસાસ કરી કદાચ પત્નીધર્મ (!) નભાવ્યો હોય. એના બદલે મહારાજ ધૃતરાષ્ટ્રની આંખો બની મહારાણી તરીકેની ફરજ બજાવવી એ વધુ જરૂરી નહોતું? એ રીતે કેટલાયે સંકટો નિવારાયા હોત.

**(૪)** પિતાની એક ઇચ્છા પૂરી કરવા પુત્ર દેવવ્રત આકરી પ્રતિજ્ઞા લઇ ભીષ્મ તરીકે પ્રસિદ્ધ થયા. એ પ્રતિજ્ઞા પાળવા એમણે કંઇ કેટલીયે બાંધછોડ કરી. કોઇ ચોક્કસ સંજોગોમાં લીધેલી પ્રતિજ્ઞા સંજોગો બદલાતાં પણ તોડી ન શકાય એવી સમજ ત્યારે દૃઢ બનેલી હશે. દેશના હિતમાં, માનવસમાજના હિતમાં ગાંધારીએ તેમ જ ભીષ્મ પિતામહે પોતાની પ્રતિજ્ઞાઓ તોડી હોત તો કેટલો વિનાશ ટાળી શકાયો હોત! આજના સંદર્ભમાં કોઇ એક વ્યક્તિની પ્રતિજ્ઞા કે વચન આટલા માનવસંહાર કરતાં વધારે અગત્યના હોઇ શકે?

**(૫)** મહાભારતના યુદ્ધ દરમિયાન ભીષ્મ, દ્રોણાચાર્ય, કર્ણ, અભિમન્યુ, દુર્યોધન, પાંડવપુત્રો વગેરેને મારવા માટે બન્ને બાજુના યોદ્ધાઓએ પોતાના ક્ષત્રિયધર્મનું તેમજ યુદ્ધના નીતિ નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું. જીતવા માટે નિયમોનો ભંગ વાજબી હતો પણ સંહાર અટકાવવા પ્રતિજ્ઞાનો ભંગ વાજબી નહોતો લાગ્યો?

★

થોડા સમય પહેલાં પસાર થયેલી ગાંધીજીની ૬૦મી પુણ્યતિથિ નિમિત્તે એમના વિષે સમાચાર પત્રોમાં ઘણું લખાયું હતું. એમાંનો એક લેખ ખાસ ધ્યાન દોરી ગયો. “મોહનથી મોહન, વાયા મહાવીર.” એ લેખમાં શ્રીકૃષ્ણ (મોહન), મહાવીર અને ગાંધીજીના (મોહનદાસ) વિચાર અને જીવનની સરખામણી કરી હતી. આપણે એમને થોડા જુદા દૃષ્ટિકોણથી જોઇએ.

પાંડવોને એમના રાજ્યનો હિસ્સો અપાવવા માટે કૃષ્ણને, વિષ્ટિ નિષ્ફળ જતાં યુદ્ધ અનિવાર્ય લાગ્યું. એમને ત્યારે અહિંસક વિકલ્પો યોગ્ય લાગ્યા નહીં કે પછી સૂજ્યા નહીં?

મહાવીર અને બુધ્ધ, બન્નેએ બીજાનાં દુ:ખો નિવારવા પોતાના હકનાં રાજપાટ હતાં તે છોડ્યાં. દુનિયાને અહિંસાનો માર્ગ બતાવ્યો. જો કે એમની અહિંસા વ્યક્તિગત અજમાયશ પૂરતી સીમિત રહી છે. સાર્વજનિક રીતે જનસમુદાય જેટલી વિસ્તૃત ન બની શકી. એમના ઉપરાંત ઘણા સાધુસંતોએ પણ અહિંસાનો વ્યક્તિગત અમલ કર્યો છે.

ગાંધીજીની અહિંસાનો વિસ્તાર સાર્વજનિક હતો. એમણે સત્તારૂઢ શાસકને શાસન છોડી જવાની ફરજ પાડી, સત્ય અને અહિંસાના માર્ગે ગાંધી કોઇ અવતારી પુરુષ નહોતા. આપણી જેમ જ સામાન્ય વ્યક્તિ તરીકે જન્મ્યા હતા અને ઉછર્યા હતા. એમણે ઘણી ભૂલો પણ કરી હતી અને જાહેરમાં એનો એકરાર પણ કર્યો હતો. **આટલી ઉન્નત અને વિસ્તૃત હોવા છતાં એમની અહિંસાના**

*અંતરે જે વસ્યું, તે તો દૂર, ન દૂર છે, નથી જે અંતરે, તે તો સમીપે, તોય દૂર છે!*

**પ્રયોગની પણ મર્યાદા હતી. એ અંગ્રેજો સામે કામ આવી પણ પોતાના જ દેશબાંધવો સામે કામ ન આવી શકી.** દેશના ભાગલા વખતે ફાટી નીકળેલાં કોમી રમખાણોને અટકાવવામાં એ નિષ્ફળ નીવડી. ગાંધીજી લાંબું જીવ્યા હોત તો આવા બનાવોને કારણે એમની પાછલી જિંદગીમાં તેઓ સાર્વજનિક અહિંસાના સફળ પૂજારી ગણાયા હોત કે નહીં એ એક પ્રશ્ન રહી જાય છે. કમનસીબે અહિંસાના પૂજારીનું મૃત્યુ કુદરતી નહોતું, હિંસક હતું. દેશ તેમ જ એમના ચાહકો માટે તે દુઃખદ ઘટના હતી. એમના ભોગે અહિંસાની શાખ જળવાઇ કહેવાય?

આવા સંવેદનશીલ વિષય પર અલગ મંતવ્ય રજૂ કરવાનો એક અર્થ એ કરી શકાય કે લખનારને આવા બનાવો પાછળના ગૂઢ સંદેશ વિષે કંઇ સમજ નથી. હોઇ શકે છે. બીજો અર્થ એ પણ થઇ શકે કે માનવ સંસ્કૃતિ ધીરેધીરે વિકાસ પામી રહી છે. સાંસ્કૃતિક વિકાસનાં આ પગથિયાં છે.

આડેધડ યુદ્ધ કરવા કરતાં એને નિવારવા પ્રયાસ કરવા અને ન છૂટકે યુદ્ધનો આશરો લેવો એ અહિંસાનું પહેલું પગથિયું હતું. કોઇ પણ સંજોગોમાં યુદ્ધ ન કરવાનો, બદલો ન લેવાનો, ક્ષમા કરવાનો મહાવીરનો સંદેશ એ અહિંસાનું બીજું પગથિયું હતું. **જ્યાં સમયનો બાધ ન હોય ત્યાં અહિંસક રીતે અન્યાયી સત્તા સામે લડતા રહેવું એ ગાંધીજીનો માર્ગ ત્રીજું પગથિયું હતું.** જ્યાં એક એક ક્ષણ અગત્યની હોય એવા યુદ્ધ મેદાનમાં, આક્રમણખોર સામે અહિંસા અજમાવવી એ માનવજાતની અહિંસાવૃત્તિનું ચોથું પગથિયું હશે. (નાના પાયે આ પ્રયોગ સફળ રીતે અજમાવાયો હોય એવા દાખલા વર્તમાનમાં નોંધાયા છે.)

એ ભૂલવું ન જોઇએ કે પહેલાં પગથિયાંની અગત્ય પછીના પગથિયાં કરતાં જરાય ઓછી નથી. એના વગર બીજા પગથિયાનું અસ્તિત્વ શક્ય નથી. એટલે જ જુદે જુદે તબક્કે અહિંસા આચરનાર બધા મહાપુરુષો વંદનીય છે.

આગળ ચર્ચેલ મહાકાવ્યોના દૃષ્ટાંત ઉપરાંત અન્ય કેટલીક વિસંગતતાઓ તેમ જ અન્ય પુરાણો કે દંતકથાઓ વિષે પણ મનમાં પ્રશ્નો ઊઠે છે. વાલ્મીકિ કે વેદવ્યાસ કોઇ પ્રકારે આપણી પાસે આવી શકે તો બધા પ્રશ્નો સરસ રીતે ઉકેલી શકાય. પણ એ શક્ય નથી. જોકે આવા પ્રશ્નોના ઉત્તર મેળવવા અગત્યના નથી અને જરૂરી પણ નથી. અગત્યની વાત એ છે કે બે-ત્રણ હજાર વરસ પુરાણી વિચારધારાનું આંધળું અનુકરણ આજે ન કરાય. એને વર્તમાન સંજોગોમાં તપાસવી જરૂરી છે. દરેક વિષયની માનવજાતની સમજ ઘણી વધી છે. રોજરોજ બનતી કેટલીયે ખરાબ ઘટનાઓ ઉપરાંત વર્તમાન સમાજ એકંદરે સંસ્કારી છે. રામનું એકપત્નીવ્રત એક આદર્શ ગણાતું, આજે તે એક સામાન્ય બાબત ગણાય છે. કહેવાતા સતયુગમાં પ્રચલિત એવા વર્ણભેદ, જાતિભેદ ઘટી રહ્યા છે. દાસ-દાસી જેવા શબ્દો ભૂંસાતા જાય છે. ગુલામી નાબૂદ થઇ છે. સામાન્ય માણસની જિંદગીની પણ કદર થાય છે.

આ તો એક સદીનો પ્રતાપ છે. પાંચ-છ સદીઓ પછી શું થઇ શકે છે!

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

# પ્રકરણ-૭

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

## સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અને શ્રી કચ્છી જૈન ભવન - નામકરણ વિધિ

'મંગલ મંદિર' માસ ફેબ્રુઆરી-૧૯૯૭ અંક નં.-૨૨૮ શ્રી કચ્છી જૈન ભવન ઉદ્‌ઘાટન વિશેષાંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. અને તેમાં શ્રી કચ્છી જૈન ભવનને બહોળી પ્રસિદ્ધિ આપવામાં આવી હતી. માસ જાન્યુઆરી-૧૯૯૭થી બાલ સમૃદ્ધિ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. જેના અંતર્ગત તા. ૨૬-૧-૧૯૯૭ના રોજ શ્રી કમલેશ મનુભાઇ શાહના દીકરાને પ્રથમ ગીફ્ટ વાઉચર તરીકે ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાની ચિલ્ડ્રન ગીફ્ટ ગ્રોથ ફંડ યોજનાનો સર્ટિફિકેટ ભેટ અપાયો હતો.

રવિવાર તા. ૩૦-૩-૯૭ના શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતે આયુર્વેદ ચિકિત્સા અને એક્યુપંચર ચિકિત્સા એમ બે વિષયો ઉપર એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. જેમાં સમાજનાં સભ્યોએ બહોળી સંખ્યામાં ભાગ લીધેલ હતો.

તા. ૨-૫-૯૭ થી તા. ૨૨-૫-૯૭ સુધી ઋતંભરા વિશ્વવિદ્યાલય તરફથી ગિરિમથક સાપુતારા ખાતે ૧૪થી ૪૦ વર્ષની બહેનો માટે શારીરિક તાલીમ માટેની એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરમાંથી ૯૬ બાળાઓએ ભાગ લીધેલ હતો. અત્રેના સમાજની ૪ બાળાઓએ ભાગ લીધેલ તેમાંથી **ઊર્વી મહેન્દ્રભાઇ મહેતા**એ જમૈયાની ટ્રેનિંગમાં તથા **પૂજા મહેન્દ્રભાઇ ખોના**એ રાઇફલ શુટિંગમાં શિલ્ડ મેળવ્યા હતા. તે આપણા સમાજ માટે એક ગર્વની વાત હતી.

સમાજે પાલડી ભવન ખાતે કોમ્પ્યુટરનાં વિવિધ ઉપયોગ અને આજના સંદર્ભમાં તેની જરૂરિયાત અંગે યુવાનો અને રસ ધરાવતા વડીલોને કોમ્પ્યુટરનો પ્રાથમિક પરિચય આપવા અને તેનું સામાન્ય જ્ઞાન આપવાના ઉદ્દેશથી તા. ૮-૬-૯૭ ના રોજ એક સેમિનારનું આયોજન કર્યું હતું. જેમાં સમાજના સભ્યોએ બહોળી સંખ્યામાં લાભ લીધેલ હતો. એ સેમિનારમાં તે વખતનાં નાણામંત્રી **શ્રી બાબુભાઇ મેઘજી શાહ** પધારેલ હતા. તેઓએ જમાનાને અનુરૂપ કોમ્પ્યુટરની જાણકારી માટે સમાજની સેમિનારની પ્રવૃત્તિને બિરદાવેલ હતી.

શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન 'સંકલ્પ' દ્વારા તા. ૧૭-૮-૧૯૯૭ના રોજ ઠાકોરભાઇ દેસાઇ હોલ ખાતે સંગીતના એક રંગારંગ કાર્યક્રમનું આયોજન થયેલ હતું. આ કાર્યક્રમમાં સમાજના નવા નવા કલાકારોએ આત્મવિશ્વાસ સાથે સ્ટેજ ઉપર આવીને પોતાની કલા દર્શાવેલ હતી. આ કાર્યક્રમમાં રાસ, ટીપ્પણી, બ્રેક ડાન્સ, ગીત, કચ્છી ગીત, મિમિક્રી, જોક્સ અને સમાજનાં બાળકોએ તૈયાર કરેલી સ્ક્રીપ્ટ 'લેડિઝ સ્કૂલ' રજૂ કરી હતી. આ રજૂઆત અંગેનાં પ્રતિભાવો કાર્યક્રમ દરમ્યાન દર્શકોની તાળીઓ અને આનંદથી જોઇ શકાયેલ. કાર્યક્રમથી પ્રભાવિત સમાજના વડીલો તરફથી ઘણાં બધાં રોકડ ઇનામો પણ જાહેર કરવામાં આવ્યા હતા. તા. ૧૫-૮-૯૭નાં રોજ આઝાદીની સુવર્ણ જયંતીના દિવસે શ્રી કચ્છી જૈન સેવા સમાજ સંચાલિત મેડિકલ સેન્ટરમાં સમાજનાં પ્રતિષ્ઠિત મહાનુભાવોની હાજરીમાં એક ભવ્ય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર કચ્છી જૈન સમાજના એક સંનિષ્ઠ કાર્યકર શ્રી લીલાધર ગડાના હસ્તે ફિઝિયોથેરાપી વિભાગનું તથા શ્રી ચંદ્રકાંત દામજી શાહના હસ્તે આયુર્વેદિક સારવાર કેન્દ્રનું દીપ પ્રાગટ્ય કરીને ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. એ શુભ પ્રસંગે પધારેલા મહાનુભાવો શ્રી બી.જે. દીવાન, શ્રી લીલાધર ગડા શ્રી ચંદ્રકાંત દામજી શાહ, શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇ ડૉ. કુમારપાળ દેસાઇ, શ્રી ગિરીશભાઇ પાઠક, ડૉ. કે.કે. શાહ તેમજ શ્રી પ્રભુદાસભાઇ શાહ સામેલ હતા અને તેઓશ્રીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

તા. ૧૪-૯-૯૭ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતે સમાજનું ૩૪મું વાર્ષિક સ્નેહ મિલન યોજવામાં આવેલ. જેમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, પર્યુષણ પર્વ દરમ્યાન થયેલ તપસ્યાની અનુમોદના જેવા કાર્યક્રમો પણ હતા. તે વખતે આઠ (અઢ્ઢાઇ) કે તેથી વધારે ઉપવાસ કરનાર ૪૨ જેટલા તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. સ્વામિવાત્સલ્યના કાયમી દાતાઓ શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા અને શ્રીમતી સુશીલાબેન બાબુભાઇ નાગડાના સૌજન્યથી સ્વામિવાત્સલ્યનો જમણવાર યોજવામાં આવ્યો હતો. ઉપરોક્ત કાર્યક્રમમાં સમાજના સભ્યોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. સમાજનું એક સ્વપ્ન હતું કે આપણા પોતાના જ સંકુલમાં સમાજનું વાર્ષિક સ્નેહ મિલન યોજવામાં આવે, તે સ્વપ્ન શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતે પ્રથમ સ્નેહ મિલન ઉજવીને સાકાર કરેલ હતું.

*ગમે તેવા હોય ગુણીજન, તોય માના સૌ ઋણીજન.*

શ્રી કચ્છી જૈન સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૨-૧૦-૯૭નાં રોજ મળેલ હતી. વર્ષ ૧૯૯૭-૯૮ માટે નીચે મુજબનાં હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી.

પ્રમુખ : ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
ઉપપ્રમુખ : શ્રી કાંતિલાલ વેલજી સાવલા
માનદ્‌મંત્રી : શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
સહમંત્રી : શ્રી વીરેન્દ્ર અસારીયા શાહ
ખજાનચી : શ્રી રાજેન્દ્ર મણિલાલ વસા

વર્ષ ૧૯૯૭ દરમ્યાન નાના-મોટા ઘણાં કાર્યક્રમો શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતે કરવામાં આવ્યા. **તે સાથે મેડિકલ સેન્ટર તરફથી પણ વિવિધ રોગોનાં નિદાન કેમ્પોનાં આયોજનો થયાં હતાં.** આપણું પોતાનું ભવન અને વળી તેમાં હોલની સગવડ થતાં સમાજની અનેક પ્રવૃત્તિઓને વેગ મળ્યો હતો.

★

ફરીથી અમદાવાદના આંગણે એક રૂડો અવસર આવી ઊભો. **એ અવસર એટલે શ્રી કચ્છી જૈન ભવનના નામકરણની વિધિ.** તે માટે જોરદાર તૈયારીઓ આદરી દેવામાં આવી. તા. ૨૧-૧-૯૮ તથા તા. ૨૬-૧-૯૮ એમ બે દિવસનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. સમારંભ માટેનાં અતિથિ વિશેષશ્રીઓ નક્કી કરવામાં આવ્યા તથા ભારતભરમાં વસતા કચ્છી જૈન મહાનુભાવોને આમંત્રણો પાઠવવામાં આવ્યાં. સમારંભનાં સફળ સંચાલન માટે સંસ્થાની પ્રણાલિકા મુજબ વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી અને તેઓને વિવિધ જવાબદારીઓ સોંપી દેવામાં આવી હતી. **શ્રી કચ્છી જૈન ભવનનાં ઉદ્‌ઘાટનનાં બરાબર ૩૬૫મા દિવસે જ ફરી આવો અનેરો રૂડો અવસર આવ્યો હતો.**

રવિવાર, તા. ૨૫-૧-૧૯૯૮ના દિવસે સવારના ૧૦ વાગે પ્રાર્થનાથી નામકરણ વિધિના બે દિવસના સમારોહનો શુભારંભ થયો.

શ્રી મદનકુમાર અંજારિયા "ખ્વાબ"એ મંચનું સંચાલન કરતાં સૌપ્રથમ મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાનો, આ શુભ અવસર પર પોતાની અનુપસ્થિતિનાં કારણો દર્શાવતો શુભેચ્છા સહિતનો પત્ર જે અમેરિકાથી પાઠવ્યો હતો, તેનું તેઓશ્રીએ વાંચન કર્યું હતું.

તા. ૨૫-૧-૧૯૯૮ના દિવસના સમારંભનાં પ્રમુખ તરીકે હૈદ્રાબાદના શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા હતા, જ્યારે અતિથિ-વિશેષ તરીકે શ્રી વિજયભાઈ ધારશી છેડાની સાથે શ્રી ગોપાલજી કાનજી ત્રેવાડિયા, શ્રી ચાંપશી હરશી તુંબડીવાળા, શ્રી લક્ષ કે. જૈન તથા શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા બિરાજમાન હતા. સાથે સાથે શ્રી રવજી મોરારજી લાલન, શ્રી છત્રપતિ નરશી જેઠાભાઈ દંડ, શ્રી ચંદુલાલ ગાંગજી ફ્રેમવાલા, શ્રી દામજી જીવરાજ વરંડીવાલા, શ્રી રવિલાલ એલ. પારેખ, શ્રી લક્ષ્મીચંદ વેરશી મસાલાવાલા, શ્રી રતનશી પ્રેમજી ગોગરી, ડૉ. મંજુલાબહેન વેલજી શાહ, શ્રી મહેન્દ્રભાઈ ગોવિંદજી લાલકા વગેરે મહાનુભાવો મંચ પર બિરાજમાન હતા.

સંકલ્પ ગ્રુપની યુવતીઓએ સ્વાગત ગીતથી અને સંસ્થાના ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલાએ સ્વાગત પ્રવચન દ્વારા મહેમાનો અને સમાજના સભ્યોનું સ્વાગત કર્યું.

સમારંભ પ્રમુખ શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા, સર્વે અતિથિ વિશેષશ્રીઓનું તથા અન્ય મહાનુભાવોનું સમાજના વિવિધ કાર્યકરો દ્વારા પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું.

શ્રી લક્ષ્મીચંદ વેરશી મસાલવાલાએ તેમજ શ્રી રતનશી પ્રેમજી ગોગરીએ દીપ પ્રગટાવીને સમારંભનું વિધિવત ઉદ્‌ઘાટન કર્યું.

સી.એન. ફાઇન આર્ટસનાં વિદ્યાર્થિની કુ. સંગીતા ગાલાએ પોતે દોરેલા ચિત્રની સમાજને અર્પણ વિધિ કરી, જેને સમાજે તાળીઓના ગડગડાટથી વધાવી કુ. સંગીતાને અભિનંદન આપ્યાં.

સમાજના માનદ્ મંત્રી શ્રી અશોકભાઈ મહેતાએ સંસ્થાની કામગીરી વિશે વિસ્તૃત અહેવાલ આપ્યો.

ત્યારબાદ અનેક નિર્માણ દાતાઓ (૨૫ કૂપન લેનાર)નું સન્માન જુદા જુદા મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું.

અતિથિ વિશેષ શ્રી વિજયભાઈ છેડાએ પ્રાસંગિક પ્રવચન દરમિયાન જણાવ્યું કે, **સહકાર - સંગઠન - સેવા - મૈત્રીના પાયા ઉપર આવું સમાજ ભવન નિર્માણ પામેલ છે.** અહીંના કાર્યકરોએ હૃદયની ભાવનાથી ભેગા મળી જે કાર્ય કર્યું છે તે અભિનંદનનીય છે. બાલ સમૃધ્ધિ યોજનાને કાર્યાન્વિત કરનાર સમાજના કાર્યકરો અભિનંદના અધિકારી છે. તમો બધા સારી માનવીય પ્રવૃત્તિ કરતા રહો તો સમાજ હંમેશાં તમારી પડખે રહેશે.

ત્યારબાદ જુદા જુદા ખંડો માટે રૂા. ૧ લાખ કે તેથી વધુ રકમનું દાન આપનાર દાનવીરોનું અલગ અલગ મહાનુભાવો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું.

રાજકોટમાં પણ આરોગ્ય ક્ષેત્રે સારું કામ થઈ રહ્યાની વિગત શ્રી જે.વી. શેઠિયાએ આપી હતી. શ્રી તિલકચંદ લોડાયાએ પ્રાસંગિક પ્રવચન કર્યું. શ્રી લક્ષ કે. જૈને પોતાના પ્રાસંગિક પ્રવચન દરમિયાન શિક્ષણ ક્ષેત્રે વધુ સારી કામગીરી થાય એ તરફ લક્ષ કેન્દ્રિત કરવા પર ભાર મૂક્યો. સમાજે યોગ્ય વિદ્યાર્થીને બધી સવલત પૂરી પાડવી જોઈએ. આપની સંસ્થા એવી બનવી જોઈએ કે જમાં લોકોનો વિશ્વાસ જળવાઈ રહે. ડૉ. મંજુલાબહેન શાહે સમાજના સભ્યોને વ્યાજ રહિત લોન મળી રહે તેવી કોઈક વિચારણા કરવાનો અનુરોધ કર્યો.

મહેમાનો અને અતિથિ વિશેષોનું મોમેન્ટો સાથે, શ્રી માવજી ધારશી ફુરિયા તરફથી પણ ચાંદીના સિક્કા દ્વારા મહેમાનોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

સમારંભ પ્રમુખ શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાએ પ્રવચન

*જે પુત્ર માતા-પિતાની સેવા ન કરે, તેમને હડધૂત કરે છે તેને જીવનમાં કદી પણ શાંતિ મળતી નથી.*

કરતાં જણાવ્યું કે, સમાજના દરેક સભ્યના સારા-માઠા પ્રસંગે મદદ કરવા માટે તત્પર રહેવું જોઇએ. કચ્છી બેન્ક માટે પણ વિચાર કરવા જેવો છે. એવી જ રીતે આવાસ યોજના માટે તેમજ આઇ બેન્ક માટે પણ કોઇક યોજના ઘડી કાઢવી જોઇએ. વિકાસની દૃષ્ટિએ જ્યારે શહેરમાં જમીન દુર્લભ થતી જાય છે ત્યારે આઉટ સ્કર્ટમાં જમીન લઇ રાખીએ તો ભવિષ્યનાં કામોમાં તે મદદરૂપ બની શકશે.

ભવનના ભોંયતળિયે આવેલ "શીતલધારા", લિફ્ટ, સંકુલની ઓફિસ તેમજ જેના ઉપર ૨૫ કૂપનવાળા નિર્માણ દાતા, ૧૦ કૂપનવાળા સન્માનનીય દાતા, ૫ કૂપનવાળા સમાજ શુભેચ્છક દાતા અને ૧ અને વધુ કૂપનવાળા દાતાઓનાં નામ કંડારાયેલાં છે તેવી ૧૯ જેટલી જુદી જુદી તકતીઓની અલગ અલગ ઉદ્‌ઘાટકોએ અનાવરણ વિધિ કરી. તે જ રીતે પહેલા - બીજા - ત્રીજા અને ચોથા માળે આવેલા જુદા જુદા ખંડો તેમજ સમાજની ઓફિસ, ભોજન કક્ષ, રિસેપ્શન કાઉન્ટર, પ્રતીક્ષા ખંડ, જનરલ વોર્ડ વગેરે ઉપરની તકતીઓનું જુદા જુદા ઉદ્‌ઘાટકોએ અનાવરણ કર્યું. આમ સમાજ ભવનના જે તે રૂમને તેના દાતાના નામ સાથે જોડી દેવાયા.

શ્રી હીરજી પાસુભાઇ શાહે આભારવિધિ કરી. રાત્રે અમદાવાદના દિનેશ હોલ ખાતે "સંકલ્પ" - શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન દ્વારા એક મનોરંજન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં ભારતની આઝાદીની સુવર્ણ જયંતીને અનુલક્ષીને બ્રિટિશરોએ આ દેશમાં કઇ રીતે પગપેસારો કર્યો તેમજ ત્યારબાદ આઝાદીની લડત, ગાંધીજીની અહિંસક લડત વગેરેની બખૂબી ઝલક દર્શાવીને ઇતિહાસની યાદ તાજી કરાવતો, તેમજ આઝાદી પછી દેશની એકતા અને એની સંસ્કૃતિની ઝલક દર્શાવતો કાર્યક્રમ રજૂ થયો હતો. પછીના બીજા ભાગમાં યુવાનોએ દેશભક્તિનાં ગીતો અને ફિલ્મી ગીતો ગાઇને મહેમાનનું મનોરંજન કર્યું. સમગ્ર કાર્યક્રમની ખૂબ પ્રશંસા થઇ. ૩૦ હજાર રૂપિયા કરતાં પણ વધુ રકમનાં પ્રોત્સાહક ઇનામો સંકલ્પને પ્રાપ્ત થયાં, જે આ કાર્યક્રમની લોકપ્રિયતાનો નિર્દેશ કરતા હતા.

આ સ્ટેજ પ્રોગ્રામની લાઇટીંગ વ્યવસ્થા સમાજના જ એક યુવાન વેપારી ફોકસ લાઇટિંગવાળા શ્રી પંકજ દેઢિયાએ કોઇ પણ ચાર્જ લીધા વગર કરી હતી.

બીજા દિવસે એટલે કે તા. ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૮ના પ્રજાસત્તાક દિને અનેક મહાનુભાવો, માનવંતા મહેમાનો સમાજના સભ્યો વગેરેની ભરચક હાજરીમાં ઉત્તર પ્રદેશના એડિશનલ ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ શ્રી મહેન્દ્રભાઇ ગોવિંદજી લાલકા, આઇ.પી.એસ.ના વરદ્ હસ્તે સંકુલના પટાંગણમાં ધ્વજવંદન રાષ્ટ્રગીતની સૂરાવલિઓ વચ્ચે થયું. શ્રી ચંદુલાલ ગાંગજી ફેમવાલાએ માતૃભૂમિ વંદનાનું ગીત ગાયું. બાદ, મહેમાનોએ મંચ પર પોતાનું સ્થાન લીધું. જેમાં આજના સમારંભ પ્રમુખ તરીકે સફારી ઇન્ડસ્ટ્રિઝના શ્રી સુમતિચંદ્ર હેમચંદ્ર મહેતા, મુખ્ય મહેમાન તરીકે શ્રી પૂનમચંદ હંસરાજ શાહ, અતિથિ વિશેષ તરીકે શ્રી રવજી મોરારજી લાલન તથા શ્રી દામજી જીવરાજ વરંડીવાલા, શ્રી છત્રપતિ નરશી જેઠાભાઇ દંડ, શ્રી ચંદુલાલ ગાંગજી ફેમવાલા, શ્રી મહેન્દ્રભાઇ ગોવિંદજી લાલકા, શ્રી રવિલાલ એલ. પારેખ હતા. ઉપરાંત શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા, શ્રી વિજયભાઇ છેડા, શ્રી ચાંપશી હરશી તુંબડીવાલા, શ્રી મૂલચંદભાઇ શેઠ, શ્રી રતનશીભાઇ ગોગરી, શ્રી લક્ષ્મીચંદભાઇ મસાલાવાલા, ડૉ. મંજુલાબહેન શાહ, શ્રી રાયચંદ કોરશી, શ્રી પારસ પદમશી કાનજી મૈશેરી, શ્રી બાબુભાઇ વી. નાગડા, શ્રી રામજીભાઇ મોતા અને કૈલાસભાઇ રવજી લાલન સાથે સમાજના ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલા, માનદ્ મંત્રી, સહમંત્રી વગેરેએ પણ મંચ પર સ્થાન લીધું હતું.

ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલાએ સ્વાગત ઉદ્‌બોધન કરી સહુને આવકાર્યા.

મંચ ઉપર બિરાજમાન મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું.

શ્રી અશોકભાઇ મહેતાએ આવકાર પ્રવચન આપ્યું.

શ્રી દામજીભાઇ વરંડીવાલાના હસ્તે નામકરણ વિધિનો આરંભ થયો. દેશદેશાવરથી આવેલા અતિથિઓ, ડ્રો કૂપનમાં યશસ્વી દાતા શ્રી રવજી મોરારજી લાલન અને તેમના પરિવારના સભ્યો તથા અમદાવાદના કચ્છી જૈન સમાજના સભ્યોની બહોળી હાજરીમાં મંચ પર રાખેલ પારણાને આપણા સમાજની ચાલી આવતી રૂઢિ અનુસાર 'ઓળી ઝોળી પીપળ પાન....' ગાન સાથે ઝુલાવીને તેમજ ભવનના સંકુલ ઉપર નામની તકતીનું અનાવરણ કરીને...

**"શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ"** ***સંચાલિત***

**"માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)**

## શ્રી કચ્છી જૈન ભવન"

વિધિવત નામાભિધાન કરવામાં આવ્યું. આમ આ સમાજ ભવન હવે આ નવા નામથી ઓળખાશે.

આ પ્રસંગે શ્રીમતી ભારતીબહેન કૈલાસ રવજી લાલને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું અને "પહેલું સુખ તે જાતે નર્યા" પુસ્તિકાનું વિતરણ કર્યું.

ડૉ. હિતેન્દ્રભાઇ શાહે દાંત અને એના આરોગ્ય વિશે તેમજ ડૉ. ગાર્ગીબહેન વસાવડાએ પંચકર્મ અને તેના ફાયદાઓ વિશે સવિસ્તાર માહિતી આપી હતી.

ત્યારબાદ શ્રી રવિલાલ એલ. પારેખે (બેંગ્લોર/અંજાર) સમાજના ભવન-સંકુલમાં આવેલ દંત ચિકિત્સા વિભાગનું તેમજ શ્રી પારસ પદમશી મૈશેરી તેમજ શ્રી રાયચંદ કોરશી શાહે સમાજ ભવન સંકુલમાં આવેલ પંચકર્મ ચિકિત્સા વિભાગનું દીપ પ્રગટાવીને ઉદ્‌ઘાટન કર્યું હતું.

શ્રી કચ્છી જૈન ભવનના નિર્માણમાં જેમણે સહયોગ આપ્યો છે તેવા વિવિધ મુખ્ય દાતાઓને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

શ્રી પૂનમચંદ હંસરાજ શાહે પ્રાસંગિક પ્રવચન કર્યું, શ્રી છત્રપતિ

*ક્રોધ મૂર્ખાઈથી પેદા થાય છે અને પશ્ચાતાપથી પૂરો થાય છે.*

નરશી જેઠાભાઇ દંડે પ્રાસંગિક પ્રવચન દરમિયાન કચ્છી સમાજની પોતાની બેન્ક ઊભી કરવાના સૂચન સાથે આશ્રમશાળા કે છાત્રાલયની જરૂરત ઉપર તેમજ વિવિધલક્ષી જીવનઉપયોગી શિક્ષણની જરૂરત ઉપર ભાર મૂક્યો. તેઓશ્રીએ સંકલ્પની પ્રવૃત્તિને સારી રીતે બિરદાવી હતી. શ્રી રવિલાલ એલ. પારેખે પ્રાસંગિક પ્રવચન કર્યું. શ્રી ચંદુલાલ ગાંગજી ફેમવાલાએ પ્રાસંગિક પ્રવચનમાં પ્રસંગને અનુરૂપ ગીત પણ ગાયું. અતિથિ વિશેષ શ્રી મહેન્દ્રભાઇ લાલકાએ પ્રાસંગિક ઉદ્‌બોધન દરમિયાન ઉત્તર પ્રદેશની મુલાકાતે આવવા ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું.

કુ. સંગીતા ગાલાને તેનાં ચિત્રો સમાજને અર્પણ કરવા બદલ સમારંભ પ્રમુખ શ્રી સુમતિચંદ્ર હેમચંદ્ર મહેતાના હસ્તે સન્માનિત કરવામાં આવી.

શ્રી રવજી મોરારજી લાલન તરફથી સંકલ્પ ગ્રુપનું સન્માન કરવામાં આવ્યું. સંકલ્પના પ્રમુખ શ્રી હીરેન શાહે સંકલ્પની પ્રવૃત્તિની રૂપરેખા આપતાં સમાજને વિનંતી કરી કે પોતાના બાળકોને આવી પ્રવૃત્તિમાં સામેલ થવા પ્રોત્સાહિત કરે.

સમારંભ પ્રમુખ શ્રી સુમતિચંદ્ર હેમચંદ્ર મહેતાએ પ્રમુખ સ્થાનેથી બોલતાં જણાવ્યું કે, **અમદાવાદના કચ્છી જૈન સમાજની એકતા દાખલારૂપ છે.** અહીંયા સારી પ્રવૃત્તિ માટે દાનનો પ્રવાહ વહેતો જ રહેશે. "સંકલ્પ" એ આપણી ભાવિ મૂડી છે.

માનદ્ મંત્રી શ્રી અશોકભાઇ મહેતાએ આભાર વિધિ કરી. સાથે સાથે સંકલ્પ તેમજ અન્ય વોલંટિયર્સ ગ્રુપની રસોડાની, રેલવે સ્ટેશન પરની તેમજ અન્ય કામગીરીને ખૂબજ સરસ રીતે બિરદાવેલ હતી. આ પ્રસંગે બંને ભવન પરના સ્ટાફની કામગીરીને પણ બિરદાવવામાં આવેલ હતી. આ પ્રસંગે વિવિધ સમિતિઓની સુંદર કામગીરી બદલ અભિનંદન આપવામાં આવેલ હતાં.

બે દિવસ સુધી મંચ સંચાલન કરનાર કવિ શ્રી મદનકુમાર અંજારિયાએ જે રીતે શ્રોતાઓને જકડી રાખ્યા હતા, તેની પ્રશંસા કરવામાં આવી.

બપોરના સ્વામિવાત્સલ્ય ભોજન બાદ કાર્યક્રમની સમાપ્તિ થયેલ હતી.

તા. ૨૩-૧-૧૯૯૮ના રોજ શ્રી કચ્છી જૈન ભવન નામકરણ વિધિનો બે દિવસનો સમારોહ નિર્વિઘ્ને સંપન્ન થાય તે અર્થે શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી ફુરિયાએ પંચ કલ્યાણની પૂજાનું આયોજન કર્યું હતું.

શ્રી કચ્છી જૈન મહિલા ભક્તિ મંડળની બહેનોએ ધરણીધર દેરાસર ખાતે ભાવપૂર્વક પંચકલ્યાણ પૂજા ભણાવી હતી.

બહારગામથી પધારેલ મહેમાનોએ તા. ૨૬-૧-૧૯૯૮ના રાતના અથવા તા. ૨૭-૧-૧૯૯૮ના સવારમાં વિદાય લીધેલ હતી. બે દિવસનાં કાર્યક્રમ દરમ્યાન પધારેલા મહાનુભાવોએ દાનની સરવાણી વરસાવેલ હતી.

આ પ્રસંગે નીચે મુજબના મહાનુભાવો તરફથી માતબર રકમનાં દાનો જાહેર કરવામાં આવ્યાં હતાં.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી રવજી મોરારજી લાલન | (કોડાય - મદુરાઇ) |
| ૨. | શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી | (મુંદ્રા - ઝરિયા) |
| ૩. | માતુશ્રી પાનબાઇ ધારશી છેડા<br>હ. શ્રી વિજય ધારશી છેડા | (કુંદરોડી - મુંબઇ) |
| ૪. | શ્રી પૂનમચંદ હંસરાજ શાહ | (ભુજ - મુંબઇ) |
| ૫. | શ્રી દામજી જીવરાજ વરંડીવાળા | (વરંડી - હૈદ્રાબાદ) |
| ૬. | શ્રી છત્રપતિ નરશી જેઠાભાઇ દંડ | (વરાડિયા - મલકાપુર) |
| ૭. | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા | (પત્રી - હૈદ્રાબાદ) |

આ ઉપરાંત નીચે મુજબના મહાનુભાવોએ નોંધપાત્ર રકમનાં દાનો જાહેર કર્યાં હતાં.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી કોરશી હીરજી ચેરિટેબલ ટ્રસ્ટ<br>હ. રાયચંદ કોરશી શાહ | (મુંબઇ) |
| ૨. | શ્રીમતી લક્ષ્મીબહેન જે. શેઠિયા ચે. ટ્રસ્ટ<br>હ. શ્રી જે.વી. શેઠિયા | (લાખાપુર - રાજકોટ) |
| ૩. | શ્રી પદમશી કાનજી મૈશેરી ચે. ટ્રસ્ટ | (રાપર ગઢવાળી - મુંબઇ) |
| ૪. | શ્રી ચાંપશી હરશી તુંબડીવાળા | (તુંબડી - મુંબઇ) |

*(ક્રમશઃ)*

*મુક્કાની સામે મુક્કો મારવો એ સહેલો છે, પણ ઉગામાયેલા મુક્કાને ખિસ્સામાં મૂકવો તે અઘરું છે.*

# મહાન તત્ત્વવેત્તા : સોક્રેટીસ

• શાંતિલાલ સંઘવી •

ગ્રીક ફિલસુફ સોક્રેટીસના નામથી આપણે સૌ સારી રીતે પરિચિત છીએ. મને આશા છે કે એના જીવન વિશે વધુ જાણવામાં આપણને સૌને રસ પડશે.

સોક્રેટીસ (ઇ.સ. પૂ. ૪૬૯-૩૯૯) એથેન્સના એક શિલ્પકાર પિતા અને દાયણ માતાનો પુત્ર હતો. પિતાનો ધંધો તેણે છોડી દીધેલો. અને તત્ત્વચિંતન એનો પ્રિય વિષય હતો. **કહેવાય છે કે ગ્રીસના સમગ્ર ઇતિહાસમાં સોક્રેટીસ કરતાં ચડિયાતું અને આકર્ષક પાત્ર બીજું કોઇ નથી.**

તેનો શારીરિક દેખાવ વિચિત્ર હતો. આંખો કાંઇક વધારે પડતી બહાર નીકળેલી હતી, હોઠ ખૂબ જાડા હતા, નાક ચીબું હતું, ચાલવાની રીત પણ કઢંગી હતી. પણ તેના વ્યક્તિત્વ અને વાતચીત કરવાની રીત અને પ્રસન્નતાનો પ્રભાવ એવો જોરદાર હતો કે તેમની અસર નીચે આવનાર માણસ તેના શારીરિક બેડોળપણાને ભૂલી જતો. વાતચીત અને ચર્ચા કરવી એ એના જીવનનું મુખ્ય કામ હતું. તેનું જીવન અતિશય સાદું અને કરકસર યુક્ત હતું. સાદું અને સસ્તું ભોજન, સોંઘું પીણું, ઉપરાંત તે ક્યારેય બૂટ કે ચંપલ પહેરતા નહીં. શિયાળો હોય કે ઉનાળો તે કેવળ એક જર્જરિત અંગરખું પહેરતા. તેમનો વધુમાં વધુ સમય બજારમાં કે અન્ય સ્થળે જ્યાં ઘણા લોકો ભેગાં થયા હોય ત્યાં પસાર થતો. એને કોઇ એવો જણ મળી જાય જેને પ્રશ્નોમાં જીવંત રસ હોય અને પ્રશ્નોની ચર્ચામાં રસ હોય તો તે ખૂબ રાજી થતા. તેઓ કહેતા કે 'મારી વાત સાંભળનાર માણસ આસાનીથી ન મળે તો હું એના માટે પૈસા ખર્ચવા પણ તૈયાર છું!' મૂળે તેઓ અત્યંત સંતોષી અને સંયમી હતા. તેમનામાં ખૂબ સહનશક્તિ હતી. તેમણે લડાઇમાં પણ ભાગ લીધેલો અને ઘણી બહાદુરી બતાવેલી.

સોક્રેટીસની કિશોરાવસ્થા અને યુવાવસ્થાનો કાળ એ એથેન્સનો સુવર્ણ યુગ હતો. અત્યંત પ્રતિભાશાળી અને વિદ્વાન લોકશાહી માન્યતા ધરાવતા નેતા પેરિક્લીસની આસપાસ સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને કલાના ક્ષેત્રના વિખ્યાત માણસોનું વૃંદ વીંટળાયેલું રહેતું. ગ્રીક સમાજમાં સોક્રેટીસે અનેક પ્રશ્નોની ચર્ચા કરી છે એના વિશે તો અલગ એક પુસ્તક બની શકે. દા.ત. સુંદર વસ્તુનું સૌંદર્ય શાને આભારી છે? (આપણને આવો પ્રશ્ન જાગે નહીં પણ સોક્રેટીસે આ પ્રશ્નની ઘણી લાંબી ચર્ચા કરી છે) એનું ચિંતન ભૌતિક વિજ્ઞાન સાથે નહીં પણ નૈતિક અને માનસિક જીવન સાથે સંબંધ ધરાવે છે. 'સદ્‌ગુણ એ જ્ઞાન છે' એવો બિલકુલ નવો વિચાર એ સોક્રેટીસની દેણ છે. ઉપરાંત સોક્રેટીસ સદગુણને જુદા જુદા અનેક સદ્‌ગુણોના સમૂહરૂપ ગણતા નથી એમના મતે સદ્‌ગુણ એક અને અવિભાજ્ય છે - આ વિચાર પણ સાવ નવો જ તે સમયે હતો. ડેલ્ફીના દેવળમાં એવો પ્રશ્ન પૂછાયેલો કે સમગ્ર માનવજાતમાં સૌથી વિશેષ જ્ઞાની કોણ છે? **જવાબ મળેલો કે એકમાત્ર સોક્રેટીસ સૌથી વધારે જ્ઞાની છે.**

પણ ખુદ સોક્રેટીસને આ વાત સાચી ન લાગી. તેમણે લોકોમાં ખૂબ જ્ઞાની ગણાતા માણસોની મુલાકાતો લેવા માંડી. પણ એ તમામ માણસોમાં તેણે કેવળ જ્ઞાનનો દંભ અને ઘમંડ જોયા. ફરક એટલો જ પડ્યો કે તેઓ માનતા હતા કે તેઓ ખૂબ જ્ઞાની છે જ્યારે સોક્રેટીસ માનતા હતા કે પોતે કશું જ જાણતા નથી. **તે માનતા કે મોક્ષ જેવી કોઇ જ ચીજ નથી પણ સત્યજ્ઞાન એજ મોક્ષ છે.** જે જે વિચાર, માન્યતા, રૂઢિ તેમના મત મુજબ અયોગ્ય લાગી તે બધાની સામે તેમણે પોતાના તર્કસંગત વિચારો રજૂ કર્યા. રાજ્ય કે સમાજનું હિત શેમાં રહેલું છે? એટલે કે સદ્‌ગુણનું અંતર્ગત સ્વરૂપ કેવું છે? એ બાબતમાં એટલે કે નૈતિકતાના મૂળભૂત સ્વરૂપ બાબતે લોકો અજ્ઞાત જ હતા. તેણે ઘોષણા કરેલી છે કે "એથેન્સના લોકો! હું તમારો આદર કરું છું, પણ હું તમારી આજ્ઞા નહીં પણ ભગવાનની આજ્ઞા પાળવાનું પસંદ કરીશ. જ્યાં સુધી મારામાં પ્રાણ છે ત્યાં સુધી તત્ત્વસિંચન અને જ્ઞાનને આચરણમાં મૂકવાનું પસંદ કરીશ. જો મને કોઇ જિજ્ઞાસુ માણસ મળી આવશે તો તેને કહીશ કે શક્તિશાળી અને સમૃધ્ધ એવા એથેન્સના નાગરિક થઇને તમે વિપુલ ધન-સંપત્તિ ભેગી કરવાની, માન મેળવવાની અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની ઝંખના શા માટે રાખો છો? વિવેકજ્ઞાન, સત્ય અને આત્મસુધારણા માટેના તમારા પ્રયાસ નહિંવત્ છે."

જેના કારણે એક માણસ અન્ય માણસથી જુદો પડે છે એવી એની વ્યક્તિગત ઇચ્છાઓ, લાગણીઓ અને સંવેદનો દ્વારા માણસના સ્વરૂપને પામવાનો તેનો ઇરાદો નથી. તેને બદલે નૈતિક દૃષ્ટિ અને પ્રમાણભૂત જ્ઞાનના આધારે સર્વે માણસોને એકત્રિત કરનાર બૌધ્ધિક તત્ત્વોમાં માણસના સ્વરૂપને શોધવાનો તેનો પ્રયત્ન છે. તેણે કહેલી અનેક વાતો આપણા ઉપનિષદના તત્ત્વજ્ઞાનને મળતી આવે છે. તે કહે છે **"જ્યારે આત્મા પોતાના મૂળ સ્વરૂપ તરફ ગતિ કરે છે ત્યારે તે વિચાર કરે છે.** પછી તે પવિત્રતા, શાશ્વતતા, અમરતા, અપરિવર્તનશીલતા વગેરેના પ્રદેશમાં જાય છે અને તેમની સાથે શાશ્વતપણે રહે છે. અહીંથી તેની વળતી ગતિ થતી નથી તેમજ તેને કશો અવરોધ નડતો નથી. આ પ્રદેશમાં તે તમામ ભ્રામક બાબતોથી બચી જાય છે અને

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૬ ઉપર)

*માનવતા એ દરેક ધર્મની જનેતા છે.*

# મોડું થાય તે પહેલા જાગો!

## લંડનમાં ઐતિહાસિક શ્યામજી નિવાસનું ક્રાંતિસ્થાન વેચાઈ રહ્યું છે....

• વિષ્ણુ પંડ્યા •

લંડનમાં જે મિત્રો ગયા હોય અને સ્વાતંત્ર્ય - ઈતિહાસમાં રસ હોય તેમને બે પ્રકારના સ્મારક - સ્થાનો જોવા મળશે. એક, જેમણે ૧૮૫૭માં આપણા વીર વિપ્લવીઓને રહેંસી નાખ્યા હતા. તેવા અંગ્રેજ સેનાપતિઓનાં પૂતળાં.... અને બીજાં, જેમણે લંડનમાં બેસીને ભારતની આઝાદીનો ધ્વજ ફરકતો રાખ્યો તેવા મહાન ક્રાંતિકારોનાં સ્થાનો!

આ બીજા પ્રકાર છે તે આપણા સમાજની ઘોર ઉપેક્ષાને લીધે અજાણ્યા થઈ ગયા છે. તેમાં પંડિત શ્યામજી કૃષ્ણવર્માનું નિવાસ સ્થાન જે ઇ.સ. ૧૯૦૦થી ૧૯૦૫ સુધી ઈન્ડિયા હાઉસના નામે પ્રવૃત્ત હતું તે, અને બીજું ૧૯૦૫થી વીર સાવરકરે જેને ક્રાંતિમથક બનાવી દીધું તે ભારત-ભવન.

શ્યામજી કૃષ્ણવર્માને જે ગુજરાતીઓ અને કચ્છીજનો મહાન ક્રાંતિકારી માને છે તેમને આઘાતજનક સમાચાર એ છે કે પંડિતજીના નિવાસ સ્થાનનું બજારમાં વેચાણ થવાનું છે.

આજે પંડિતજી આપણી વચ્ચે નથી. તેમની જિનિવામાં વિદાયને ૮૦થી વધુ વર્ષ થઈ ગયાં છે. આજે આપણી વચ્ચે સાવરકર, સરદારસિંહ રાણા, લાલા હરદયાળ કે મદનલાલ ધીંગરા પણ નથી. કોઈને ફાંસી મળી તો કોઈ ભારતમાં અવસાન પામ્યા છે. વીરેન્દ્રભાઈ ચટ્ટોપાધ્યાય (સરોજિની નાયડુના ભાઈ)ને તો રશિયાની જેલમાં જ પતાવી દેવાયા હતા.

આવા અનેક ક્રાંતિકારોની કર્મભૂમિ હતું, શ્યામજીનું નિવાસ સ્થાન અને ઈન્ડિયા હાઉસ. લંડનના હાઈગેટ પર, મસવેલ હિલ માર્ગ આ ત્રણ મજલાની ઈમારત આવેલી છે. બ્રિટનની બહાવરી સરકારે અને 'લંડન ટાઈમ્સે' જેને 'મિસ્ટ્રી હાઉસ' કહ્યું હતું તે ખરેખર તો 'હિસ્ટ્રી હાઉસ' બની ગયેલું! ઇ.સ. ૧૯૦૫માં તે પંડિત શ્યામજી કૃષ્ણવર્માએ ખરીદીને તેને 'ઈન્ડિયા હાઉસ' નામ આપ્યું. પછી તો ત્યાં ક્રાંતિના પાઠ ભણવા માટે ભારતમાંથી અનેક યુવાનો પહોંચ્યા. વીર સાવરકર તેમાંના એક હતા, જેમણે અહીં બેસીને '૧૮૫૭ એ બળવો નહોતો, સ્વાતંત્ર્ય જંગ હતો' તે ઈતિહાસ લખ્યો. લંડનની ધરતી પર ૧૮૫૭ની ઉજવણી કરી, તેના અલગારી શિષ્ય મદનલાલ ધીંગરાએ ઈમ્પીરીયલ ક્લબમાં, ભારતમાં જુલમ વરસાવનારા, કર્ઝન વાયલીને જાહેરમાં ગોળીએ દીધો અને હસતાં હસતાં આ યુવાન લંડનની પેંટોવિલા જેલમાં ફાંસીના માંચડે ચઢી ગયા! આ ઈન્ડિયા હાઉસમાં આયરલેન્ડનાં ક્રાંતિકારી ડી વેલેરા અને રશિયન નેતા લેનિન પણ આવ્યા હતા. અહીં લાલા લજપતરાય, સરદાર અજિતસિંહ, લાલા હરદયાળ, વી.વી.એસ. ઐય્યર, બિપીનચંદ્ર પાલ જેવા સમર્થોએ આઝાદીની જ્વાળા પ્રગટાવી હતી. દાદાભાઈ નવરોજી સહિત સૌએ 'હોમરૂલ લીગ'ની સ્થાપના કરી અને શ્યામજી કૃષ્ણવર્માએ ૧૯૦૫માં 'ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ' અખબાર શરૂ કરીને દુનિયાને બ્રિટીશ સામ્રાજ્યવાદીઓએ ભારત પર કરેલા દમન, અત્યાચાર અને ગુલામીનો પર્દાફાશ કરી દીધો હતો.

આ બંને ઈમારતો નથી, આપણી સ્વાતંત્ર્ય સાધનાના કીર્તિ મંદિરો છે, ક્રાંતિતીર્થો છે. તેમાં રહેનારા અંગ્રેજ નિવાસીઓએ ખુલ્લી બજારમાં તેના વેચાણની જાહેરાત કરી છે. તેની કિંમત લગભગ ૧૨થી ૧૫ કરોડ રૂપિયા થવા જાય છે.

કચ્છ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતના શ્યામજી પ્રેમીઓ અને સ્વાતંત્ર્યપ્રેમીઓને માટે આ ખુલ્લો પડકાર અને ખુલ્લી તક છે. શું તેઓ એક સમિતિ બનાવીને, આ રકમ ખર્ચીને 'ઈન્ડિયા હાઉસ' ખરીદીને તેને 'ક્રાંતિતીર્થ' સ્મારકમાં બદલાવી ના શકે?

તેવું થવું તો જોઈએ. હજારો પ્રસંગોમાં અનેક રીતે અઢળક ખર્ચ થાય છે ત્યારે આ તો વિદેશની ધરતી પર ભારત અને ગુજરાત અને કચ્છની સ્વાતંત્ર્ય કથાને જાળવી રાખવાનું ઐતિહાસિક કાર્ય છે.

આ પહેલાં ગુજરાત સરકાર અને તેના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ એક ઐતિહાસિક કામ કર્યું. તે જિનિવાથી પંડિતજીના અસ્થિ પરત લાવીને, માંડવીમાં 'ક્રાંતિતીર્થ' બનાવવાનું. એ કામ તો થયું અને પાંચ - સાત લાખ લોકો તેનાં દર્શને જઈ આવ્યા છે અને બેનમૂન શાનદાર સ્મારક બન્યું છે.

પણ હવે આ બીજો પડકાર લંડનનાં 'ઈન્ડિયા હાઉસ'ને સ્મારકમાં બદલવાનો છે. એક સ્થાનને તો હવે ખરીદી શકાય તેમ નથી પણ બીજાને માટે ૧૫-૧૬ કરોડ રૂપિયાની જરૂરત રહે. આપણે ત્યાં અનેક ઉદ્યોગપતિઓ છે, તેમાંના રાષ્ટ્રપ્રેમી ઉદ્યોગપતિઓ ધારે તો આટલી રકમ કાઢીને ઈન્ડિયા હાઉસને બચાવી શકે. આ તેમને કરેલી કમાણીનું સમાજ પ્રત્યે ઋણ ચૂકવવાની તક છે. એકસો ફેક્ટરીની જોડે એક ક્રાંતિતીર્થની રચના એ ભારે મહત્ત્વનો નિર્ણય બની શકે. મારા અભિપ્રાય પ્રમાણે આમ કરવા માટે દામજીભાઈ એંકરવાલા, કાંતિસેન શ્રોફ, આશાપુરાવાળા શ્રી ચેતન શાહ વગેરે એકઠા થઈને એક સમિતિ બનાવે અને જલદીથી નિર્ણય ગાંધીનગર - અમદાવાદના કચ્છી માડુઓ એ કરે. ભાનુશાળી સમાજ અને

*સુપાત્ર સમજે વાતે, કુપાત્ર સમજે લાતે.*

જુદા જુદા જાતિ, વ્યવસાયના સંગઠનો પણ ફંડ ઊભું કરે. ચેમ્બર ઑફ કોમર્સ આગળ આવે, ડોક્ટરો, એન્જિનિયરો, સમાજ સંસ્થાઓ, અખબારો પણ સક્રિય થાય અને 'ઈન્ડિયા હાઉસ' બીજા હાથોમાં ચાલ્યું જાય તે પહેલાં ખરીદીને તેને ભવ્ય ક્રાંતિ સ્મારકમાં બદલીએ તો જ આપણા મહાન ક્રાંતિકારી દેશભક્તો પ્રત્યેનું ઋણ ચૂકવ્યું ગણાશે.

અખિલ ગુજરાત ઇતિહાસ સંશોધન કેન્દ્રની વેબસાઈટ લંડનથી હેમંત પાધ્યાના ઇ-મેઈલ્સ અને દિવ્ય ભાસ્કર, ઇ-ભાસ્કર, કચ્છ ઉદય પછી લંડનના 'ઈન્ડિયા હાઉસ'ને સ્મારકમાં બદલી શકાય કે નહીં તેનો વિચાર શરૂ થઈ ગયો છે.

પણ આ વિચાર અમલમાં મૂકવામાં ઉતાવળ કરવી જોઈએ. મકાન વેચાણમાં મૂકાયું હોય તેને ખરીદનારા તો ઘણા બધાં મળી રહે અને આપણે ઊંઘતા ઝડપાઈએ કે અરે, ક્રાંતિતીર્થનું ઋણ અદા કરવાનો મોકો આપણે ચૂકી ગયાં!

શ્યામજીનું વતન કચ્છ-માંડવી હતું. એટલે કચ્છી માડુઓની જવાબદારી વધી જાય છે. આ કામ તો સરકાર જ કરશે એવી માન્યતા ઠીક નથી. છેવટે તે આખેઆખા સમાજની જવાબદારી છે અને સમાજમાં અખબારો, જાતિ મંડળો, સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ, ઉદ્યોગગૃહો, વ્યવસાયિકો, રાજકારણીઓ.... બધા જ આવી જાય છે. તેમણે જલદીથી લંડનમાં રહેલી આ શાનદાર ઐતિહાસિક ઈમારતને ખરીદીને સ્મારકમાં બદલાવી નાખવી જોઈએ. એ રીતે માંડવીનું ક્રાંતિતીર્થ - ટુરિઝમનાં જરીકેય પ્રયાસ વિના લાખો લોકોનાં શ્રદ્ધાનું સ્થાન બની ચૂક્યું છે, તેવું લંડનનું 'શ્યામજી પુણ્યસ્થાન' કેમ ન બની શકે? ગુજરાતી દૈનિક ઈ-ભાસ્કરની નેટ આવૃત્તિ પરથી આ વિગતો જાણીને એક લંડનવાસી ગુજરાતીએ જણાવ્યું કે અરે, અમને તો હવે ખબર પડી કે લંડનમાં આપણી સ્વાતંત્ર્ય સાધનાનું આવું ઐતિહાસિક કેન્દ્ર છે! લંડનમાં એક સમર્પિત નાગરિક હેમંત પાધ્યા વર્ષોથી આ સ્મારક માટે સક્રિય રહ્યા છે. તેમણે પણ અપીલ કરી છે.

કચ્છી ઉદ્યોગપતિઓમાંના કેટલાકને તો હું વ્યક્તિગત રીતે જાણું છું. તેમના મનમાં સમાજ અને દેશનાં હિતની ભારોભાર ભાવના છે. આશાપુરાના ચેતન શાહ ભલે મુંબઈવાસી હોય પણ તે અને તેમનાં પત્ની દીવાબેન તો કચ્છમાં સમગ્ર ભારતના આઝાદી જંગનું કાયમી ભવ્ય પ્રદર્શન કરાવવા ઈચ્છે છે! દામજીભાઈ એંકરવાલા કાયમ માટે સામાજિક - રાષ્ટ્રીય કાર્યોમાં અગ્રેસર રહ્યા છે. કોલકત્તામાં (હવે સ્વર્ગસ્થ) કુંવરજીભાઈ કાયમ માટે બિદડા ટ્રસ્ટની વાત કરતા, ને જણાવતાં કે કોલકત્તાના ગુજરાતીઓમાં હું એકમાત્ર 'સફેદ ટોપી'વાળો બચ્યો છું! જોકે બિહારીભાઈ શાહ પણ એવાં જ યશસ્વી કોલકત્તાવાસી હતા. ઘરઆંગણે કચ્છમાં કાંતિસેનભાઈ શ્રોફ અને શ્રોફ પરિવારનું કામ બોલે છે. બીજા ઘણા મહાનુભાવો હશે.

મારે એટલું જ કહેવું છે કે આ બધાં, બીજા ઘણા બધા કાર્યોની જેમ લંડનમાં 'ક્રાંતિતીર્થ' બનાવવાની વાતને ગંભીરતાથી ઉપાડી લે અને એક સ્વતંત્ર પ્રજાકીય ટ્રસ્ટ લંડનના ઐતિહાસિક સ્તાનને એવું લોકપ્રિય અને શાનદાર બનાવે કે લંડન જતો દરેક ભારતીય ત્યાં ક્રાંતિકારોની પાવન સ્મૃતિમાં માથું નમાવવા જરૂર જાય. ખાલી કચ્છની અસ્મિતા, ખુશ્બૂ - એમ પોરસાવાને બદલે આ પડકાર છે.

આ કરવું જોઈએ. મોડું થાય તે પહેલા અને જલદીથી કરવું જોઈએ.

***મો. ૯૪૨૭૮ ૦૪૭૨૨***

***સૌજન્ય : 'ગાંધીનગર સમાચાર'***

## આપણાં સુખ-દુઃખ — તુલનાના!

વિચાર કરતાં એમ લાગે છે કે આ તુલના શક્તિની તો કેવી ખૂબી છે?

મનમાં એક વિચાર ચાલતો હતો. મોં મલકાતું હતું. પોતાની જાતને મોટી સમજતો હતો, સુખી માનતો તો... અચાનક જે કાંઈ યાદ આવ્યું, તેની સાથે સરખામણી થવી શરૂ થઈ. મોં પડી ગયું! સુખ રાખ થઈ ઊડી ગયું. દુઃખના વિચારોથી મન હવે કડવું થઈ ગયું. મનમાં પીડા ઊપડી. અજંપો થયો. દેહમાં વેદના થઈ આવી... એવામાં બીજું કંઈ યાદ આવ્યું. કોઈકે આવી વધુ દુઃખી માણસની વાત કરી. એ સાંભળી મનને સારું લાગ્યું! પેલી વેદના ઓસરવા લાગી.

શું છે આ? તુલનાની આ તે કેવી તાકાત?

મેળામાં મહાલવા એક માણસ જતો હતો. મસ્તીભરી ચાલ હતી અને ગળામાંથી ગીતોના સૂર રેલાતા હતા. એવામાં રસ્તે ઉતાવળે ચાલતાં માણસોના પગ પર નજર પડી. અનેક નર-નારીને એ જાતજાતનાં પગરખાં પહેરીને જતાં જોયાં. રે નસીબ! મસ્તીના ગીતો વરાળ થઈ ઊડી ગયા! હાય રે! મારા પગમાં કાંઈ નહીં? હું ઊઘાડપગો! અટકી ગયો. મોળો પડી ગયો. દુઃખી દુઃખી થઈ ગયો! આગળ વધતાં, ચકડોળ પાસે એક ઠેલણગાડીમાં સુતેલો માણસ જોયો. આને તો પગ જ ન હતા! તેને જોયો અને થયું : હાશ! મને પગ તો છે! મલકાયો. મનને ઘેરી વળેલો વિષાદ દૂર થયો.

આપણે, આપણા સુખ-દુઃખને કશીયે સરખામણી વિના તેના સ્વરૂપને પામીએ અને સ્વીકારીએ તો કેવું સારું? જ્યારે તુલના કરીએ છીએ ત્યારે જ ઉપાધિ આવે છે! આમ, આપણાં સુખ-દુઃખ વાસ્તવિક છે જ નહીં. કશી તુલના વિના જ જો સુખ-દુઃખનો વિચાર કરીએ તો કેવું સારું. અરે! આપણે કોઈને સારા કે ખોટા કહીએ છીએ એ પણ અન્યની સરખામણીએ જ ને?

હવે, તુલનાના કશા વળગણ વિના વિચારવાની ટેવ પાડવા જેવી છે. તુલના બધે ખપની નથી. ■

*અશક્યતાનો પરાજય એટલે પ્રગતિ.*

# ગુજરાતમાં સૌર ઊર્જાનું સફળ અને અદ્‌ભુત આયોજન

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

દેશ વિદેશમાં વીજળીની માંગ એટલી બધી રહે છે કે તેને પહોંચી વળવા વૈજ્ઞાનિકો વિવિધ વિદ્યુત પર્યાયો શોધતા રહ્યા છે. વિદ્યુત શક્તિની આવશ્યકતા અનેક ક્ષેત્રે અનેક ઘણી છે. તેના વિના કોઇ વિકાસ શક્ય નથી. ગુજરાતની ખેતીનો મોટો ભાગ ભૂગર્ભ જળને આધારિત છે. ઇ.સ. ૨૦૧૦માં ગુજરાતમાં સાડા સાત લાખ વિદ્યુત જોડાણો હતાં જે વધતાં રહ્યાં છે. ખેડૂતોને દરરોજ આઠ કલાક પુરવઠો અપાઇ રહ્યો છે. જ્યોતિ ગ્રામ યોજના હેઠળ ૧૮,૧૨૮ ગામડાંને વિદ્યુત પુરવઠો અપાઇ રહ્યો છે.

ગુજરાત સૌર ઉર્જા ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. **ગુજરાતનો ભાવિ વિકાસ આઇ.ટી., બી.ટી. – બાયો ટેકનોલોજી અને ઇ.ટી. – એન્વાયરમેન્ટ ટેકનોલોજી આમ ત્રણ આધાર સ્થંભ ઉપર થઇ રહ્યો છે.** ગુજરાત આજે વીજ પુરાંતવાળું રાજ્ય બન્યું છે. સૌર ઊર્જા કે સૂર્ય શક્તિ દ્વારા વીજ ઉત્પાદન સસ્તું થાય, એ દિશામાં અવિરત પહેલ થઇ રહી છે. પ્રારંભમાં પ્રતિ યુનિટ રૂા. ૧૫નો વીજ ઉત્પાદનનો ખર્ચ સૌર ઊર્જાથી આવતો હતો. જે આજે સાડા આઠ રૂપિયા પ્રતિ યુનિટ થયો છે. જે નજીકના ભવિષ્યમાં રૂા. ૪ થઇ જશે. ગુજરાતમાં સોલાર પાર્ક, સોલાર અને વીન્ડ એનર્જી હાઇ-બ્રીડ પાવર પ્રોજેક્ટ કાર્યરત છે. હવે તો રૂફ ટોપ સોલાર પાવર પોલીસીના પરિણામે લોકો પોતાની છત પર, સૂર્ય ઊર્જાથી વીજળી ઉત્પન્ન કરી સરકારને વેંચી શકશે.

ગુજરાત સરકારના ક્લીન ક્લાયમેન્ટ ઇનીશીયેટીવ અંતર્ગત ગાંધીનગર ખાતે છત આધારિત રૂફટોપ ગ્રીડ કનેક્ટેડ સૌર ઊર્જા યોજના હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૧૨-૧૩માં સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગરમાં રૂફટોપ યોજના વિસ્તારવામાં આવશે. ગુજરાત સરકાર સોલાર પાવર ઇક્વીપમેન્ટ મેન્યુફેક્ચરીંગ એકમો મોટા પાયે સ્થાપવા માંગે છે. જેમાં ૩૦,૦૦૦ લોકોને રોજગારી મળશે. આઇ.ટી.આઇ. ટેકનોલોજી સેન્ટર્સમાં સોલાર ઊર્જાના નૂતન કોર્સ શરૂ થઇ ગયા છે. સોલાર સહિત રિન્યુએબલ એનર્જી માટેનાં સંશોધનોને વેગ આપવા પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી કાર્યરત છે. સમગ્ર દેશમાં ઉત્પન્ન થતી સૌર ઊર્જા ૯૦૦ મે.વો. છે. તેમાં ૨/૩ હિસ્સો એકલા ગુજરાત રાજ્યનો છે.

વિશ્વમાં સર્વપ્રથમ પહેલરૂપે નર્મદા કેનાલ ટોપ સોલાર પાવરના એક મેગાવોટની ક્ષમતા ધરાવતા પ્રોજેક્ટને રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યો હતો. કડી નજીક ચંદ્રાસણ ખાતે નર્મદાની ૪૫૮ કિ.મી. લાંબી નહેર પર સોલાર પાવર પ્રોજેક્ટનું તાજેતરમાં જ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ લોકાર્પણ કર્યું. ગુજરાતે હવે કેનાલ ટોપ ઉપર સોલાર પેનલ અને તેની નીચેના વહેતા નહેરના પાણીમાં “માઇક્રો હાઇડ્રો ટર્બાઇન” ગોઠવી જળ વિદ્યુત પેદા કરવા સંશોધન હાથ ધર્યાં છે. હાલે તો આ પાઇલોટ પ્રોજેક્ટ સોલાર પેનલો દ્વારા વાર્ષિક ૧૬ લાખ યુનિટ વીજ ઉત્પાદન થશે. ૯૦ લાખ લીટર પાણીનું બાષ્પીભવન થતું અટકશે. આ રીતે ઉત્પન્ન થયેલ વીજળી આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોને સિંચાઇના પંપ ચલાવવા સરળતાથી ઉપલબ્ધ બનશે. કેનાલ ઉપર સોલાર પેનલથી મળતી વીજળી ૧૬ ટકા વિશેષ મળે છે.

એક મેગાવોટ સોલાર પાવર પેદા કરવા છ એકર જમીન જોઇએ. પરંતુ સોલાર પાવર, કેનાલ પર પેદા કરવાથી એટલી જમીન બચી જવા પામે છે. ગુજરાતે સૂર્ય ઊર્જાથી ૬૦૦ મેગાવોટ વીજ પ્રકલ્પ દેશને આપ્યો છે. જેને કારણે ૭.૫ લાખ ટન કોલસાની બચત થવાની છે. જેની કિંમત વાર્ષિક રૂા. ૧૨૫ કરોડ જેટલી થવા જાય છે. કોલસાનો રેલવે પરિવહન ખર્ચ રૂા. ૧૩૫ કરોડ જેટલો બચશે. આવતા ૨૫ વર્ષમાં રાષ્ટ્રને રૂા. ૬૫૦૦ કરોડની બચત થશે. છેલ્લા એક દાયકામાં ગુજરાતમાં ખેડૂતોને રૂા. પાંચ હજાર કરોડની વીજ રાહત અપાઇ છે. જ્યારે આઠ લાખથી વધુ ખેડૂતોને વીજ બિલ રાહત અપાઇ છે. **આજે તો, ગુજરાત રાજ્યનો આર્થિક વિકાસ પૂર્વ આયોજન અનુસાર વેગવંતો બનવા પામ્યો છે.** અન્ય રાજ્યો આ વિકાસ યાત્રામાંથી બોધપાઠ લઇ રહ્યાં છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ એક દાયકા પહેલાં પંચામૃત શક્તિ આધારિત વિકાસની નવી દિશા સૂચવી કે જેમાં સૌર ઊર્જા શક્તિ એક મહત્ત્વપૂર્ણ શક્તિ તરીકે ઊભરી આવી. આ દિશામાં ઉત્તરોત્તર પ્રગતિ થતાં સૌર ઊર્જાનો વ્યાપ વિસ્તરી રહ્યો છે.

***“સહજાનંદ”, ૬/એ, લીમડા લેન,***
***શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,***
***શંકર નગર,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***

# બાળકને બાળક રહેવા દો!

● પૂર્ણિમા ગુપ્તા ●

*આ લેખના લેખિકા શ્રીમતી પૂર્ણિમા ગુપ્તા, માનસશાસ્ત્રના જાણીતા નિષ્ણાત ડૉક્ટર છે. હ્યુમન ફાઉન્ડેશનના તેઓશ્રી ટ્રસ્ટી છે અને ઘણી બધી સંસ્થાઓમાં બાળમાનસને સંબંધિત બાબતો ઉપર કાર્ય કરે છે. તેમના અસલ અંગ્રેજી લેખનો ગુજરાતી અનુવાદ અત્રે પ્રકાશિત કરેલ છે. મા-બાપ, વડીલોએ આ લેખ અચૂક વાંચવા યોગ્ય છે.*

*– મુખ્યતંત્રી*

આ શીર્ષક વાંચીને આપ નારાજ થઈને પ્રશ્ન કરશો કે અમે ક્યારે કહ્યું છે કે, 'બાળકોને બાળક જેમ ના રાખો?' પરંતુ ક્ષમા કરશો.... હું આપની સાથે હકીકતની રીતે સંમત નથી. મારો જવાબ સ્પષ્ટ છે.... હા, આપણે બાળકોને બાળક રહેતાં માત્ર અટકાવ્યા જ નથી પરંતુ તેઓએ શું બનવું - કઈ રીતે પોતાની મેળે આગળ વધવું એ માટે પણ તેઓ ઉપર વારંવાર દબાણ કરતા હોઈએ છીએ.

આ વિધાનથી હું શું સંદેશ આપવા માંગું છું એવો પ્રશ્ન હવે તમને થયો હશે... તો જુઓ હકીકત.... અને સાંભળો મારી વાત.

## ● બાળક શું છે?

બાળક પણ એક એવી વ્યક્તિ છે કે જે પોતાના સ્વપ્નો પૂરા કરવા માટે શારીરિક રીતે અસમર્થ હોવા છતાં, માનસિક રીતે એ એટલો જ સક્ષમ છે અને એ સ્વતંત્રપણે વિચારી પણ શકે છે. તમારા નીતિ-નિયમો અને વ્યાખ્યાઓથી અલગ જિજ્ઞાસાવૃત્તિ ધરાવે છે અને એ મુજબ દુનિયાને જાણવા ઈચ્છે છે. તે દરેક જગ્યા, સ્થળ, વ્યક્તિ કે વસ્તુઓને કુતૂહલપૂર્વક જુએ છે. આ રીતે, તે આત્મવિશ્વાસથી ભરપૂર, પ્રામાણિક અને સ્વચ્છ મનનો માલિક છે.

આ વ્યાખ્યા ધ્યાનથી વાંચો.... અને તમારી જાતને પૂરા પ્રામાણિક થઈને પૂછો કે "શું તમારા બાળકો આ પ્રકારના છે?" જો તમારો જવાબ 'હા' હોય તો તમે ભાગ્યશાળી છો. અગર જવાબ 'ના' હોય તો તમારી બાળ ઉછેરની ક્ષમતા ઉપર પ્રશ્નાર્થચિહ્ન લાગી જાય છે.

બાળક દ્વારા વંશવેલો ચાલુ રહે એ માટે આપણે પથ્થર એટલા (કે ડૉક્ટર એટલા) પૂજે દેવ કહીએ - સમજીએ છીએ **પરંતુ જેવું બાળક આવે ત્યારથી તેની સાથે આપણે એની જિંદગીના ઘડવૈયા બની જઈએ છીએ. તેના વિકાસ અને આકાંક્ષાઓ ઉપર પણ કબજો જમાવીએ છીએ.** મા-બાપ પોતાના દરજ્જાને અનુલક્ષીને પોતાના અધૂરા સ્વપ્નોને બાળકની આસપાસ વણવા લાગે છે, યોજનાઓ બનાવવા લાગે છે અને જીવનના દરેક તબક્કે તેને માર્ગદર્શન આપવા લાગે છે.

કહેવાનો અર્થ એ નથી કે માર્ગદર્શનની જરૂર જ નથી. પરંતુ માર્ગદર્શન આપવા અને અધિકાર જમાવવા વચ્ચે ભેદરેખા ખૂબ જ પાતળી છે. જીવનના દરેક સ્તરે બાળક ઉપરાંત આપણને પણ માર્ગદર્શનની જરૂર પડે જ છે. પરંતુ **જ્યાં અધિકારની વાત આવે છે ત્યાં બાળકને સ્વાનુભવનો લાભ મળતો નથી. જેથી તેની સ્વશિક્ષણની પ્રક્રિયા અટકે છે.**

બાળકો પોતે જે શીખવા માંગતા હોય તે માટે તેને ટેકો આપો અને ત્યારે જ તમે તેનો વિકાસ અને પ્રગતિ અનુભવી શકશો. **બાળકના વિકાસના દરેક પગથિયે જો દખલગીરી કરવામાં આવશે તો ભવિષ્યમાં અનહદ પસ્તાવાનો સમય આવશે.**

ઘર, શાળા કે અન્ય કોઈ જગ્યા હોય, બાળક સાથેનું વર્તન બાળક જેવું જ હોવું જોઈએ. ઘરમાં માત્ર પુત્ર કે પુત્રી, શાળામાં માત્ર વિદ્યાર્થી અને અન્ય જગ્યાએ માત્ર પુખ્ત વ્યક્તિ તરીકે વર્તવાની ફરજ પાડી શકાય નહીં. દબાણ પણ કરી શકાય નહીં. એક વાત ખાસ ધ્યાનમાં લેશો.... આપણી ઈચ્છાઓ અને આકાંક્ષાઓના બીબામાં તેને ઢાળવાની કોશિષ કરવામાં **આપણે એ ભૂલી જઈએ છીએ કે બાળપણના અનિવાર્ય ભાગ જેવું નિર્દોષપણું તે ગુમાવી દેશે.**

આપણી મૂળભૂત ફરજ એ જ છે કે તેની દરેક આકાંક્ષા પૂરી કરવામાં તેની સાથે રહીએ અને જ્યાં જરૂર હોય ત્યાં જ તેને માર્ગદર્શન આપીએ. **આવું થશે ત્યારે અને ત્યારે જ આપણો સમાજ સમજદાર વ્યક્તિઓનો સમાજ બની રહેશે.** આપણને બાળકોની પ્રાપ્તિ એટલા માટે થાય છે કે, તેઓના વિકાસને ટેકો આપીને આપણે માનવની ઉત્ક્રાંતિમાં કુદરતને સહાયરૂપ થઈ શકીએ.

*અસલ લેખ : અંગ્રેજી - પૂર્ણિમા ગુપ્તા*

*અનુવાદ : મગનલાલ સંઘવી - અમદાવાદ*

# મનનાં અવયવોના ન્યુરો ટ્રાન્સમિટર્સ – (૩) : દવાઓ

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

(ગતાંકથી ચાલુ)

અત્યાર સુધી આપણે જાણ્યું કે મગજના પેટ સ્કેન (PET Scan) તથા ફંકશનલ એમ.આર.આઈ. સ્કેન (FMRI Scan) ના સંશોધન દ્વારા જાણવા મળ્યું છે કે –

૧. મનના અવયવો (mind) (લિમ્બિક સિસ્ટમ તથા એના ઘટકો - એમીગડેલા, હિપોકેમ્પસ, મેમીલરી ગ્રંથિ, થેલામસ, હાઈપોથેલામસ, સેપ્ટમ વગેરે) મગજમાં (Brain) હોય છે.

૨. મનના કાર્યો (વિચાર, લાગણીઓ, સ્મરણ શક્તિ, વર્તણૂક, નિર્ણય શક્તિ વગેરે) કરતી વખતે ઉપરોક્ત અવયવોમાં લોહીનું ભ્રમણ વધી જાય છે તથા ઉપરોક્ત અવયવોમાં ગ્લુકોઝનો વપરાશ વધી જાય છે.

૩. મગજના તથા મનના કાર્યો જ્ઞાનકોષ - ન્યુરોન (neuron) દ્વારા થાય છે.

૪. બે ન્યુરોન વચ્ચે સૂક્ષ્મ જગ્યા - સાઈનેપ્સ (Synapse) હોય છે.

૫. એક ન્યુરોનથી બીજા ન્યુરોન વચ્ચે સંદેશાઓ / સંકેતોની આપ-લે સાઈનેપ્સમાં રહેલા રસાયણો - ન્યુરોટ્રાન્સમિટર્સ (neurotransmitters) દ્વારા થાય છે.

૬. મગજમાં તથા મનના અવયવોમાં ઘણા પ્રકારના ન્યુરોટ્રાન્સમિટર્સ હોય છે. દરેક ટ્રાન્સમિટર્સનું કાર્ય અલગ અલગ હોય છે.

**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ., એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯

**• ન્યુરોટ્રાન્સમિટર્સ તથા મનની બીમારીઓ :**

વ્યક્તિના મનમાં ચાલતી વિચાર પ્રક્રિયા, લાગણી, વાણી, વર્તણૂક, સ્મરણ શક્તિ, ગ્રહણ શક્તિ, એકાગ્રતા વગેરે મનના કાર્યો ન્યુરોટ્રાન્સમિટર્સને લીધે થાય છે. સામાન્ય રીતે ન્યુરોટ્રાન્સમિટર્સની પ્રક્રિયા નિયમિતપણે, તાલબદ્ધ પ્રમાણે ચાલ્યા કરે છે અને વ્યક્તિ સ્વસ્થ તથા પ્રસન્ન મુદ્રામાં રહે છે. પરંતુ જ્યારે ન્યુરોટ્રાન્સમિટર્સની રાસાયણિક પ્રક્રિયામાં ગરબડ થાય કે ખલેલ પહોંચે ત્યારે મનની બીમારીઓ થાય છે. મનની અલગ અલગ બીમારીઓમાં અલગ અલગ ન્યુરોટ્રાન્સમિટર્સની પ્રક્રિયામાં ખલેલ પહોંચે છે.

**• ન્યુરોટ્રાન્સમિટર્સ તથા દવાઓ :**

સતત થતા વૈજ્ઞાનિક અને તબીબી સંશોધનને પરિણામે મનની બીમારીઓની સારવારમાં નવીનતા અને ઝડપ આવ્યા છે. સારવારમાં પ્રગતિશીલ નોંધપાત્ર ફેરફારો નોંધાયા છે. યોગ્ય આધુનિક દવાઓની સારવારથી મનની બીમારીઓનું ચિત્ર બદલાઈ ગયું છે. યોગ્ય દવાઓની સારવારથી દર્દી અન્ય સામાન્ય માણસની જેમ રાબેતા મુજબનું જીવન જીવી શકે છે.

શારીરિક બીમારીઓની (ડાયાબિટીસ, થાઈરોઈડ વગેરે) સારવારમાં રસાયણોની માત્રા દર્દીના શરીરમાં નોર્મલ કરવા માટે દવાઓ (ડાયાબિટીસમાં ઈન્સ્યુલીન, થાઈરોઈડમાં થાઈરોક્ષીન) આપવામાં આવે છે. આ દવાઓની માત્રા (ડૉઝ) વ્યક્તિગત દર્દીની જરૂરત પ્રમાણે અપાય છે.

મનની બીમારીઓની (મનોભ્રમ, હતાશાની બીમારી વગેરે) સારવારમાં રસાયણોની ન્યુરોટ્રાન્સમિટર્સની (neurotransmitters) માત્રા મનના અવયવોમાં નોર્મલ કરવા દવાઓ (મનોભ્રમમાં ડોપામીન, હતાશાની બીમારીમાં સીરોટોનિન, નોરએપીનેફ્રીન) આપવામાં આવે છે. આ દવાઓની માત્ર (ડૉઝ) વ્યક્તિગત દર્દીની જરૂરત પ્રમાણે અપાય છે.

**• મનની બીમારીઓની સારવારમાં ઉપલબ્ધ દવાઓ :**

*(૧) મનોભ્રમ :* ન્યુરોલેપ્ટિક દવાઓ, એટિપીકલ એન્ટીસાકોટીક્સ.

*(૨) હતાશાની બીમારી :* એસ.એસ.આર.આઈ. (SSRI), ટ્રાયસાઈક્લિક, એસ.એન.આર.આઈ. (SNRI), એસ.એન.ડી.આઈ. (SNDI), રીમા (RIMA), માઓ ઈન્હીબીટર (MAOI), એન.ડી.આર.આઈ. (NDRI).

*(૩) ગભરામણના હુમલાઓ :* એસ.એસ.આર.આઈ. (SSRI), બેન્ઝોડાયાઝેપીનસ, એટિપીકલ એન્ટીસાઈકોટીક (ઓછી માત્રામાં).

*(૪) ઓબ્સેસીવ કમ્પલસીવ ડિસઓર્ડર :* એસ.એસ.આર.આઈ. (SSRI), ટ્રાયસાઈક્લિક એન્ટીડિપ્રેશન્ટ્સ, એટિપીકલ એન્ટીસાઈકોટીક્સ (ઓછી માત્રામાં).

*(૫) સ્ટ્રેસ ડિસઓર્ડર :* બેન્ઝોડાયાઝેપીનસ, એસ.એસ.આર.આઈ.

*(૬) સ્મૃતિભ્રંશ (Dementia) :* કોલીનએસ્ટેરેઝ ઈન્હીબીટર, એન.એમ.ડી.એ., રીસેપ્ટર એન્ટાગોનીસ્ટ.

*સિંહનો પશુઓ દ્વારા અભિષેક થતો નથી, સ્વપરાક્રમથી જ બની રહે છે એ વનરાજ!*

કયા દર્દીને, કઈ દવા, કેટલી માત્રામાં, કેટલો સમય આપવાની છે એ મનોચિકિત્સક નક્કી કરે છે. આ એક કલા છે. જેમાં મનોચિકિત્સક પારંગત છે (Art of selecting specific medicine for specific patient.) ઉપરોક્ત નક્કી કરતી વખતે મનોચિકિત્સક નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખે છે :

૧. મનની બીમારીનું નિદાન
૨. મનની બીમારીના લક્ષણો
૩. દર્દીનું વ્યક્તિત્વ
૪. કેટલા સમયથી બીમારી છે
૫. દર્દીની જીવનશૈલી તથા સ્ટ્રેસનો સામનો કરવાની ક્ષમતા
૬. હાલને તબક્કે સ્ટ્રેસ
૭. બીમારી અનુવાંશિક છે કે નહીં?

મનની બીમારીઓની સારવારમાં અપાતી દવાઓ વિશે સમાજમાં તથા લોકોમાં ખૂબ જ ગેરસમજ રહેલી છે. લોકોમાં ગેરસમજ છે કે આ દવાઓ માત્ર ઊંઘની દવાઓ છે તથા આ દવાઓથી જ્ઞાનતંતુ નબળા પડે છે. નીચે આપેલા કેસ સ્ટડી પરથી જાણકારી મળે છે કે આ ભૂલ ભરેલી માન્યતા છે. આ દવાઓ ઊંઘની નથી પરંતુ મન શાંત કરવાની દવાઓ છે. જેને લીધે ઊંઘ નોર્મલ થાય છે.

## • કેસ સ્ટડી :

૪૨ વર્ષના બેંક ઓફિસર પ્રકાશમાં એકાદ વર્ષથી હતાશાની બીમારીના લક્ષણો હતા. (હતાશા રહેતી હતી, નકારાત્મક વિચારો આવતા હતા, આત્મવિશ્વાસ ઓછો થઈ ગયો હતો, નિર્ણયશક્તિ તથા એકાગ્રતાનો અભાવ રહેતો હતો. જીવનની દરેક બાબતમાંથી રસ ઊડી ગયો હતો. નજીવી બાબત પર ગુસ્સે થઈ જતો હતો. બેંકમાં કામ પર અનિયમિત જતો હતો. કામમાં ભૂલો થતી હતી. કેશ કાઉન્ટર પર બે-એક વખત કેશમાં ભૂલ આવી હતી. ઊંઘ અને ભૂખ ઓછા થઈ ગયા હતા. સાતેક કિલો વજન ઓછું થઈ ગયું હતું. સતત માથું ભારી રહેતું હતું. માથાનો દુઃખાવો રહેતો હતો. નબળાઈ લાગતી હતી. વૈદ્યકીય તપાસ તથા લેબોરેટરી તપાસ બધી જ નોર્મલ હતી.)

હતાશા પ્રતિરોધક દવાઓ શરૂ કરી. થોડા સમયમાં તબિયતમાં સુધારો થવા લાગ્યો. માથાનો દુઃખાવો બંધ થઈ ગયો. ભૂખ વધી. નબળાઈ ઓછી થઈ. પ્રકાશ અને તેની પત્નીએ જણાવ્યું કે તબિયતમાં સુધારો ચોક્કસ થયો છે. પરંતુ પ્રકાશને ઊંઘ વધારે આવે છે. રજાના દિવસે પ્રકાશ મોડો ઊઠે છે તથા બપોરે જમ્યા પછી સૂઈ જાય છે.

ઊંઘ વિશે ઊંડાણમાં તપાસ કરતાં જણાયું કે બીમારીના લક્ષણ તરીકે ઊંઘ ખૂબ ઓછી આવતી હતી તેના કરતા હવે વધારે આવે છે. બેંકમાં કામ કરતી વખતે ઊંઘ આવતી નથી. કામ ન હોય ત્યારે ઊંઘ જેવું લાગે છે. સવારના સમયસર ઉઠી બેંકમાં સમયસર પહોંચે છે. બેંક તરફથી પીકનીક પર જવાનું હતું ત્યારે પરોઢિયે પાંચ વાગે ઊઠી, પ્રકાશ તૈયાર થઈ પીકનીક પર ગયો હતો. આખો દિવસ પીકનીક પર ખૂબ જ મજા કરી. એ દિવસે બપોરે બિલકુલ ઊંઘ ન આવી.

ચર્ચા કરી સમજાવ્યા બાદ પ્રકાશ તથા એની પત્નીને સમજાયું કે ઊંઘ નોર્મલ થયેલ છે. જરૂરી એટલી ઊંઘ આવે છે. કામ કરતી વખતે ઊંઘ આવતી નથી. મનની અશાંતિમાં ફરક પડ્યો છે. મન શાંત થયેલ છે. ઊંઘમાંથી ઉઠીને સવારના મનમાં સ્ફૂર્તિ રહે છે. તાજગી રહે છે. કામ કરવાની ધગશ વધી છે.

## • મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ :

દવાઓ શરૂ કર્યા પહેલા રોગના લક્ષણ તરીકે તથા દવાઓ આપ્યા બાદ ઊંઘ વિષેની ઊંડાણમાં જાણકારી (કેટલી અને કેવી ઊંઘ - Quantity and Quality of Sleep) મેળવવી જોઈએ. નીચેના મુદ્દાઓ વિશે નોંધ રાખવાથી સમજાશે કે સાચે જ ઊંઘ વધારે આવે છે કે ઊંઘ નોર્મલ થયેલ છે અને ગુણવત્તાભરી, તાજગીભરી, સ્ફૂર્તિદાયક ઊંઘ આવે છે.

૧. દર્દી રાત્રે કેટલા વાગે સૂઈ જાય છે તથા કેટલા વાગે ઊંઘ આવે છે?
૨. સવારના કેટલા વાગે ઊંઘ ઊડે છે?
૩. રાત્રે વચ્ચેના સમયમાં કેટલી વખત ઊંઘ ઊડી જાય છે? કેટલો સમય દર્દી રાત્રે જાગતો રહે છે?
૪. દિવસના ભાગમાં કેટલો સમય ઊંઘ આવે છે? (બપોરના જમ્યા બાદ સુસ્તી લાગવી નોર્મલ છે.)
૫. દિવસમાં કામ કરતી વખતે ઊંઘ જેવું લાગે છે કે કામ ન હોય ત્યારે ઊંઘ આવે છે?
૬. દિવસના સ્ફૂર્તિ, તાજગી કેટલી રહે છે?
૭. ઊંઘ કર્યા બાદ મનમાં કેટલી શાંતિ રહે છે?

ઉપરોક્ત નોંધની પૃથક્કરણ બાદ જ સમજાશે કે ૯૦%થી વધારે દર્દીઓમાં દવાથી ઊંઘ નોર્મલ થાય છે. દર્દીને જેટલી જરૂરી છે તેટલી ઊંઘ આવે છે, વધારે નહીં. સ્ફુર્તિદાયક, તાજગીદાયક ઊંઘ આવે છે. કામના સમયે ઊંઘ આવતી નથી. કામમાં એકાગ્રતા વધે છે. મનમાં શાંતિ રહે છે. દવાઓ લેવાથી દર્દી દિવસ દરમ્યાન નિદ્રાવશ કે અર્ધસુષુપ્ત અવસ્થામાં રહેતો નથી. પરંતુ સામાન્ય વ્યક્તિની જેમ જ રોજિંદુ કામકાજ કરી શકે છે. વિદ્યાર્થી પોતાનો અભ્યાસ વ્યવસ્થિત રીતે કરી શકે છે.

આ દવાઓ ઊંઘની નથી. મન શાંત કરવાની દવાઓ છે. દવાઓને લીધે ન્યુરોટ્રાન્સમીટર્સની માત્રા નોર્મલ થાય છે. જેથી રોગના લક્ષણો પર કાબૂ મેળવાય છે. એમાંનું એક લક્ષણ છે ઊંઘ. અન્ય લક્ષણોની જેમ ઊંઘ નોર્મલ થાય છે.

## • સારાંશ :

મનની બીમારીઓમાં મગજમાં મનના અવયવોમાં ન્યુરોટ્રાન્સમીટર્સની માત્રામાં વધઘટ થાય છે. આથી રોગના લક્ષણો જોવા મળે છે. આધુનિક દવાઓ આ ન્યુરોટ્રાન્સમીટર્સની માત્રા નોર્મલ કરે છે. આથી રોગ પર કાબૂ મેળવાય છે. આધુનિક સંશોધનને લીધે દવાઓ મનની બીમારીની સારવારનું મુખ્ય ઘટક છે. કાઉન્સેલિંગ પૂરક ઘટક છે. સારવારથી દર્દી રાબેતા મુજબનું જીવન જીવી શકે છે. ■

*પ્રથમે ના રળ્યો વિદ્યા, દ્વિતીયે ના રળ્યો ધન, તૃતીયે ના રળ્યો કીર્તિ, ચતુર્થે શું ઉકાળશે?*

# ક્રોધ : હૃદયરોગની મનીબેક ગેરંટી

• દિનેશ પાંચાલ •

હૃદય એટલે શું? યંત્રવિજ્ઞાનની ભાષામાં એમ કહી શકાય : હૃદય એટલે માણસ નામના ફ્રીઝનું કોમ્પ્રેસર! રાષ્ટ્રની ભૂગોળ પ્રમાણે સમીકરણ માંડીએ તો હૃદય એટલે દેહરૂપી રાષ્ટ્રની રાજધાની! ઈન્ફોર્મેશન અને ટેકનોલોજીની વ્યાખ્યામાં કહીએ તો હૃદય એટલે માણસ નામના કોમ્પ્યુટરની હાર્ડ ડિસ્ક! અને આધ્યાત્મિક દૃષ્ટિકોણથી મૂલવીએ તો હૃદય એટલે આત્માનું મંદિર! જેની કમાણી પર આખું ઘર નભતું હોય એનું મૃત્યુ થાય ત્યારે ઘરનો મોભ તૂટી પડ્યો એમ કહેવાય છે. હૃદય શરીરમાં ઘરના મોભ જેવો મોભો ધરાવે છે. કોઈ દેશને ખતમ કરવો હોય તો ચાલાક દુશ્મનો સૌ પ્રથમ તેની લશ્કરી છાવણીઓ અને શસ્ત્રાગારો પર ત્રાટકે છે. (મૂલો નાસ્તિ કુતો શાખા?) માણસને હૃદયરોગ થાય એ દેશની છાવણીઓ પર બોમ્બ પડ્યા જેવી ઘટના છે.

હાર્ટએટેક એટલે શું? હૃદયરૂપી ઘડિયાળમાં પૂરી ચાવી આપી હોય છતાં સમય પહેલાં અચાનક એની ટીકટીક બંધ થઈ જાય એને હાર્ટએટેક કહેવાય! **લોહીમાં ચરબીનું પ્રમાણ વધી જવાથી ધમનીઓ સાંકડી થવા માંડે એટલે સમજવું કે શરીરરૂપી ઘરમાં હૃદયરોગનો કુંભઘડો મૂકાઇ ગયો.** લોહીની ચરબીને મેડિકલ લેંગ્વેજમાં કોલેસ્ટરોલ કહે છે. એ કોલેસ્ટરોલ કોઈ ખુંખાર આતંકવાદીથી કમ નથી. એમ કહો કે કોલેસ્ટરોલ નામનો ઓસામા બિનલાદેન વિફરે ત્યારે હૃદય નામનું ટ્રેડ સેન્ટર ધરાશાયી થઈ જાય છે! વર્ષો પૂર્વે મારા પિતાજીને બબ્બે એટેક આવ્યા હતા. અમે એ વેદનાના ભીના સમયવનમાંથી પસાર થયા છીએ. એથી એમ કહી શકું કે હૃદયરોગ બહુ બૂરી ચીજ છે. ભગવાન કરે દુશ્મનને પણ એ ન થાય.

અમદાવાદમાં ડૉ. રમેશ કાપડિયા છેલ્લા સાડત્રીસ વર્ષથી હૃદયરોગના નિષ્ણાત તબીબ તરીકે સેવા આપે છે. એમણે હૃદયરોગ પર ઘણાં પુસ્તકો લખ્યાં છે. એઓ કહે છે : ‘હૃદયરોગ અટકાવવા માટે દયાથીય વિશેષ માનસિક સારવારની વધુ જરૂર હોય છે. માણસનો સ્વભાવ કેવો છે, તથા તે આ સંસારની અનેકવિધ સમસ્યાઓ અને ટેન્શનોમાં કેટલો સ્વસ્થ રહી શકે છે તે વધુ અગત્યનું છે!’

આજે રોડપતિ અને કરોડપતિ બન્ને દુઃખી છે. દરેકના આઘાત અને આંસુઓનાં ક્ષેત્રો જુદાં હોય છે પરંતુ હૃદયને થતું નુકસાન સરખું હોય છે. કોઈ ઘરને પેટ્રોલ છાંટીને બાળી દો કે કેરોસીનથી બાળો, રાખનો રંગ સરખો હોય છે. દિવસે દિવસે માણસનાં બે ડુસકાંઓ વચ્ચેનું અંતર ઘટતું જાય છે. જીવનમાં હર્ષોલ્લાસ કે આનંદ ઉમંગના પ્રસંગો આંખે નેજવું કરીને શોધવા પડે એવી સ્થિતિ છે. એક ડૂકરીની પાછળ આઠ દસ બચ્ચાં દોડતાં હોય એમ દરેક માણસની પાછળ આર્થિક, સામાજિક, કૌટુંબિક કે શારીરિક સમસ્યાઓ દોડતી રહે છે. પાસે પુષ્કળ પૈસો હોય તો પણ કેટલાક શારીરિક કે લાગણી વિષયક દુઃખોને પૈસાથી દૂર કરી શકાતાં નથી. **એવા સંજોગોમાં માણસનું દિલ ધીમી છતાં એકધારી બળતી ધૂપસળીની જેમ રાત દિવસ સળગતું રહે છે.** આઘાત અને આંસુઓના ઈલાકાઓમાં સ્ટ્રાઈક હોતી નથી. કોલેસ્ટરોલ કદી કામચોર હોતા નથી. એથી હોસ્પિટલોના આઇ.સી.યુ. રૂમમાં કદી જાળાં બાઝતાં નથી. ઘરના કમ્પાઉન્ડની દીવાલ ગમે તેટલી જાડી અને મજબૂત હોય તો પણ કોઈ ચોર તેમાં રોજ રાત્રે એક સેન્ટીમીટર જેટલું કોતરતો રહે તો અમુક સમયમાં તે આખી દીવાલને આરપાર ભેદી શકે છે. ઘણીવાર સાવ સાજો નરવો માણસ એકાએક મૃત્યુ પામે છે. સ્મશાનમાં લોકો વાતો કરે છે : ‘અરે! બિચારાને નખમાંય રોગ નહોતો... અને આ એકાએક શું થઈ ગયું?’ ખરેખર કશું એકાએક થતું નથી. હૃદયની ધમનીઓ પર કોલેસ્ટરોલ નામનો તસ્કર પેલા ચોરની માફક રોજ એક સેન્ટીમીટર જેટલું પડ વધારતો રહે છે. એ ભૂગર્ભીય ઘટના સાયલન્ટ રીવોલ્વોરમાંથી છૂટતી ગોળી જેવી શાંત હોય છે. માણસને સમય પહેલાં તેની જાણ થતી નથી.

એથી હૃદયરોગના દરદીઓએ થોડું વધુ સાવધ રહેવું જોઈએ. મામલો બાયપાસ સર્જરી કે એન્જિયોગ્રાફી સુધી ના પહોંચે **તે માટે સમયે સમયે કાર્ડિયોગ્રામ વગેરેના ટેસ્ટ કરાવતાં રહીને કોલેસ્ટરોલને કાબૂમાં રાખવો જોઇએ.** આજના અત્યંત પ્રગતિશીલ યુગમાં સવારે થયેલી શોધ સાંજે જૂની થઈ જાય છે. સદ્‌ભાગ્યે મેડિકલ સાયન્સે એટલી તરક્કી કરી છે કે હવે હૃદયરોગ સાવ અસાધ્ય રહી શક્યો નથી. અમારા એક અનુભવી ડૉ. મિત્ર કહે છે : **‘હૃદયરોગને સાજો કરવા માટે પ્રેમ, હાસ્ય અને આનંદથી ચડિયાતી દવા હજી સુધી શોધાઇ નથી.** ક્યારેક દરદીને સોર્બીટ્રેટ આપવાનું ચૂકી જવાય તો ચાલશે પણ સ્નેહ આપવાનું ચૂકશો નહીં. હૃદયરોગના તમામ દરદીઓના દીર્ઘાયુષ્ય માટે હું હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવું છું!’

હૃદયરોગ નિષ્ણાત ડૉ. રમેશ કાપડિયાએ હૃદયરોગીઓ માટે ખૂબ ઉપયોગી વાત કહી છે. તેઓ કહે છે : ‘હૃદયરોગના દર્દીઓ સાથેનો મારો ૩૭ વર્ષનો અનુભવ કહે છે કે પ્રેમ, સહૃદયતા અને આત્મીયતાની લાગણીઓને માણસના સ્વાસ્થ્ય સાથે ઊંડો સંબંધ છે. સ્વીડનમાં ૨૯થી ૭૪ વર્ષની વયના ૧૭૦૦૦ કરતાં વધારે સ્ત્રી પુરુષોનો છ વર્ષ સુધી અભ્યાસ કરવામાં આવ્યો. જે લોકો જીવનમાં પ્રેમના અભાવથી તથા એકલતાથી પીડાતા હતા તેમનામાં અકાળ મૃત્યુની સંભાવના ચાર ગણી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૩ ઉપર)**

*કૂવો જલભર્યો, એમાં સીંચો લોટો કે દેગડો, દેશે પાણી, તમારા એ પાત્રના જ પ્રમાણમાં!*

# ફ્લેશ ચેનલ

• સંકલન : દિનેશ આર. મહેતા •

## નર્મદા યોજના માટે ગુજરાતને વધુ રકમ

ગુજરાત માટે મોટા આનંદના સમાચાર છે. કેન્દ્ર સરકારે ગુજરાત સરકારની માંગણી સ્વીકારી લઈને કચ્છના રણ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત ઝોન તરીકે ગણવાનું નક્કી કર્યું છે. આને કારણે ગુજરાતને નર્મદા યોજના માટે રૂપિયા ૨,૧૬૯ કરોડ વધારે મળશે.

નર્મદા વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૦૮-૨૦૦૯ના ભાવોએ સરદાર સરોવર પ્રોજેક્ટની કિંમત રૂપિયા ૩૯,૨૪૦ કરોડ આંકવામાં આવી છે. જે પૈકી ૩૧મી માર્ચ, ૨૦૧૨ની સ્થિતિએ યોજનામાં રૂપિયા ૨૩,૫૩૫ કરોડ ખર્ચાઈ ચૂક્યા છે. હવે ખર્ચનારા રૂપિયા ૧૫,૮૦૫ કરોડમાંથી અડધા એટલે કે રૂપિયા ૭,૨૧૯ કરોડ કેન્દ્ર સરકાર આપશે. એટલે ગુજરાત સરકારે યોજના પાછળ પોતાના માત્ર રૂપિયા ૮,૫૮૬ કરોડ ખર્ચવાના રહેશે.

ગુજરાત સરકારને કેન્દ્ર તરફથી જે રૂા. ૭,૨૧૯ કરોડ મળશે, તેનાથી કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ૮૫૦૦ હેક્ટર જેટલી જમીનમાં સિંચાઈની સગવડ ઊભી થશે.

★

## સદીની સર્વશ્રેષ્ઠ ખગોળીય ઘટના

તા. ૬ જૂન, ૨૦૧૨ના સવારે લગભગ છ વાગ્યાથી જે ઘટનાની શરૂઆત થઈ, તે ઘટના એવી હતી જે વિશ્વભરમાં અને કેટલાય વર્ષોમાં જવલ્લે જ બનતી ઘટના હતી. તે દિવસે પૃથ્વી, શુક્ર અને સૂર્ય એક લાઈનમાં હોવાથી શુક્રનું સૂર્ય પર અદ્‌ભુત સૂર્યગ્રહણ સર્જાયુ. આ પ્રકારનું ગ્રહણ માનવીના જીવનમાં ફક્ત બે વાર જ બનતી ઘટના છે. એનું કારણ છે કે આ ગ્રહણ એક સદીમાં ફક્ત બે વાર જ બનતી એક ખૂબ જ અદ્‌ભુત ઘટના છે. પૃથ્વીની ઉત્પત્તિ બાદમાં પૃથ્વી, શુક્ર અને સૂર્ય એક જ લાઈનમાં આવવાની ઘટના ૫૩ વખત બની છે. જેમાં અત્યાર સુધીમાં ૬ વખત આ ઘટના માનવજાતિને નિહાળવા મળી છે. ત્યારબાદ સાતમી એટલે વર્ષ ૨૦૧૨ની સાલમાં આ ઘટના નિહાળવા મળી. હવે પછી આ ગ્રહણ વર્ષ ૨૧૧૭ અને તે પછી વર્ષ ૨૧૨૫ની સાલમાં જોવા મળશે.

★

## 'ધ ગ્રેટ વોલ ઓફ ચાઇના'ની નવી લંબાઇ

ઇતિહાસ પણ ક્યારેક પરિવર્તન પામે છે! ચીનની ધ ગ્રેટ વોલની લંબાઈ ૮૮૫૦ કિ.મી. જેટલી હોવાનું માનવામાં આવતું હતું. પરંતુ ચીનનાં સરકારી માધ્યમોએ આ ઐતિહાસિક 'તથ્ય'માં ફેરફાર કરીને નવી લંબાઈ જાહેર કરી છે. તે મુજબ વિશ્વનું સૌથી મોટું માનવનિર્મિત માળખું એટલે 'ધ ગ્રેટ વોલ ઓફ ચાઇના'ની લંબાઈ ૨૧,૧૯૬.૧૮ કિ.મી. છે.

★

## મ્યાનમારને ૫૦ કરોડ ડોલરનું ધિરાણ

ભારતની એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બેન્ક તેમજ મ્યાનમારની ફોરેન ટ્રેડ બેન્ક વચ્ચે તાજેતરમાં થયેલા કરાર અનુસાર ભારત મ્યાનમારને ૫૦ કરોડ ડોલરની લાઈન ઓફ ક્રેડિટ આપશે, જેનો ઉપયોગ મ્યાનમાર વડાપ્રધાનશ્રીની મ્યાનમારની એક મુલાકાત દરમિયાન બન્ને દેશો વચ્ચે વ્યાપાર અને એનર્જી સહિતનાં ૧૨ ક્ષેત્રોમાં જુદા જુદા વ્યાપાર કરાર કરવામાં આવ્યા હતા. તે સામે મ્યાનમારમાં ભારતને લક્ષ્ય બનાવતા ત્રાસવાદીઓને આશ્રય આપવામાં નહીં આવે.

★

## 'એક સાંસદ-એક વિચારની નવી યોજના'

આરોગ્ય, શિક્ષણ અને બેન્કિંગ જેવાં ક્ષેત્રોમાં નડતી સ્થાનિક સમસ્યાઓનાં સ્વીકાર્ય અને ટકાઉ ઉકેલ શોધી કાઢવાનું લોકોને પ્રોત્સાહન મળે તે માટે ભારત સરકારે નવી યોજના અમલી બનાવવાનું નક્કી કર્યું છે. આ યોજનાને 'એક સાંસદ એક વિચાર' એવું નામ આપવામાં આવ્યું છે.

આ યોજના હેઠળ યોગ્ય વિચાર આપનાર પ્રથમ ત્રણ વ્યક્તિને રોકડ ઇનામ આપવામાં આવશે. જેમાં પ્રથમ આવનારને ૨.૫ લાખ, બીજાને ૧.૫ લાખ જ્યારે ત્રીજાને એક લાખનાં રોકડ ઇનામો અપાશે. આ ઇનામ સ્થાનિક સાંસદના ફંડમાંથી એનાયત કરવામાં આવશે. તે પછીના પાંચ શ્રેષ્ઠ વિકલ્પો સૂચવનારને પણ પ્રશસ્તિપત્ર આપવામાં આવશે.

આ સંદર્ભે માહિતી આપતાં આંકડાકીય માહિતી અને કાર્યક્રમ અમલીકરણના રાજ્ય કક્ષાના મંત્રી શ્રીકાંતકુમાર જેણાએ જણાવ્યું હતું કે, તળિયાથી માંડીને મથાળા સુધી સંશોધન અને વિકાસ માટેના ઉકેલનો લાભ મેળવી શકાય તે માટે આ યોજના તૈયાર કરવામાં આવી છે. અલબત્ત તેમાં સૂચવવામાં આવતા ઉપાયો યોગ્ય, ટકી શકે તે પ્રકારના અને અમલમાં મૂકવા શક્ય હોય તે પ્રકારના હોવા

*જેને ઈશ્વર પર વિશ્વાસ નથી તેવા લોકો પાર વગરની ચિંતાઓથી ઘેરાયેલા છે.*

જોઇએ. સમસ્યાઓને ઉકેલી શકે તેવા ઉપાયો, પ્રચાર અને શોધની હાલની તાતી જરૂર છે.

સ્થાનિક લોકો પાસેથી સંશોધનાત્મક વિચારો મેળવવા જરૂરી છે, જે સ્થાનિક યોજનામાં ઉપયોગી થઇ શકે, તે માટે દરેક લોકસભા મત વિસ્તારમાં 'એક સાંસદ એક વિચાર' સ્પર્ધા પ્રતિ વર્ષ યોજાશે.

★

## ટ્રક અડફેટે જૈન સાધ્વીજી અને સેવકનું મોત

વિરમગામના એફ.સી.આઇ. ગોડાઉન પાસે તા. ૨૭-૫-૨૦૧૨ના રોજ વહેલી સવારે પાંચ વાગ્યે રોંગ સાઇડમાં દોડી રહેલી ટ્રકે અડફેટે લેતાં સાધ્વીજી જિનેશ્વરાશ્રીજી મ.સા. (ઉ. ૪૧)નું સ્થળ પર તેમજ તેમની પાછળ સાઇકલ ખેંચી રહેલા સેવક કુંવરભાઇ ઠાકોર (ઉ. ૩૮)નું હોસ્પિટલમાં ખસેડાયા બાદ એમ બન્નેનાં મોત નિપજ્યાં હતાં.

★

## નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનની દીવાલો ઉપર જૈનાચાર્યની તસવીર

નવી દિલ્હી રાષ્ટ્રપતિ ભવનની દીવાલો ઉપર દિવંગત જૈનાચાર્યની તસવીર ગોઠવાય અને એ દ્વારા સૌને જૈન ધર્મનાં શાશ્વત મૂલ્યોની પ્રેરણા મળતી રહે એવા ઉદ્દેશ સાથે સમગ્ર ભારતમાંથી લગભગ ચાલીસ જેટલા જૈન અગ્રણીઓનું એક પ્રતિનિધિમંડળ તા. ૨૪ મે, ૨૦૧૨ના રોજ દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટિલને મળ્યું હતું. તેમને કલીકુંડ અને સમેત શિખર તીર્થમાં ઐતિહાસિક પ્રતિષ્ઠાઓ કરનાર આચાર્ય વિજય રાજેન્દ્રસૂરિજી મહારાજનું વિશાળ કદનું એક તૈલચિત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિને મળવા ગયેલા ડેલિગેશનમાં સર્વશ્રી અશોક જૈન, ચંપકલાલ શેઠ, શ્રેયાંસભાઇ શાહ, પ્રમોદ ભાયા, ચિત્તરંજન શાહ, જે.બી. શેઠ, તરુણ શેઠ, ચુનીલાલ ચંદન, રોહિત શાહ સહિત ૪૮ જેટલા અગ્રણીઓની ઉપસ્થિતિ હતી. રાષ્ટ્રપતિ ભવનમાં મહાપુરુષ કક્ષમાં આચાર્યશ્રીની તસવીર મૂકાય એ ઘટના સમગ્ર જૈન સમાજ માટે ગૌરવરૂપ ગણી શકાય.

★

## ભારતમાં વિદેશી રોકાણ

ભારત જોડે ખાસ બેવડા ટેક્સેશન ઍવોઇડન્સ ટ્રીટીના અધિકારનો આનંદ માણતા ટેક્સ હેવન મોરેશિયસ ફક્ત એફ.ડી.આઇ. (ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ) જ નહીં પરંતુ પોર્ટફોલિયો ઇન્વેસ્ટમેન્ટની દૃષ્ટિએ પણ દેશ સૌથી વધારે વિદેશી રોકાણનો સ્રોત બન્યો છે. ભારતમાં આવતા કુલ રોકાણ પૈકી ૫૦ ટકા વિદેશી રોકાણ મોરેશિયસ અને યુએસએનું છે.

★

## ગર્ભાશય-મુખના કેન્સર સંબંધી...

તાતા મેમોરિયલ હોસ્પિટલ, મુંબઇ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગર્ભાશયના મુખના કેન્સરનું પરીક્ષણ કરવાની વ્યવસ્થા કરી હતી.

પાંત્રીસ કે તેનાથી મોટી ઉંમરની કોઇપણ મહિલાએ કોઇ તકલીફ હોય કે ના હોય પરંતુ આ પ્રકારનું પરીક્ષણ કરાવવું હિતાવહ છે એમ હોસ્પિટલનાં નિર્દેશિકાએ તાજેતરમાં પત્રકાર પરિષદમાં કહ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું, આપણા દેશમાં દર વર્ષે ગર્ભાશયના મુખના કેન્સરના એક લાખ દર્દીઓ ઉમેરાય છે. દર વર્ષે અંદાજે પચાસ હજાર મહિલાઓ આ કારણે અવસાન પામે છે.

પાંત્રીસ વર્ષની ઉંમર પછી દર ત્રણ વર્ષે પરીક્ષણ કરાવવામાં આવે તો આ બીમારીને અટકાવી શકાય છે. સામાન્ય રીતે મહિલાઓ આ કેન્સર છેલ્લા તબક્કામાં પ્રવેશે ત્યારે જ હોસ્પિટલમાં જાય છે. તે સમયે તેમના બચવાની શક્યતા ઘણી ઓછી હોય છે. પરંતુ વેળાસર નિદાન કરાવવામાં આવે તો સંપૂર્ણપણે ઇલાજ થઇ શકે છે.

★

## ભારતમાં હાઇ બીપી અને ડાયાબિટીસના દર્દીઓ

એકબાજુ તબીબી વિરેલન ટી.બી. અને કેન્સર જેવા રોગો ઉપર કાબૂ મેળવે છે તો બીજી બાજુ બીપી અને ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા વધતી જાય છે.

વર્ષ ૨૦૧૨ના વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના આંકડાઓ મુજબ ભારતમાં દર ચાર વ્યક્તિમાં એક વ્યક્તિ હાઇ બીપીનો ભોગ બનેલી હોય છે અને દર દસ વ્યક્તિમાં એક ડાયાબિટીસનો ભોગ બનેલી હોય છે.

*(વર્તમાનપત્રો પર આધારિત)*

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર, ચીફ જસ્ટીસના બંગલા પાસે,*
*જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

## ક્ષતિ સુધાર

'મંગલ મંદિર' માસ જૂન-૨૦૧૨ના અંકમાં પાના-૨૨ ઉપરની પ્રથમ તસવીરમાં કચ્છી ઉદ્યોગપતિ પ્રતિભા (મધ્યસ્થ) નવનીત પબ્લિકેશન્સ (ઇન્ડિયા) લિ.ના ડાયરેક્ટર અને નવનીત ગ્રૂપ કંપનીઓમાં ભાગીદાર શ્રી ડુંગરશીભાઈ રામજી ગાલાનું વિશિષ્ટ સન્માન એમ વાંચવું.

તેવી રીતે તે અંકમાં પાના-૪૦ ઉપર શ્રી કનકસિંહજીભાઈની તસવીરના સ્થાને અન્ય તસવીર પ્રસિદ્ધ થઈ છે. જેની વાંચકવર્ગ તેમજ સંબંધકર્તાઓએ નોંધ લેવા વિનંતી.

*તંદુરસ્ત ડાહ્યો વૃદ્ધ એ દુનિયાની સુંદર ચીજ છે. કાટ ખાઈને મરવું તેના કરતાં ઘસાઈને મરવું સારું.*

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટ મેં નીચે જોકો સંતોષસિંહ રેતો સે બેંક જે દરવાજે ગીયા વેને ને કુલા સુતો વો... ઘરમેં ઝઘડો થ્યો આય કે કુરો.... જરા તપાસ કરે ને ચો....

બચુડો : (તપાસ કે ને ચેં) અધા ઘરમેં ઝઘડો નાય થ્યો પણ શેતાનસિંહ બેંકજી ભીંત મથે હકડી જાહેરાત વાંચે વે ને અનમેં લખ્યો વો.... યહાં સોને પે લોન મિલેગા..... અતરે સંતોષસિંહ બેંક જે દરવાજે અગિયા વને ને સુમેર્યો વો.

## ખિલજા મ ભલા

મોન્ટુ : (ફોન પર) મા, એક ખુશખબર છે. અમે બેમાંથી ત્રણ થઈ ગયા.

મા : બહુ સરસ... વધાઈ.... પણ એ તો કહે, બેટો આવ્યો કે બેટી?

મોન્ટુ : નહીં મા, એવું કશું નથી. મેં તો બીજા લગ્ન કરી લીધા છે.

☺ ☺ ☺ ☺ ☺

ચંપકલાલ : તમારા દુઃખના સમયમાં તમારી સાથે કોણ ચાલે છે?

જેઠાલાલ : તમારા મિત્રો?

ચંપકલાલ : ના.

જેઠાલાલ : તમારા સગાવહાલા?

ચંપકલાલ : ના.

જેઠાલાલ : તમારા શુભેચ્છકો?

ચંપકલાલ : ના.

જેઠાલાલ : તમારા જીવનસાથી?

ચંપકલાલ : ના... તમારી સાથે હંમેશાં ચાલે છે તમારા જુતા.

☺ ☺ ☺ ☺ ☺

બંટી : જ્યારે હું નાનો હતો ત્યારે હું કુતુબમિનાર ઉપરથી પડી ગયેલો.

બબલી : પછી તું જીવતો રહેલો કે મરી ગયેલો?

બંટી : એ તો ખબર નથી. એ વખતે હું ખૂબ નાનો હતો.




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

☺ ☺ ☺ ☺ ☺

છનાલાલ : છોકરાઓ મંદિરે શા માટે જાય છે?

ગમનલાલ : કારણકે આ એક જ એવી જગ્યા છે જ્યાં આરતી - અર્ચના - આરાધના - શાંતિ - જ્યોતિ - ભાવના - તૃપ્તિ અને મુક્તિ મળે છે.

☺ ☺ ☺ ☺ ☺

ભાવેશ : પુરુષોની જિંદગી માટે તારું શું માનવું છે?

રાકેશ : કુંવારો હોય ત્યારે સ્પાઈડરમેન.
પરણે ત્યારે પોતાને માને સુપરમેન.
પરણ્યા પછી બની જાય જેન્ટલમેન.
પણ પત્ની જો રૂપાળી હોય તો બનવું પડે વૉચમેન.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : ગાય અને બિલાડી વચ્ચે શું સંબંધ છે?

આદિત્ય : બંને બહેનો થાય.

શિક્ષક : એ વળી કઈ રીતે?

આદિત્ય : સાવ સહેલું છે. ગાય આપણી માતા કહેવાય છે અને બિલાડી માસી.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : આપણે જ્યારે જ્યારે પિક્ચર જોવા જઈએ ત્યારેત્યારે તમે મારા માટે જ કેમ પાન લાવો છો અને મને આગ્રહ કરી કરીને ખવડાવો છો?

પતિ : એ તો એવું છે ને કે હું પાન ખાધા વિના પણ મારું મોઢું બંધ રાખી શકું છું.

☺ ☺ ☺ ☺ ☺

રાજુ: રાતના આપણને મચ્છર કરડે તો શું કરવાનું?

સંજુ: ખંજવાળીને ઊંઘી જવાનું અને બહુ તાકાત હોય તો પકડીને સોરી બોલાવડાવવાનું.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : એવું કયું પ્રવાહી છે જે ગરમ થવાથી પીગળવાને બદલે સખત થઈ જાય છે?

તનીષા : સાહેબ, ઢોંસાનું ખીરૂં.

☺ ☺ ☺ ☺ ☺


બબલી : એક જાડા બહેન ચાલતા ચાલતા પડી ગયા.

બંટી : કઈ રીતે?

બબલી : ભમ્મ... કરીને....

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*જે નોકરને પોતાના રહસ્યો જાણવા દે છે, તે નોકરને પોતાનો શેઠ બનાવે છે.*




## "સુવર્ણ જયંતી – દ્વિતીય કાર્યક્રમની સફળતા"

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તેના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે અમારા સંઘ તરફથી ખૂબ ખૂબ અભિનંદન. આપશ્રીએ તનતોડ મહેનત દ્વારા સંસ્થાનું શૂન્યમાંથી વિરાટ સ્વરૂપે સર્જન કર્યું અને તન-મન-ધનથી જે યોગદાન આપેલ છે એની ખૂબ જ અનુમોદના કરી અમો ગર્વ અનુભવીએ છીએ.

સુવર્ણ જયંતી નિમિત્તે અમદાવાદ - મુંબઈમાં યોજાયેલ કાર્યક્રમો દરમ્યાન સમાજના ઉદ્યોગપતિઓ, દરેક ક્ષેત્રના વક્તાઓ તેમજ સ્થાનિક સન્માન્ય ભાઈ-બહેનો, કચ્છ તેમજ અનેક સ્થળોના અને મદ્રાસ - કલકત્તા સુધીના બહારગામના દરેક પ્રતિનિધિઓને આમંત્રિત કરી ઉત્સવને ચાંદ લગાવી દીધો. દરેક વક્તાએ ખૂબ સુંદર વક્તવ્ય આપેલ. જેમાંથી હાજર રહેલાં સર્વ ભાઈ-બહેનોએ ઘણું જ માર્ગદર્શન મેળવેલ. જે ક્યારેય સાંભળ્યું ન હોય, ક્યારેય જોયેલ ન હોય, ક્યારેય અનુભવેલ ન હોય તેવી વિગત, માહિતી જાણવા મળી. દરેક વક્તાઓની ખૂબ જ સુંદર સરસ્વતી વાણીથી સમાજને માટે શું કરવું - કચ્છ માટે શું કરવું એ વિશે પણ ખૂબ જ જાણવા મળેલ છે.

આપશ્રીએ અમોને આમંત્રિત કરી અમારા માટે બધી સુંદર રીતે વ્યવસ્થા રાખેલ તે બદલ અમારો સંઘ આપશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.

આપશ્રીની સંસ્થા હજી ખૂબ ફૂલે ફાલે અને આપ બધા પદાધિકારીઓને ખૂબ સેવા કરવાની પ્રભુ શક્તિ આપે એ જ પ્રાર્થના.

*વલ્લભજી પ્રેમજી સાવલા - પ્રમુખ/ટ્રસ્ટી*
*શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘ - વડોદરા*

• • • • •

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સુવર્ણ જયંતી લાજવાબ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સુવર્ણ જયંતી વર્ષ મુંબઈમાં લાજવાબ ઉજવાયો.

શ્રી ગુલાબ દેઢિયાએ શ્રી અશોક મહેતાની પીઠ થાબડતા કહ્યું કે અમદાવાદથી આવીને મુંબઈમાં સુવર્ણ જયંતી ઉજવીને ચમત્કાર સર્જેલ છે.

અનેક ઉદ્યોગપતિઓનું સન્માન કરી દેશભરનાં વિશિષ્ટ કચ્છી માડુઓને મંચ પર બેસાડી કચ્છનાં વિકાસની અજબ ગજબની વાતો સાંભળી અતિ આનંદ થયો.

આરતી ઈન્ડ.ના શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ સરસ ભાષણ કરીને સૌને કહ્યું હતું કે કચ્છનું ભવિષ્ય ઉજળું બનાવવા કમર કસીએ અને તે માટે હું પડખે ઊભા રહેવાની પહેલ કરીશ. શ્રી ક.વી.ઓ. સેવા સમાજનાં ડૉ. ઈલા દેઢિયાએ આયોજકોની હરણફાળની પ્રશંસા કરેલ.

શ્રી અશોક મહેતાએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે સમાજે સુવર્ણ વર્ષ દરમ્યાન ૪૦ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. તેની વિગતો જાણીને સૌ આનંદિત થયા.

અતિથિ વિશેષમાં શ્રી જગશી જેઠાભાઈ તથા પ્રવીણચંદ્ર છેડા ઉપસ્થિત રહી કાર્યક્રમને સારો ઑપ આપેલ. તેમજ શ્રી કચ્છી મહિલા ફેડ.ના શ્રીમતી તરલાબેન છેડાએ કાર્યક્રમમાં હાજર રહીને મહોત્સવને ચાર ચાંદ લગાવી દીધેલ. અમદાવાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજને હજી વધુને વધુ સમાજસેવા કરવા પ્રભુ તમામ શક્તિ અર્પે એજ શુભેચ્છા સહ અભિનંદન.

*હીરાલાલ વેલજી ઊનડોઠવાલા - ચેમ્બુર, મુંબઈ*

• • • • •

## સુવર્ણ જયંતી કાર્યક્રમોને શુભેચ્છા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તેની ૫૦મા વર્ષની સુવર્ણ જયંતી નિમિત્તે અનેક કાર્યક્રમોના આયોજન બદલ ખૂબ વધાઈ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, સમાજ સેવાના અભિગમ દ્વારા સામાજિક સેવા, સમાજ ઉત્થાન કાર્યક્રમ, સમાજ વિકાસ યોજના વગેરે પ્રવૃત્તિઓમાં સતત કાર્યરત રહેવા બદલ હું સમાજના પદાધિકારીઓ, કાર્યકરો વગેરેને અભિનંદન આપું છું.

સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન આપના દ્વારા થતા સર્વે કાર્યોની સફળતા માટે મારી શુભ કામના.

**આ સાથે એક ભાવના આપની સમક્ષ રજૂ કરું છું. સમસ્ત ભારતના શહેરો તેમજ ગામોમાં વસતા કચ્છી જૈન પરિવારોને (મુંબઈ સિવાય) સંગઠિત કરવાના પ્રયત્નો માટે આપનો અમદાવાદ સમાજ શક્તિમય નેતૃત્વ પૂરું પાડે.**

*અતુલ રતનશી શાહ - કરેલી (મ.પ્ર.)*
*ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ (ડિસ્ટ્રી. ૩૨૩-જીર)*

• • • • •

## 'સુવર્ણ જયંતી' મહોત્સવ અંગે શુભેચ્છા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેનું સુવર્ણ જયંતી મહોત્સવ, એપ્રિલ ૨૦૧૨થી ભવ્યાતિભવ્ય રીતે ઉજવે છે. તેની વિગત સમાજ તરફથી મળી છે. સહભાગી ન થવા બદલ દિલગીર છીએ. છતાં મહોત્સવ સુંદર રીતે ઉજવાય અને ભવ્ય સફળતા મળે તેવી અમારી સદાય અભ્યર્થના / શુભેચ્છા છે.

સમાજના દરેક સદસ્યોને, ટ્રસ્ટીવર્યો, કાર્યકર્તાઓ તથા ઉપપ્રમુખશ્રી, માનદ્ મંત્રીશ્રી સર્વેને અમારા હાર્દિક અભિનંદન.

*પહેલેથી જ વિપત્તિનો સામનો ઘડી રાખવો, આગ લાગે ઘરે ત્યારે કૂવો ખોદવો શું કામનો?*

વધુમાં તા. ૨૧-૬-૧૨, ગુરુવારથી અષાઢી બીજે કચ્છી નવું વર્ષ શરૂ થાય છે તે સબબ સૌ આત્મજનોને અમારા હૃદય પૂર્વકના નૂતન વર્ષાભિનંદન પાઠવી ધન્યતા અનુભવું છું.

સમાજ વર્ષોવર્ષ પ્રગતિના પંથે આગળ ધપે તેવી ઈશ્વરીય પ્રાર્થના સાથે વિરમું છું.

*ડૉ. ઠાકરશી મૈશેરી - આણંદ*

● ● ● ● ●

## સદ્‌ગત શ્રી સૂરજલાલભાઈ મહેતા

આપણે ગુમાવેલા નિષ્ઠાવાન, સૌમ્ય અને મોટી ઉંમરે પણ ઉત્સાહી એવા સજ્જન સ્વ. શ્રી સૂરજલાલભાઈની વાત કરવી છે.

છેલ્લાં ૮-૧૦ વર્ષોથી ઘણા નજીક આવેલા. એમના ભાષા પ્રેમને કારણે અમે અવારનવાર મળતા. દરેક સમયે મને તેમણે સારી સહાય કરી છે. નાનાં મોટાં પુસ્તકો પણ આપ્યાં છે.

મેં મજાના મિત્ર અને આપ સૌએ એક સંન્નિષ્ઠ જોડીદાર ગુમાવ્યા તેનું અત્યંત દુઃખ છે. આમ તો સમાજને પણ એમની ખોટ સાલશે જ. પણ ઈશ્વરની મરજી પાસે ક્યાં કોઈનુંયે ચાલે જ છે! પ્રભુ એમને શાંતિ આપે.

*શાંતિલાલ વ. શાહ - વાસણા, અમદાવાદ*

● ● ● ● ●

## સદ્‌ગત સૂરજલાલભાઇ - પ્રેરણામૂર્તિ

શ્રી સૂરજલાલભાઈ મહેતાના દેહાંતથી મેં એક સારા મિત્ર અને લાગણીમય સહકાર્યકર તેમજ સમાજે એક સંનિષ્ઠ, સક્રિય કાર્યકર ગુમાવ્યાનું દુઃખ છે.

સદ્‌ગતશ્રી પોતાનું દેહદાન અને નેત્રદાન કરી ઉત્કર્ષ માનવસેવા કરતા ગયા છે.

શ્રી સૂરજલાલભાઈએ સમાજમાં કારોબારી, ટ્રસ્ટીપદ કે અન્ય કોઇ હોદ્દા માટે ક્યારેય પણ અપેક્ષા રાખી ન હતી. નિઃસ્વાર્થભાવે તેઓ સમાજસેવા કરતા રહ્યા અને એક ઉચ્ચ આદર્શ સ્થાપિત કરતા ગયા કે 'સમાજસેવા' માટે પદ કે હોદ્દાની આવશ્યકતા હોતી નથી પણ નિઃસ્વાર્થ ભાવનાની જરૂરત છે.

**સમાજ જાણે એમનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી. પરિશ્રમી, નિઃસ્વાર્થ અને સાદગીભર્યા જીવનમાં ધર્મ, કર્મ અને ફરજ એમનું કર્તવ્ય રહ્યું હતું.**

છેલ્લાં દસ વર્ષથી હું એમની સાથે સમાજની વિવિધ સમિતિઓમાં સંકળાયેલો હતો. તેમના દ્વારા મને મુખપત્ર 'મંગલ મંદિર'માં લખવા માટે પ્રોત્સાહન મળતું હતું. 'મંગલ મંદર'ની છબી ઉપસાવવામાં તેમનો સિંહફાળો હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદે વર્ષ ૨૦૦૪માં તેનું દ્વિતીય વિસ્તૃત વસતિપત્રક બહાર પાડ્યું ત્યારે તેની સમિતિના કન્વીનર શ્રી પોપટલાલ ધરોડ હતા. હું અને શ્રી સૂરજલાલ મહેતા તે સમિતિના સભ્યો હતા. સમાજનાં તમામ કચ્છી જૈન ભાઇ-બહેનો અંગેની સંપૂર્ણ માહિતીવાળું તે વસતિપત્રક બને તે માટે સમિતિએ શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા હતા. જેમાં પણ શ્રી સૂરજલાલભાઇનું મહત્ત્વપૂર્ણ પ્રદાન હતું.

ત્યારબાદ, સમાજની સુવર્ણ જયંતી વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં નવું વસતિપત્રક તૈયાર કરવાનું આયોજન થયું. તેની સમિતિના કન્વીનર પદે શ્રી સૂરજલાલભાઇને જ્યારે કહેવામાં આવ્યું **ત્યારે તેમણે મારી તરફ જોઇને કહ્યું કે, "આ માટે મને 'કે.ડી.'નો સૌપ્રથમ સાથ-સહકાર જોઇશે. તે મને સંમતિ આપશે તો જ હું કન્વીનર પદ સ્વીકારીશ."** સમાજના ઉત્કૃષ્ટ કામ માટે નિષ્ઠાવાન વ્યક્તિ સાથે કામ કરવાનું હતું... 'મારો આપને સંપૂર્ણ સાથ-સહકાર રહેશે અને આપ કહેશો ત્યારે તે કામ માટે જરૂર હાજર રહીશ.' આ પ્રકારની પ્રતિક્રિયા મેં સહજભાવે આપી અને સમિતિનું ગઠન થયું. **ખરેખર! તેઓ દૂરંદેશી હતા.**

માસ નવેમ્બર-૨૦૧૧થી નવા વસતિ પત્રકનું કામ પૂરજોશથી ઉપાડી લેવામાં આવ્યું. પ્રત્યેક સોમવાર-ગુરુવારના સતત આખો દિવસ કામ કરતા હતા. ચાર માસમાં લગભગ ૮૦૦માંથી ૫૫૦ જેટલાં ફોર્મ મેળવીને તેની ચકાસણી શ્રી સૂરજલાલભાઇના નેતૃત્વમાં કરવામાં આવી. ત્યારબાદ અસ્વસ્થ તબિયતના કારણે તેઓ સમાજમાં આવી ના શક્યા. એટલે બાકીનાં ફોર્મ મેળવવાની અને અન્ય કામગીરીની તેઓ ચિંતા સેવવા લાગ્યા, કારણકે નક્કી કરેલ સમય મર્યાદામાં આ કામ પૂરું કરવાનું હતું.

તેમની ચિંતા અને નિષ્ઠાએ અમને વધારે જોમ પૂરું પાડ્યું. અથાગ પ્રયત્નો કરીને બાકી રહેલાં લગભગ બધાંજ ફોર્મ મેળવવામાં અમને સફળતા મળી. આ વાત તેમને કહેવામાં આવી ત્યારે તેમણે અતિશય આનંદ વ્યક્ત કર્યો હતો અને અન્ય કામગીરી અમે અદા કરી શકીશું... **તેવા વિશ્વાસ સાથે જાણે સાંકેતિક રીતે શુભેચ્છા વ્યક્ત કરી! આવી હતી તેમની મનોકામના અને લાગણી!!**

હવે અમને ખેદ છે કે, જ્યારે સૂચિત વસતિ પત્રકનું વિમોચન થશે ત્યારે **એક ઉચ્ચ માર્ગદર્શક, આદર્શવાદી અને પ્રેરણામૂર્તિ વ્યક્તિ આપણી વચ્ચે નહીં હોય!**

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અને સદ્‌ગતિ અર્પે એવી પ્રાર્થના સાથે... શ્રદ્ધાસુમન અર્પણ.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

● ● ● ● ●

## શ્રી સૂરજલાલભાઈ મહેતા

શ્રી સૂરજલાલભાઈની વિદાયથી સમાજમાં એવો અવકાશ સર્જાયો છે કે જે સ્વાભાવિકપણે અસહ્ય છે. વિદાય લેતી વ્યક્તિ માટે લખાતા આ શબ્દો સદ્‌ગત શ્રી સૂરજલાલભાઈની બાબતમાં બિલકુલ ઔપચારિક નથી.

આમ જુઓ તો તેઓ ન તો સમાજના હોદ્દેદાર કે ટ્રસ્ટી હતા.

*જેને નથી સ્વયં બુદ્ધિ, તેને શાસ્ત્ર કરેય શું? જેને ચક્ષુ નથી, તેને શા કામનો આઈનો?*

કારોબારીના સભ્ય સુદ્ધાં ન હતા છતાં તેઓ કેટલું બધું હતા!

'મંગલ મંદિર'ના નવા સ્વરૂપમાં તેમનું યોગદાન લગભગ બધા સભ્યો તથા ગ્રાહકો જાણે છે પણ એ તો હિમશિલાની ટોચ છે. એથી પહેલાં, વર્ષો સુધી કરેલા કાર્યોની નોંધ જાણકારો સિવાય બહુ ઓછી લેવાઈ છે.

શ્રી પોપટલાલભાઈ સાથે સભ્યપદ અને શૈક્ષણિક સહાયનું કામ દેખીતી રીતે લાગે એટલું આસાન નથી. સભ્યપદની અરજીઓના એકે એક ફોર્મની વ્યવસ્થિત કક્કાવાર સાચવણી (જેના ૧-૨ નહિ પણ અનેક વોલ્યુમ છે) ઉપરાંત સભ્યોની ૩ પેઢીના નામો સાથેનું કક્કાવાર લિસ્ટ, સભ્યોનું જ્ઞાતિ મુજબનું (કે.વી.ઓ., કે.ડી.ઓ., ગુર્જર, વાગડ સાત અને બે ચોવીસી વગેરે) તથા કેટેગરી મુજબનું (સામાન્ય, આજીવન, સ્વજન, માનદ્, દાતા, ટ્રસ્ટોના પ્રતિનિધિ વગેરે) એમ અલગ અલગ લિસ્ટ બનાવવાના તો ખરા જ, પણ આ બધાને સતત સુધારતા રહેવું (નવા સભ્યોનો ઉમેરો અને કમી થતાની બાદબાકી) આ બધા કામનો નજરે જોયા વગર અંદાજ ન આવે અને આવા કામની કોઈ પ્રસિદ્ધિ હોતી નથી.

આ ઉપરાંત મારી સાથે વસતિ પત્રકો તથા પાલડી ભવન તેમજ વિશ્રામગૃહના કૂપનોની વ્યવસ્થામાં પણ તેઓનું મોટું યોગદાન રહ્યું છે.

તેઓના કામનો અંદાજ હાલના વસતિ પત્રક ઉપરથી આવી શકશે.

અમારી ૩ જણની ત્રિપુટીએ સમાજના કેટલાય નાના મોટા કામ સહેલાઈથી પાર પાડ્યા છે. આમાં હવે શ્રી પોપટલાલભાઈની નિવૃત્તિ અને શ્રી સૂરજલાલભાઈની ચિર વિદાયથી અચાનક હું એકલો પડી ગયો છું.

નિવૃત્તિ ભોગવતા સમાજના વયસ્ક સભ્યો તેમનું કામ ઉપાડી લેવા આગળ આવે એવી વિનંતી.

તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના સાથે.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## પ્રતિભાવ

'મંગલ મંદિર' માસ મે-૨૦૧૨ના અંકમાં સહકારી પ્રવૃત્તિઓના પ્રણેતા, જાણીતા સિક્કા સંગ્રાહક અને ગાંધીવાદી કાર્યકર વાલજીભાઈ કરશનજી ઠક્કરની જન્મ શતાબ્દી પ્રસંગે તેમનો પરિચય રજૂ થયો છે.

કચ્છમાં વર્ષ ૨૦૦૧માં ભૂકંપ આવ્યો ત્યારે વાલજીભાઈ તેમના નિવાસ સ્થાન પાસે તંબુ તાણી રહેતા હતા. કચ્છ બહાર તેમના સગા-સંબંધીઓએ પોતાને ત્યાં આવવા ખૂબ આગ્રહ કર્યો, પણ તેઓએ પોતાનું સ્થળ છોડી બહાર જવાનું પસંદ ન કર્યું અને આસપાસના અસરગ્રસ્તોને મદદરૂપ થવા રાત-દિવસ દોડધામ કરતા હતા. વાલજીભાઈની સેવાઓને બિરદાવવી પડે. તેમની જન્મ શતાબ્દીએ વંદન હો.

★

આ ઉપરાંત તાજેતરમાં અમદાવાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ તેના ૪૯ વર્ષ પૂરાં કરી ૫૦મા વર્ષની સુવર્ણ જયંતી ઉજવી રહેલ છે. આ પ્રસંગે 'કચ્છમિત્ર'માં રૈયતનામામાં તથા શ્રી નરેશ અંતાણી દ્વારા વિસ્તૃત અહેવાલ રજૂ થયા છે. સંસ્થાની સુવર્ણ જયંતી બદલ અભિનંદન આપવાં ઘટે.

*તુલસીદાસ જે. શાહ - ભુજ*

• • • • •

## 'મંગલ મંદિર' માસ મે-૨૦૧૨ — એક પ્રતિભાવ

'મંગલ મંદિર' માસ મે-૨૦૧૨ના અંકમાં વૃક્ષો વાવીને કચ્છમાં વરસાદ અને ધાર્યું ધણીનું થાય — ડૉ. વીજળીવાલાના લેખ ખૂબ અગત્યના છે.

વૃક્ષો વિશે 'મંગલ મંદિર'ના અગાઉના અંકોમાં થોડી ચર્ચા થઈ હતી. હવે સામાજિક સંસ્થા તરીકે આપણે સૌએ સાથે મળીને આ દિશામાં કાંઈક નક્કર કાર્ય કરવું અતિ આવશ્યક છે.

કચ્છમાં વરસાદ લાવવા, પર્યાવરણ જાળવવાનું કામ કરવું જ જોઈએ. તે સિવાય, આપણે કરી શકીએ તો વૃક્ષો ઉછેરવાનો વિકલ્પ ખૂબ સીધો-સાદો - સહેલો અને સારો છે.

આ બાબતે મારું મંતવ્ય છે કે, સંસ્થા તરીકે આપણે કચ્છમાં એકાદ લાખ વૃક્ષો વાવી - ઉછેરવાનો પ્રોજેક્ટ શરૂ કરવો જોઈએ. પ્રતિ વૃક્ષ એક હજારનો ફાળો લઈને, તે રકમ આપનારનું નામ તે વૃક્ષ પર મૂકી શકાય.

વૃક્ષો વાવવાની - ઉછેરવાની જવાબદારી સંસ્થાએ ઉપાડવી જોઈએ અને તે માટે તે ક્ષેત્રના નિષ્ણાતોના સલાહ સૂચન અને માર્ગદર્શન લઈ શકાય. આ કામગીરીમાં દેશ-વિદેશના સમાજોને પણ સામિલ કરી શકાય. કચ્છ - ગુજરાતને સૂર્યશક્તિ અને સપાટ જમીનની કુદરતી દેણ છે. બાકીનું કામ જાતે ઉપાડી શકાય. ભવિષ્યની પેઢી આ પ્રકારના કાર્યને જરૂર બિરદાવશે.

ડૉ. વીજળીવાલાના લેખનો બોધપાઠ લઈને આપણો સમાજ બીજી એક અગત્યની પ્રવૃત્તિ પણ કરી શકે. માતા બનતી સ્ત્રીઓ માટે બાળકોના સારા, સુરક્ષિત ઉછેર અર્થે જાણકાર, અનુભવી વ્યક્તિઓના માર્ગદર્શન હેઠળ ક્લાસીસ શરૂ કરવા જોઈએ. ભવિષ્યની પેઢી સમાજની સુવર્ણ જયંતી વર્ષને યાદ કરે, તે માટે આ સૂચનો અત્રે કરેલાં છે. આ પ્રકારના અન્ય કાર્યો પણ હોઈ શકે છે.

આ સૂચનોની ચર્ચા થાય અને પ્રતિસાદ મળે તેવી અપેક્ષા છે.

*હરખચંદ સાવલા — ગાંધીનગર / અમેરિકા*

• • • • •

## 'મંગલ મંદિર' માસ જૂન-૨૦૧૨નો અંક

નમસ્કાર. 'મંગલ મંદિર'નો જૂન-૨૦૧૨નો અંક મળી ગયો. **જાણે કચ્છી અષાઢી બીજ ચમકી. વરસાદની આતુર નયને રાહ જોતા હોઇએ ને અમૃતવર્ષા થાય તેવી મધુર અનુભૂતિ થઇ, આનંદ વ્યાપ્યો.**

*નાના ખર્ચાઓથી પણ સાવચેત રહો. એક નાનકડું કાણું આખા જહાજને ડૂબાડી દે છે.*

વિશિષ્ટ કચ્છી ઉદ્યોગપતિઓ માટે આપનું ચિંતન પણ મનનીય છે. સાચું જ કહ્યું કે કુદરતે તેઓને વિશિષ્ટ કૌશલ્ય, દીર્ઘદષ્ટિ, હૈયાસૂઝ બુધ્ધિપૂર્વક કામ કરવાની પધ્ધતિ, મહેનતમાં સાતત્ય એમનામાં રેડ્યાં હોય છે. પ્રારબ્ધ યોગ તો ખરો જ, પણ તેમની સંપત્તિ સમાજ માટે વપરાય તો એ ગૌરવપ્રદ છે.

એમના જીવન અને કર્તવ્યો વંદનીય છે. સરસ સંકલન થયું.

કચ્છી ભાયાના અભિગમ બાબતે આપની કલમે જે વેદના વ્યક્ત કરી છે તે સાચી છે. આપણી જાગૃતિમાં સમાજની જાગૃતિ જાણે દેખાતી જ નથી. 'પાંકે કોરો....?' જેવી વાત છે. ધન્યવાદ સહ વંદન.

શ્રી કીર્તિભાઇ ખત્રી અને શ્રી હરેશભાઇ ધોળકિયા સંશોધનાત્મક, વિવેચનાત્મક દષ્ટિકોણ ધરાવતા મહામાનવો છે. એમની મનોસંપત્તિનો ઉપયોગ થાય પણ છે. પણ શ્રી હરેશભાઇના લેખમાં જે અંતિમ પડાવની વેદના છે તે વાસ્તવિક છે. ધર્મ વગરનો વહીવટ પ્રજા પીડન માટે જ જાણે ન હોય. 'ભ્રષ્ટસંપત્તિથી બનેલા મહેલો કે ઉચ્ચ મધ્યમવર્ગનાં મકાનો શેરીઓને ટૂંકી કરે છે' આ વાક્યમાં અનેક ગૂઢાર્થો છે. ગુનાખોરીના પ્રમાણે તો હવે માઝા મૂકી છે. દરેકે સ્વરક્ષણ અને સમાજરક્ષણ માટે સજ્જ થવું પડશે. આપણા દેખાડા ને દંભ ચીરાય છે. મંદિરો સમૃધ્ધિથી છલકાય ત્યારે ત્યાં ભગવાન ન હોય. મીનળદેવી, વસ્તુપાળ-તેજપાળની વાતો યાદ આવી જાય.

**લેખો ગમ્યા છે. વૈચારિક સ્તર સૌને સાંપડેલ છે. અહેવાલો, તસવીરો, સેમિનારો અને શ્રેષ્ઠતાને બિરદાવવાની આપની દષ્ટિ, એકેક ક્ષણના અહેવાલો જ દર્શાવે છે કે આપની ટીમ સજાગ છે અને સમાજને બેઠો કરવાની સૂઝ ને તાકાત તેનામાં છે.** આપના પરિશ્રમને પરમાત્માની પવિત્રતા અને કૃપાનાં અમૃત મળો. ધન્યવાદ.

*રમેશ છબીલાલ દવે - ભુજ, કચ્છ*

• • • • •

## "ભાષાની ઉત્પત્તિ અને વિકાસ"

'મંગલ મંદિર'ના જૂન અંકમાં શ્રી મુરજીભાઇ ગડાએ ભાષાની ઉત્પત્તિ અને વિકાસની ચર્ચા કરી છે. આપણે જાણીએ છીએ કે વિશ્વમાં સૌથી પ્રાચીન ભાષાઓમાં સંસ્કૃત એક છે.

આ સંસ્કૃત ભાષાની એક ખૂબી એવી છે જે અન્ય પ્રાચીન-અર્વાચીન ભાષાઓમાં નથી. સંસ્કૃતમાં એક જ શબ્દના અનેક અર્થો મળી શકે અને એક જ અર્થવાળા અનેક શબ્દો પણ મળી શકે. ચાલતી કલમે એક દષ્ટાંત લઇએ :-

સ્ત્રી માટે સંસ્કૃતમાં કેટલા શબ્દો મળે?

સ્ત્રી, નારી, મહિલા, રમણી, ચંચલા, લલના, કાન્તા, સુંદરી, પયસ્વિની, વનિતા, માનુની, પુત્રદા, ચપલા ભામિની-ઉપરાંત બીજા પણ એકાદ બે કદાચ.

આવા અને આટલા શબ્દો અન્ય કોઇ ભાષામાં નથી. તે ઉપરાંત દરેક શબ્દના વિશિષ્ટ અર્થ છે તેથી એક જગાએ ખાસ વાપરવો પડે તે શબ્દની જગાએ અન્ય શબ્દ પ્રયોજી શકાય નહીં. સંસ્કૃત ભાષાની આ અનેરી ખૂબી છે. તમામ શબ્દો કોઇને કોઇ ગુણલક્ષી છે.

ભલે બધું જ નાશ પામો. તમામ ધર્મો અને તમામ સંપ્રદાયો ભલે કાળના ગર્ભમાં લુપ્ત થાઓ પણ આપણા દેશની બે વસ્તુ પૃથ્વીના અંત સુધી ટકી રહેવી જોઇએ. એક તે સંસ્કૃત ભાષા અને અન્ય તે શાસ્ત્રીય સંગીત.

આ બે ચીજનો જેણે પણ અલ્પ માત્રામાં પણ રસાસ્વાદ લીધો હશે તે જિંદગીભર ક્યારેય તેમને ભૂલી શકશે નહીં. પ્રભુના દરબાર સુધી પહોંચાડવાની તાકાત શાસ્ત્રીય સંગીતમાં છે.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## પ્રભુજીને ગુલાબનાં ફૂલો

'પ્રભુને પુષ્પો' જેવા, આપણી નજર બહાર રહી ગયેલા મહત્ત્વના મુદ્દા અંગે આપણું ધ્યાન ખેંચવા માટે, પહેલાં તો એ મુસલમાન સજ્જનનો આભાર માનું છું. શ્રી પન્નાલાલભાઇ છેડાનો પત્ર, ઉત્તર તરીકે યોગ્ય જ છે. તેમણે કરેલી સરસ સ્પષ્ટતા માટે તેમનો પણ આભાર. તેમના આખા પત્રનો સાદો સીધો નિચોડ આ ચાર વાક્યોમાં છે, ચર્ચાના હાર્દ સમાં આ ચાર વાક્યો છે : "શાસ્ત્રોનું વિધાન છે કે, ફૂલો છોડ પરથી ચૂંટવાના નહિ, નીચે પડે તે જ ફૂલો વિણવાનાં. વૃક્ષો નીચે ચાદર બિછાવીને તેમાં પડેલાં ફૂલો વીલાઇ જાય તે પહેલાં, એ પુષ્પોની પાંખડીઓને સ્પર્શ્યા વિના, તેમાં કોઇપણ પ્રકારનો છેદ પાડ્યા વિના અથવા દોરો બાંધ્યા વિના, માત્ર પુષ્પની દાંડીને કોમળતાથી ઝાલી પ્રભુજીને મસ્તકે અથવા ચરણે ધરવામાં આવે તે સાચી ફૂલપૂજા ગણાય."

હવે પૂજા કરનાર ભક્તોની વાત કરીએ. દર ત્રણમાંથી બે દેરાસરોમાં આપણે ફૂલોની દુકાનો માટે માળી ભાઇને બેસાડ્યા છે. એટલું જ કહો કે ઉપર વાત કરી તે પ્રમાણે ફૂલો વીણીને લાવે છે? બજારમાંથી લાવે છે અને તમને વેચે છે ત્યાં સુધી દોરો, સોય કે હાથનો પણ સ્પર્શ સુદ્ધાં ન થાય તેવી તકેદારી રાખે છે? આપણે એવી અપેક્ષા પણ રાખીએ છીએ? તેણે શું કરવું ને શું ન કરવું એવી વાત જ આપણે એને કરી નથી, કરી છે? મતલબ એટલો જ કે શાસ્ત્રોના કહ્યાં મુજબની આ ફૂલપૂજા નથી. આટલું કબૂલીએ તો એવી ફૂલપૂજા જ શા માટે કરવી? અને એમ કરવાથી કોઇને નુકસાન થવાનું નથી. પણ આ બદલાવ તમારે ને મારે લાવવાનો છે, યુવાનોએ લાવવાનો છે.

બીજું, શ્રી છેડાએ ઓછા આયુષ્યવાળા જીવોની વાત કરી છે, પરંતુ એવા જીવોની હત્યા કરાય કે નહિ, એ અંગે સ્પષ્ટતા કરી નથી. જીવ નાનો હોય કે મોટો, હિંસા થાય નહિ એવું દરેક જૈન માનતા જ હશે. વળી શ્રી છેડાએ માન્યવર શ્રી કુમારપાળભાઇ અને તજજ્ઞ શ્રી ધનવંતરાયનાં નામો ટાંક્યા છે, તેમના મત અંગે લખ્યું

*સાચો શત્રુ ક્રોધ અને અભિમાન છે.*

નથી, ખેર.

પત્રના હાર્દ જેવી ચાર લીટીઓ જ બધું સ્પષ્ટતાપૂર્વક કહી દે છે એટલે વધુ ખુલાસાની જરૂર નથી - જરૂરત એ છે કે આપણે, આપણા કે પાડોશીના છોડ પરનાં પુષ્પો તોડીને કે એવી રીતે લવાયેલાં વેચાતાં ફૂલોને વર્જ્ય ગણીએ.

***અને છેલ્લે, ફૂલપૂજાથી આપણો ઈશ્વર પ્રત્યેનો ભાવ વધે છે અને વધુ ફૂલો હોય કે વધુ શણગાર હોય તો ભાવ વધુ ઉભરાય છે એવી દલીલ તો હાસ્યાસ્પદ લાગે છે. આંગી રચાયેલી જુઓ ત્યારે અને બીજે દિવસે સવારે આંગી ન હોય તો તમારા પ્રભુ પ્રેમમાં ફેર પડે? પરમકૃપાળુના પ્રેમમાં વધઘટ થાય? આપણા મહોલ્લાના ભગવાન અને કોઈ તીર્થ પર બિરાજમાન ભગવાનમાં ફેર હોય? ના, ભાઈ ના. ઈશ્વર એટલે ઈશ્વર. સર્વત્ર છે તે ઈશ્વર તો એવો ચમત્કારી છે કે બીજે તો ઠીક, તમારી પાસે જ, તમારા હૃદયમાં જ છે, તમારા દિલો-દિમાગ, મન અને આત્મામાં જ હાજરાહજૂર છે. બોલો, શંકા છે? એટલે નક્કી સમજો કે એને કોઈ શણગાર-હીરા મોતીનો, સોના-ચાંદી, કે પુષ્પોનો જરૂરનો નથી — ફૂલો - પુષ્પોની જરૂર તો નહિ જ નહિ.***

શ્રી છેડાએ કહ્યું તે જ ફૂલપૂજા છે. એ ચાર લીટીઓ ફરીવાર વાંચો ને શાસ્ત્રોએ જ આ કહ્યું છે તે યાદ રાખીને આગળનું વિચારજો. ફરીવાર ભાઈ છેડા, મંગલ મંદિર માટે પત્ર હાથવગો કરાવનાર શ્રી એલ.ડી. શાહ અને વાતનું બીજ મૂકનાર, ફૂલપૂજા અંગે આપણા પ્રતિભાવો માગનાર એ મુસ્લિમ સજ્જનનો ઘણો આભાર.

***શાંતિલાલ વ. શાહ - વાસણા, અમદાવાદ***

● ● ● ● ●

## પ્રસંગની ઉજવણી કઇ રીતે?

હાલમાં આપણે ત્યાં કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સુવર્ણ જયંતી મહોત્સવ ચાલી રહ્યો છે ત્યારે એક વિચાર મનમાં ઝબકી જાય છે. વેદમાં, ઉપનિષદમાં, રામાયણ-મહાભારત તથા ભાગવતમાં ક્યાંય પણ રજત, સુવર્ણ કે હીરક ઉત્સવ કોઇનો પણ ઉજવવામાં આવ્યો હોય એવો એક પણ પ્રસંગ જોવા મળતો નથી. જૈન આગમ સાહિત્યમાં પણ આવો કોઇ ઉજવણીનો પ્રસંગ જોવા મળતો નથી.

હવે તો નાના-મોટા અનેક લોકો પોતાનો જન્મ દિવસ ઉજવતા થયા છે. સાધુ-સંન્યાસીઓ પણ ઉજવતા થયા છે. **પરંતુ આપણા એક પણ પ્રાચીન ઇતિહાસમાં તથા સાહિત્યમાં કોઇની પણ જન્મદિવસની ઉજવણી થયાનો એકપણ પ્રસંગ જોવા મળતો નથી.** સ્વામી સચ્ચિદાનંદ તો કહે છે કે સાધુ સંન્યાસીઓ અને મહામાનવોની માત્ર પુણ્યતિથિ ઉજવાય, જન્મતિથિ ન ઉજવાય. નગીનદાસ સંઘવી પણ કહે છે કે આ પ્રકારની જન્મદિવસની ઉજવણી એ નકલ છે.

મારો હેતુ કોઇની પણ ટીકા કરવાનો છે જ નહીં. માત્ર ધ્યાન ખેંચવા પૂરતો હેતુ છે. જ્યારે લોકો સમૂહમાં તાળીઓ પાડીને 'હેપ્પી બર્થ ડે ટુ યુ' એમ આલાપીને શીરો ખવડાવવાની જગાએ કેક કાપીને તથા દીવો પ્રગટાવવાની જગાએ મીણબત્તી બુઝાવીને તથા આશીર્વાદની જગાએ ફુગ્ગા ફોડીને ઉજવણી કરે છે ત્યારે મનમાં થોડો રંજ થાય છે. ઉજવણીનો સમગ્ર વિચાર આપણે અંગ્રેજો પાસેથી અને સિનેમા પાસેથી ઉધાર લીધો છે એ વાત સાચી?

આપણે શા માટે કોઇની પણ નકલ કરવી જોઇએ ?

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

● ● ● ● ●

## 'મંગલ મંદિર' અને સમાજની ઉત્કર્ષ પ્રવૃત્તિઓ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત મેગેઝીન 'મંગલ મંદિર'નો હું પણ ચાહક છું. 'મંગલ મંદિર'માં આવતા વૈવિધ્યસભર લેખો તથા અમદાવાદ કચ્છી જૈન સેવા સમાજની પ્રવૃત્તિઓ ખૂબ જ સુંદર અને આયોજનબદ્ધ હોય છે. સામાજિક સેવાના દરેક પાસાઓનું ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યા બાદ અમલમાં મૂકાયેલી આપના સમાજની તમામ યોજનાઓ અભિનંદનને પાત્ર છે.

આપનું માસિક 'મંગલ મંદિર' સદાય પ્રગતિ કરતું રહે અને સમાજસેવાની પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક પાર પડતી રહે તે માટે ઈશ્વર આપને વધુને વધુ બળ આપે એવી અભિલાષા.

***પ્રદીપ એલ. દંડ - ભુજ, કચ્છ***

● ● ● ● ●

## સામા પ્રવાહે તરનાર શ્રી શાંતિલાલ સંઘવી

'મંગલ મંદિર'નો કોઈપણ અંક વાંચીએ તો એમાં શ્રી શાંતિલાલભાઈનું નામ ૪ - ૬ - ૮ ઠેકાણે અવશ્ય જોવા મળે. એમના વિશાળ વાંચનનો લાભ મંગલ મંદિરના વાંચકોને મળે એ હેતુથી તેઓશ્રી અન્ય સામયિકોની ઉત્તમ માહિતી તારવીને આપણને પીરસે છે. આ એમનું પ્રસંશનીય યોગદાન છે.

જોકે અત્રે વાત કરવી છે એમના પોતાના લખાણોની. તેઓ બહુધા લેખ અને પત્ર સ્વરૂપે એમ બે ઠેકાણે જોવા મળે છે. એમના લખાણ અચૂકપણે ચીલાચાલુ ઘરેડથી અલગ હોય છે. વાંચકોને ભાવતું ભોજન પીરસવાનો એમનો પ્રયાસ ક્યારેય પણ હોતો નથી. બલકે વિવાદાસ્પદ વિષય પર તેઓ વાંચકોને 'કડુ કડિયાતું' આપે છે. ઘણાને કદાચ એમના લખાણ ન ગમતા હોય પણ આવા લખાણો જ નવી દિશા ચીંધતા હોઈ સત્યની શોધ અને સંસ્કૃતિની પ્રગતિ માટે જરૂરી છે.

લખાણોમાં આટલી હિંમત દાખવનારને રૂબરૂ મળવાની ઈચ્છા થાય તે સ્વાભાવિક છે. એ પણ એક દિવસ શક્ય બન્યું. ત્યારે જાણવા મળ્યું કે આઠ દાયકા વટાવી જનાર વડીલ લેખન - વાંચનમાં આટલા સક્રિય છે. આ માટે એમને હાર્દિક અભિનંદન આપવા રહ્યા.

એમના એક પત્રની વાત કરીએ. એમણે મે મહિનાના અંકમાં મારા આગલા અંકના લેખ સંબંધે ટિપ્પણી કરતાં લખ્યું હતું કે લોકલાગણી ન દુભાવવાના નામે આપણે બેહૂદી ધાર્મિક માન્યતાઓને ક્યાં સુધી છૂપાવી રાખશું? એના સંદર્ભે એમણે તીર્થંકર મહાવીરના ગર્ભહરણનું દૃષ્ટાંત આપી, એ વિષે જૈન મહારાજશ્રી સાથે કરેલ ચર્ચાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આવી સંવેદનશીલ ચર્ચા કરવામાં લોકલાગણી ઉપરાંત તંત્રીઓની દ્વિધાનો પણ ખ્યાલ રાખવો પડે છે. આપણા સંવેદનશીલ વિષય પરના લેખ છાપવામાં એમણે ઘણી ઉદારતા દાખવી છે. એ માટે એમનો આભાર માનવો જરૂરી છે. એ સાથે એમને ક્યાં અને કેવી મર્યાદા નડી શકે એનો પણ ખ્યાલ રાખવો ઘટે. (ઘણા સામયિક કોઈ દાતાના અનુદાનથી ચાલતા હોય છે. દાતાને વાંધો હોય એવા લેખ ત્યાં ન છપાય.) થોડા વિવાદાસ્પદ મુદ્દાઓ માટે આખો લેખ રદબાત્તલ થાય એના કરતાં જેટલું સ્વીકારી શકાય એટલામાં આપણા વિચાર રજૂ કરીએ તો તંત્રીઓની દ્વિધા નિવારી શકાય.

આટલી પૂર્વભૂમિકા પછી એમની ગર્ભહરણની વાત આગળ વધારીએ. વેદિક સમયના કર્મકાંડી બ્રાહ્મણવાદના વિકલ્પરૂપે બુદ્ધ અને મહાવીરે લોકોને એક નવી વિચારધારા આપી. આ બાબતે મહાવીર / બુદ્ધના અનુયાયીઓ અને બ્રાહ્મણો સામસામે આવી ગયા. વાત એટલી વણસી કે બ્રાહ્મણ તીર્થંકર ન બની શકે એવો એક વણલખ્યો નિયમ બની ગયો. સમય જતાં તીર્થંકર ક્ષત્રિય કુળના હોવા જોઈએ એવું અર્થઘટન કરવામાં આવ્યું.

બ્રાહ્મણ શ્રીઋષભદત્ત અને દેવાનંદા જો સાચે જ મહાવીરના બાયોલોજિકલ માતા-પિતા હોય તો તે સ્વીકારવામાં હવે વાંધો ન હોવો જોઈએ. ગર્ભહરણની વાત વહેતી મૂકનારે એક મોટી ભૂલ કરી હતી. આજની જેમ ત્યારે પણ ગર્ભહરણ શક્ય હોવાનું સ્વીકારીએ તોયે પિતા બદલી શકાતો નથી એ સત્ય ભુલાઈ ગયું. **આર્ય પરંપરા પ્રમાણે વ્યક્તિનું કુળ એ પિતાનું કુળ જ હોય છે.** કૃષ્ણ જન્મ સાથે સંકળાયેલ પાલક માતા-પિતા જેવી વાત કરી હોત તો આજે આવા પ્રશ્નો ઊભા ન થાત. આવી બીજી બાબતોની ચર્ચા ફરી ક્યારેક.

સમય પ્રમાણે શાસ્ત્રો બદલાય છે. એમાં સુધારા વધારા થતા રહ્યા છે. આવા ફેરફારોએ ધાર્મિક પંથોને અલગ કર્યા છે. જોકે બધા જ પોતાના શાસ્ત્રોને અસલ ગણે છે અને એકબીજા સાથે વિવાદ કરે છે. છતાંયે શાસ્ત્રોમાં સમય પ્રમાણે યોગ્ય ફેરફાર થતા રહે એ સારું છે અને જરૂરી પણ છે.

મહાપુરૂષોના જીવનને લગતી નાની-મોટી, ખરી-ખોટી વાતોનો વાદવિવાદ કરવાને બદલે એમના ઉપદેશ પર ધ્યાન આપીએ તો ઘણું સારું થઈ શકે છે. કોઈ આચાર્યશ્રી હિંમત દાખવીને શાસ્ત્રોમાં સત્ય આધારિત ફેરફાર કરે એવી અપેક્ષા રાખીએ.

*મુરજી ગડા - વડોદરા*

• • • • •

## શ્રી કચ્છી જૈન સેવા સમાજની પ્રશસ્ય કામગીરી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૫૦માં વર્ષની સુવર્ણ જયંતી પ્રસંગે આપ સૌ કાર્યકર્તાઓ, અધિકારીઓ, ટ્રસ્ટી મહાશયો વગેરેને હાર્દિક અભિનંદન.

સમાજ ઉત્કર્ષના કામમાં આપની ભવ્ય ટીમ નિષ્ઠાપણે અને નિઃસ્વાર્થપણે વર્ષોથી જોડાઈ, ઉત્કૃષ્ટ સેવાકાર્યના વિવિધ લક્ષ્યાંકોને પાર કરી, અવિરત આગળ વધી રહી છે. **સમાજ કલ્યાણના મોટા પ્રોજેક્ટ પ્રથમ માનસમાં ઊભા કરી તેને રચનાત્મક ઢબે સાકાર કરવામાં આપની સુકાની અવ્વલ દરજ્જાની છે.**

એકમાંથી નિવૃત્ત થયા નહીં, કે ત્યાં બીજામાં પ્રવૃત્ત થયા. તન-મન-ધનથી સેવામય બની, બધાયને સાથે લઈ સંપૂર્ણ સફળતાપૂર્વક પ્રોજેક્ટને પૂરું કરો છો અને ફરી આગળ પ્રવૃત્તિમય બનો છો, જે ખરેખર અભિનંદનને પાત્ર છે.

**અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, મેડિકલ સેન્ટર વગેરે ઊભા કરી, સમાજની અતૂટ શક્તિની, કાબેલિયતનો પુરાવો સમાજ સમક્ષ મૂક્યો છે. 'મંગલ મંદિર'માં છપાતા સર્વે લેખો ખરેખર જ્ઞાનવર્ધક છે અને જાગૃત સમાજને દિશાદોરી આપે તેવા છે.**

આપની ટ્રાન્સપરન્સી માટે પણ જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા.

'મંગલ મંદિર'ના બ્લ્યુ પેજીસ ઘણું ખરું કહી દે છે, જે તમારા ઘરકામનો અરીસો છે.

**આપ સૌની આ સર્વે સેવા પ્રવૃત્તિઓને બિરદાવું છું. સમસ્ત ભારતમાં આપના જેવી અન્ય કોઈ સેવા સંસ્થા નથી.**

આપના જેવા કાર્યકરોનું જૂથ જ આવા મોટા કામો સહજતાથી, સરળતાથી અને સુગમતાથી કરી શકે. અનેક શુભકામનાઓ પાઠવીએ છીએ.

*કુલીનકાંત ચાંપશી લુઢિયા,*
*વલ્લભજી ડી. શાહ - માનવ મિત્ર*
*'માનવ જ્યોત' પરિવાર - મુંબઈ*

• • • • •

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સહુ સભ્યોને વિનમ્ર આવેદન

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, એ સમસ્ત કચ્છી જૈનો માટે કાર્યરત ભારતભરમાં નામના પ્રાપ્ત નંબર વન સંસ્થા છે. સુદીર્ઘ સેવા, વિશાળ દષ્ટિકોણ અને ઉદાર માનસિકતા ધરાવનાર સંસ્થાપકોની તપસ્યા વડે આ સમાજે કાઠું કાઢ્યું છે. આ સમાજના વડીલો વૃદ્ધત્વને આરે ઊભા છે. નવી પેઢી તૈયાર થઈ રહી છે ત્યારે આ સમાજ પ્રત્યે સામાન્ય સભ્યની, કાર્યકર્તાની, પદાધિકારીની શું જવાબદારી હોય તે અંગે મારી ભાવના વ્યક્ત કરું છું.*

- **સંસ્થાનો ઉદ્દેશ :**

*આપણી સંસ્થાનો હેતુ અમદાવાદ અને ગાંધીનગર રહેતા સમગ્ર કચ્છી જૈનનું એક સંગઠન હોય. તે દરેક કચ્છી મૂળના કારણે સહજરૂપે સદસ્ય હોય. તેના વિકાસને માટે સમાજ શક્ય તમામ વ્યવસ્થાઓ અને સુવિધાઓ આપવાનો પ્રયાસ કરે. તેની તકલીફમાં હમદર્દ બનીને સમાજ ઊભો રહે તે છે. સમાજના આ હેતુમાં સમાજના સભ્યની ધાર્મિક કે સાંપ્રદાયિક માન્યતા, કચ્છના ભિન્ન-ભિન્ન પ્રદેશનો ભેદ, જાતિગત કે ગોળની સામાજિક ઓળખ, શૈક્ષણિક યોગ્યતા કે લિંગભેદ પણ અંતરરાયરૂપ ન બને એની પૂરતી કાળજી રખાઈ છે.*

- **સભ્યો / કાર્યકર્તાઓ / આગેવાનોની જવાબદારીઃ**

*આવી ઉત્તમ સંસ્થાના સભ્ય હોવું એ ગૌરવની વાત કહેવાય. આવી સંસ્થાના કાર્યકર્તા હોવું એ ખુશીની હકીકત ગણાય. પરંતુ આ સંસ્થાની વ્યવસ્થામાં પદભાર સંભાળતા પહેલાં થોડું આત્મદર્શન કરાય તે ઈચ્છનીય છે.*

*કચ્છી જૈન સેવા સમાજના કારોબારી સભ્યથી શરૂ થઈ મોટામાં મોટા હોદ્દા સુધી દરેક વ્યક્તિ (સંસ્થાના સભ્ય) પહોંચી શકે છે. તે દરેક સભ્યના દિલમાં સંસ્થાના ઉદ્દેશ પ્રતિ આદરની પૂર્ણ ભાવના હોય તે જરૂરી છે. ક.વી.ઓ., ક.દ.ઓ., વા.બે.ચો., વા.સા.ચો., કચ્છી ગુર્જર કે અન્ય કોઈ સંગઠનમાં હોવું એ સારી વાત છે. તપગચ્છ, અચલગચ્છ, સ્થાનકવાસી કે તેરાપંથી હોવું એમાં પણ કંઈ ખોટું નથી. પરંતુ જ્યારે કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાત હોય ત્યારે બીજી દરેક ઓળખ ઓગળી જવી જોઈએ અને સમાજની વ્યાપકતામાં એકરસ થવાની તત્પરતા જરૂર રહેવી જોઈએ.*

*સમાજની અંદર પદાધિકારી તરીકે પ્રતિભાસંપન્ન, સેવાભાવી અને વિનમ્ર વ્યક્તિ આવે એ પ્રસન્નતા ગણાય અને એવા જ લોકો આવે એનો આગ્રહ પણ રહેવો જોઈએ. પદાધિકારી (કારોબારી સભ્ય, ટ્રસ્ટી, મંત્રી, ખજાનચી, પ્રમુખ) તરીકે **એ સભ્યએ જ ઉમેદવારી કરવી જોઈએ કે જે ઉચિત સમય આપી શકતો હોય.** પોતાથી વધુ યોગ્ય વ્યક્તિ જણાય તો તેને માટે ઉમેદવારી કે પદ છોડવાની તત્પરતા હોય. પોતાનામાં રહેલી શ્રેષ્ઠ શક્તિઓ સમાજને માટે વાપરવાની પૂરી ખેવના હોય. નિરંતર ઉત્સાહી અને અન્યને પ્રેરણા આપી શકાય તેવું જીવન હોય. સમાજની સંપત્તિનો ઉપયોગ ટ્રસ્ટીશીપની ભાવનાથી, યોગ્ય રીતે થાય. પદાધિકારીમાં હીનતાની કે અર્હતાની ભાવના ન હોવી જોઈએ. તેનું વ્યક્તિત્વ એવું હોવું જોઈએ કે સામાન્ય વ્યક્તિ પણ તેની સાથે વાત કરવાની હિંમત રાખે અને મોટી કે પહોંચેલી વ્યક્તિ પણ ખોટા કામ માટે તેની પાસે જવાની હિંમત ન રાખી શકે. જરૂર પડ્યે પોતાથી મોટા પદાધિકારીને તેમની ત્રુટીઓને રચનાત્મક આલોચના દ્વારા બતાવવાની નૈતિક હિંમત હોય.*

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની રચનાને ૫૦ વર્ષ થઈ રહ્યાં છે. સમાજના હેતુ અને કાર્યક્રમોને વેગ મળે એ માટે યુવાનોએ સમાજમાં સક્રિય ભૂમિકા નિભાવવી જરૂરી છે. પરંતુ ઉત્સાહના અતિરેકમાં રાજકારણ કે જ્ઞાતિ - જાતિવાદ ન આવે તેની પૂરી કાળજી રાખવી પણ જરૂરી છે.***

*બની શકે ત્યાં સુધી સમાજના વહીવટમાં કાર્યકર્તાઓએ ચૂંટણી કે સ્પર્ધા ટાળવી જોઈએ. સમાજનો ઉદ્દેશ સેવાનો છે. પદ વગર પણ સેવા થઈ શકે છે. ચૂંટણીમાં ૧૦માંથી ૫ કે ૬ જીતે છે, બાકીના હારે છે. સામાન્ય રીતે પરાજીત વ્યક્તિમાંથી સેવા ભાવનાનો લોપ થાય છે. ક્યારેક વિજીત - પરાજીત વચ્ચે ઉદાસીનતા અને કાર્ય - અવરોધ ઊભો થઈ જાય છે. સમજદાર લોકોએ પોતાનાથી વધુ યોગ્ય વ્યક્તિને માટે સ્પર્ધામાંથી ખસી, ઉદારતાનો પરિચય કરાવવો જોઈએ.*

*સમાજના વિકાસ માટે આપણે સહુ સક્રિય અને ચિંતિત રહેશું તો સમાજ નિશ્ચિત રીતે ઉન્નતિના શિખરો સર કરતો રહેશે. અને આપણે જ લાભાન્વિત થતા રહીશું.*

**— રસીકભાઈ ખીમજીભાઈ મહેતા**

*સમયનો નાશ એ સર્વનાશ છે.*

# અન્ય સંસ્થા સમાચાર

## અભિનંદન



### ભુજના શ્રીમતી કુંજલતાબેન સાવલાના ચિત્રોની વૈશ્વિક સ્તરે નોંધ લેવાઈ



*તુર્કીના ઈસ્તમ્બુલ ખાતે સમગ્ર વિશ્વમાંથી પ્રાપ્ત થયેલાં ચિત્રોની સ્પર્ધામાં કુલ ૪ ચિત્રોની આખરી પસંદગી થઈ હતી. જેમાં અત્રે પ્રસ્તુત શ્રીમતી કુંજલતાબેન સાવલા દ્વારા મોકલાયેલ કૃતિ સામિલ હતી.*

ચાલુ વર્ષની શરૂઆતમાં આંતરરાષ્ટ્રીય ઈન્નરવ્હિલ ક્લબનું અધિવેશન તુર્કીના ઈસ્તમ્બુલ ખાતે આયોજિત થયું હતું. જેમાં સ્પર્ધાત્મક ધોરણે વિશ્વભરમાંથી ચિત્રકારોને પોતાના ચિત્રોને પ્રદર્શિત કરવા આમંત્રિત કરાયા હતા. ભુજના શ્રીમતી કુંજલતાબેન રશ્મિકાંતભાઈ સાવલાએ પણ જાતે બનાવેલ એક ચિત્ર ત્યાં મોકલાવ્યું હતું.

વિશ્વમાંથી ૩૭ ચિત્રકળાની કૃતિઓમાંથી કુલ ચાર કૃતિઓની પસંદગી થઈ હતી. જેમાં શ્રીમતી કુંજલતાબેનની એક કૃતિ પણ હતી. **તેમણે પોતાના ચિત્રમાં એક માતા દ્વારા વૈશ્વિક પ્રેમ અને હૂંફના સેતુને ઉપસાવ્યો છે.** ત્યારબાદ પસંદગી પામેલી ચારેય ચિત્રોની જાહેર લીલામી દ્વારા જે ભંડોળ એકત્ર થયું તે માસ ઓક્ટોબર-૨૦૧૧માં તુર્કીના 'વાન' શહેરમાં ભૂકંપના પરિણામે નાશ પામેલ શાળાના સ્થાને એક નવી શાળાના બાંધકામ માટે તે ભંડોળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્યાંની સંસ્થાઓએ શ્રીમતી સાવલાને આભાર પ્રદર્શિત કરતો એક પત્ર મોકલાવ્યો છે.

શ્રીમતી સાવલા ભુજની ઈન્નરવ્હિલ ક્લબના ચાર્ટર્ડ સભ્ય હોવા સાથે પ્રમુખ, મંત્રી જેવા હોદ્દાની જવાબદારી સંભાળી ચૂક્યા છે. આજે ૭૨ વર્ષની ઉંમરે પણ તેઓશ્રી ભુજ ઇંગ્લિશ સ્કૂલમાં સેવા આપે છે. તે ઉપરાંત નાનાં બાળકો અને યુવતીઓને ચિત્રકળાની તાલીમ આપે છે.

## સુરતમાં કચ્છી જૈન સમાજ દ્વારા કચ્છી નવા વર્ષની ઉજવણી

સુરતમાં વસતા કચ્છી વીસા ઓસવાળ, કચ્છી દશા ઓસવાળ અને વાગડ વીસા ઓસવાળ પરિવાર - સમાજોના બનેલા શ્રી કચ્છી જૈન સમાજના ઉપક્રમે કચ્છી નવા વર્ષની ઉમંગભરી ઉજવણી થઈ હતી.

આ પ્રસંગે જાણીતા કચ્છી ગાયક દીપક છેડા (કોટડા રોહાવાળા)નો ટ્રેક પર સંગીતનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો અને દીપક છેડાએ પોતાના સુરીલા કંઠથી શ્રોતાઓને ચાર કલાક સુધી જકડી રાખ્યા હતા.

આ પ્રસંગે સમાજના વિશેષ આમંત્રણથી કચ્છી ગુર્જર જૈન સમાજ, સુરતના સ્થાપક પ્રમુખ અને વરિષ્ઠ પત્રકાર જગદીશ ર. શાહ, પ્રમુખ રાજેશ નાનાલાલ મહેતા, ઉપપ્રમુખ કૌશિક મોહનલાલ શાહ અને મંત્રીઓ કીર્તિ મૂલચંદ શાહ તેમજ રાજેન હરિલાલ શાહ સપરિવાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સમાજના મંત્રી જયેશ વિસરિયાએ સંભાળ્યું હતું.

## ઈલેક્ટ્રીસીટી સપ્લાય કોડ રીવ્યુ પેનલમાં કચ્છના વતની અને હાલ ભાવનગર કાર્યક્ષેત્ર ધરાવતા શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની પુનઃ નિયુક્તિ

ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન (જી.ઈ.આર.સી.)ના ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ અન્વયે રચવામાં આવતી "ઈલેક્ટ્રીસીટી સપ્લાય કોડ રીવ્યુ પેનલ"ની બે વર્ષની મુદતની પુનઃરચના કરવામાં આવેલ છે. જેમાં મૂળ નલિયા (કચ્છ)ના વતની અને છેલ્લા ઘણા વર્ષોથી ભાવનગરને કર્મભૂમિ બનાવી સ્થાયી થયેલા, ભાવનગર કચ્છ સમાજના સ્થાપક પ્રમુખ તેમજ ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઑફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની પુનઃ નિયુક્તિ કરવામાં આવી છે.

ઈલેક્ટ્રીસીટી સપ્લાય કોડ રીવ્યુ પેનલ કે જે રાજ્યમાં વીજ વિતરણ કરતી કંપનીઓ તેમજ વીજ ગ્રાહકો અંગેના હિતને ધ્યાનમાં રાખીને વીજ નિયમન અંગે કાયદા / નિયમોમાં સુધારા કે ફેરફાર કરવાની સમીક્ષા કરે છે અને તે મુજબ અમલીકરણ થાય છે.

સપ્લાય કોડ રીવ્યુ પેનલ છેલ્લાં આઠ વર્ષથી કાર્યરત છે. જેમાં શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહ કમિટીની રચનાથી અત્યાર સુધી સક્રિય સભ્ય તરીકે નિયુક્ત થતાં આવ્યા છે. આ પેનલમાં સભ્ય તરીકે ગ્રાહકલક્ષી હિતને ધ્યાનમાં રાખીને કાયદા / નિયમોમાં સુધારા અને ફેરફારો સૂચવ્યા છે. વીજ નિયમન અંગે તેઓનો ઊંડો અભ્યાસ તેમજ બહોળા અનુભવને ધ્યાનમાં રાખી આ પેનલમાં તેઓ પુનઃ નિયુક્તિ પામ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી આ પેનલમાં શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની નિયુક્તિથી સમગ્ર કચ્છ તથા ભાવનગર માટે ગૌરવની વાત છે, તેમ ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઑફ ઈન્ડસ્ટ્રીઝની એક યાદીમાં જણાવાયું છે.

## અભિનંદન



**ચિ. ઉષ્મા જયંત શાહ**

શ્રીમતી ચેતનાબેન અને શ્રી જયંત શાહ (ભુજ) આદિપુર - કચ્છની સુપુત્રી ચિ. ઉષ્મા એમ.બી.એ. (પી.જી.ડી.એમ.)ના અંતિમ વર્ષમાં ગોલ્ડ મેડલ મેળવીને ફર્સ્ટ ક્લાસ - ડિસ્ટીંક્શન સાથે ઉત્તીર્ણ થયેલ છે.

ભુજ - કચ્છના સ્વ. શ્રી કરમચંદ દેવશી શાહના, ચિ. ઉષ્મા પૌત્રી છે.

ઝળહળતી સફળતા બદલ અભિનંદન!

## લોકસેવા ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક આઈ.એ.એસ. તાલીમ વર્ગનો પ્રારંભ

વિવિધ વૈચારિક અભિયાનના કાર્ય માટે જાણીતી સંસ્થા લોકસેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લાં ૧૧ વર્ષથી આઈ.એ.એસ. તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. જેમાં સ્નાતક, અનુસ્નાતક અને અંડર ગ્રેજ્યુએશનમાં અભ્યાસ કરતા યુવા વર્ગને નિઃશુલ્ક પ્રવેશ અને તાલીમ આપવામાં આવે છે.

લોકસેવા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરના સંયોજક નિર્મિતા નાકરાણીએ જણાવ્યું હતું કે લોકસેવા દ્વારા સમગ્ર ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની જાગૃતિ માટે ખૂબ મોટું અભિયાન ચલાવવામાં આવ્યું હતું અને તેના ભાગરૂપે આઈ.એ.એસ. તાલીમ કેન્દ્ર અને આઈ.એ.એસ. લાઈબ્રેરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તાલીમ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ માત્ર ને માત્ર યુવાવર્ગમાં સ્પર્ધાત્મક પરીક્ષા અંગે જાગૃતિ લાવવાનો છે. દર વર્ષે જુલાઈની ૧૫ તારીખથી એપ્રિલ ૧૫ સુધી માત્ર રવિવારે સવારના ૯થી બપોરના ૧.૩૦ સુધી ચાલનારા આ તાલીમ વર્ગમાં આઈ.એ.એસ. (યુ.પી.એસ.સી.) પ્રિલિમિનરીના બંને પેપર માટે માર્ગદર્શન આપવામાં આવે છે. જે યુવા મિત્રો આ તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા હોય તેમણે રજિસ્ટ્રેશન માટે લોકસેવા ટ્રસ્ટ (૦૭૯) ૨૬૪૩૦૪૧૯, ૨૬૪૩૦૬૨૨ ઉપર સંપર્ક કરવા ટ્રસ્ટની એક પ્રેસ નોટમાં જણાવાયું છે.

## શ્રી વાગડ સાત ચોવીસી જૈન મંડળ - અમદાવાદ

### વૈયાવૃત્ત્ય ખાતામાં રૂા. ૨૧,૦૦૦/-નું દાન

પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય કલાપ્રભ સૂરીશ્વરજી મ.સા. અમદાવાદ પધારેલ. તેઓશ્રીના ગુરૂપૂજનનો લાભ શ્રી સેવંતીભાઈ રવજીભાઈ વોરા પરિવારે રૂા. ૮૧,૦૦૦/-માં લીધેલ હતો. તે રકમમાંથી રૂા. ૨૧,૦૦૦/- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પૂ. સાધુ - સાધ્વીજી મ.સા. માટેના વૈયાવૃત્ત્ય ખાતામાં ફાળવેલ છે.

દાતાશ્રી તથા મંડળનો ખૂબ ખૂબ આભાર સાથે અભિનંદન!

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ માટે વડોદરામાં કચ્છી જૈન ભવનની સગવડ

વડોદરા શહેરના મધ્ય વિસ્તારમાં નીચેના સરનામાવાળા સ્થળે શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ - વડોદરા દ્વારા વી.આઈ.પી., એ.સી., ડિલક્ષ તેમજ ડોરમેટરીની જોગવાઈ સાથે એકમ ભવનનું સંચાલન થાય છે.

**શ્રી અચલગચ્છ જૈન ભવન**
ઉષા કિરણ બિલ્ડિંગની પાછળ, પ્રતાપ રોડ,
ભાલેરાવ ટેકરી, રાવપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૪૩૨૮૫૮, ૨૪૧૭૪૪૮

પર્યટકો, યાત્રિકો અને ઉચ્ચ શિક્ષણ માટે વડોદરા શહેરમાં આવનારે આ સંસ્થાનો લાભ લેવા શ્રી સંઘ દ્વારા વિનંતી કરવામાં આવેલ છે. ■

## ક્રોધ : હૃદયરોગની મનીબેક ગેરંટી

**(અનુસંધાન : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ)**

વધારે જોવા મળી. આ એક વૈજ્ઞાનિક સત્ય છે. લોકો પ્રેમનો અનુભવ કરે છે એમના શરીરમાં સાનુકૂળ ફેરફારો થાય છે. **પ્રેમ અને આત્મીયતાની લાગણીઓમાં દવાઓ કરતાં પણ સાજા કરવાની અનેક ગણી ચમત્કારિક શક્તિઓ પડેલી છે.** કોઇ મને ચાહે છે. મારું પણ કોઇક છે. કોઇકના જીવનમાં મારું સ્થાન છે. અનેક લોકો મારા જીવન માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે અને મારી સંભાળ લે છે એવી અનુભૂતિ ગંભીર માંદગીમાં કે મરણ પથારીએ પડેલા માનવીના મનમાં જીવવાની પ્રબળ ઇચ્છા પેદા કરે છે. જ્યારે એકલતા અને નિરાધારપણાની લાગણીથી માણસની જિજીવિષા લુપ્ત થઇ જાય છે.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫. ફોન : (૦૨૬૩૭) ૨૪૨૦૯૮, મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

*વિદ્વાનો આગળ પોતાના ગુણનું ગાન કરવું નહિ કારણ તેઓ તો પોતાની મેળે માણસને ઓળખી લે છે. મૂર્ખ આગળ પણ એવું ગુણગાન કરવું નહિ, કારણ તેઓ કંઈ સમજવાના નથી.*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**જૂન – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

## રિન્યૂ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- મોક્ષદા પી. વ્યાસ — મણિનગર, અમદાવાદ
- નીલેશ રવિલાલ શાહ — ઈંદોર
- અશ્વિન સોમચંદ શેઠ — ચર્ની રોડ, ઈંદોર
- ભૂપેન્દ્ર એચ. મહેતા — ભુજ, કચ્છ

### ૩ વર્ષનું લવાજમ

- કાંતિલાલ આર. શાહ — ચેન્નાઈ
- પ્રદીપ ધરમશી મહેતા — રાપર, કચ્છ

### ૫ વર્ષનું લવાજમ

- પોપટલાલ કેશવજી છેડા — હૈદ્રાબાદ

### આજીવન લવાજમ

- શોભનાબેન ચીમનભાઈ દંડ — અંકલેશ્વર

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- હીરેન પ્રેમચંદ સાવલા — વિરાર (વેસ્ટ), થાણે
- અરિહંત કાપડ ભંડાર — નખત્રાણા, કચ્છ
- ભરત શાંતિલાલ શાહ — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- પ્રકાશ એચ. ભાદ્રા — વાપી
- પોપટલાલ લખમશી લાલન — લૉઅર પરેલ, મુંબઈ
- તારક આર. શાહ — આંબાવાડી, અમદાવાદ
- ઉમેશ ઈશ્વરલાલ દોશી — એલિસબ્રિજ, અમદાવાદ
- ડી. કે. શાહ (આસિ. કમિ. ઓફ ઈન્કમટેક્ષ) — અંધેરી (વેસ્ટ), મુંબઈ
- મહેશ સી. રાજન — પાલડી, અમદાવાદ
- દિનેશ ખીમજી નાગડા — વાશી, ન્યુ મુંબઈ

### ૫ વર્ષનું લવાજમ

- દિનેશ લાલજી લોડાયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- જીતેશ કેશવલાલ શાહ — કાનપુર (ઉ.પ્ર.)
- લક્ષ્મીચંદ ખીમજી પોલડિયા — દહીંસર, મુંબઈ

### આજીવન લવાજમ

- કીર્તિ ડી. ધરમશી — બેંગ્લોર

## 'મંગલ મંદિર'ના પૂરા થતાં લવાજમની વિગત

**જુલાઈ-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી**

| | | |
|---|---|---|
| ૧. | કિશોરચંદ્ર જગજીવન શાહ | ભુજ |
| ૨. | અનિલ શાંતિલાલ વોરા | ભુજ |
| ૩. | દીપક ભોગીલાલ મહેતા | ભુજ |
| ૪. | જયશ્રી મયૂરભાઈ મહેતા | અંજાર |
| ૫. | પાર્શ્વ પ્લાય પેલેસ | અંજાર |
| ૬. | લક્ષ્મીચંદ કુંવરજી દેઢિયા | ગાંધીધામ |
| ૭. | પોપટલાલ પ્રેમજી ભેદા | ભુજપુર, તા. મુંદ્રા |
| ૮. | પ્રવીણભાઈ શાહ | ભુજપુર, તા. મુંદ્રા |
| ૯. | અશ્વિન નેમચંદ મહેતા | મુંદ્રા |
| ૧૦. | જનકકુમાર શિવલાલ શાહ | અમદાવાદ |
| ૧૧. | રમણિકલાલ ધનજી હરિયા | માટુંગા, મુંબઈ |
| ૧૨. | ભાસ્કર ડી. ઓઝા | મુલુંડ (ઈસ્ટ), મુંબઈ |
| ૧૩. | દિનેશ આર. નાગડા | મુલુંડ (ઈસ્ટ), મુંબઈ |
| ૧૪. | જયેશ હિંમતલાલ દેઢિયા | નાલાસોપારા, થાણા |
| ૧૫. | ચિંતન એચ. ઓઝા | કોલકત્તા |
| ૧૬. | લલિતકુમાર પી. શાહ | કોલકત્તા |
| ૧૭. | નયનભાઈ શાહ | રાઉરકેલા, ઓરિસ્સા |

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) નેશનલ સેન્ટ્રલ સર્વે ઓર્ગેનાઇઝેશનના વર્ષ ૨૦૦૯-૧૦ના સર્વેના ૬૬મા અહેવાલમાં જણાવેલ છે કે છૂટક મજૂરી પેટે કેરળમાં સરેરાશ રૂા. ૨૦૬/-, દિલ્હીમાં રૂા. ૧૯૫/-, ચંડીગઢમાં રૂા. ૧૯૩/- ચૂકવાય છે. ગુજરાતમાં રૂા. ૮૩/- ચૂકવવામાં આવે છે. *(દલિત અધિકાર, તા. ૨૦-૪-૧૨)*

(૨) જહોન વેનર નામના ઑસ્ટ્રેલિયાના સજ્જન દર વર્ષે ગિરનાર આવે છે. તેમણે અત્યાર સુધીમાં ગિરનાર ઉપર સંશોધન કરી ૫ પુસ્તકો લખેલ છે. *(સંદેશ, તા. ૨-૫-૧૨)*

(૩) 'ધ વુમન ઓફ ટુમોરો'ના અભ્યાસ હેઠળ વિશ્વના ૨૬ દેશોમાં થયેલા સર્વેક્ષણ મુજબ આખા વિશ્વમાં ભારતીય મહિલાઓ સૌથી વધુ તાણગ્રસ્ત જિંદગી જીવે છે. ૮૭ ટકા ભારતીય સ્ત્રીઓ લગભગ સંપૂર્ણપણે માનસિક તાણમાં રહે છે અને ૮૨ ટકા સ્ત્રીઓ એવી છે જેમને રિલેક્સ થવા સમય જ મળતો નથી. *(જનકલ્યાણ, એપ્રિલ ૨૦૧૨)*

(૪) અવકાશ સંશોધન કેન્દ્ર-ઇસરોના અમદાવાદ કેન્દ્રના અહેવાલ પ્રમાણે દેશની ભૂમિનો ચોથો ભાગ લગભગ રણમાં ફેરવાઇ ગયો છે. રાજસ્થાનના ૨૧.૭૭% અને ગુજરાતના ૧૨.૭૨% ટકા વિસ્તાર રણ બની ગયેલ છે. *(લોક સ્વરાજ, મે-૨૦૧૨)*

(૫) કૃષિ અનુસંધાન સંસ્થા 'વિઝન ૨૦૩૦' એ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે દેશની ખેતીલાયક જમીનના બાર કરોડ હેક્ટર જમીનની ઉત્પાદકતા ઘણા પ્રમાણમાં ઘટી ગઇ છે. *(લોક સ્વરાજ, મે-૨૦૧૨)*

(૬) મધ્ય પ્રદેશ વિધાનસભામાં સત્રના છેલ્લા દિવસે કોઇ પણ જાતની ચર્ચા વગર ત્રણ ઠરાવ પસાર કરવામાં આવ્યા. આ ઠરાવ અનુસાર મુખ્યમંત્રીના વેતનમાં ૬૩ ટકાનો વધારો ઉપરાંત બધા જ મંત્રીઓ, વિરોધ પક્ષના નેતા, વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બધાને મહિને વધારાના એક લાખથી પણ વધારે વેતન ભથ્થાં મળશે. *(લોકસ્વરાજ, મે-૨૦૧૨)*

(૭) રાષ્ટ્રીય ધોરીમાર્ગોના વિકાસ માટે દેશમાં આજ સુધીમાં ૩૩,૩૯૮ હેક્ટર જમીન સંપાદિત થઇ ચૂકી છે. આ બધી જ જમીન ખેતીની ઉપજાઉ જમીન છે. પાંચ કરોડ લોકો વિસ્થાપિત થયા છે જેમાંથી ૪૦ ટકા લોકો આદિવાસી છે અને ૨૫ ટકા લોકો દલિત છે. *(લોક સ્વરાજ, મે-૨૦૧૨)*

(૮) વર્ષ ૧૯૮૯માં આપણા દેશમાં માથાદીઠ ૪૯૫ ગ્રામ અનાજ મળતું હતું, તે ૨૦૦૫માં ૪૨૨ ગ્રામ મળતું થઇ ગયું. છેલ્લાં ત્રીસ વર્ષ દરમ્યાન સ્ત્રીઓ ૫૦% ટકા અને બાળકો ૭૫ ટકા એનિમિક એટલે લોહીમાં ઓછા રક્તકણો સાથે જીવે છે. *(નિરીક્ષક, તા. ૧-૫-૧૨)*

(૯) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. એ વર્ષ ૨૦૧૨નું દિવાળી કેલેન્ડર છપાવ્યું છે. આ કેલેન્ડરની સંખ્યા ૮૬ લાખ નંગ છે. અને તેનો ખર્ચ રૂા. સાત કરોડ તેર લાખ એંસી હજાર થયો છે. *(નિરીક્ષક, તા. ૧-૫-૧૨)*

(૧૦) 'અગ્નિ-૫'નું સફળ પરીક્ષણ થયું. આ પ્રોજેક્ટના ડાયરેક્ટર 'અગ્નિપુત્રી' ટેસી થોમસ દિવસોના દિવસો સુધી માત્ર એક કલાક ઊંઘ્યાં. કલાકોના કલાકો સુધી ઊભાં રહ્યાં. થાકથી બેભાન થયા છતાં ધ્યેય હાંસલ કરવા મથતા રહ્યા ને છેવટે સફળતા મેળવી. *(નયા માર્ગ, તા. ૧-૫-૧૨)*

(૧૧) નાણાં ખાતાના કેન્દ્રના રાજયકક્ષાના મંત્રીએ રાજયસભામાં તા. ૧૩-૩-૧૨ના રોજ જણાવ્યું કે આખાય દેશના કરદાતાઓ પાસે ઇન્કમટેક્સની જે રકમ લેણી નીકળે છે તેની ૯૦ ટકા રકમ ફક્ત ૧૨ વ્યક્તિઓ પાસેથી વસૂલ કરવાની બાકી છે. *(નયા માર્ગ, તા. ૧-૫-૧૨)*

(૧૨) ભણેલા ગણાતા કેરળ રાજયમાં છેલ્લાં દસ વર્ષમાં છૂટાછેડાના કેસોમાં ૩૫૦ ટકા વધારો નોંધાયો છે. *(સંદેશ, તા. ૯-૫-૧૨)*

(૧૩) ઉત્તરપ્રદેશના મહિલાબાદ ગામના રહેવાસી કલિમુલ્લા નામના બગીચાધારકે પોતાની વાડીમાં આંબાના એકજ વૃક્ષ પર ૩૧૫ જાતની કેરીઓ ઊગાડવાનો વિક્રમ સર્જેલ છે. *(ચિત્રલેખા, તા. ૨૧-૫-૧૨)*

(૧૪) પાકિસ્તાનના વડાપ્રધાન યુસુફ રઝા ગિલાની સામે ત્યાંની સુપ્રીમ કોર્ટના અનાદરનો કેસ ચાલ્યો અને સુપ્રીમ કોર્ટે તેને અરધી મિનિટની સજા કરી. આ કેસ લડવા માટે ગિલાનીના વકીલે ગિલાની પાસેથી રૂ. એક સો કરોડ ફી તરીકે ચાર્જ કર્યા. *(સાધના, તા. ૧૨-૫-૧૨)*

(૧૫) આદર્શ કૌભાંડ - શહીદોને આપવાના ઘર-જાણીતું છે. ૭૪ કરોડના આ કૌભાંડની તપાસ પાછળ ૫૦ કરોડ અત્યાર સુધીમાં ખર્ચાઇ ચૂક્યા છે. *(સાધના, તા. ૧૨-૫-૧૨)*

(૧૬) સુપ્રસિદ્ધ ગાયિકા લેડી ગાગાએ તેના જાપાનના પ્રવાસ દરમ્યાન જે કપમાં કોફી પીધી હતી તે કપનું જાપાનની ઑક્શન સાઇટ પર હરાજીમાં મૂકતાં એક પ્રશંસકે ૫૦,૦૦૦ અમેરિકી ડોલર આપી તે કપ ખરીદી લીધો હતો! *(સાધના, તા. ૧૨-૫-૧૨)*

(૧૭) એસ્કિમો લોકો પાસે બરફ માટે તેમની ભાષામાં ચાલીસ જેટલા શબ્દો છે *(સંદેશ, તા. ૧૬-૫-૧૨)*

(૧૮) ચીનમાં જે લોકો પાસે કાર પાર્કિંગ માટે જગ્યા ન હોય તેવા લોકોને કાર ખરીદવા દેવામાં નથી આવતી *(સંદેશ, તા. ૧૬-૫-૧૨)*

(૧૯) ભારત સરકારે અગિયારમી પંચવર્ષી યોજનામાં દેશમાં ૫૦

*આપણે આપણી પોતાની જાત સામે કરેલા ગુનાઓ માટે જો આપણા પર કામ ચલાવવામાં આવે તો ભાગ્યે જ કોઈ ફાંસીની સજામાંથી બચી શકે!*

અતિ આધુનિક કતલખાનાં મંજૂર કર્યાં છે. તેમાંથી ૩ ચાલુ થઇ ગયાં છે બીજા ૭નાં કામ ચાલુ છે.

*(પ્રબુધ્ધ જીવન, મે ૨૦૧૨)*

(૨૦) હાલમાં તાજા બહાર પાડવામાં આવેલા આંકડા મુજબ વર્ષ ૨૦૧૧-૧૨માં ત્રીસ લાખ નવાં રહેઠાણો બનાવવામાં આવ્યાં પણ તેમાંથી માત્ર ત્રણ લાખ ઘરોમાં જ શૌચાલયોની જોગવાઇ હતી. સરકારી નીતિ અનુસાર રહેઠાણ માટેનું ભંડોળ એક મંત્રાલય મંજૂર કરે છે જ્યારે શૌચાલય માટેનાં નાણાં અન્ય મંત્રાલય મંજૂર કરે છે! *(દલિત અધિકાર, તા. ૨૦-૫-૧૨)*

(૨૧) છેલ્લી વસતી ગણતરીના આંકડા મુજબ "સૌથી વધુ વિકસિત રાજ્ય" ગુજરાતમાં માત્ર ૫.૭% ઘરો કોમ્પ્યુટર ધરાવે છે. કોમ્પ્યુટર સાથે લેપટોપ અને ઇન્ટરનેટનું કનેક્શન ધરાવનાર લોકોની સંખ્યા ૩.૧% છે અને ૪૧.૭% ઘરો માત્ર એક ઓરડાવાળાં છે. ત્રણ ઓરડા ધરાવનારાં ઘરોની સંખ્યા માત્ર ૧૩.૨% છે. ચાર પૈડાંવાળી મોટરગાડી ધરાવનારા માત્ર ૬.૧% લોકો છે. *(દલિત અધિકાર, તા. ૨૦-૫-૧૨)*

(૨૨) લંડનના 'ઇન્ડિપેન્ડન્ટ' અખબારના તા. ૧૦-૩-૧૨ના અહેવાલ પ્રમાણે કેલિફોર્નિયાની સરકારે એવો હુકમ કરેલ છે કે કોકાકોલાએ તેની ફોર્મ્યુલા ફરજિયાત પ્રગટ કરવી પડશે તથા કોકાકોલા પીવાથી કેન્સરનો ભય રહે છે એવી ચેતવણી બોટલ પર લખવી પડશે. *(દિવ્ય ભાસ્કર, તા. ૧-૬-૧૨)*

(૨૩) વર્ષ ૨૦૧૧-૧૨ માટે કેન્દ્ર સરકારના બજેટમાં પ્રધાનોના વિદેશ પ્રવાસ માટે રૂા. ૪૯.૯૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલી. જ્યારે વાસ્તવિક ખર્ચ રૂા. ૬૭૮.૫૨ કરોડનો થયો છે. *(સાધના, તા. ૨૬-૫-૧૨)*

# સાચો વિજેતા કોણ?

સો માં એકાદ જ શૂરવીર હોય છે, હજારમાં એકાદ પંડિત બને છે, દશ હજારમાં એકાદ વક્તા હોય છે, જ્યારે દાતા તો હજારોમાં હોય કે ન પણ હોય!

સોમાં એકાદ જ શૂરવીર હોય અને પંડિત હજારમાં એકાદ હોય આ વાત શી રીતે બંધ બેસે? એનું સમાધાન એ છે કે, કોઇ રણ મેદાનમાં વિજય મેળવે એટલા માત્રથી શૂરવીર કહેવાતો નથી અને ભણી જાય એટલા માત્રથી પંડિત કહેવાતો નથી, કારણ કે એવા શૂરવીર અને પંડિત આજે જગતમાં ઘણા છે. જગતમાં દરેક રાજ્યોનું મળીને કરોડોનું લશ્કર થાય. બી.એ., એમ.એ. થયેલા બધાયે પોતાની જાતને પંડિત કહેવડાવે છે પણ એટલાથી શૂરવીર કે પંડિત થવાતું નથી. તેમ વાક્પટુતાથી કાંઇ વક્તા થવાતું નથી. અને એકલા પૈસાના દાનથી કંઇ દાતા થવાતું નથી.

આજે સ્ટેજ ધ્રુજાવનારા વક્તાઓ ઘણા છે અને કીર્તિના મોહથી કલંકિત બનેલા દાતાઓ પણ ઘણા છે પરંતુ એટલાથી દાતા કે વક્તા થવાતું નથી.

જે ઇન્દ્રિયોને જીતી લેનારો હોય તે જ સાચો શૂરવીર - વિજેતા છે. છ ખંડ ઉપર પ્રભુત્વ જમાવવું સહેલું છે પણ પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મન ઉપર પ્રભુત્વ જમાવવું સહેલું નથી. રાવણ વિશાળ રાજ્યનો અધિપતિ હતો, ત્રણ ખંડ ઉપર એનું આધિપત્ય હતું છતાંયે રાવણ મન ઉપર પ્રભુત્વ જમાવી શક્યો નહીં અને અંતે જેના પરિણામે રાવણની હાલત ઘણી જ ખરાબ થઇ એ મહાસતી સીતાજી તરફની માનસિક આસક્તિના પાપે દસ માથાંવાળો રાવણ રણાંગણમાં રોળાઇ ગયો, એની કંચનવર્ણી કાયા ધૂળમાં મળી ગઇ. યુદ્ધો કરીને રાવણે ભલેને રણમાં ગમે તેવા વિજયો પ્રાપ્ત કર્યા હોય છતાં તે સાચો વિજેતા ન કહી શકાય. અનેકને નમાવનારા રાવણને પણ અંતે કામદેવે નમાવ્યો.

ધર્મનું આચરણ કરતો હોય તે જ સાચો પંડિત છે અને જગતને સાચું કહી શકતો હોય તે જ સાચો વક્તા છે. જ્યારે સ્વાર્થ ન હોય ત્યારે કોઇની શેહમાં તણાવવાની જરૂર ન રહે અને ગમે તેવા શ્રીમંતને પણ રોકડું પરખાવી શકાય. નિઃસ્વાર્થી સંતો કહે છે કે, કોઇ વખતે સોયના કાણામાંથી ઊંટ પસાર થઇ જાય, પણ પરિગ્રહના સંચયવાળા સ્વર્ગે જઇ શકશે નહીં. પરિગ્રહનો સંચય જીવનનૌકાને ભવસમુદ્રમાં ડૂબાડી દે છે. આ રીતે સાચું કહી શકનાર જ સાચો વક્તા છે. મોંએ માખણ લગાવનારા તો માખણિયા જ કહેવાય.

દાતા તે જ છે જે પ્રાણી માત્રના હિતમાં રત હોય અને ભયભીત બનેલાઓને જ અભય દેનારો હોય. આજે દાનની પાછળ કીર્તિ મેળવવાની ભાવના ઘણાને હોય છે, જ્યારે વિરતિની ભાવના ઘણા થોડાને હોય છે. કીર્તિ માટે દાન દેનારાઓનો આજે તોટો નથી. પાંચ હજાર રૂપિયા આપવા હોય તે પહેલાં તકતી નક્કી કરાવે અને તે તકતી પણ પાછી આરસના પથ્થરની, નહિ કે ભૂખરા પાણાની. આ રીતે લોકો આજે પાટિયે ધર્મ વેચે છે.

ઉપશમના બળે ક્રોધને જીતી શકાય છે તેમ નમ્રતાથી માનને જીતી શકાય છે. સરળતાથી માયાને જીતી શકાય છે અને સંતોષથી લોભ જીતાય છે.

આ રીતે ચાર કષાયોને જીતી લેનારો, ઇંદ્રિયોને પણ જીતી શકે છે. ઉપશમના બળથી કષાયો જીતી શકાય છે, તેમ સંયમના બળથી ઇંદ્રિયો જીતી શકાય છે.

'સાચો વિજેતા કોણ?' ટૂંકમાં સમજવું હોય તો જે ચાર કષાયો અને પાંચ ઇન્દ્રિયો અને મનને જીતી શકે છે એ જ સાચો વિજેતા છે, તેમાંય એક મન જિતાય એટલે બાકીના બધા જિતાયેલા જ છે.

***ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

*માનવીના શરીરમાં એક શત્રુ આળસ અને બીજો મિત્ર ઉદ્યમ! નાના નાના ખર્ચાઓથી ચેતતા રહો. એક નાનું છિદ્ર મોટા જહાજને ડુબાડશે.*

## શબ્દ રમત-૭૨

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | | | | ૬ |
| | | ૭ | | | ૮ | | | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | ૧૩ | | ૧૪ | | | |
| ૧૫ | | | ૧૬ | | | ૧૭ | | | | ૧૮ | |
| | | ૧૯ | | | | | | ૨૦ | | | |
| | ૨૧ | | | | | ૨૨ | | | | | |
| ૨૩ | | | ૨૪ | | ૨૫ | | ૨૬ | ૨૭ | | | |
| ૨૮ | | ૨૯ | | ૩૦ | ૩૧ | | | ૩૨ | | | |
| | | ૩૩ | | | ૩૪ | | | ૩૫ | | | ૩૬ |
| | | ૩૭ | ૩૮ | | | | | | ૩૯ | ૪૦ | |
| ૪૧ | | | ૪૨ | | | | ૪૩ | ૪૪ | ૪૫ | | |
| ૪૬ | | | | | | | | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૭-૨૦૧૨*

### આડી ચાવીઓ

૧. નવા નિમાયેલા સેનાના જનરલ (૫)
૪. એક ઇંધણ (૩)
૭. બળતરા, અગન (૨)
૮. કાચની શીશી (૩)
૯. ભક્તિ કરનાર (૨)
૧૦. માહિતગાર, જાણકાર (૩)
૧૫. એક ફિલ્મ : '..... તો પાગલ હૈ' (૨)
૧૬. મનોભાવ, અંતરની ઉમેદ (૨)
૧૭. પાકો બંદોબસ્ત, પહેરો (૩)
૧૮. જમવા માટે વાનગી રાખવાનું વાસણ (૨)
૧૯. બારણે લગાડેલી ઘંટડી (અં.) (૪)
૨૦. શરીર, દેહ, તન (૨)
૨૧. મિલ કારખાનામાં કામ કરવાનો સમય, શિફ્ટ (૨)
૨૨. દીવા માટેનું પાત્ર, માટીનું નાનું શકોરું (૩)
૨૩. બધું, સઘળું (૨)
૨૪. મર્યાદા, અદબ (૩)
૨૬. નોકરીમાંથી કાઢી મૂકવું તે (૫)
૨૮. સતીપણું (૩)
૩૦. કમલ, પદ્મ, લોટસ (૩)
૩૨. રોટલી વણવાનો દંડીકો (૩)
૩૩. રાજાની પત્ની (૨)
૩૪. ગળાનું આભૂષણ, પરાજય (૨)
૩૫. શૃંગાર, શરીરને શોભાવનાર (૪)
૩૭. દાદા તરીકે જાણીતા ક્રિકેટરની અટક (૩)
૪૦. વહાલ, પ્રીતિ (૨)
૪૧. જન્મ આપનાર (૨)
૪૨. ભયંકર ભૂકંપ થયો હતો તે મહારાષ્ટ્રનું શહેર (૩)
૪૩. જૈન દેરાસર (૪)
૪૫. મજનુની પ્રેમિકા (૩)
૪૬. રામની પત્ની (૨)

### ઊભી ચાવીઓ

૧. ઉજ્જૈનનો એક પ્રસિદ્ધ રાજા (૫)
૨. આધાર, ભરોસો (૩)
૩. જંગલનો રાજા (૨)
૪. જમવું તે, ભોજન કરવું (૪)
૫. પૈડાવાળી નાની સામાન ખેંચવાની ગાડી (૩)
૬. લોહી, શોણિત (૨)
૯. પતિ, ધણી (૪)
૧૧. માથે લીધેલું બેડું (૨)
૧૨. સજ્જડ, મક્કમ, સોલીડ (૬)
૧૩. પૂજન, ભજવું (૨)
૧૪. ખૂબ વાતો કરનારું (૪)
૧૯. ઝુલતી ઝોળી, માંચી (૨)
૨૧. શિવની પત્ની (૩)
૨૩. પતિ કે પત્નીના પિતા (૩)
૨૭. ઝરૂખો, બાલ્કની (૩)
૩૧. જૈનોના ચોવીસમા તીર્થંકર (૪)
૩૨. પોશાક, પહેરવેશ (૨)
૩૬. મધ્ય પ્રદેશનું શહેર (૪)
૩૮. ફૂલોનો રાજા (૩)
૩૯. વિનાશ, જગતનો લય (૩)
૪૧. માતાની બહેન (૨)
૪૪. નાસિકા, આબરૂ (૨)
૪૫. નાશ, વિરામ (સંગીતમાં) (૨)

### જૂઠની પરંપરા

પાનવાળાને ખોટો રૂપિયો પધરાવીને આનંદ પામતો એક યુવક બસ સ્ટેન્ડે આવ્યો... 'ચાલો, આઠ આનાનું પાન ખાવા મળ્યું અને આઠ આના રોકડા પાછા મળ્યા...' પણ જ્યાં આઠ આની કાઢીને જોઈ તો એ ખોટી નીકળી...

યુવાને છાપાવાળાને એ ખોટી આઠ આની પકડાવી દીધી. ખુશ થયેલા યુવકે છાપું વાંચવાનું ચાલુ કર્યું... ત્યાં તો હેબતાઈ ગયો.... કારણકે છાપું બે દિવસ પહેલાનું જૂનું હતું!

'એક જૂઠ સો જૂઠને ખેંચી લાવે' એ ઉક્તિ કેટલી બધી સાચી છે! સાથે 'જેવું આપો તેવું પામો' એ કહેવત પણ આ દૃષ્ટાંતમાં ચરિતાર્થ થતી દેખાય છે...

આપણે આમાંથી કાંઈ બોધપાઠ લેશું ખરા? ■

*દુ:ખનું મૂળ ઈચ્છા છે. મૂર્ખાઓની ઈચ્છા વધતી જાય છે, ડાહ્યાઓની ઈચ્છામાં ઘટાડો થતો રહે છે.*

### એપ્રિલ-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૬નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૧. નવીનચંદ્ર શામજી લાલકા - ગદગ

### જૂન-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૭નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. અરવિંદ જયંતીલાલ ભટ્ટ - અમદાવાદ
૨. દેવલ ચંદ્રકાંત મૈશેરી - અમદાવાદ
૩. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૪. અનુબેન બાબુભાઈ મહેતા - અમદાવાદ
૫. અવની દર્શન મહેતા - અમદાવાદ
૬. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૭. નવીન શામજી લાલકા - ગદગ
૮. સુરેન્દ્ર બી. જૈની - અમદાવાદ
૯. હેતલ નિકુંજ મહેતા - અમદાવાદ
૧૦. અવંતી દેવેશ દંડ - અમદાવાદ
૧૧. નેહલ સુનીલ પારેખ - અમદાવાદ
૧૨. ઉષા ધનજી સંજોટ - અમદાવાદ
૧૩. જલ્પા દિલીપ મોમાયા - અમદાવાદ
૧૪. સેજલ તેજસ મહેતા - અમદાવાદ
૧૫. નીના અશોક ગોરજી - અમદાવાદ
૧૬. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૧૭. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૮. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૧૯. દીપક એ. શુક્લ - ભુજ
૨૦. ધ્વનિ પાર્શ્વદ શાહ - અમદાવાદ
૨૧. તારાચંદ ભવાનજી હેણિયા - હૈદ્રાબાદ
૨૨. જ્યોતિ કિરણ વસા - ગાંધીનગર
૨૩. પદમશી ખેતશી ગાલા - અંબરનાથ
૨૪. કુસુમ લક્ષ્મીચંદ નાગડા - મુંબઈ
૨૫. સોનલ જગદીશ ત્રેવાડિયા - અમદાવાદ
૨૬. જગદીશ શાંતિલાલ ત્રેવાડિયા - અમદાવાદ

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૨૮ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૭-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ઓગસ્ટ-૨૦૧૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :** ૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

## ક્રમાંક - ૧૦૨૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | ૩ | ૫ | | ૮ | |
| ૨ | | | ૯ | | ૪ | | | ૬ |
| | | ૫ | | | | | | ૩ |
| ૧ | ૪ | | | ૬ | ૮ | | ૩ | |
| | ૬ | | | ૪ | | | ૫ | |
| | ૯ | | ૭ | ૨ | | | ૪ | ૧ |
| ૪ | | | | | | ૩ | | |
| ૮ | | | ૪ | | ૧ | | | ૨ |
| | ૧ | | ૩ | ૫ | | | | ૪ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૭ | ૩ | ૮ | ૧ | |
| ૮ | ૯ | | ૧ | | ૨ | | | |
| | ૫ | | ૮ | | | ૨ | | |
| | | | | | ૫ | ૭ | ૬ | ૮ |
| ૯ | ૨ | | | ૮ | | | ૪ | ૩ |
| ૬ | ૭ | ૮ | ૪ | | | | | |
| | | ૨ | | | ૪ | | ૯ | |
| | | | ૩ | | ૬ | | ૮ | ૧ |
| | ૩ | ૬ | ૯ | ૧ | | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | ૧ | ૩ | | | | | ૨ |
| | ૪ | | ૫ | | | | ૭ | |
| | ૫ | | ૬ | ૭ | | | ૪ | |
| ૩ | | | ૨ | | | ૫ | | ૯ |
| | | | | ૮ | | | | |
| ૧ | | ૮ | | | ૩ | | | ૪ |
| | ૨ | | | ૩ | ૭ | | ૧ | |
| | ૧ | | | | ૬ | | ૯ | |
| ૬ | | | | | ૫ | ૮ | | ૭ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૩ | ૮ | ૯ | | | | |
| | ૨ | ૯ | ૧ | | | ૬ | | |
| | | | ૪ | | | | ૩ | ૯ |
| | | | | | ૪ | | ૫ | ૮ |
| ૧ | | | | ૬ | | | | ૩ |
| ૯ | ૪ | | ૫ | | | | | |
| ૭ | ૧ | | | | ૯ | | | |
| | | ૪ | | | ૮ | ૩ | ૨ | |
| | | | | ૫ | ૧ | ૭ | | ૪ |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૨૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૮ | ૫ | ૨ | ૭ | ૧ | ૬ | ૯ |
| ૭ | ૯ | ૫ | ૩ | ૬ | ૧ | ૪ | ૨ | ૮ |
| ૧ | ૬ | ૨ | ૮ | ૪ | ૯ | ૭ | ૫ | ૩ |
| ૪ | ૭ | ૯ | ૨ | ૮ | ૩ | ૫ | ૧ | ૬ |
| ૨ | ૧ | ૩ | ૭ | ૫ | ૬ | ૯ | ૮ | ૪ |
| ૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૪ | ૨ | ૩ | ૭ |
| ૫ | ૨ | ૭ | ૪ | ૩ | ૮ | ૬ | ૯ | ૧ |
| ૬ | ૮ | ૧ | ૯ | ૭ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૯ | ૩ | ૪ | ૬ | ૧ | ૨ | ૮ | ૭ | ૫ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૬ | ૫ | ૭ | ૮ | ૪ | ૨ | ૩ |
| ૫ | ૪ | ૨ | ૧ | ૩ | ૬ | ૭ | ૯ | ૮ |
| ૭ | ૩ | ૮ | ૪ | ૨ | ૯ | ૫ | ૧ | ૬ |
| ૬ | ૨ | ૪ | ૩ | ૮ | ૭ | ૧ | ૫ | ૯ |
| ૮ | ૯ | ૧ | ૨ | ૬ | ૫ | ૩ | ૪ | ૭ |
| ૩ | ૫ | ૭ | ૯ | ૧ | ૪ | ૬ | ૮ | ૨ |
| ૧ | ૮ | ૩ | ૬ | ૪ | ૨ | ૯ | ૭ | ૫ |
| ૪ | ૭ | ૯ | ૮ | ૫ | ૩ | ૨ | ૬ | ૧ |
| ૨ | ૬ | ૫ | ૭ | ૯ | ૧ | ૮ | ૩ | ૪ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૯ | ૨ | ૮ | ૬ | ૫ | ૩ | ૪ |
| ૪ | ૮ | ૨ | ૧ | ૫ | ૩ | ૯ | ૬ | ૭ |
| ૫ | ૩ | ૬ | ૯ | ૭ | ૪ | ૨ | ૧ | ૮ |
| ૩ | ૫ | ૮ | ૬ | ૯ | ૭ | ૪ | ૨ | ૧ |
| ૨ | ૯ | ૭ | ૪ | ૧ | ૫ | ૬ | ૮ | ૩ |
| ૬ | ૪ | ૧ | ૮ | ૩ | ૨ | ૭ | ૯ | ૫ |
| ૯ | ૬ | ૫ | ૩ | ૪ | ૮ | ૧ | ૭ | ૨ |
| ૭ | ૨ | ૩ | ૫ | ૬ | ૧ | ૮ | ૪ | ૯ |
| ૮ | ૧ | ૪ | ૭ | ૨ | ૯ | ૩ | ૫ | ૬ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૬ | ૫ | ૩ | ૯ | ૨ | ૭ | ૮ |
| ૩ | ૯ | ૨ | ૭ | ૮ | ૪ | ૫ | ૬ | ૧ |
| ૮ | ૭ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૯ | ૪ |
| ૫ | ૪ | ૮ | ૯ | ૨ | ૭ | ૬ | ૧ | ૩ |
| ૭ | ૬ | ૯ | ૩ | ૪ | ૧ | ૮ | ૫ | ૨ |
| ૨ | ૩ | ૧ | ૮ | ૫ | ૬ | ૯ | ૪ | ૭ |
| ૯ | ૨ | ૭ | ૪ | ૬ | ૩ | ૧ | ૮ | ૫ |
| ૬ | ૫ | ૩ | ૧ | ૭ | ૮ | ૪ | ૨ | ૯ |
| ૧ | ૮ | ૪ | ૨ | ૯ | ૫ | ૭ | ૩ | ૬ |

*ધર્મની અપૂરતી સમજ સિવાય ધર્મને વિશેષ કશાનો ભય નથી.*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

- **સૌથી મોટું ઘોડેસવાર યુદ્ધ :** ઓગણીસમી સદીમાં અમેરિકાના ગૃહયુદ્ધ દરમિયાન બ્રન્ડી સ્ટેશનનું યુદ્ધ ઘોડેસવારો દ્વારા લડાયેલું સૌથી મોટું યુદ્ધ હતું. બ્રન્ડી સ્ટેશન ખાતે ૯મી જૂન, ૧૮૬૩ના રોજ યુનિયન અને કન્ફેડરેટ સેના વચ્ચે ખેલાયું. તેમાં ૧૭,૦૦૦ ઘોડેસવાર અને ૨૦,૦૦૦થી વધુ સૈનિકોએ ભાગ લીધો હતો.
- **આર્ટ વર્કનો વર્લ્ડ રેકોર્ડ :** એક જ આર્ટવર્ક પર કામ કરતાં મહત્તમ આર્ટિસ્ટોના વિશ્વવિક્રમ તરીકે ગિનીસ બુકમાં સ્થાન મેળવવા માટે લોરિસ્ટન પ્રાઈમરી શાળાના વિદ્યાર્થીઓએ બ્રિટનમાં મહારાણીનું વિશાળ આર્ટવર્ક તૈયાર કર્યું હતું. ફેસ બ્રિટન ઑનલાઈન ગેલેરીમાં અહીંના બે લાખથી વધારે વિદ્યાર્થીઓ અને કલાકારોએ આ વિશાળ પોર્ટ્રેટ તૈયાર કરવામાં ભાગ લીધો હતો.
- **કટોકટી :** ૧૨ જૂન, ૧૯૭૫માં અલ્હાબાદ હાઈકોર્ટનો અદાલતી ચુકાદો આવ્યો જેમાં ઇંદિરાજીને સાંસદ તરીકે ગેરલાયક ઠરાવી એમના વડાપ્રધાન પદને સવાલિયા દાયરામાં મૂકી દીધું હતું. ધોરણસરના વિકલ્પની પ્રક્રિયાને આવકારી રચનાત્મક જોખમ ઉઠાવવાને બદલે ઇંદિરા ગાંધીએ કટોકટીનો દાવ ખેલ્યો અને આમ આઝાદી પછી પ્રથમવાર દેશના લોકોને 'કટોકટી'નો અનુભવ થયો.
- **પર્યાવરણ :** કુદરતી વસ્તુઓના બેફામ ઉપયોગના કારણે પર્યાવરણ પર ખૂબ જ મોટું જોખમ ઊભું થયેલું છે. ગરમી વધુ તીવ્ર બની રહી છે. આજદિન સુધી ૫૫,૦૦૦ જીવજંતુઓની પ્રજાતિઓ ખતમ થઈ ચૂકી છે. ૨.૯૦ કરોડ એકર જંગલ નષ્ટ થઈ ગયા છે. હાલની ઝડપે દર વર્ષે ૮૦ હજાર એકર જંગલ નષ્ટ થઈ રહ્યા છે. જેના પરિણામે દર વર્ષે મૃત્યુના ૯ મરુસ્થળ એવા તૈયાર થઈ રહ્યા છે જ્યાં પારો ૬૦ ડિગ્રીથી પણ વધારે હશે. આપણે ૩૦ અબજ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઈડ છેલ્લા એક વર્ષમાં છોડ્યો છે.
- **માઉન્ટ એવરેસ્ટ :** દુનિયાના આ સૌથી ઊંચા શિખર ઉપર બરાબર આજથી ૬૦ વર્ષ પહેલાં મે માસની ૨૦ તારીખે બરોબર સવારે ૧૧.૩૦ વાગે ભારતના દાર્જિલિંગના નેપાળી શેરપા તેનસિંગ અને ન્યુઝીલેન્ડના પર્વતારોહક એડમન્ડ હિલેરીએ ૧૯૫૩માં માઉન્ટ એવરેસ્ટ પર પગ મૂક્યા હતા. આના ત્રણ જ દિવસ પહેલાં એટલે કે ૨૬મી મે ના રોજ ટોમ બોર્ડિલોન અને ચાર્લ્સ ઇવાન એવરેસ્ટ સુધી પહોંચવામાં જ હતા પરંતુ ઑક્સિજનની સમસ્યાને લીધે તે બંને આરોહકો શિખર સુધી પહોંચી ન શક્યા.
- **સિલોન :** આજે જે દેશનું નામ શ્રીલંકા છે તે બ્રિટીશ રાજના દિવસોમાં સિલોન નામથી ઓળખાતો હતો. આ પ્રદેશનું જૂનું નામ હતું સિંહલદ્વીપ. આ નામના અપભ્રંશથી અંગ્રેજીમાં SERENDIP શબ્દ બન્યો. સિલોન નામ સિંહલ પરથી પડ્યું હોવાનું માનવામાં આવે છે. આ ટાપુ એના રત્નો માટે જાણીતો હોવાથી એક સમયે રત્નદ્વીપ પણ કહેવાતો હતો. મલય ભાષામાં તે બાટુ સિલન કહેવાતો હોવાથી અંગ્રેજોએ સિલોન નામ આપ્યું, જે ૧૯૭૨ સુધી ચાલુ રહ્યું.
- **પાણીમાં કઠપૂતળીનો ખેલ :** બાળકોનો પ્રિય અને રાજસ્થાની સ્પેશિયલ શો એટલે કઠપૂતળીનો શો. જે આપણે સામાન્ય રીતે સ્ટેજ પર જોઈએ છીએ. પરંતુ વિયેટનામમાં 'થંગ લોંગ વોટર પપેટ થિયેટર'માં પાણીમાં કઠપૂતળીના ખેલ બતાવવામાં આવે છે. વિયેટનામી ગીત અને વિયેટનામી સંગીત વચ્ચે વિયેટનામનો ઈતિહાસ અને લોકકથાઓને પાણી પર અને પાણીમાં કઠપૂતળી દ્વારા તાદૃશ્ય કરવામાં આવે છે. આ ખેલમાં જે સ્ટેજ છે તે પાણીના હોજ ઉપર છે અને કઠપૂતળીઓને લાંબા વાંસ ઉપર બાંધવામાં આવે છે.
- **ગગનચુંબી ઈમારત :** વિશ્વની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફા ઉર્ફે બુર્જ દુબઈ. આ ઈમારત વર્તમાન વિશ્વની સૌથી ઊંચી ઈમારત હોવાનું બહુમાન ભોગવે છે. બહારથી આખી માર્બલ ગ્લાસની બનેલી ઈમારતના કાચ ધૂળને કારણે ખરાબ ન થાય તે માટે સતત વિન્ડો ક્લિનર્સની એક આખી ટીમ લટકીને તેને સાફ કરતી રહે છે. ૨૦૬ માળની અને ૮૨૮ મીટર ઊંચી બિલ્ડિંગમાં ૨૪,૪૩૮ કાચની બારીઓ છે જેને જમીન પર પાથરવાથી ક્રિકેટના ૧૨ મેદાન ભરાય તેટલી જગ્યા રોકે. આ ઈમારતના કાચ સાફ કરવાનો ઓસ્ટ્રેલિયન કંપનીને ૫૨ લાખ પાઉન્ડમાં કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે.
- **વેનસ ડે બન્યો વીનસ ડે :** ભારત સહિત આખી દુનિયામાં સદીની સૌથી મોટી શુક્ર સંક્રમણની ખગોળીય ઘટના ૬ જૂનના બની ગઈ. શુક્ર ગ્રહ સૂર્ય અને પૃથ્વીની વચ્ચે આવ્યો હતો. સદીઓમાં માત્ર એક જ વખત બનતી આ અદ્ભુત ઘટના વિશ્વના ઘણા લોકોએ નિહાળી હતી. હવે પછી ડિસેમ્બર ૨૧૨૫ અને ત્યારબાદ ૨૨૪૬માં આ ઘટના ઘટશે.
- **ભાષા :** દુનિયાભરમાં ૨૭૦૦ કરતાં પણ વધારે ભાષાઓ અને ૭૦૦૦ કરતાં પણ વધારે બોલીઓ બોલાય છે. ફક્ત આફ્રિકા મહાદ્વિપમાં જ ૧૦૦૦ કરતાં પણ વધારે ભાષાઓ બોલાય છે. સ્પેન અને ફ્રાંસમાં બોલવામાં આવતી ભાષાને સૌથી અઘરી ભાષા માનવામાં આવે છે. દુનિયાની સૌથી પહેલી લેખિત ભાષા સુમેરિયન હોવાનું માનવામાં આવે છે. આ ભાષાનો ઉપયોગ ઈ.સ. પૂર્વે ૩૨૦૦માં થતો હતો. હાલમાં આ ભાષા લુપ્ત છે. તેના જેવી જ બીજી પ્રાચીન ભાષા ચીની અને મંડારિન છે. જેનો ઉપયોગ હાલમાં પણ કરવામાં આવે છે. અત્યારે દુનિયાના ૧.૩ અબજ લોકો આ ભાષા બોલે છે.

*ડાહ્યો ચાલતાં, બંને પગ સાથે ના ઉપાડશે, પહેલું સ્થાન નહીં પાકું, તો બીજું સ્થાન નહીં છોડશે!*

આપણા દેશની હિંદી ભાષાને ઉચ્ચ દરજ્જો રાષ્ટ્રભાષા તરીકેનો આપવામાં આવેલ છે. ભારતની ૪૧ ટકા વસ્તી હિંદી બોલે છે. હિંદીભાષીઓની સંખ્યા દુનિયામાં ૫૦ કરોડ કરતાં પણ વધુ છે જયારે અંગ્રેજી ભાષા બોલનારની સંખ્યા ૧.૫ અબજ છે.

- **ધ ડેથ ઇયર :** ઑપેક સંગઠનની રચના પછી સિત્તેરના દાયકાના આરંભે આરબ અને ઇઝરાયેલ વચ્ચે સિક્સ ડે વૉર તરીકે ઓળખાતો નિર્ણાયક જંગ ખેલાઈ ગયો. આ યુદ્ધમાં ઈઝરાયેલ જીત્યું અને પશ્ચિમના દેશોએ ઇઝરાયેલની તરફેણ કરી. આરબ દેશો બીજું તો કંઈ કરી શકે તેમ ન હતા એટલે તેમણે છેલ્લા શસ્ત્ર તરીકે કોઈજ દેખીતા કારણ વગર બૅરલના ભાવ ૩ ડોલરથી વધારીને ૮ ડોલર કરી દીધા. એ વખતે યુરોપ -અમેરિકાએ વિરોધ તો ન નોંધાવ્યો, ખરીદી પણ બંધ ન કરી. બસ ત્યારથી આપખુદ ભાવ વધારાનો જમ ઘર ભાળી ગયો છે અને તેનું પરિણામ આપણે ભોગવીએ છીએ.
- **માલદીવ :** માલદીવ વસ્તી અને વિસ્તાર એમ બંને રીતે એશિયા ખંડનો સૌથી નાનો દેશ છે. દરિયાની સપાટીથી હાથવેંતનું છેટું હોવાથી ગ્લોબલ વોર્મિંગનો આ દેશ સૌથી પહેલો ભોગ બની અને ડૂબી જાય તેમ છે. પરવાળાનો બનેલો આ દેશ પ્રાકૃતિક સૌંદર્યને લીધે વિશ્વભરમાં ખ્યાતિ ધરાવે છે. માલદીવનો આજુબાજુનો મરીન વિસ્તાર દુર્લભ સમુદ્રી જીવોથી સમૃદ્ધ છે. રીફ માછલીથી માંડીને રીફ સાર્ક મોરે તેમજ અનેક પ્રકારની ૨૦૦૦થી પણ વધુ માછલીઓની જાતો છે.
- **પ્રથમ અંતરિક્ષ મહિલા :** આજથી લગભગ ૫૦ વર્ષ પહેલાં ૧૬ જૂન, ૧૯૬૩ના રોજ પહેલી વખત મહિલા અંતરિક્ષમાં ગઈ હતી. આ મહિલા હતી રશિયાની વૈલેનિના વ્હાદિમિરોવ્ના તેરેશકોવા. જેને સોવિયેત રશિયાએ પોતાના 'વોસ્તોક ૬' મિશન હેઠળ અંતરિક્ષમાં મોકલી હતી. તે અંતરિક્ષમાં જનારી પ્રથમ સામાન્ય નાગરિક હતી. તેણે રશિયાના આ મિશન હેઠળ ત્રણ દિવસ સુધી અંતરિક્ષમાં રહીને પૃથ્વીના ૪૮ ચક્કર લગાવ્યા અને ૧૯ જૂનના રોજ સાથી અંતરિક્ષ યાત્રીઓ સાથે પૃથ્વી પર સુરક્ષિત પરત ફરી. ■

## શબ્દ રમત હરીફાઈ : વર્ષ ૨૦૧૧-૨૦૧૨

**વર્ષ ૨૦૧૧-૨૦૧૨ની વિજેતા વ્યક્તિઓની નામાવલિ નીચે પ્રમાણે છે.**

| | | |
|---|---|---|
| ૧. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | સેટેલાઈટ, અમદાવાદ |
| ૨. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ |
| ૩. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | ભટ્ટા, અમદાવાદ |
| ૪. | પ્રભાબેન મહેન્દ્ર શેઠિયા | વલસાડ |
| ૫. | નવીન શામજી લાલકા | ગદગ |

*સંકલનકર્તા : રજનીકાંત પારેખ*

## 'મંગલ મંદિર' પ્રશ્નો અને પ્રત્યુત્તર

*'મંગલ મંદિર' – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગમાં માસ એપ્રિલ-૨૦૧૧થી માર્ચ-૨૦૧૨ સુધીના અંકોના પ્રશ્નોના બધા ખરા ઉત્તર આપનારના નામોની યાદી નીચે મુજબ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી મીનાક્ષીબેન આર. પારેખ | - | અમદાવાદ |
| ૨. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | - | અમદાવાદ |
| ૩. | શ્રીમતી વર્ષાબેન આર. પારેખ | - | અમદાવાદ |
| ૪. | શ્રીમતી નયના અલ્પેશ ગાલા | - | અમદાવાદ |
| ૫. | શ્રી અમરકુમાર ઉમરશી રાંભિયા | - | નડિયાદ |
| ૬. | શ્રીમતી અલકા એ. સંઘવી | - | અમદાવાદ |
| ૭. | શ્રીમતી જ્યોતિબેન એલ. શાહ | - | અમદાવાદ |

*આ વિભાગમાં ભાગ લેનાર સર્વે વાંચક વર્ગનો ખૂબ ખૂબ આભાર સાથે અભિનંદન!* ■

## શબ્દ રમત-૭૧નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ત | ત્વ | ચિં | ત | ન | | ન | | કો | પા | ય | મા | ન | | ટ |
| પા | | તા | | ક્કી | | વ | લ | ય | | ઝ | | વા | | હુ |
| રો | ગ | | ખ | | ક | મી | | લા | શ | | ધ | બ | ડ | કો |
| | ડ | | ટ | પા | લ | | હો | | બ | હે | ન | | ફ | |
| લ | બ | કા | રા | | મ | ગ | જ | મા | રી | | વા | | લી | લા |
| | ડ | બ | ગ | ર | | ભા | રી | | | ખ | ન | ક | | ડ |
| દુ | | ર | | વા | સ | ણ | | પ | ર | બ | | પ | નો | |
| આ | શા | | મ | નુ | | | જી | | મ | ર | જી | | મ | સો |
| | ક | રા | | કા | પ | ડ | | ચ | | દા | | ર | | મ |
| કા | | બ | ક | રી | | ણ | | લ | | ર | મ | ત | લ | |
| પો | હ | | મ | | પા | ક | દા | મ | ન | | હે | | થ | ડ |
| | જા | | જો | ખ | મ | | સ | | જી | વ | ન | | બ | |
| ગ | ર | મ | ર | | ર | વિ | | ના | ક | | ત | | થ | ર |
| ર | | દ | | ના | | ર | હી | મ | | વિ | | બો | | વા |
| જ | | દ | ડ | મ | જ | લ | | ના | | ના | ગ | ર | વે | લ |

*જૂન-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૧ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | નવીન શામજી લાલકા | - ગદગ | બધા સાચા |
| ૩. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૪. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | ૨ ભૂલ |
| ૫. | ધ્વનિ પાર્શ્વદ શાહ | - અમદાવાદ | ૩ ભૂલ |
| ૬. | રશ્મિકાંત સાવલા | - ભુજ | ૧ ભૂલ |
| ૭. | જ્યોતિબેન કિરણ વસા | - ગાંધીનગર | ૨ ભૂલ |

*કોઈએ કોઈવાર તમને નાની શી પણ મદદ કરી હોય તો એ કદી ભૂલતા નહિ. મદદ ભલે નાની, પણ એ મળી ત્યારે તો એ આખી દુનિયા કરતાં મોટી હતી.*

★ **ગૌચર જમીન ઉપર કબજો :** મુંદ્રા તાલુકાના કંઠી વિસ્તારમાં લોકો ખેતી અને પશુપાલન સાથે સદીઓથી જોડાયેલા છે. પરંતુ છેલ્લા બે દાયકાથી ઔદ્યોગિક એકમોના આક્રમણ પછી રેતી, પશુપાલન જેવા વ્યવસાયોનો સોથ વળી ગયો છે. કંપનીઓએ આ વિસ્તારમાં પશુપાલન માટે ગૌચર જમીન રહેવા દીધી નથી. મુંદ્રા તાલુકાનાં શેખડિયા ગામમાં ૧૨૦૦થી વધારે પશુધન છે. જ્યારે તેની સામે માત્ર ૮૦ એકર જમીન બચવા પામી છે. બીજી તરફ, આ ગામની તમામ ગૌચર જમીન ઉપર અદાણી કંપની સેઝના નામે ડેરા જમાવી બેઠી છે. આ કારણે ગામના લોકોએ કંપની વિરુદ્ધ રેલી કાઢીને પ્રાંત અધિકારી તથા મામલતદારને તાજેતરમાં એક આવેદનપત્ર આપ્યું હતું.

★ **ભૂકંપના બાર વર્ષે પણ પતરાના શેડમાં ૮૦૦ લોકો :** કચ્છમાં ભૂકંપને બાર વર્ષના વહાણા વીતી ગયા છે પરંતુ અંજારમાં ૮૦૦ લોકો એવા છે, જેના માટે ભૂકંપની પીડા હજું એવી જ છે. આ લોકોને હજુ પતરાંઓમાંથી બનેલા હંગામી આવાસોમાં દર્દનાક જીવન ગુજારવું પડે છે. તંત્ર દ્વારા પ્રથમ મફત અને ત્યારબાદ રૂપિયા ૭૦ હજાર ભરો તેમ કહીને વાત ખોરંભે ચડાવી દેવામાં આવી છે. ભૂકંપ બાદ કચ્છ ટેક્ષ મુક્ત થવાથી ઉદ્યોગો માટે સરકારે પાણીના ભાવે જમીન ફાળવી છે પરંતુ અંજારના ૮૦૦ ભૂકંપગ્રસ્ત ભાડુઆતોને કાયમી રહેવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી અને આ પ્રશ્ન હજુ ફાઈલોમાં જ અટવાયો છે.



**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **જવાનોની તકલીફો :** કચ્છ સરહદે તૈનાત સીમા દળના જવાનોને નડતી ભારે મુશ્કેલીઓનો ક્યાસ કાઢવા કેન્દ્ર સરકાર ખાસ તબીબી ટુકડી મોકલાવશે અને આ ટીમ તેની તપાસ બાદ જરૂરી સુધારાના પગલાં સૂચવશે એવો નિર્ણય કેન્દ્રના રાજ્યકક્ષાના ગૃહમંત્રીએ કચ્છની તાજેતરની મુલાકાત દરમ્યાન જવાનોના પ્રશ્નો સાંભળ્યા બાદ લીધો હતો.

★ **પરિણામ પહેલાં નોકરી :** કચ્છ યુનિવર્સિટીમાં એન.એસ.સી. - રસાયણશાસ્ત્રમાં અંતિમ ચોથા સેમેસ્ટરના ૧૫ વિદ્યાર્થીઓને તેમનાં પરિણામ પહેલાં જુદી જુદી કંપનીઓએ તેમને મોટા પગારવાળી નોકરીની ઑફ તાજેતરમાં આપી દીધી હતી. નવી ટેકનોલોજીમાં અગ્રેસર ગણાતી કચ્છ યુનિ.એ અપનાવેલા ઔદ્યોગિક તાલીમ કાર્યક્રમના પરિણામે આ શક્ય બન્યું છે. આ પ્રકારનો કાર્યક્રમ રાજ્યની તમામ યુનિવર્સિટીના રસાયણ વિભાગોમાંથી માત્ર કચ્છ યુનિ.માં જ અમલી બન્યો છે.

★ **કલાત્મક કૃતિ 'સંજીરા'ની પ્રથમ પસંદગી :** નખત્રાણા તાલુકાના નિરોણા ગામના મહિલા કારીગર ઇંદુબેન સીજુ દ્વારા નિર્માણ થયેલ માટીકામની ઉત્કૃષ્ટ કલાત્મક કૃતિ 'સંજીરા'ને ગુજરાત સરકારના ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ વિભાગે વર્ષ ૨૦૧૦ના સ્ટેટ ઍવોર્ડ માટે તાજેતરમાં પ્રથમ નંબરે પસંદ કરાતાં ગામના વણાટકલાની તવારીખ સાથે એક નવા અધ્યાયનો ઉમેરો થયો છે.

★ **કચ્છમાં વીજ તંત્રની નવી વર્તુળ કચેરી :** કચ્છમાં ઉદ્યોગગૃહો તેમજ લોકોને વીજળી ક્ષેત્રે વધુ સારી સુવિધા મળી શકે તે હેતુથી વીજતંત્રની કચ્છ જિલ્લામાં ગાંધીધામ ખાતે નવી વર્તુળ કચેરી કાર્યરત કરવાની કાર્યવાહી આદરવામાં આવી હોવાની માહિતી તાજેતરમાં ગાંધીનગર ખાતે ફોકિયા આયોજિત પાવર ટ્રેડિંગ અંગેના એક સેમિનારમાં પી.જી.વી.સી.એલ. કચ્છના એડિશનલ ચીફ ઈજનેરે આપી હતી. કચ્છમાં ઉદ્યોગગૃહોનો વપરાશ વાર્ષિક ૧૬૧૯ મિલિયન યુનિટ છે. જે સમગ્ર કચ્છના વીજ વપરાશમાં ઉદ્યોગોનો વપરાશ ૩૭ ટકા છે. મહાકાય ઉદ્યોગોનો વપરાશ ૫૬ ટકા અને નાના ગ્રાહકોનો વપરાશ ૪૬ ટકા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

★ **નર્મદા નીરથી કચ્છ તરસ્યું :** સુરેન્દ્રનગર વિસ્તારમાંથી આવતી નર્મદાની કેનાલમાંથી આસપાસના ખેડૂતો ફરી સક્રિય બનીને એન્જિન વડે કચ્છના પેયજળની મોટી ચોરી કરી જતા હોવાથી કચ્છમાં મોટી અસર થઈ હોવાની તેમજ કચ્છને દરરોજ ૧૭૦ એમ.એલ.ડી. જથ્થો મળતો હોવા સામે હાલ માત્ર ૪૬ એમ.એલ.ડી. પાણી મળતું હોવાની વિગતો તાજેતરમાં બહાર આવી છે.

★ **માધાપર ગામની સંસ્થાને એવોર્ડ :** પૂણે ખાતે ભારતીય સાંસ્કૃતિક સંઘ આયોજિત અખિલ ભારતીય નૃત્ય ઉત્સવ 'નેશનલ હાર્મની - ૨૦૧૨'માં માધાપર ગામના 'નુપૂર' ગ્રૂપે શાસ્ત્રીય અને લોકનૃત્યની ત્રણ પ્રસ્તુતિ માટે તાજેતરમાં ઍવોર્ડ હાંસલ કર્યો હતો.

★ **કચ્છી હીર :** તાજેતરમાં જાહેર થયેલાં બારમા ધોરણ (સાયન્સ પ્રવાહ)ના પરિણામમાં ભુજમાં ક.વી.ઓ. જૈન મહાજનની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ શ્રી શાંતિલાલભાઈ જૈનના પુત્ર ભગીરથ એ રાજકોટમાં ભણીને ૭૦૦ માંથી ૬૫૪ ગુણ એટલે કે ૯૩ ટકા મેળવ્યા હતા. હાલ તેઓ સી.એ.ના અભ્યાસની તૈયારી કરી રહ્યા છે અને કેન્દ્રીય જાહેર સેવા આયોગ

*અતિથિને જમાડ્યા પછી જ જે જમે છે તેને ખેતરમાં બાજરો વાવવો નથી પડતો, એનું આતિથ્ય પોતે બાજરો થઈને ઊગે છે.*

(યુ.પી.એસ.સી.)ની પરીક્ષા આપી સનદી સેવામાં જોડાવાની મહત્વાકાંક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

★ **જોખમી ઈમારતો :** ભૂકંપ બાદ આજે ૧૨ વર્ષથી ભયજનક રીતે ઊભી રહેલી ભુજ સહિત કચ્છની સરકારી ઈમારતોની મોજણી હાથ ધરાતાં આ તમામ જોખમી બિલ્ડિંગોને તોડી પાડવાનો નિર્ણય તાજેતરમાં લેવાયો છે. ભુજ શહેરમાં ઐતિહાસિક અને પુરાતત્ત્વની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતા મકાનોને પણ તોડવાનો સમાવેશ થાય છે. ભૂકંપ બાદ ભુજમાં ખાનગી અને સરકારી ઈમારતોની ભયજનક સંખ્યા ઘણી છે. તેમ છતાં બહુમાળી એવી ૨૧ ખાનગી બિલ્ડિંગોને ખાલી કરવાની એક તબક્કે નોટિસો બજાવવામાં આવી હતી.

★ **કચ્છમાં હરિયાળી :** કચ્છમાં વધુને વધુ વૃક્ષો વાવી હરિયાળું બનાવવા વિવિધ સંસ્થાઓ દ્વારા વનતંત્ર અને લોક સહયોગથી આવકાર્ય પ્રયત્નો તાજેતરમાં આદરાયા છે. પર્યાવરણ દિવસની વૃક્ષારોપણ અને રોપા વિતરણના કાર્યક્રમો યોજી ઉજવણી કરાઈ હતી.

★ **જી.કે. જનરલ - અદાણી કોલેજ :** કચ્છ જિલ્લાની સિવિલ હોસ્પટલથી જી.કે. જનરલ એકાદ માસમાં ગુજરાત સરકારે અદાણી ગ્રુપ સાથે કરેલા કરાર અનુસાર ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસને સોંપાશે એવી શક્યતા સંબંધિત વર્તુળોએ વ્યક્ત કરી છે.

★ **કચ્છમાં ક્રિકેટ મેદાન :** કચ્છમાં ગાંધીધામ ખાતે આધુનિક સવલતો સાથેનું ક્રિકેટ મેદાન વિકસાવવા તેમજ આગામી વર્ષે રણજી ટ્રોફી તેમજ અન્ય ઉચ્ચ દરજ્જાની મેચો યોજવા સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા તાજેતરમાં તૈયારી દર્શાવવામાં આવી હતી.

★ **હમીરસરનું પાણી :** ભુજ શહેરના શણગાર સમું હમીરસર તળાવ જ્યારે ઓગને છે ત્યાર પછી ઝડપથી પાણી ઊતરી જવાનો સવાલ નાગરિકોમાં ઘૂમરાઈ રહ્યો છે. તેની પાછળ જાણકારો આસપાસમાં બનેલા ખાનગી અને સુધરાઈના બોરમાંથી થતા પાણી ઉલેચાંને તાજેતરમાં કારણભૂત ગણાવ્યું હતું.

★ **ઇન્ડિયા હાઉસ :** લંડન ખાતેના ઈન્ડિયા હાઉસનું વેચાણ થવાની જાહેરાતના પગલે તે ભવન ભારતીય ઉદ્યોગપતિ કે સખી દાતાઓ ખરીદી ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માની સ્મૃતિ સાચવે તેવી માંગ કચ્છ માંડવીના અગ્રણીએ તાજેતરમાં કરી છે. આ બાબતે ગુજરાત સરકાર પણ સક્રિય અને સહયોગી બને તેમ લોકો ઈચ્છે છે.

★ **કચ્છી ઉપપ્રમુખ :** ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રોડક્શન એન્ડ એક્શન કમિટીના નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કચ્છી આગેવાન શ્રી નલિન વી. શાહની નિયુક્તિ થઈ છે. આ સંસ્થા દેશભરમાં ગ્રાહકોના હિતોની જાળવણી માટે અગ્રણી ભૂમિકા ભજવે છે. શ્રી શાહ નવી મુંબઈના જાણીતા બિલ્ડર છે. તેઓ ઓલ ઈન્ડિયા હ્યુમન રાઈટ્સ એન્ડ સોશિયલ જસ્ટીસ એસોસિએશનના ઉપપ્રમુખ છે. નેશનલ વેલફેર ફાઉન્ડેશનના ચેરમેન છે. ■

## મા-બાપને ખાતર.... અલવિદા અમેરિકા!

સંસ્કારે પ્રણવ પાકો ઈન્ડિયન હતો. પણ છતાંય અમેરિકાનું વાતાવરણ એને બરાબર સદી ગયું હતું. પ્રણવ પાસે અમેરિકાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીની એમ.બી.એ.ની ડિગ્રી હતી. આઈ.ટી. કંપનીમાં ઊંચા પગારની નોકરી હતી.

ઊંચો - ગોરો - હસમુખો અને 'સ્માર્ટ' પ્રણવ અમેરિકન છોકરીઓનીય નજરમાં વસી જાય એવો આકર્ષક હતો અને થોડાક સમયમાં થયું પણ એવું જ! એના જેવી ઉચ્ચ ડિગ્રી અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતી અમેરિકન સિટીઝન નયનાનો એ મનગમતો બની ગયો. માત્ર નયનાનો નહિ એનાં મા-બાપનો પણ! નયનાનાં માતા-પિતા મૂળ તો અમદાવાદના હતાં પણ વર્ષોથી યુ.એસ.એ.માં સ્થાયી થયા હતાં. નયના એમની એકની એક દીકરી હતી.

નયના પાશ્ચાત્ય વ્યક્તિત્વ ધરાવતી અત્યંત ચબરાક યુવતી હતી. એક કલાકારને છાજે એવી કલ્પનાશક્તિ પણ ધરાવતી હતી અને એક ચિંતકને છાજે એવી મૌલિક વિચારધારા પણ! આમ, પ્રણવ અને નયના જાણે પ્રભુએ એકબીજાં માટે જ બનાવ્યાં હોય એવાં જોડીદાર હતાં. એમની વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. એમનો પ્રેમ ગાંડાતૂર પ્રવાહ જેવો તોફાની ન હતો પણ ધીમા... ગંભીર... વહેતા રમતિયાળ ઝરણા જેવો હતો.

સ્વપ્નશીલ પ્રેમીઓના પ્રેમની કસોટી કરવાનો કુદરતનો પણ સ્વભાવ હોય છે. એનો સાક્ષાત્કાર નયના અને પ્રણવને એક દિવસ ઘડીના છઠ્ઠા ભાગમાં થઈ ગયો અને પ્રણવે સમયનો તકાજો સ્વીકારતો હોય એમ અમેરિકા છોડવાનો નિર્ણય લઈ લીધો.

એ રાતે એની મમ્મીનો ફોન આવ્યો હતો. એણે દુઃખ સાથે જણાવ્યું હતું : 'પ્રણવ... તારા પપ્પાને ગંભીર હાર્ટઍટેક આવ્યો છે. એ બચી તો ગયા છે પણ એમનું ડાબું પડખું લકવાગ્રસ્ત બની ગયું છે. તને ખૂબ યાદ કરે છે. એકવાર પપ્પાને મળવા તું ઈન્ડિયા આવી જાય તો સારું!' મમ્મીએ તો માત્ર એકવાર ઈન્ડિયા આવવા જણાવ્યું હતું પણ પ્રણવે હંમેશ માટે ઈન્ડિયામાં વસવાનો નિર્ણય કરી નાખ્યો.

પ્રણવે એના નિર્ણયની જાણ નયનાને કરી અને નયનાના કુટુંબ પર જાણે વીજળી પડી! નયનાએ પ્રણવ પાસે દરખાસ્ત મૂકી : 'આપણે દર મહિને પૂરતી રકમ મમ્મીને મોકલીશું. એ સારી નર્સ રાખીને પપ્પાને સાચવશે.' પ્રણવની આંખ સામે એના બચપણની તસવીર તરવરવા માંડી. એ વખતે એ આઠેક વર્ષનો હતો. શરીરે સાવ નબળો. હરહંમેશ શરદી-ખાંસીથી પીડાતો. વૈદો તો એમ કહેતા કે આ છોકરો દમથી પીડાય છે! રાતના ખૂબ ખાંસી આવે ત્યારે મા એને છાતીસરસો ચાંપી સુવાડતી અને પપ્પા પણ દવા આપતા - બામ ચોપડતા! આવું તો કેટલાંય વર્ષો સુધી ચાલ્યું હતું!

પ્રણવે નયનાને જવાબ આપ્યો, 'નયના, જ્યારે હું નાનપણમાં બીમાર હતો ત્યારે શું મારી માએ મને કોઈ આયાને સોંપી દીધો હતો?! અને જો સોંપ્યો હોત તો હું આજે છું એવો તંદુરસ્ત હોત ખરો? કેટકેટલા ડૉક્ટરો અને વૈદો પાસે મારા મા-બાપ મને ઊંચકીને લઈ જતા! કેટકેટલી માવજત પછી હું આજે જે સશક્ત છું એવો બની શક્યો! મારી અશક્તિના સમયે એમણે મને સાચવ્યો અને આજે એમની અશક્તિના સમયે હું શું વેગળો રહું?

નયનાના પિતા વ્યવહારકુશળ હતા. એમની દલીલ હતી, 'હવે તો ઈન્ડિયામાં પણ તમામ સગવડોવાળા વૃદ્ધાશ્રમો શરૂ થયા છે. તારા માતા-પિતાને ત્યાં મૂકી દઈએ... તો એમનું પણ સચવાય અને તારી કારકિર્દી પણ સચવાય.'

પ્રણવની આંખમાં આંસુ આવી ગયા. એણે કહ્યું, 'અંકલ, હું જન્મ્યો ત્યારથી જ કમજોર હતો. મારા કુટુંબમાં કેટલાક માનતા હતા કે હું લાંબું નહીં જીવું! એ વખતે મારા પિતાની આર્થિક સ્થિતિ પણ નબળી હતી. આ પરિસ્થિતિમાં મારાં મમ્મી-પપ્પાએ મને કોઈ અનાથાશ્રમમાં મૂકી દીધો હોત તો?'

પ્રણવને રોકવો હવે મુશ્કેલ હતો. એણે કહ્યું, 'અંકલ, તમે જાણતા નથી પણ હું અમદાવાદમાં ભણતો હતો ત્યારે મારા પિતાને એમની બેંકમાં પ્રમોશન મળ્યું હતું. પણ સાથે મારા પિતાને કચ્છના નાના ગામડાંમાં ટ્રાન્સફર થવાનો ઓર્ડર પણ મળ્યો હતો. મારા પિતાએ પ્રમોશન ન લીધું કારણકે કચ્છના નાના ગામમાં મારા માટે ભણવાની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હતી. મારું ભણતર ન બગડે એટલા માટે એમણે જીવનભર કારકૂની કરી! એમણે એમની કેરીયરનો વિચાર કર્યો હોત તો હું મારી કેરીયર બનાવી શક્યો હોત ખરો?'

પ્રણવે સાફ શબ્દોમાં કહી દીધું : મારે એક પુત્ર તરીકેની કારકિર્દી ઉજળી બનાવવાની છે. કારકિર્દી ફરજના ભોગે ન બનાવી શકાય. જો પુત્ર તરીકેની મારી ફરજ ચૂકીને મારે કારકિર્દી બનાવવાની હોય તો એવી કારકિર્દીની મારે મન કોઈ કિંમત નથી. આખરે ધન-સંપત્તિ - ડિગ્રી - જ્ઞાન - સફળતા બધું શાના માટે છે? માણસ સુખી થવા આ બધું મેળવે છે. પણ બીજાને સુખ ન આપી શકનારો પોતે ક્યારેય સુખી થઈ શકતો અને અને જે પોતાના મા-બાપને સુખ ન આપી શકે એ બીજાને શું સુખ આપી શકશે? અમેરિકાના વાતાવરણમાં તમને મારી વાત નહીં સમજાય! ભલે હું અમેરિકામાં રહેતો હોઉં, પણ મેં મારી ભારતીયતા ગુમાવી નથી.' અને આખરે... નયના અને એના માતા-પિતાને નિરાશ કરીને પ્રણવ ઈન્ડિયા આવી પહોંચ્યો.

એક વર્ષ પછી એક વહેલી સવારે અમેરિકાથી નયનાનો ફોન આવ્યો. એના અવાજમાં નરી ભીનાશ હતી. એણે કહ્યું : 'પ્રણવ... તને ભૂલવો મારા માટે શક્ય નથી. જેમ જેમ તને ભૂલવા પ્રયત્ન કરું છું એમ તું મને વધું યાદ આવે છે.... હું તો તારી જ અમાનત છું. તું અમેરિકા આવીશ? ક્યારે આવીશ?'

પ્રણવના જવાબમાં ભારોભાર દુઃખ હતું. એણે કહ્યું, 'નયના, મારા જીવનમાં ન બનવાનું બની ગયું છે. મારા બીમાર પિતાને મારા ભરોસે છોડીને મારી માતા ઈશ્વરના ઘેર પહોંચી ગઈ છે. એને હજુ મહિનો પણ વીત્યો નથી. તું જ કહે, હવે ઈન્ડિયા શી રીતે છોડી શકું? શું મારા પિતાને દગો આપી દઉં?'

બરાબર બે મહિના પછી... પ્રણવના જીવનમાં સૌથી મોટું આશ્ચર્ય ત્યારે સર્જાયું જ્યારે એક દિવસે નયના કાયમને માટે અમેરિકા છોડીને પ્રણવના ઘેર પહોંચી ગઈ એની અર્ધાંગિની બનવા!



બે વર્ષ પછી પણ... પ્રણવ આજે નયનાને વારંવાર કહેતો હોય છે : 'નયના, આખરે તું જ જીતી ગઈ!' અને નયના મર્માળા સ્મિત સાથે કહેતી હોય છે : 'પ્રણવ, આપણે પણ હવે મા-બાપ બનવાનાં છીએ ને? અને આપણને પણ મળશે તારા જેવો લાગણીસભર પ્રણવ.....જુનિયર!' આખરે વૃદ્ધાવસ્થા જ યૌવનનું અનિવાર્ય ભવિષ્ય છે.... તારું અને મારું સંતાન આપણાં ભવિષ્યને ઉજાળશે. આવી આશા રાખવાનો તને હરહંમેશનો હક્ક છે... એટલા માટે કે તેં હંમેશાં માન્યું છે : ''પહેલું વદન માતા-પિતાને!''

***સાભાર : "સુવિચાર"***

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| | |  |  |  |
| (૧) | ઉમેદવારનું નામ : | **પલક** | **હીરલ** | **સ્મિતા** |
| (૨) | પિતાશ્રીનું નામ : | નિખિલ | જગતપુરી | કિરણભાઈ |
| (૩) | માતાશ્રીનું નામ : | સુષ્માબેન | | |
| (૪) | અટક : | કુસુમનગર | ગોસ્વામી | પારેખ |
| (૫) | જ્ઞાતિ : | જૈન | હિંદુ | જૈન |
| (૬) | સંપ્રદાય : | શ્વેતાંબર - મૂર્તિપૂજક | | શ્વેતાંબર |
| (૭) | મૂળ વતન : | નાગપુર | | અંજાર |
| (૮) | જન્મ તારીખ : | ૩૦-૪-૧૯૮૮ | ૧૬-૧૧-૧૯૮૪ | ૨૭-૦૯-૮૫ |
| (૯) | ઉંમર વર્ષ : | ૨૪ | ૨૮ | ૨૭ |
| (૧૦) | ઊંચાઈ : | ૫'૫" | ૫'૪" | ૫'૩" |
| (૧૧) | વજન : | ૫૭ કિ.ગ્રા. | ૪૪ કિ.ગ્રા. | |
| (૧૨) | દેખાવ : | ફેર | | ફેર |
| (૧૩) | અભ્યાસ : | M.B.B.S. | Dip. in Accounts | Dip. in Architect |
| (૧૪) | નોકરી ધંધો (પોતાનો) : | — | બ્યુટી પાર્લર | ઈન્ટિરીયર ડિઝાઈનર |
| (૧૫) | ઉમેદવારની વાર્ષિક આવક : | — | | — |
| (૧૬) | નોકરી ધંધો (પિતાજીનો) : | ઓટો ડિલર | આર.ટી.ઓ. ઓફિસમાં નોકરી | સ્વતંત્ર વ્યવસાય |
| (૧૭) | સરનામું : | ૨૦૧, સુમતિનાથ એપાર્ટ., ફાર્મ લેન્ડ, રામદાસ પેઠ નાગપુર-૪૪૦ ૦૧૦. | ૧૨/બી, શારદા ફ્લેટ, ભુદરપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫. | ૧૦૦૩, નવપદ એપાર્ટમેન્ટ, સિટીલાઈટ રોડ, સુરત-૭. |
| (૧૮) | ફોન નંબર : | ૦૭૧૨-૨૭૪૬૩૨૮ | ૬૬૦૫૪૭૫૩ | ૯૮૨૫૧ ૩૫૭૩૭ |
| (૧૯) | મોબાઈલ નંબર : | | ૯૭૨૩૨ ૨૩૧૬૭ | ૩૮૨૫૧ ૩૫૭૩૬ |
| (૨૦) | ભાઈ – બહેન : | ૦ – ૧ | ૨ – ૦ | ૧ – ૦ |
| (૨૧) | કુંડળીમાં માનો છો? : | — | — | — |


# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| |  |  |  |
| (૧) ઉમેદવારનું નામ : | **પ્રણવ** | **કુણાલ** | **નિમેષ** |
| (૨) પિતાશ્રીનું નામ : | કાંતિલાલભાઈ | જયંતિલાલ | અમૃતલાલ |
| (3) માતાશ્રીનું નામ : | જ્યોતિબેન | નયનાબેન | નિશાબેન |
| (૪) અટક : | શાહ (સાવલા) | સાવલા | ગાલા |
| (૫) જ્ઞાતિ : | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) સંપ્રદાય : | | | |
| (૭) મૂળ વતન : | હાલાપર | બેરાજા | ગોધરા |
| (૮) જન્મ તારીખ : | ૨૨-૦૪-૧૯૮૬ | ૨૩-૧૦-૧૯૮૬ | ૨૩-૦૫-૧૯૮૬ |
| (૯) ઉંમર વર્ષ : | ૨૬ | ૨૬ | ૨૬ |
| (૧૦) ઊંચાઈ : | ૬'૧" | ૫'૮" | ૬'૦" |
| (૧૧) વજન : | ૮૦ કિ.ગ્રા. | — | |
| (૧૨) દેખાવ : | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| (૧૩) અભ્યાસ : | M.B.A. | M.Com. | MBA |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) : | કન્સ્ટ્રક્શન કંપનીમાં | ફેમિલી બિઝનેસ | ફેમિલી બિઝનેસ |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક : | — | | — |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) : | ડોક્ટર (પોતાનું ક્લિનિક) | સાડી + કાપડના વેપારી | ફેમિલી બિઝનેસ |
| (૧૭) સરનામું : | જ્યોતિ છાયા,<br>૩૩૮/૧, વિકાસ ચોક,<br>સાઉથ શિવાજી નગર,<br>સાંગલી-૪૧૬ ૪૧૬. | ૫૫, નવી પેઠ,<br>સોલાપુર. | ૧૬, મનીષ એપાર્ટમેન્ટ,<br>જગડુશા નગર,<br>ઘાટકોપર (વેસ્ટ),<br>મુંબઈ. |
| (૧૮) ફોન નંબર : | ૦૨૩૩-૨૩૨૪૯૪૪ | ૦૨૧૭-૨૭૩૧૬૪૧ | ૦૨૨-૨૫૧૪૮૪૯૬ |
| (૧૯) મોબાઈલ નંબર : | ૯૮૯૯૯ ૯૮૮૪૬ | ૯૪૨૦૫ ૪૫૮૩૩ | ૯૨૨૩૩ ૭૭૧૯૪ |
| (૨૦) ભાઈ - બહેન : | ૧ – ૦ | ૦ – ૧ | ૦ – ૧ |
| (૨૧) કુંડળીમાં માનો છો? : | — | — | — |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| |  |  |  |  |
| (૧) | **પ્રતિભા** | **કિંજલ** | **શિવાની** | **જલ્પા** |
| (૨) | પ્રકાશચંદ્ર | સુમનભાઈ | સુનિલભાઈ | સુનિલભાઈ |
| (૩) | પ્રભાબેન | જીનમતી | દર્શનાબેન | દર્શનાબેન |
| (૪) | સુરાણા | શાહ | શાહ | શાહ |
| (૫) | જૈન | જૈન | જૈન | જૈન |
| (૬) | | શ્વેતાંબર મૂર્તિપૂજક | વીસા પોરવાડ | વીસા પોરવાડ |
| (૭) | ભીલવાડા (રાજસ્થાન) | પામોલ (વિજાપુર) | | |
| (૮) | ૦૫-૦૯-૧૯૮૩ | ૦૫-૦૩-૧૯૮૧ | ૨૩-૦૧-૧૯૭૭ | ૨૦-૦૪-૧૯૭૯ |
| (૯) | ૨૯ | ૩૧ | ૩૫ | ૩૩ |
| (૧૦) | ૫'૪" | ૫'૫" | ૫'૦" | ૫'૦" |
| (૧૧) | – | ૫૫ કિ.ગ્રા. | ૫૫ કિ.ગ્રા. | ૬૦ કિ.ગ્રા. |
| (૧૨) | ફેર | મધ્યમ | સાધારણ | સાધારણ |
| (૧૩) | M.B.B.S. | B.Com. | M.Com. | B.Com. |
| (૧૪) | ગવર્નમેન્ટ હોસ્પિટલમાં | નોકરી | | |
| (૧૫) | | | | |
| (૧૬) | બેંકમાં મેનેજર | દુકાન | અમદાવાદ મ્યુનિ. ટેક્ષ વિભાગ | અમદાવાદ મ્યુનિ. ટેક્ષ વિભાગ |
| (૧૭) | સંપૂર્ણાનંદ કોલોની,<br>શિરોહી<br>રાજસ્થાન-૩૦૭ ૦૦૧. | ૭૭૮, જનતાનગર,<br>ચાંદખેડા,<br>અમદાવાદ. | ૨, રાજચંદ્ર ફ્લેટ,<br>જૈન મર્ચન્ટ સોસાયટી,<br>પાલડી,<br>અમદાવાદ-૩૮૦ ૦૦૭. | ૨, રાજચંદ્ર ફ્લેટ,<br>જૈન મર્ચન્ટ સોસાયટી,<br>પાલડી,<br>અમદાવાદ-૩૮૦ ૦૦૭. |
| (૧૮) | ૦૨૯૭૨-૨૨૦૪૭૩ | | ૨૬૬૩ ૪૩૪૧ | ૨૬૬૩ ૪૩૪૧ |
| (૧૯) | | ૯૧૧૩૭ ૨૦૦૫૧ | | ૯૮૨૫૩ ૫૭૯૪૫ |
| (૨૦) | ૧ – ૦ | ૧ – ૧ | ૦ – ૧ | ૦ – ૧ |
| (૨૧) | | હા | — | — |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | |  |  |
|---|---|---|---|
| (૧) | ઉમેદવારનું નામ : | **ભાવિન** | **અમિત** |
| (૨) | પિતાશ્રીનું નામ : | ગિરીશભાઈ | ધીરજલાલભાઈ |
| (૩) | માતાશ્રીનું નામ : | પુષ્પાબેન | રુક્ષ્મણીબેન |
| (૪) | અટક : | ગંગર | મારુ |
| (૫) | જ્ઞાતિ : | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) | સંપ્રદાય : | – | દેરાવાસી |
| (૭) | મૂળ વતન : | મેરાઉ | ડોણ (માંડવી, કચ્છ) |
| (૮) | જન્મ તારીખ : | ૨૬-૧૧-૧૯૮૪ | ૦૫-૧૨-૧૯૮૪ |
| (૯) | ઉંમર વર્ષ : | ૨૮ | ૨૭ |
| (૧૦) | ઊંચાઈ : | ૫'૮" | ૫'૭" |
| (૧૧) | વજન : | ૬૦ કિ.ગ્રા. | ૭૨ કિ.ગ્રા. |
| (૧૨) | દેખાવ : | ફેર | ઘઉંવર્ણ |
| (૧૩) | અભ્યાસ : | M.Tech. | B.Com., C.A. |
| (૧૪) | નોકરી ધંધો (પોતાનો) : | રોયલ બેંક ઑફ સ્કોટલેન્ડ | સર્વિસ |
| (૧૫) | ઉમેદવારની વાર્ષિક આવક : | | |
| (૧૬) | નોકરી ધંધો (પિતાજીનો) : | | સર્વિસ |
| (૧૭) | સરનામું : | એ-૯૦૩, એન્જેલિકા, ૨૧, રીજન્સી એસ્ટેટ, કલ્યાણશીલ રોડ, ડોંબીવલી (ઈસ્ટ). | એ-૩, દીપભૂમિ રેસીડેન્સી, પાર્ટ-૨, નિગમ નગરની બાજુમાં, જનતા નગર, ચાંદખેડા, અમદાવાદ. |
| (૧૮) | ફોન નંબર : | | ૨૩૨૯૨૧૩૩ |
| (૧૯) | મોબાઈલ નંબર : | ૯૮૧૯૫ ૫૦૦૬૧ | ૯૯૨૫૧ ૧૮૯૫૫ |
| (૨૦) | ભાઈ – બહેન : | ૧ – ૦ | ૦ – ૩ (બે બહેનો પરિણીત) |
| (૨૧) | કુંડળીમાં માનો છો? : | | હા. (હળવો મંગળ - શનિ) |

## પરમના કૃપારસને મેળવવા પાત્રતા વિકસાવીએ

આપણે પરમને પ્રાર્થના કરીએ અને તે પ્રાર્થના ઓછી ફળે તો, આપણે પરમની શક્તિમાં શંકા કરવાને બદલે, આપણી પાત્રતા તરફ નજર કરીએ તો તરત જ મર્મ પકડાશે કે પાત્રતા પ્રમાણે જ ફળ પામીશું. પાત્રતાનો વિકાસ થશે કે તરત જ ફળનું પ્રમાણ વધવા લાગશે.


ગંગાનો અફાટ જળરાશિ અગાધ અને અપાર છે. તે તમને ભીંજવવા અને તૃપ્ત કરવા, તમારા પાત્રને છલકાવવા તત્પર છે. પણ તે તમારા પાત્રમાં સમાય તેટલું જ આપી શકે, તેથી વધારે નહીં.

જેટલું જળ જોઈએ તેટલું પાત્ર લઈ જવું પડે.

પાત્ર જેટલું હોય તેટલું જળ મળે.

પરમાત્માની કૃપાનું પણ આવું જ છે. પરમાત્માની શક્તિનું અવતરણ પણ એવું જ છે. આપણી પાત્રતા પ્રમાણે લાભ કરે. આપણે તો આપણા પાત્રને સતત વિકસાવતા રહેવાનું છે.

ગુણસમૃદ્ધિ દ્વારા આપણી પાત્રતા વિકસાવીએ અને પરમના કૃપા-રસથી આપણા જીવનના પાત્રને છલોછલ છલકાવીએ. પરમનું તો આપણને આમંત્રણ છે – પરમ અને પાત્રતાનો મેળ થશે તો પાત્ર ભરપૂર ભરાઈ જશે. ■




### પુત્ર જન્મ

- તા. ૨૬-૩-૨૦૧૨
  **'આરવ' મનીષ ચંદ્રકાંત લખમશી શાહ (મુંદ્રા - અમદાવાદ)**
  માતુશ્રી : **સોહિણી**
  *અભિનંદન!*

### સગપણ

- તા. ૨૧-૬-૨૦૧૨
  **તેજસ નયનભાઈ આર. શાહ (ભુજ - બેંગ્લોર)**
  **કિન્નરી પરેશકુમાર મગનલાલ સંઘવી (મુંદ્રા - અમદાવાદ)**
  *અભિનંદન!*
- તા. ૨૪-૬-૨૦૧૨
  **ગૌરવ હસમુખભાઈ ઉગરચંદ ગઢેચા (ફતેહગઢ - અમદાવાદ)**
  **નિધિ જીગીશકુમાર નગીનદાસ દોશી (વઢવાણ - અમદાવાદ)**
  *અભિનંદન!*

### અવસાન નોંધ

- **સૂરજલાલ મોતીલાલ મહેતા** (ઉં.વ.-૭૯) **(માંડવી - અમદાવાદ)**
  શુક્રવાર, તા. ૮-૬-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયાં છે.
  સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.

## અભિનંદન



### હેતાંશ મનીષભાઈ ગોસર

અમદાવાદ - ગુલમહોર ગ્રીન્સ ક્લબમાં તાજેતરમાં આયોજિત એક ગોલ્ફ રમત હરીફાઈની ૧૨ વર્ષથી નીચેની શ્રેણીમાં ચિ. હેતાંશે હિસ્સો લઈને સુવર્ણ ચંદ્રક હાંસલ કરતાં અભિનંદનને પાત્ર બન્યા છે.

આ રીતે હેતાંશે પોતાનામાં રહેલી એક આગવી પ્રતિભા અને રમત ક્ષેત્રના ઉચ્ચ કૌશલ્યની ઝાંખી કરાવીને ગૌરવપ્રદ સ્થાન મેળવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે ગોલ્ફ જેવી કઠિન અને પ્રતિભાશાળી રમતના ક્ષેત્રે ઝંપલાવીને આગળ વધવાની ધગશવાળાં બાળકોની સંખ્યા ખૂબ જ અલ્પ હોય છે. આ ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે તેમનાં માતુશ્રી અને પિતાશ્રી પણ અભિનંદનનાં અધિકારી બને છે.

યોગાનુયોગ સમાજની સુવર્ણ જયંતી વર્ષમાં હેતાંશે સુવર્ણ ચંદ્રક મેળવવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પોતાના કલા-કસબનું હજુ શ્રેષ્ઠત્તમ પ્રદર્શન કરીને વધારે પ્રગતિના શિખરે પહોંચે તેવી શુભેચ્છા!

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી મણિલાલભાઈ ગોસરના, ચિ. હેતાંશ પૌત્ર છે.

---

## રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨ની સામાન્ય સભા માટે

## સમાજના સભ્યોને ખાસ વિનંતી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સામાન્ય સભા રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળશે. (જેની વિગત અગાઉના અંકમાં અપાયેલ છે.) તે સભામાં જે સભ્યશ્રીઓએ હાજર રહીને **જમવાનું હોય** તેમણે પોતાના નામ, જમવાની વ્યવસ્થા કરવામાં અનુકૂળતા રહે તે માટે ભવનના કાર્યાલયમાં તા. ૨૦-૭-૨૦૧૨ સુધીમાં નોંધાવવા ખાસ વિનંતી છે.

***– માનદ્ મંત્રી***

*દેવું, અગ્નિ અને શત્રુ, શેષ રહી જાય જો, જાગશે એ ફરી, માટે એનો શેષ ન રાખવો.*

## સાભાર સ્વીકાર

### ખુશી ભેટ

★ શ્રી મનીષ ચંદ્રકાંત લખમશી શાહને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે રૂા. ૧૫૧/- સમાજને ભેટ મળેલ છે.

★ શ્રીમતી પલ્લવીબેન ડુંગરશી રાંભિયા (સમાગોગા)ની પુત્રી કોમલને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે રૂા. ૨૫૧/- સમાજને ભેટ મળેલ છે.

★ શ્રી બિમલેશ નથુભાઈ શાહ (ભુજ) અમદાવાદ તરફથી તેમના પુત્ર ચિ. કુંજન ધોરણ-૧૨ (કોમર્સ)માં ઉત્તીર્ણ થયાની ખુશીમાં સમાજને રૂા. ૧૦૦૧/- ભેટ આપેલ છે.

### વૈયાવૃત્ત્ય વિભાગ

★ રૂા. ૨૧,૦૦૦/- શ્રી સેવંતીભાઈ રવજીભાઈ વોરા પરિવાર - અમદાવાદ

★ રૂા. ૨૫૦૧/- માનવંતીબેન ખેતશી ગાંધી - મુંદ્રા

### શ્રી જલારામ અન્નક્ષેત્ર

★ રૂા. ૨,૫૦૧/- શ્રી ભુવન હર્ષદ ખેતશી ગાંધી - બેંગ્લોર

★ રૂા. ૧૫,૦૦૦/- શ્રી દેવેન મેઘજી કચરા છેડા (લાયજા - અમદાવાદ)

★ રૂા. ૨૦,૦૦૦/- માતુશ્રી સાકરબહેન કચરાભાઈ છેડા (લાયજા - અમદાવાદ)

★ રૂા. ૧૫,૦૦૦/- શ્રી ચેતન મેઘજી કચરા છેડા (લાયજા - અમદાવાદ)

*સમાજ ઉપરોક્ત ભેટો / દાનોનો સાભાર સ્વીકાર કરે છે અને તેઓશ્રીને અભિનંદન પાઠવે છે.*

## જોઈએ છે....

'મંગલ મંદિર'ના તંત્રી વિભાગ માટે આવેલ ટપાલમાંથી યોગ્ય લેખો પસંદ કરવા અને પસંદ કરેલ લેખો / પત્રોને નિયમિતપણે દરરોજ પ્રૂફ રીડિંગના કામ સાથે એડિટ કરી પ્રસારણાર્થે તૈયાર કરવા યોગ્ય વ્યક્તિ.

*વિગતવાર અરજી નીચેના સરનામે કરી શકાશે.*

**'મંગલ મંદિર' તંત્રી વિભાગ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૯૪૬૯
મોબાઈલ : ૯૪૨૮૦ ૪૦૨૬૧, ૯૯૨૪૩ ૪૨૬૨૮

## "કચ્છ શક્તિ" - મુંબઈ દ્વારા નારીરત્ન એવૉર્ડ - ૨૦૧૨

### શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહને એનાયત



વિશ્વ ગુજરાતી સમાજ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમજ એક્ષસેલર્સ ફાઉન્ડેશન જેવી અનેક સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સક્રિય રહીને પોતાની કારકિર્દી ઝળહળતી રાખનાર અને કચ્છની વિશેષ પ્રતિભા શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહને 'કચ્છ શક્તિ' - મુંબઈની સંસ્થા દ્વારા ત્યાં તા. ૨૧-૬-૨૦૧૨, અષાઢી બીજના દિવસે આયોજિત થયેલા એક કાર્યક્રમમાં નારીરત્ન ઍવોર્ડ-૨૦૧૨ એનાયત કરવામાં આવેલ છે.

શ્રીમતી ફાલ્ગુની શાહ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક સક્રિય કાર્યકર્તા ઉપરાંત અમદાવાદ દૂરદર્શન કેન્દ્ર પર વર્ષ ૧૯૮૮થી ન્યુઝ રીડર તરીકે કાર્યરત છે. આ કારણે લીમ્કા બુક ઑફ રેકોર્ડઝની વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૨ની આવૃત્તિઓમાં સ્થાન પામનાર તેઓશ્રી પ્રથમ કચ્છી મહિલા છે.

તેમણે ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, નાયબ વડાપ્રધાન, રાજ્યના મુખ્યમંત્રીની હાજરીવાળા જાહેર કાર્યક્રમોનું સફળતાપૂર્વક સંચાલન કરેલું છે. ઉપરાંત લોકનૃત્ય અને લોકગીતની કોરિયોગ્રાફી કરીને દેશ-વિદેશોમાં તેમની રજૂઆત છેલ્લાં ૧૫ વર્ષોથી કરે છે. આ કારણે પણ અનેક સન્માનપત્રો તેમજ ઍવોર્ડ મેળવેલા છે. તે ઉપરાંત ગુજરાત લોકકલા ફાઉન્ડેશન તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી કચ્છી વિશિષ્ટ વ્યક્તિ તરીકેના પ્રતિષ્ઠિત ઍવોર્ડ પ્રાપ્ત કર્યા છે.

અભિનંદન! ■

*યુવાનો પાસે પાંખો હોય છે,*
*વડીલો પાસે આંખો છે,*
*સમાજની પ્રગતિ માટે બંને જરૂરી છે.*

*સત્કર્મ વડે જ સદ્‌ગતિ પમાય.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ચૂંટણી પંચ

તા. ૨૭-૬-૨૦૧૨ના રોજ સાંજના ૫.૧૫ વાગે ચૂંટણી પંચની બેઠક મળેલ હતી. વર્ષ ૨૦૧૨-૧૩ માટે આવેલ ઉમેદવારી પત્રકની ફાઈનલ વિગત નીચે મુજબ રહેવા પામેલ છે.

### ટ્રસ્ટ મંડળ

**દાતા ટ્રસ્ટીઓ (જગ્યા : ૩)**

૧. ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
૨. શ્રી મણિલાલ કુંવરજી ગોસર
૩. શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા

**માનદ્ ગ્રુપ (જગ્યા : ૨)**

૧. શ્રી કલ્યાણજી રવજી રાંભિયા
૨. શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
૩. શ્રી પીયૂષ રવિલાલ પારેખ
૪. શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા

**સ્વજન ગ્રુપ (જગ્યા : ૧)**

૧. શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)

### કારોબારી સમિતિ

**કારોબારી સભ્યો (જગ્યા : ૬)**

૧. શ્રી અનિલ રામજી હરિયા
૨. શ્રી ભોગીલાલ પ્રેમચંદ કોરડિયા (શાહ)
૩. શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ
૪. શ્રી દિનેશભાઈ રતિલાલ મહેતા
૫. શ્રી ગિરીશભાઈ દામજી પોલડિયા
૬. શ્રી કમલેશ શામજીભાઈ લોડાયા
૭. શ્રી કેતન ઈન્દ્રજિત શાહ
૮. શ્રી લહેરચંદ પુનશી મૈશેરી
૯. શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી
૧૦. શ્રી નીતિનભાઈ ધનજી ગાલા
૧૧. શ્રી પીયૂષ હીરજી સાવલા
૧૨. શ્રી રાજેશ ખીમચંદ ધરમશી
૧૩. શ્રી રજનીકાંત ધરમશી પારેખ
૧૪. શ્રી સંદીપ અશોકકુમાર મહેતા
૧૫. શ્રીમતી શીલ્પિબેન પ્રકાશ શાહ
૧૬. શ્રીમતી સુલુ જલદીપ શાહ

---

**નોંધ :**

*ઉપરોક્ત વિગતના હિસાબે*

૧. માનદ્ ગ્રુપ (જગ્યા : ૨) સામે ૪ સભ્યોએ પોતાની ઉમેદવારી નોંધાવેલ હોતા એ ગ્રુપની ચુંટણી જાહેર કરવામાં આવે છે.
૨. કારોબારી સભ્ય તરીકે ૬ જગ્યાની સામે ૧૬ સભ્યોએ પોતાની ઉમેદવારી નોંધાવેલ હોતા કારોબારી સમિતિની ચુંટણી જાહેર કરવામાં આવે છે.

સહી/-
**શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી**
સભ્ય - ચૂંટણી પંચ

સહી/-
**શ્રી આણંદજી વેલજી વીરા (શાહ)**
સભ્ય - ચૂંટણી પંચ

*એક નાનકડા ફૂલનું સર્જન કરવું એ ઘણા લાંબા સમયનો પરિશ્રમ છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી વર્ષનો ચતુર્થ મુખ્ય કાર્યક્રમ

## કચ્છી નાટક

## "જીન્દગી જલસો ભને વઈ"

અગાઉ જાહેર થયેલ કાર્યક્રમ મુજબ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ચતુર્થ મુખ્ય કાર્યક્રમ રાજકોટની 'જાથા' સંસ્થાનો "ચમત્કારોથી ચેતો" યોજવામાં આવેલ હતો. પરંતુ રાજકોટની 'જાથા' સંસ્થાની મુલાકાત બાદ આ કાર્યક્રમમાં કંઈ અનેરું ન લાગવાથી એ કાર્યક્રમ કેન્સલ કરવામાં આવેલ છે અને તેના સ્થાને કચ્છ યુવક સંઘ - મુંબઈ નિર્મિત, શ્રી વસંત મારૂ - શ્રી વિજય ગાલા દિગ્દર્શિત તથા ડૉ. વિશન નાગડા દ્વારા રૂપાંતરીત કરવામાં આવેલ તદ્દન નવીન સામાજિક કચ્છી નાટક **"જીન્દગી જલસો ભને વઈ"** નક્કી કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ, રવિવાર તા. ૨૨-૭-૨૦૧૨ના રાત્રે ૯.૦૦થી ૧૨.૦૦ દરમ્યાન ટાગોર હોલ મધ્યે યોજવામાં આવનાર છે.

આ કાર્યક્રમના પાસનું વિતરણ વિના મૂલ્યે કરવામાં આવનાર છે.

જેઓ ઉપરોક્ત "કચ્છી નાટક" જોવા ઈચ્છતા હોય તેઓએ પોતાના પાસ તા. ૯-૭-૨૦૧૨ને સોમવારથી સવારના ૧૦.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધીના સમયગાળામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.

પ્રથમ ચાર હરોળને બાદ કરતાં વહેલા તે પહેલાના ધોરણે બેસવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

પાસનું વિતરણ પણ વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## યોગ્ય કાર્યકરની જરૂરિયાત છે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું કાર્યક્ષેત્ર ઉત્તરોત્તર વધતું રહે છે. તેની પ્રવૃત્તિઓ પણ વધતી રહે છે. આ બધા જ કાર્યોની યોગ્ય નોંધ, તે કાર્યનું ફૉલો-અપ અને તે કાર્યો સફળતાપૂર્વક પાર પાડવા તેની યોગ્ય કાર્યવાહીની જવાબદારી લઈ શકે તેવા સેવાભાવી કાર્યકરોની ખાસ જરૂરિયાત રહે છે. યોગ્ય લખાણ કરવાની ક્ષમતા ધરાવતા હોય તથા યોગ્ય રેકોર્ડ રાખી શકવાની કોઠાસૂઝ હોય તેવા સેવાભાવી કાર્યકરોને પોતાની સેવા ઑફર કરવા સમાજ અપીલ કરે છે. દરરોજ કદાચ ૨ થી ૪ કલાકની કાર્યવાહીથી ચાલી શકશે.

સમાજની સેવાકીય ભાવના ધરાવતી યોગ્ય વ્યક્તિ નીચેના સરનામે ફોનથી અથવા રૂબરૂમાં સંપર્ક સાધી શકે છે. ૫૦ વર્ષથી નીચેની વયની વ્યક્તિની પસંદગી અગ્રતાક્રમે કરવામાં આવશે. ૫૦ વર્ષથી વધુ વયની વ્યક્તિની સેવા પણ ઈચ્છનીય રહેશે.

**શ્રી પ્રતાપ નારાણજી દંડ**
માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૯૪૬૯
મોબાઈલ : ૯૪૨૬૭ ૨૫૬૧૯

*સત્કાર્ય જરૂર કરો, યશની અપેક્ષા ન રાખો.*

# સમાજના સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન

## તૃતીય મુખ્ય કાર્યક્રમ : "કચ્છી ડાયરા"ની રંગભરી રજૂઆત

## વસતિ પત્રક - ૨૦૧૨નું હર્ષોલ્લાસ સાથે વિમોચન

## અષાઢી બીજ - કચ્છી નવા વર્ષની ભાવભેર ઉજવણી

અષાઢી બીજ એટલે કચ્છી નૂતન વર્ષ. કચ્છના ભાતીગળ લોકજીવનનો ધબકાર એટલે કચ્છની પ્રજાની ખાસિયતો, તેની વિશિષ્ટતાઓ, કચ્છની આગવી રંગીન કલા-સંસ્કૃતિ એટલે અષાઢી બીજ.

ગુરુવાર, તા. ૨૧-૬-૨૦૧૨, કચ્છી પ્રજા માટે આનંદનો દિવસ. કચ્છીયતને ઉજાગર કરવાનો દિવસ હતો!

પ્રબળ પુરુષાર્થ જેનાં પાયામાં રહેલો છે એ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તા. ૧૪-૪-૨૦૧૨થી શરૂ કરીને તા. ૧૩-૪-૨૦૧૩ સુધીનું આખું વર્ષ સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. ઉજવણીનો ઉદ્દેશ માત્ર મેળાની ભીડ નહીં પરંતુ સમાજના પરિવારજનમાં મેળાપ વિસ્તૃત કરે, એકબીજાની નજદીક આવે અને સમાજની ઉન્નતિ કરે.

*'ચાલ પરિવારજન લઈને આજ આનંદ અવસરની વેળામાં,*
*જ્યાં દિલદાર, દિલદારને મળે તેવા ઉત્સવમાં....!'*

આપણી આ સંસ્થાએ પ્રવૃત્તિમય, પ્રગતિમય રહીને જ્યારે સુવર્ણ જયંતી વર્ષના સોપાન પર કદમ માંડ્યું છે ત્યારે દરેક કાર્યક્રમ પણ જરા હટકે હોવા જોઈએ....

***ત્રિવેણી સંગમ સમા એક સાથે ત્રણ પ્રસંગોનો કાર્યક્રમ....***

કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજની પરસ્પર વધાઈ, 'કચ્છી ડાયરો' અને વસતિ પત્રક - ૨૦૧૨નું વિમોચન.

અષાઢી બીજના દિવસે ટાઉનહોલ ખાતે મહોત્સવનો આ તૃતીય મુખ્ય કાર્યક્રમ હતો.

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ અષાઢી બીજના દિવસને અનુલક્ષીને ઉપસ્થિત સર્વે મહાનુભાવો અને પરિવારજનોને આવકાર આપીને તેમનું સ્વાગત કર્યું હતું.

સમાજના નવા વસતિ પત્રકના સૌજન્યદાતાશ્રી નવનીત પબ્લિકેશન્સ (ઇન્ડિયા) લિ.ના પરિવારજનો પૈકી શ્રીમતી મધુરીબેન ગાલા, શ્રીમતી વિમળાબેન ગાલા, શ્રીમતી સંગીતાબેન ગાલા અને શ્રીમતી કવિતાબેન ગાલાએ વિધિસર રીતે વસતિ પત્રકની વિમોચન વિધિ કરી હતી. ઉપસ્થિત સૌ પરિવારજનોએ તાળીઓના ગડગડાટથી નવા વસતિ પત્રકની પ્રસિધ્ધિને આવકાર આપ્યો હતો. સમાજના હોદ્દેદારો ઉપરાંત પૂર્વ જજ શ્રી કાંતિલાલભાઈ પૂજ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી કૈલાસદાનભાઈ ગઢવી વગેરે મહાનુભાવોએ પણ વસતિ પત્રકની વિમોચન વિધિમાં સ્ટેજ પર સહયોગ આપ્યો હતો. તે સાથે પૂર્વ ધારાસભ્ય શ્રી છબીલદાસ પટેલ, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી, શ્રી સંજયભાઈ ઠક્કરની હાજરી ખાસ ધ્યાન આકર્ષક હતી.

વિમોચન વિધિ અગાઉ શ્રી રજનીકાંત ધરમશી પારેખે વસતિ પત્રકની કામગીરી બાબતે વિગતવાર માહિતી રજૂ કરી હતી. આ પ્રસંગે વસતિ પત્રક સમિતિના કન્વીનરપદની કામગીરી સંભાળનાર સદ્‌ગત શ્રી સૂરજલાલભાઈ મહેતાને ખાસ યાદ કરીને તે કાર્યમાં સાથ-સહકાર આપનાર સૌજન્ય દાતાશ્રી, જાહેરાત આપનાર અને અન્ય સૌનો ખાસ આભાર માન્યો હતો.

ત્યારબાદ કચ્છી ડાયરાનું સંચાલન શ્રી ગુલાબ દેઢિયાએ કર્યું હતું. કાર્યક્રમનો આરંભ શ્રી ગણેશજીની સ્તુતિ અને શ્રી સરસ્વતી દેવીની ઉપાસનાથી કરવામાં આવેલ. કચ્છના જાણીતા અને વિશિષ્ટ કલાકાર શ્રી લાલ રાંભિયા અને તેમના સાથીદારોએ લોકકલા અને કચ્છની સંસ્કૃતિની ઝાંખી કરાવતા ડાયરાની જમાવટવાળી રજૂઆત કરી હતી.

કાર્યક્રમની સમાપ્તિ અગાઉ 'લક્કી ડ્રો'નું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતાઓને સમાજના ઉપપ્રમુખ શ્રી કાંતિલાલભાઈ સાવલાના હસ્તે ઈનામ અપાયા હતા. જ્યારે આભારવિધિ માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે કરી હતી.

સભાગૃહમાં દરેકની એક જ ભાવના હતી કે....

***રણની રેતીમાં રમતા દરિયાના મોજે હિલોળા લેતા કચ્છમાં સદા***
***શાંતિ - સંપ - સમૃધ્ધિ જળવાઈ રહે.... કચ્છ નંદનવન બને....***
***કચ્છી ભાવર ને ભેનરૂં કે અષાઢી બીજ જી વધાઈ!!***

*સમર્પીને રીઝે એ સ્નેહ, લઈને રાચે એ સ્વાર્થ.*

## સમાજના કાર્યકરની સક્રિયતા

તા. ૧૦-૬-૨૦૧૨ના રોજ એક પ્રસંગે, એક કારોબારી સભ્ય મળી ગયા. તા. ૨૧-૬-૨૦૧૨ના રોજ યોજવામાં આવેલ ડાયરાના થોડા પાસનું વિતરણ કરી સહકાર આપવા વિનંતી કરવામાં આવી.

સભ્યશ્રી ડાયરાના કાર્યક્રમ અંગે અજાણ હતા. સમાજ તરફથી ડાયરાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે? ક્યારે રાખવામાં આવેલ છે? વગેરે વિગતો તેઓશ્રીએ પૂછતાછમાં આવરી લીધી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી મહોત્સવની વિગતો છેલ્લા કેટલાયે સમયથી મંગલ મંદિરમાં પ્રસારિત કરવામાં આવે છે. મિટિંગોમાં અવારનવાર તેની ચર્ચા કરવામાં આવે છે. તેમ છતાં આ સભ્યશ્રી સમાજના સુવર્ણ જયંતી મહોત્સવના તૃતીય મુખ્ય કાર્યક્રમ બાબતે બિલકુલ અજાણ હતા.

તેમને જણાવવામાં આવ્યું કે આ બધી વિગતો 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવેલ છે. આપશ્રીએ તે વાંચેલ નથી? પ્રત્યુત્તર હતો : 'હાલે મંગલ મંદિર વાંચવાનો સમય જ મળતો નથી.'

મૂળ વાત પર આવતા તેઓશ્રીને થોડા પાસ વિતરણ કરવા ફરી વિનંતી કરવામાં આવી. જવાબ હતો કે ગઈકાલે અમે મોટી સંખ્યામાં ભેગા થયેલ હતા. અગર આપશ્રીએ અગાઉથી જણાવેલ હોત તો હું સારી સંખ્યામાં પાસો ખપાવી શકત. પરંતુ હવે કામ મુશ્કેલ છે છતાં પ્રયત્ન કરીશ. (તેનો મતલબ એ થયો કે તેઓશ્રીના મતે અગાઉથી તેમનો સંપર્ક સમાજ દ્વારા સાધવામાં ન આવ્યો એ સમાજની ઉણપ ગણાય!)

આ વાત તા. ૧૦-૬-૨૦૧૨ના દિવસની છે.

ડાયરાનો કાર્યક્રમ તા. ૨૧-૬-૨૦૧૨ના દિવસે યોજવામાં આવેલ છે.

આ લખાણ તા. ૧૮-૬-૨૦૧૨ના દિવસે કરવામાં આવેલ છે.

કાર્યક્રમને માત્ર ૩ દિવસ બાકી રહેલ છે.

સભ્યશ્રીએ ત્યારબાદ આ અંગે કોઈ જ સંપર્ક સાધેલ નથી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો ટ્રસ્ટ મંડળ કે કારોબારી સમિતિમાં એટલા માટે આવે છે કે તેઓ એક સાથે મળીને સમાજની દરેક પ્રવૃત્તિમાં સહકાર આપી, સમાજને કાર્યાન્વિત બનાવતા રહેવામાં મદદરૂપ બની રહે.

જ્યારે ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટે ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના છ-છ સભ્યોની ચૂંટણી / વરણીના દિવસો નજદીક આવી રહેલ છે ત્યારે તે માટે એવા સભ્યોએ જ ઉમેદવારી કરવી જોઈએ કે જેઓ સમાજની પ્રગતિ માટે તન-મન-ધનથી સંપૂર્ણપણે સેવા કરી શકે. સમાજને પ્રવૃત્તિશીલ રાખવા પોતે પોતાનાથી બનતા પ્રામાણિક પ્રયાસો કરે. સમાજની ગતિવિધિથી માહિતગાર રહે અને સમાજ પરિવારજનોને તેનાથી સતત વાકેફ કરતા રહે. આ પ્રકારના કાર્યકરો થકી જ સમાજ ઉજ્જવળ બની શકશે.

## વસતિ પત્રક - ૨૦૧૨ વિતરણ

સમાજના દરેક નોંધાયેલા સભ્ય પરિવારોને જણાવવાનું કે વસતિ પત્રક - ૨૦૧૨નું વિતરણ પરિવારદીઠ ૧ ના ધોરણે તા. ૧૬-૭-૨૦૧૨થી સવારના ૧૦થી સાંજના ૬ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી કરવામાં આવશે.

સભ્યોને પોતાનું આઈ.ડી. પ્રુફ લાવવા વિનંતી. અન્ય પરિવાર માટે નકલ લઈ જનારને તે સંબંધી ઓથોરીટી લેટર લાવવું જરૂરી છે.

કોઈપણને ઉપરોક્ત વસતિ પત્રકની વધારાની નકલ જોઈતી હશે તો રૂા. ૧૦૦/-ના ચાર્જથી આપી શકાશે.

સહકાર બદલ આભાર.

*– વસતિપત્રક સમિતિ*

*ઘર કેવી રીતે બાંધવું તે આપણે જાણીએ છીએ પણ ઘરમાં સુખે કેવી રીતે રહેવું તે જાણતા નથી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## લાઈબ્રેરી

સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન ઘરે ઘરે પ્રતિનિધિને મોકલી લાઈબ્રેરીની બુક્સ લાવવા - લઈ જવાની વ્યવસ્થાની વિગતો લગભગ પૂર્ણ થઈ જવાની સ્થિતિએ પહોંચી શકેલ છે.

લાઈબ્રેરીમાંથી યોગ્ય બુક્સ ના હોય તેવી બુક્સ કાઢી નાખવામાં આવેલ છે અને નવી બુક્સ ખરીદવાની પ્રક્રિયા લગભગ પૂર્ણતાને આરે છે.

લાઈબ્રેરીની બુક્સનું વિભાગવાર લિસ્ટ તૈયાર થઈ રહેલ છે.

એ દરમ્યાન જે - જે સભ્યો લાઈબ્રેરીની બુક્સ વાંચવા તૈયારી દાખવે તેઓના નામ નોંધી લેવામાં આવે છે. આ માટે 'શ્રી કચ્છી જૈન ભવન' પરથી દરેક સભ્યશ્રીનો ફોન દ્વારા સંપર્ક સાધવામાં આવી રહેલ છે.

આપે પણ હજુ લાઈબ્રેરીની બુક્સ વાંચવામાં નામ નોંધાવેલ ના હોય તો વહેલી તકે આપનું નામ નોંધાવી લો તેવી અપીલ કરવામાં આવે છે.

સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન, અઠવાડિયામાં એક વખત આપને ત્યાં સમાજના કાર્યકર આવીને વાંચી લીધેલ બુક લઈ જશે અને માંગ્યા પ્રમાણેની અન્ય બુક આપી જશે. આ માટે દરેક સભ્યશ્રીને ત્યાં લાઈબ્રેરીની બુક્સનું વિભાગવાર લિસ્ટ અગાઉથી પહોંચતું કરી દેવામાં આવશે. આ સેવા વિનામૂલ્યે આપવામાં આવશે.

જુલાઈ-૨૦૧૨ના મહિનામાં આ પ્રક્રિયા ચાલુ કરી દેવામાં આવશે.

આપશ્રીને આ યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

વાંચનપ્રિય વ્યક્તિઓ માટે આવી તક ભવિષ્યમાં કદાચ ના પણ સાંપડે. અત્યારે તેનો લાભ લઈ શકાતો હોય તો જરૂરથી લેવો જોઈએ.

*કન્વીનર, લાઈબ્રેરી સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## "નિયાણી બહેનો"

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળે નક્કી કરેલ છે કે અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી જૈન નિયાણી બહેનોના પરિવારોને પણ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ચાલતા મેડિકલ સેન્ટરની સારવાર તથા પરીક્ષણોમાં સમાજના નિર્ધારીત દરોમાં હવે પછીથી ૨૫ (પચ્ચીસ) ટકા કન્સેશન આપવું.

આ યોજનાનો અમલ પણ ચાલુ કરી દેવામાં આવેલ છે.

આ યોજનાનો લાભ સમાજના નક્કી કરવામાં આવેલ ધારાધોરણ અનુસાર આપવામાં આવશે.

નિયાણી બહેનનો પરિવાર એટલે નિયાણી બહેન પોતે, તેમના પતિશ્રી તથા તેમના બાળકો.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી જૈન નિયાણી બહેનોને અપીલ કરવામાં આવે છે કે તેઓ સમયસર જરૂરી ફોર્મ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી મેળવી, જરૂરી માહિતી સંપૂર્ણપણે ભરી, સમાજની ઓફિસે પરત આપે. ત્યારબાદ પોતાના મેડિકલ કાર્ડ મેળવી લેવાના રહેશે.

સમાજના સભ્યોને વિનંતી કે અમદાવાદ - ગાંધીનગર સ્થિત પોતાના પરિવારજનના અથવા તે રીતે અન્ય નિયાણી બહેનોને જાણતા હોય તો તેમને આ બાબતે સમાચાર આપી તેમના ફોર્મ ભરાવીને સમાજની ઓફિસે મોકલાવી આપે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## કચ્છની બારઈ ખારેક વિતરણ વ્યવસ્થા

કચ્છની ખારેકની ઘણા દિવસથી રાહ જોવાતી હતી. આ માટે અત્યાર સુધી સભ્યોમાંથી પૃચ્છા કરતા અનેક ફોન પણ આવી ગયેલ છે.

'મંગલ મંદિર'ના દરેક વાચક વર્ગને જણાવતા આનંદ થાય છે કે તા. ૧૦-૭-૧૨ પછી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરના સ્ટોલ પરથી કચ્છ બારોઈ ખારેક રૂા. ૧૦૦/- પ્રતિ કિલોના હિસાબે પ્રાપ્ત થઈ શકશે.

જ્યાં લગી સ્ટોક હશે ત્યાં સુધી અહીંથી વિતરણ ચાલુ રાખવામાં આવશે.

અગાઉથી ઓર્ડર પણ નોંધવામાં આવશે. તે માટે શ્રી ભાવેશ ગડાનો ૭૬૦૦૮ ૩૨૨૮૧ નંબર પર સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

માત્ર ૧ કિલોના પેકિંગમાં જ આ ખારેક મળી શકશે.

કચ્છી મેવાનો લહાવો લેવા દરેક કચ્છી સભ્યને ખાસ અપીલ કરવામાં આવે છે. અન્યોને પણ તેનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર

## ★ બાળ રસી મેમ્બરશીપ ★

### ૦ થી ૫ વર્ષના બાળકો માટે ખાસ યોજના

"બાળ રસી મેમ્બરશીપ" શરૂ કરવામાં આવેલ છે, જે બે ભાગમાં છે.

(૧) ૦થી ૨ વર્ષનાં બાળકો માટે

(૨) ૨ થી ૫ વર્ષનાં બાળકો માટે.

બાળરોગ નિષ્ણાત ડૉક્ટરના પ્રથમ કન્સલ્ટેશન બાદ "બાળ રસી મેમ્બરશીપ" રજિસ્ટ્રેશન (રજિસ્ટ્રેશન ફી) કરાવવું.

નીચેની તમામ રસીઓ (સ્ટાન્ડર્ડ કંપનીની) કિફાયત દરે મૂકી આપવામાં આવશે.

- ❒ પોલિયો
- ❒ ત્રિગુણી
- ❒ એમ.એમ.આર.
- ❒ હિપેટાઈટીસ-એ
- ❒ હિપેટાઈટીસ-બી
- ❒ ઓરી
- ❒ હિબ (મેનિન્જાઈટીસ)
- ❒ ટાઈફોઈડ
- ❒ અછબડા
- ❒ ન્યુમોનિયા

★ રજિસ્ટ્રેશન બાદ માત્ર રસી મુકાવવાનો ચાર્જ લાગશે.

★ રસી મૂકાવતી વખતે બાળરોગ નિષ્ણાતનો કન્સલ્ટેશન ચાર્જ નહીં લાગે.

★ રસી મુકાવ્યા બાદ ૨ દિવસ સુધી રસી બાબત કંઈ માર્ગદર્શન કે ચેક-અપની જરૂરત જણાય તો સેન્ટરમાં ઉપલબ્ધ બાળ નિષ્ણાત ડૉક્ટરને વિનામૂલ્યે બતાવી શકાશે.

સેન્ટરમાં બાળ રોગ નિષ્ણાત જુદા જુદા ડૉક્ટરો સોમથી શનિ દરરોજ સવારે ૯.૦૦થી ૧૦.૩૦ તથા સાંજે ૪.૩૦થી ૬.૦૦ ઉપલબ્ધ હોય છે.

વધુ વિગત માટે મેડિકલ સેન્ટરનાં રીસેપ્શન કાઉન્ટર પર સંપર્ક કરવા વિનંતી.

★ ★ ★

## તબીબી નિદાન કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન

તા. ૧૭-૬-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર દ્વારા બાળરોગ, સ્કીન વિભાગ તથા હોમિયોપેથિકનો ફ્રી નિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમ્યાન ટ્રસ્ટી ગણ તથા તબીબી સેવા સમિતિમાંથી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી દિનેશભાઈ મહેતા વગેરે હાજર રહ્યા હતા.

સ્કીન વિભાગમાં ૫૪, બાળ રોગ વિભાગમાં ૩૩ અને હોમિયોપેથિક વિભાગમાં ૧૭ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

જે કોઈ દર્દીને એક્સ-રે અને લેબોરેટરી ટેસ્ટ ડૉક્ટર દ્વારા લખાયેલ હતા તેમને ૫૦ ટકા રાહત દરે કરી આપવામાં આવ્યા હતા. બાળ વિભાગમાં પોલિયો અને ત્રિગુણી રસી ફ્રી માં અને બાકીની રસીઓ ૧૦ ટકાના રાહત દરે આપવામાં આવી હતી.

હોમિયોપેથિક વિભાગમાં ૭ દિવસની દવા દરેક દર્દીને ફ્રી માં આપવામાં આવી હતી. કેમ્પ દરમ્યાન સેવા આપનાર ડૉક્ટરોને મોમેન્ટો આપીને ટ્રસ્ટીશ્રીઓએ બહુમાન કર્યું હતું.

આ દિવસે "બાળ રસી મેમ્બરશીપ"ની યોજના શરૂ કરવામાં આવી હતી. વધુ વિગત મેડિકલ સેન્ટરમાં સંપર્ક કરવાથી મળશે.

***કન્વીનર : કાંતિલાલ સાવલા, તબીબી સેવા સમિતિ***

## મેડિકલ કાર્ડ સમિતિ

***નીચે દર્શાવેલ સમાજના નોંધાયેલા સભ્ય પરિવારજનોને પોતાના મેડિકલ કાર્ડ અત્રેના મેડિકલ સેન્ટરમાંથી તાત્કાલિક મેળવી લેવા વિનંતી છે.***

શ્રી અશ્વિનભાઈ જેઠાલાલ મોરબિયા
શ્રી ભોગીલાલ કાંતિલાલ શાહ
શ્રી નિમિષ ચમનલાલ વોરા
શ્રી ચંદ્રકાંત કેશવજી ગડા
શ્રી ઝવેરીલાલ કાંતિલાલ શેઠ
શ્રી નવીનચંદ્ર બાબુભાઈ સંઘવી
શ્રી હીરાલાલ સાકરચંદ શાહ (દોશી)
શ્રી ધીરેન નાનજી દેઢિયા
શ્રી શશીકાંત માણેકલાલ અમળકા (શાહ)
શ્રી ગિરીશભાઈ ગોપાલજીભાઈ સંઘવી
શ્રી જયંતીલાલ લાલજીભાઈ દેઢિયા
શ્રી કાંતિલાલ ભાઈચંદ મહેતા
શ્રી મેઘજી કચરા છેડા
શ્રી હીરાચંદ વાલજીભાઈ દૌલત
શ્રી મનીષભાઈ નેણશીભાઈ મોતા
શ્રી ચંદ્રકાંત નાગશી લાપસિયા
શ્રી હસમુખ ખીમજી પ્રેમજી મહેતા
શ્રી પ્રવીણ લખમશી હરિયા
શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ
શ્રી અમિત સુરેશ ચુનીલાલ બાબરિયા
શ્રી ચંદ્રકાંત લીલાધર મેઘજી મોતા
શ્રી હિરેન્દ્ર રમણિકલાલ મહેતા
શ્રી જિજ્ઞેશભાઈ અમૃતલાલ સંઘવી
શ્રી સમીર ખીમજી દેઢિયા
શ્રી હરીશભાઈ દેવચંદ શાહ
શ્રી કિશોર ગોરધનદાસ મહેતા
સુશ્રી ઈન્દુમતી જાદવજી શાહ
શ્રી કિશોર મુળજી લાલકા
શ્રી નંદિતા ભૂપેન્દ્ર શાહ
શ્રી ભોગીલાલ કાનજી ત્રેવાડિયા
શ્રી હરીશ દેવચંદ શાહ
શ્રી રમેશ ઉમરશી સાવલા
શ્રી દિલીપ કુંવરજી દંડ
શ્રી ખુશમનભાઈ ગુલાબચંદ શાહ
શ્રી વલ્લભજી પ્રેમજી નીસર
શ્રી પંકજ લક્ષ્મીચંદ મોતા
શ્રી મહેન્દ્ર પાલણ શાહ
શ્રી નયનભાઈ કાંતિલાલ શાહ
શ્રી વિશાલ મૂલચંદ ગાલા
શ્રી ભવાનજી હીરજી સોની
શ્રી ધર્મેશ વસંતલાલ વિસરિયા

***કન્વીનર***

## સમાજની સુવર્ણ જયંતી નિમિત્તે અમૂલ્ય તક

### ★ સામાન્ય (જનરલ) સ્વાસ્થ્ય કેમ્પ ★

**એક નજર : આ પ્રકારના કેમ્પનું આયોજન વારંવાર થતું નથી**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા ''સામાન્ય (જનરલ) સ્વાસ્થ્ય કેમ્પ''નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરેક પ્રકારનું નિદાન નિઃશુલ્ક કરવામાં આવશે.

અગર આપને ડાયાબિટીસ, થાઈરોઈડ, લૉ હિમોગ્લોબીન, વિટામીન 'બી-૧૨' અને 'ડી'ની ઉણપ જણાતી હોય તો આ કેમ્પનો લાભ મેળવી શકો છો. તે સંબંધી જરૂરી ટેસ્ટ કન્સેશનલ ચાર્જથી કરી આપવામાં આવશે.

★ કેમ્પ દરમિયાન જરૂર જણાશે તો 'આર.બી.એસ. - બ્લડ સુગર' ફ્રી કરી આપવામાં આવશે.

★ 'બી.એમ.ડી. – બોન મૅરો ડેન્સિટી' (ફક્ત ૪૫ વર્ષથી ઉપરના માટે) ફ્રી કરી આપવામાં આવશે.

બહારમાં અન્ય સ્થળ અને પ્રાઈવેટ ચાર્જ તેમજ અત્રેના નિયમિત ચાર્જીસથી પણ ખૂબજ ઓછા ચાર્જથી ઉપરોક્ત કેમ્પ દરમ્યાન જરૂરી ટેસ્ટ કરી આપવામાં આવશે.

ઉપરના કેમ્પનો લાભ લેવા માટે અત્રેના મેડિકલ સેન્ટરમાં સંપર્ક કરીને આપના નામની તાત્કાલિક નોંધણી કરાવવા વિનંતી છે. કેમ્પમાં ખૂબ જ મર્યાદિત સંખ્યામાં લાભાર્થીઓને લેવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ફ્રી રજિસ્ટ્રેશન તા. ૨-૭-૨૦૧૨થી તા. ૧૪-૭-૨૦૧૨ દરમ્યાન કરાવી શકાશે.

**કેમ્પના આયોજનની અન્ય વિગત**

*તારીખ : રવિવાર, તા. ૧૫-૭-૨૦૧૨*

*સમય : સવારે ૯ થી ૧૨*

*સ્થળ : મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

***કન્વીનર : કાંતિલાલ સાવલા, તબીબી સેવા સમિતિ***

માણસનો આશાવાદ અવિચલ છે.
કોઈ પણ લોટરીમાં ઈનામ જીતવાની
પોતાને માટે સારી તક છે એમ એ માને છે.
પણ વાહન-વ્યવહારના અકસ્માતમાં
એનું મોત નીપજવાની શક્યતાને
તે સદંતર નગણ્ય માને છે.

## યુવાનો માટે 'કેરિયર ડેવલપમેન્ટ' શિબિર સંપન્ન થઈ

સમિતિ દ્વારા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે તા. ૩-૬-૨૦૧૨ના રોજ 'કેરિયર ડેવલપમેન્ટ' વિષયે યુવાનો માટે એક ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં શ્રી દીપક મકવાણાએ યુવાનોની કારકિર્દીના ઘડતર અર્થે નીચે મુજબના મુદ્દા પરત્વે સુંદર અને સરળ ભાષામાં સમજ આપી હતી.

✦ યુવાનોએ જોબ અર્થે ઈન્ટરવ્યૂના સમયે કેવા પ્રકારની તૈયારીઓ સાથે જવું.

✦ કારકિર્દીના શરૂઆતના સમયે અનુભવાતી સમસ્યાઓના ઉકેલ જણાવ્યા હતા.

✦ ગ્રુપ ડિસ્કશન – કેવી રીતે થવું જોઈએ, તે બતાવ્યું હતું.

✦ ગ્રુપ તેમજ વ્યક્તિગત ઈન્ટરવ્યૂ લઈને મહત્ત્વની સમજ આપી હતી.

✦ જોબ માટે સારી અને યોગ્ય અરજી કેવી રીતે કરાય અને તેની સાથે કયા પેપર્સ, દસ્તાવેજો સામેલ કરવા વગેરેની સમજ પણ આપી હતી.

✦ જોબના સ્થળે કેવા પ્રકારના ડ્રેસ પહેરવા તેમજ ઓફિસ એૅટીકેટ વગેરેની સમજ આપવામાં આવી.

આ રીતે યુવાનોની કારકિર્દી માટે ઉપરોક્ત શિબિર ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ હતી. સમાજના કુલ ૨૭ યુવાનોએ શિબિરમાં પ્રાપ્ત થયેલ માર્ગદર્શન પ્રત્યે આનંદ વ્યક્ત કર્યો હતો.

યુવાનોના જીવન ઘડતર માટે ખૂબજ ઉપયોગી એવી આ શિબિરમાં માત્ર ૨૭ નહીં પરંતુ સમાજના તમામ યુવાનોએ ભાગ લેવો જોઈએ, એવું આપને નથી લાગતું?

★ ★ ★

### ફુલસ્કેપ બુક અને નોટબુકનું સફળતાપૂર્વક વિતરણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ખાતે યુવા વિકાસ સમિતિ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુક તથા ફુલસ્કેપ બુકનું વિતરણ તા. ૨-૬-૨૦૧૨થી શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ફુલસ્કેપ બુક ૪૧૬ ડઝન અને નોટબુક ૨૨૮ ડઝનના વિતરણનો લાભ સમાજના સભ્યોના બાળકોએ લીધો છે.

***કન્વીનર : નવીન લાલકા, યુવા વિકાસ સમિતિ***

*આપણા માટે માંગીએ તે યાચના છે,*
*બીજા માટે માંગીએ એ પ્રાર્થના છે.*

*ત્રણ વાનાં મુજને મળ્યાં : હૈયું, મસ્તક, હાથ! બહુ દઈ દીધું નાથ! જા, ચોથું નથી માગવું!*

## યુવા પરિચય મિલન સમિતિ

સમિતિની એક બેઠક તા. ૭-૬-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે નીચે મુજબના સભ્યોની હાજરીમાં મળી હતી.

શ્રી હીરજીભાઈ શાહ - કન્વીનર, શ્રી જશવંતભાઈ કોઠારી, શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી વિમેશભાઈ શાહ, શ્રીમતી અમીબેન શાહ.

મિટિંગમાં નીચે મુજબના કાર્યક્રમોની વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને તેને અમલમાં મૂકવાની વિચારણા કરવામાં આવી હતી.

(૧) સમૂહ લગ્નનાં આયોજન જેની વિગત અત્રે અલગથી આપેલ છે.

(૨) તા. ૧૬-૧૨-૨૦૧૨ના રોજ યુવા પરિચય મેળો યોજવાનું નક્કી થયેલ છે તે કાર્યક્રમ માટે રૂા. અઢીથી ત્રણ લાખનો ખર્ચ થશે તેવું અનુમાન છે. તે પૈકી રૂા. ૧,૨૫,૦૦૦/- નાં અનુદાન દાતાઓ તરફથી જાહેર થયેલ છે. અન્ય દાતાશ્રીઓ પણ આ સેવાકીય કાર્યમાં પોતાનો યથાયોગ્ય ફાળો નોંધાવે તેવી વિનંતી છે.

(૩) રૂા. ૫૦,૦૦૦/- કે વધુ સૌજન્ય દાતા, રૂા. ૨૫,૦૦૦/- કે વધુ સહયોગી દાતા, રૂા. ૧૧,૦૦૦/- કે વધુ શુભેચ્છક દાતા. અનુદાન મુજબ, દાતાશ્રીનું નામ જાહેર કરવામાં આવશે.

(૪) પરિચય મિલન અંગેની વિગતો આગામી 'મંગલ મંદિર'માં પ્રસિધ્ધ કરવામાં આવશે.

★ ★ ★

## 'કચ્છી જૈન સમૂહ લગ્ન'

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ગુજરાત સ્થિત કચ્છી જૈન પરિવારજનના સભ્યો માટે સમૂહ લગ્નનું આયોજન કરવા વિચારે છે. સમાજમાંથી ઓછામાં ઓછાં ૩ અને વધારેમાં વધારે ૫ લગ્ન કરવાવાળાં યુગલોની અરજી આવશે તો જ આ આયોજન કરવામાં આવશે. આ સંબંધી તા. ૩૧-૮-૨૦૧૨ સુધી અરજી સ્વીકારવામાં આવશે. જો અનુકૂળ સંખ્યા થશે તો ઓક્ટોબર-નવેમ્બરમાં સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવશે. વર પક્ષ તથા કન્યા પક્ષનાં ૫૦-૫૦ વ્યક્તિ મળી કુલ વધારેમાં વધારે ૧૦૦ વ્યક્તિઓ આવી શકશે. લગ્ન એકદમ સાદાઈથી કરવામાં આવશે. આવવા જવાનો ખર્ચ લગ્નવાળાએ ભોગવવાનો રહેશે. અન્ય નિયમોની જાહેરાત પાછળથી કરવામાં આવશે.

આવનાર વ્યક્તિઓ માટે લગ્નના દિવસ પૂરતી જરૂરી તમામ વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવશે. રાત્રી રોકાણની કોઈ વ્યવસ્થા સમાજ કરશે નહીં. તે પછીની સમગ્ર વ્યવસ્થા આવનારે પોતાના ખર્ચે કરવાની રહેશે.

*કન્વીનર - હીરજી પાસુભાઈ શાહ*

## બાળ કલ્યાણ સમિતિ

સમિતિ દ્વારા તા. ૫ જૂનના રોજ કિડ્સ સિટી કાંકરીયા લેક ખાતે એક મનોરંજન સાથે શૈક્ષણિક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં કન્વીનર શ્રી મગનભાઈ સંઘવી અને સભ્ય શ્રી રજનીકાંત પારેખની રાહબરી હેઠળ ૪૦ બાળકો અને ૧૦ વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાંકરીયા કિડ્સ સિટી ખાતે વિવિધ છ પ્રકારની રમતો પૈકી બાળકોએ પોતાને રસ પડતી રમતોની જ્ઞાન સાથે મજા માણી હતી.

ફાયર સ્ટેશન જેવી કામગીરીમાં ફાયરમેનના ડ્રેસ વગેરે પહેરીને આગ બુઝાવવાની કામગીરી બાળકોએ જાતે અનુભવીને આનંદ સાથે તેની પ્રક્રિયા જાણી હતી. મુખ્યમંત્રીશ્રીની સાથે જીવંત વાર્તાલાપ અને તેમની સાથે પ્રશ્નોત્તરીમાં ભૂલકાંઓને ખૂબ જ મજા પડી હતી.

પાલડી ભવનમાં જમ્યા બાદ હર્ષોલ્લાસ સાથે બાળકો પોતાના ઘેર ગયા હતા. કાંકરીયા જતી વખતે વાહનની વ્યવસ્થા શ્રી બચુભાઈ રાંભિયા તરફથી કરવામાં આવી હતી.

*કન્વીનર : બાળ કલ્યાણ સમિતિ*

## વયસ્ક સમિતિ

સમિતિ તરફથી આગામી ૫ થી ૮ ઓક્ટોબર દરમ્યાન અમદાવાદથી જોધપુર અને ત્યાંથી ઓશિયાજી, રામદેવરા, જેસલમેર, સમનું રણ, નાકોડાજી, જાલોર જહાજ મંદિર અને ભીનમાલનો એક સળંગ પ્રવાસ ૨ x ૨ બસ દ્વારા કરવાનું આયોજન કરેલ છે.

જે સભ્યોને આ પ્રવાસ કરવાની ઈચ્છા હોય તેમણે પોતાના નામ રૂા. ૨,૦૦૦/- સાથે શ્રી રજનીકાંત પારેખ અથવા ઓફિસ કાર્યાલયમાં જમા કરાવવા વિનંતી છે.

★

## વિદેશ પ્રવાસનું આયોજન

આગામી ઓક્ટોબર / નવેમ્બર માસમાં ચાર રાત્રિ - પાંચ દિવસનો થાઈલેન્ડ પતાયાના એક પ્રવાસનું આયોજન કરેલ છે. જેનો ખર્ચ (ડોલરના ભાવ પ્રમાણે) અંદાજે રૂા. ૨૨,૦૦૦/-થી ૨૫,૦૦૦/- થશે. વધુ માહિતી તેમજ પાસપોર્ટ અંગે શ્રી રજનીકાંત પારેખનો (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧) પર સંપર્ક સાધવા વિનંતી છે.

*કન્વીનર : રજનીકાંત પારેખ*

**તટસ્થ નિર્ણયશક્તિની સહુથી સાચી કસોટી એ છે કે આપણા પ્રશંસકો પણ આપને અળખામણા લાગી શકે અને આપણી પ્રત્યે અણગમો ધરાવનારની પ્રશંસા પણ આપણે કરી શકીએ.**

*અનિષ્ટ સાધને ઈષ્ટ મળે તોય ન કામનું, ભળ્યું જો વિષ અમૃતે, એ સેવનારનું!*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## મે / જૂન - ૨૦૧૨

- **શુક્રવાર, તા. ૨૫-૫-૨૦૧૨**

  શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી પ્રતાપ ના. દંડ, શ્રી અશોક મહેતા વગેરેએ સાથે બેસી તા. ૨૧-૬-૨૦૧૨ના કચ્છી - ગુજરાતી ડાયરાના પાસની વિતરણ વ્યવસ્થાની ચર્ચા કરી અને આયોજનો ગોઠવ્યા.

  આજરોજ યલો પેજીસના ફોર્મ ભરાવવા અંગે એક એજન્ટ બહેન સાથે ચર્ચા કરવામાં આવી. તેઓએ એક ફોર્મ ભરાવીને આપવાના પોતાના ભાવપત્રક આપેલ હતા.

- **રવિવાર, તા. ૨૭-૫-૨૦૧૨**

  આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક મિટિંગ મળેલ હતી. અંદાજે ૧૫ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના વાર્ષિક હિસાબોને મંજૂર રાખવામાં આવેલ હતા. વાર્ષિક સામાન્ય સભાની તારીખ ૨૨-૭-૨૦૧૨ની નક્કી કરવામાં આવેલ હતી. કચ્છી ડાયરાના કાર્યક્રમની ચર્ચા કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૨૮-૫-૨૦૧૨**

  આજરોજ કાલુપુર - ચોખા બજારમાં શ્રી નીતિન ધનજી ગાલા, શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી, શ્રી ચીમનભાઈ ઠક્કર, શ્રી પ્રધાન ભાનુશાલી, શ્રી ગુલાબચંદભાઈ ધનજી દંડ, શ્રી અમૃતલાલ પોપટલાલ વગેરેને ત્યાં ડાયરાના પાસોનું વિતરણ કરવામાં આવ્યું.

  શ્રી કચ્છી જૈન ભવન પરથી ડાયરાના પાસોનું વિતરણ ચાલુ રાખવામાં આવેલ હતું.

- **બુધવાર, તા. ૩૦-૫-૨૦૧૨**

  શ્રી કચ્છી ભાનુશાલી સમાજ - અમદાવાદના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલીએ પ્રથમ શ્રી કચ્છી વિશ્રામ ગૃહની મુલાકાત લીધેલ હતી કે જ્યાં શ્રી નીતિન ધનજી ગાલા ઉપસ્થિત રહેલ હતા. અહીં તેઓએ વિશ્રામ ગૃહના નિરીક્ષણની સાથે સાથે ‘કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ’નું પણ નિરીક્ષણ કરેલ હતું. ત્યારબાદ તેઓ કચ્છી જૈન ભવન પર આવેલ હતા. અહીં તેઓને ભવનની રૂમો, મેડિકલ સેન્ટર તથા સાંસ્કૃતિક કેન્દ્ર પણ બતાવવામાં આવેલ હતું. સમાજની પ્રવૃત્તિઓથી તેઓ સારી રીતે માહિતગાર થયેલ હતા.

- **શુક્રવાર, તા. ૧-૬-૨૦૧૨**

  આજરોજ ફોકિયાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નિમેષ ફડકે સાથે ગાંધીનગર, જી.આઈ.ડી.બી.માં શ્રી ઝા ની મુલાકાત લીધેલ હતી. તેઓ સાથે કચ્છના ડી-સેલિનેશન પ્લાન્ટના પ્રશ્ને ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૨-૬-૨૦૧૨**

  શ્રી ક.વી.ઓ. સ્થા. જૈન મહાજન - મુંબઈના પ્રમુખ શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેમની સાથેની મિટિંગમાં શ્રી હીરજી પાસુ શાહ, શ્રી કાંતિલાલ વેલજી સાવલા તથા શ્રી દિનેશ મહેતા પણ સામિલ થયેલ હતા. સમાજના અનેકવિધ પ્રશ્ને તેઓ સાથે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૪-૬-૨૦૧૨**

  કચ્છી ડાયરો તથા કચ્છી મેળા બાબતે શ્રી લાલ રાંભિયા વગેરે સાથે ચર્ચા કરવા આજે રાત્રે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી સંદીપ મહેતા ભુજ જવા ઉપડેલ હતા.

- **મંગળવાર, તા. ૫-૬-૨૦૧૨**

  આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી સંદીપ મહેતાએ ભુજ ખાતે શ્રી લાલ રાંભિયા, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી કીર્તિભાઈ ખત્રી વગેરેને મળેલ હતા. કચ્છી ડાયરો, કચ્છી મેળો તથા ભુજના સેમિનારના વિષયે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

  કચ્છના ઈતિહાસ આલેખન અંગે શ્રી નરેશભાઈ અંતાણી તથા ડૉ. કાંતિભાઈ ગોર સાથે ચર્ચા કરવામાં આવેલ.

  શ્રી મુકેશભાઈ ઝવેરીને પણ રૂબરૂ મળી, ઈતિહાસ આલેખનના વિમોચન અંગે તથા નર્મદા કચ્છ બ્રાંચ કેનાલના નિરીક્ષણ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

  વાગડ બે ચોવીસી સમાજના ભવન તથા હોલની મુલાકાત લઈ, કચ્છ ખાતેનું સંમેલન અહીં પણ યોજી શકાય તે બાબતે વિચારણા કરેલ હતી. જિલ્લા પંચાયત હોલ તથા ટાઉન હોલનું પણ નિરીક્ષણ કરવામાં આવેલ હતું.

- **બુધવાર, તા. ૬-૬-૨૦૧૨**

  આજરોજ સવારમાં ભુજથી નીકળી શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી સંદીપ મહેતાએ ભોજાય હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લીધેલ હતી. જ્યાં તેઓને શ્રી લીલાધરભાઈ ગડા મળેલ હતા. ભોજાય

*હજારો શોકનાં સ્થાન, ભયનાં સ્થાન સેંકડો, મૂઢને રોજ દેખાશે, જ્ઞાનીને કદીયે નહીં!*

ખાતે નવી બનાવવામાં આવેલ આઈ હોસ્પિટલ શ્રી લીલાધરભાઈએ અમદાવાદના પ્રતિનિધિ મંડળને બતાવીને તેઓને માહિતગાર કરવામાં આવેલ હતા. જોકે તેઓએ ૧૬,૦૦૦ ચો.ફૂટમાં આ હોસ્પિટલ બનાવી છે પરંતુ અમદાવાદ, વડોદરા જેવા શહેરમાં તે કદાચ ૬,૦૦૦ ચો.ફૂટમાં બનાવી શકાય તેવું તેઓશ્રીનું કહેવું હતું. જમીનની કિંમત સિવાય આ પ્રકારની આઈ હોસ્પિટલનું રૂા. ૨.૫૦ કરોડમાં સંપૂર્ણપણે નિર્માણ કરી શકાય તેવું પણ તેમણે જણાવેલ હતું. ભોજાયથી ભુજ આવી આ પ્રતિનિધિ મંડળ અમદાવાદ આવવા રવાના થયેલ હતું.

- **શુક્રવાર, તા. ૮-૬-૨૦૧૨**

સમાજના એક અદના કાર્યકર તથા 'મંગલ મંદિર'ના તંત્રી મંડળના એક સભ્ય શ્રી સૂરજલાલ મહેતાનું આજરોજ અવસાન થયેલ હતું. તેઓએ નેત્રદાન તથા દેહદાન કરેલ. દેહદાન સમિતિના કન્વીનર શ્રી કમલેશ બાબુભાઈ શાહે આ પ્રક્રિયામાં સંપૂર્ણ સહકાર આપેલ હતો.

★

આજરોજ વૃક્ષ વાટિકા અંગે શ્રી એલ.ડી. શાહ સાથે ફોન પર વિગતવાર ચર્ચા થયેલ હતી. તેઓએ આ બાબતે શ્રી વશનજીભાઈ સોની તથા શ્રી પ્રબોધ મુનવર સાથે પણ ચર્ચા કરેલ હતી. ચર્ચા-વિચારણાના અંતે એક ઝાડ ઉગાડી તેની માવજત કરવાનો ખર્ચ રૂા. ૨,૦૦૦/- પ્રતિ વૃક્ષ જેવો થવા જાય તેવું સહુ કોઈનું મંતવ્ય રહેવા પામેલ.

- **રવિવાર, તા. ૧૦-૬-૨૦૧૨**

આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર સ્વ. શ્રી સૂરજલાલ મહેતાની પ્રાર્થના સભાની સાથે સાથે શોકસભાનું પણ આયોજન કરવામાં આવેલ હતું. અનેક લોકોએ સ્વ. સૂરજલાલ મહેતાને શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ હતી.

- **બુધવાર, તા. ૧૩-૬-૨૦૧૨**

આજરોજ ભવન પર આવવા નીકળેલ સમાજના એક અદના કાર્યકર શ્રી રજનીકાંત ધરમશી પારેખને સ્કુટર - બાઈકના ટકરાવના કારણે માઈનોર એક્સિડન્ટ થયેલ. તેમને સારવાર માટે ભવન પરના મેડિકલ સેન્ટરમાં લાવવામાં આવેલ હતા.

- **ગુરુવાર, તા. ૧૪-૬-૨૦૧૨**

આજરોજ શ્રી લાલ રાંભિયા, ભવન પર આવેલ હતા. તેમને લઈને શ્રી અશોક મહેતા તથા શ્રી પરાશર વ્યાસ 'કચ્છી મેળા' માટેનું ગ્રાઉન્ડ બતાવવા સંસ્કાર કેન્દ્ર, પાલડી ગયેલ હતા. શ્રી લાલ રાંભિયાના હિસાબે આ ગ્રાઉન્ડ કચ્છી મેળા માટે ખૂબ જ મોટું પડશે. છતાં તેઓને તેનો નકશો મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **શનિવાર, તા. ૧૬-૬-૨૦૧૨**

ગઢશીશાથી શ્રી સોહિત દેઢિયાએ મોકલેલ કેસર કેરીની ૨૫ પેટી (વજન ૧૦ કિલો) આજ રોજ ભવન પર આવી ગયેલ હતી. રૂા. ૪૦૦/-ની પડતર કિંમતે તેનું વિતરણ કરવામાં આવેલ હતું.

- **મંગળવાર, તા. ૧૯-૬-૨૦૧૨**

આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા તથા શ્રી દિનેશ શાહ મંગલ મંદિરની જવાબદારી વિભાજિત કરવા અંગેની ચર્ચા કરવા એકત્રિત થયેલ હતા. વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી.

★

આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર લાઈબ્રેરી સમિતિ તથા યલો પેજીસ સમિતિની એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં શ્રી મનુભાઈ શાહ, શ્રી અશોક મહેતા, શ્રી હીરેન શાહ, શ્રી પંકજ ગોગરી, શ્રી વિમેશ શાહ તથા શ્રી રોહિત સંઘવી ઉપસ્થિત રહેલ હતા. લાઈબ્રેરીની બુક્સ ક્રમસર ગોઠવવા, ઉપયોગી ન હોય તેવી બુક્સ અન્યત્ર ખસેડવા, લિસ્ટમાં ન હોય તેવી બુકોની નોંધણી વગેરે અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **બુધવાર, તા. ૨૦-૬-૨૦૧૨**

આગામી તા. ૨૨-૭-૨૦૧૨ના રાજકોટ સ્થિત જાથા સંસ્થાનો 'ચમત્કારથી ચેતો'ના કાર્યક્રમ માટે શ્રી અશ્વિનભાઈ સાવલા તથા શ્રી દિનેશભાઈ મહેતા રાજકોટ જઈ આવેલ હતા. જાથાના શ્રી જયંતભાઈ પંડ્યા સાથે ચર્ચા કર્યા બાદ એ કાર્યક્રમ રાખી શકાય નહીં તેવો બંને પ્રતિનિધિશ્રીઓનો અભિપ્રાય રહેવા પામેલ હતો. તેથી આ કાર્યક્રમ બાબતે ફેર વિચારણા કરવામાં આવનાર છે.

- **ગુરુવાર, તા. ૨૧-૬-૨૦૧૨**

આજરોજ રાત્રે ટાઉન હોલ પર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો ત્રીજો કાર્યક્રમ "કચ્છી ડાયરા"નું આયોજન ગોઠવવામાં આવેલ હતું. જો કે આ ડાયરાના લગભગ ૯૦૦ પાસનું મૂલ્ય લઈને વિતરણ કરવામાં આવેલ તેમ છતાં ઉપસ્થિત સંખ્યા ૬૫૦ની રહેવા પામેલ હતી. શ્રી લાલ રાંભિયા તથા શ્રી વશનજી શાહ ડાયરાના મુખ્ય ગાયકો રહેલ હતા. શ્રી ગુલાબ દેઢિયાએ તેનું સંચાલન કરેલ હતું. મુખ્ય ડાયરા અગાઉ વસતિ પત્રક - ૨૦૧૨નું વિમોચન શ્રીમતી મધુરીબેન ગાલા, શ્રીમતી વિમળાબેન ગાલા વગેરેના હસ્તે કરાવવામાં આવેલ હતું. કાર્યક્રમના અંતે ૫ લક્કી ડ્રો ઈનામનું પણ આયોજન ગોઠવવામાં આવેલ હતું. આ ડાયરામાં પૂર્વ ધારાસભ્ય શ્રી છબીલદાસ પટેલ, ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જજ શ્રી

*સંપદ, સરસ્વતી, સત્ય, સુપુત્ર, સંતકૃપા, સત્તા, સત્કર્મ, આ સાતે સાથ સદા દુર્લભ છે આ જગે!*

કાંતિભાઈ પૂજ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી કચ્છી લોહાણા સમાજના પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી કચ્છી ભાનુશાલી સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી, શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજના પ્રમુખ શ્રી સંજયભાઈ ઠક્કર વગેરે પણ ઉપસ્થિત રહેલ હતા.

- **શુક્રવાર, તા. ૨૨-૬-૨૦૧૨**

આજરોજ રાત્રે સુવર્ણ જયંતી મહોત્સવ સમિતિની તથા આમંત્રિતોની એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી અશ્વિનભાઈ સાવલા તથા શ્રી દિનેશભાઈ મહેતા ઉપસ્થિત રહેલ હતા. ‘ચમત્કારોથી ચેતો’ કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી અશ્વિનભાઈ સાવલા તથા શ્રી દિનેશભાઈ મહેતાએ રાજકોટ જઈ આવ્યા બાદ આ કાર્યક્રમ અંગે જે રીપોર્ટ આપ્યો તેના અનુસંધાને આ કાર્યક્રમ કેન્સલ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. તેની અવેજીમાં મુંબઈ ખાતે શ્રી કોમલ છેડા તથા શ્રી વસંતભાઈ મારૂ સાથે ફોન પર ચર્ચા કરી, કચ્છી નાટક ‘જીંદગી જલસો ભને વઈ’ નામનું કચ્છી સામાજિક નાટક રાખવાનું આયોજન વિચારેલ હતું.

- **શનિવાર, તા. ૨૩-૬-૨૦૧૨**

આજે રાત્રે ૯ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર સમાજના ટ્રસ્ટ મંડળની એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં ૧૫ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. વૃક્ષારોપણ શરૂ કરવા અંગે, કચ્છ બ્રાંચ કેનાલ જોવા જવા અંગે, ‘ચમત્કારોથી ચેતો’ કાર્યક્રમના બદલે ‘કચ્છી નાટક’ રાખવા અંગે, અમદાવાદમાં ડાયગ્નોસ્ટીક સેન્ટર તથા આઈ હોસ્પિટલનો પ્રોજેક્ટ હાથ પર લેવા બાબતે, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ પર દર્દીઓને અપાતી સવલતો બાબતે, ભુજના સંમેલનની તા. ૨૦-૧-૨૦૧૩ના બદલે તા. ૬-૧-૨૦૧૩ રાખવા બાબતે, કચ્છ દર્શનની તારીખ ૨૧-૧-૨૦૧૩થી ૨૩-૧-૨૦૧૩ના બદલે તા. ૭-૧-૨૦૧૩થી તા. ૯-૧-૨૦૧૩ની રાખવા બાબતે, મેડિકલ સેન્ટરના ડૉક્ટરોની કેબિનમાં એ.સી. બેસાડવા બાબતે તથા નવા સભ્યપદ માટે આવેલ અરજીઓ વિષે વિસ્તૃત ચર્ચા કરી, દરેક આઈટમો બાબતે યોગ્ય નિર્ણયો લેવામાં આવેલ હતા.

એ દરમ્યાન રાત્રે ૯.૩૦ વાગે અમદાવાદ મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ભૂપેન્દ્ર પટેલ ભવન પર પધારેલ હતા. તેઓની સાથે સંસ્થાના અનેક નવા પ્રોજેક્ટ બાબતે મ્યુનિસિપલ જમીન ટોકન અથવા જંત્રી મુજબના ભાવે મેળવી આપવા ચર્ચા કરવામાં આવેલ હતી. તેઓશ્રીએ આ બાબતે ઘટીત કાર્યવાહી કરવા હૈયાધારણ આપેલ હતી. ■

## ભૂલો નહીં - મૃત્યુ આવવાનું છે

મહારાજ એકનાથ પાસે એક માણસ આવ્યો... કહ્યું : મહારાજ, આપનું જીવન આટલું શાંત અને મધુર કેમ છે? મહારાજ એ માણસ સામે મંદમંદ હસ્યા. જાણે માનવીના મનનો તાગ ન કાઢતા હોય તેમ તેની સામે જોઇ રહ્યા. પેલો માણસ નીચું જોઇ ગયો, છતાં તેના મનમાં પૂછવાના ભાવ તો રમી રહ્યા હતા. તેણે ફરી વાર શાંતિથી કહ્યું : મારા જીવનમાં તો બધે અશાંતિ, ધમાલ, લોભવૃત્તિ જ દેખાયા કરે છે. મને કેમ જીવન મધુર અને શાંત નથી લાગતું? મહારાજે ધીરેથી કહ્યું : સારું થયું કે તમે આજ અહીં આવ્યા. તમને ખરાબ ન લાગે તો, એક વાત કરું? કહોને મહારાજ. ભડકી નહીં જાવને? શા માટે ભડકું? વાત એવી છે ભાઇ, વિશ્વાસ રાખો તો કહું. તમારા ઉપર અવિશ્વાસ શું કામ હોય? તો જુઓ, આજે મને સ્વપ્ન આવ્યું છે તેમાં ભગવાને મને કહ્યું છે કે આ માણસનું મોત આજથી આઠમે દિવસે થશે. સવારથી હું એ જ વિચારમાં હતો કે આ વાત મારે તમને કહેવી કેવી રીતે? આવા ખરાબ સમાચાર મારે તમને કેવી રીતે પહોંચાડવા? પેલા માણસ પર જાણે વીજળી પડી. કંઇ પણ બોલ્યા વિના તે પોતાને ઘેર ગયો. મનમાં થયું કે હવે થોડા જ દિવસનો મહેમાન છું. મહારાજ કંઇ ખોટું ન બોલે. માટે જીવનમાં કંઇ સંપાદન કરતો જાઉં. તેને જેની જેની સાથે ટંટોફિસાદ કે લડાઇ ઝઘડો થયો હતો તેને ત્યાં જઇને તેની માફી માગી આવ્યો. ખોટે રસ્તે જે ધન મેળવ્યું હતું તે ગરીબોમાં પ્રેમથી વહેંચી દીધું અને જે સમય મળ્યો તેમાં તે ધર્મધ્યાન કરવા લાગ્યો. ચારેક દિવસમાં તો તે એકદમ શાંત બની ગયો. તેને જીવનમાં શાંતિ અને આનંદ દેખાવા લાગ્યા. છેલ્લો દિવસ આવ્યો એટલે એ ફરી મહારાજ પાસે ગયો. પેલાને પૂછ્યું : તમે આ આઠ દિવસ કેવી રીતે પસાર કર્યા? પેલાએ બધી વાત કરી અને કહ્યું : હવે જીવનમાં ખૂબ શાંતિ અને મધુરતા લાગે છે. એકનાથે હસીને કહ્યું ભાઇ તમારું મૃત્યુ તો ઘણું આઘું ઠેલાઇ ગયું. હું માનું કે તમે મને પૂછેલા સવાલનો જવાબ હવે મળી ગયો હશે. પેલા માણસની સમજમાં હવે બધી વાત આવી ગઈ. એકનાથ મહારાજને પગે લાગી એ ચાલ્યો ગયો.

*સાભાર : ‘જીવન મંજરી’*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

*ન શક્તિ દંડ દેવાની, ન શક્તિ ધન-દાનની, તેનાં કૃપા અને ક્રોધ, બેઉ નિષ્ફળ જાણવા!*

## ઊડતી નજરે....

**મે-૨૦૧૨ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......................................................<br>કે જેમાંથી – | ૯,૫૧૮ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ................................ **૪૨૯** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ...................................................... **૪૦૧** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન ........................................................ **૨૧** | |
| | (ગ) | સોનોગ્રાફી ............................................................................ **૮૧૪** | |
| | (ઘ) | ટી.એમ.ટી. ............................................................................ **૨૦** | |
| | (ચ) | બોડી ચેક-અપ ........................................................................ **૩૯૬** | |
| | (છ) | અન્ય ................................................................................ **૭,૪૩૭** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...................................................... **૨,૪૦૦**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ ... **૪,૨૮૮**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ .................................. **૨,૪૯૨**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......................... **૬૦૪** | ૯,૭૮૪ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...................................................... **૧,૦૫૪**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......... **૩,૪૨૩** | ૪,૪૭૭ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...................................................... **૬૪૨** | ૬૪૨ |
| | | મે - ૨૦૧૨ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ..................... | ૨૪,૪૨૧ |

**મહત્ત્વનું શું છે? – અંગત વિકાસ કે રાષ્ટ્રીય વિકાસ? અંગત વિકાસ કઈ રીતે રાષ્ટ્રીય વિકાસનો પૂરક બની શકે?**

રાષ્ટ્રીય વિકાસ આખરે તો લોકો દ્વારા જ કરવાનો છે. તેથી લોકોનો વિકાસ એ ખૂબ જ મહત્ત્વનો મુદ્દો છે. આપણે અંગત વિકાસનો એક કાર્યક્રમ સર્જવો પડશે. જે પ્રબુદ્ધ નાગરિકોનું સર્જન કરશે, જેઓ રાષ્ટ્રીય વિકાસમાં પોતાનું પ્રદાન કરશે.

*– ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ*

*આખું નાશ થવા ટાણે, ડાહ્યો અર્ધું જતું કરે, અર્ધાથી એ ચલાવી લે, અર્ધું નાશ થતું બચે!*

# છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓનો લાભ લેનાર વ્યક્તિઓની સંખ્યા

**(ગત માસના અંકમાં પ્રસિદ્ધ થયેલ વિગતમાં સુધારા સાથે)**

| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | | | | | |
| | (અ) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ | ૩૭૯૫ | ૪૫૭૬ | ૪૫૧૩ | ૪૮૫૫ | ૪૬૭૯ |
| | (બ) સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો | ૯૯૨ | ૧૨૭૦ | ૯૧૬ | ૭૯૮ | ૬૭૩ |
| | (ક) મોતિયા - આંખના ઓપરેશન | ૧૯૬ | ૨૧૩ | ૨૦૪ | ૨૨૨ | ૨૩૧ |
| | (ખ) સોનોગ્રાફી | ૪૬૪૯ | ૫૩૫૩ | ૫૮૩૯ | ૬૯૨૫ | ૭૮૪૭ |
| | (ગ) ટી.એમ.ટી. | ૩૧૮ | ૧૬૧ | ૧૪૧ | ૧૦૯ | ૧૬૫ |
| | (ઘ) બોડી ચેક-અપ | — | — | ૨૭૮૫ | ૩૧૮૨ | ૩૫૦૧ |
| | (ધ) અન્ય | ૭૫૦૫૬ | ૮૪૦૬૫ | ૮૭૯૨૭ | ૮૪૭૫૮ | ૮૦૨૧૫ |
| | મેડિકલ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૮૫૦૦૬ | ૯૫૬૩૮ | ૧૦૨૩૨૫ | ૧૦૦૮૪૯ | ૯૭૩૧૧ |
| ૨. | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૨૨૭૫૫ | ૨૧૭૩૪ | ૨૪૭૪૧ | ૨૬૦૦૩ | ૨૯૭૮૯ |
| ૩. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>(અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૨૭૩૪ | ૧૦૭૯૩ | ૧૦૬૭૦ | ૧૦૫૫૪ | ૧૧૧૬૬ |
| ૪. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>(અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૬૭૯ | ૬૫૩૦ | ૭૩૦૯ | ૬૮૮૬ | ૭૬૭૮ |
| ૫. | જલારામ અન્નક્ષેત્ર, શાહીબાગ, અમદાવાદ<br>(અ) કુલ લાભ લેનાર વ્યક્તિઓ | — | — | — | ૭૨૮૬ | ૨૬૬૪૨ |
| ૬. | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | — | — | — | ૩૦૬૩૯ | ૬૬૩૨૫ |
| | **પ્રત્યેક વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ** | **૧,૨૨,૧૭૪** | **૧,૩૪,૬૯૫** | **૧,૪૫,૦૪૫** | **૧,૮૨,૨૧૭** | **૨,૩૮,૯૧૧** |

ઉપકાર પ્રતિ દાખે સાધુતા, તે ન સાધુતા, અપકાર પ્રતિ દાખે સાધુતા, તે જ સાધુતા!